ક્રમાંક:એસ.બી./ ચુંટણી હથીયાર ધારણ / ૧૦૨ /૨૦૨૫.–રાજય ચુંટણી આયોગના પત્ર ક્રમાંક:ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક તા.૨૮/૦૫/૨૦૨૫ થી રાજયની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ રાજય ચૂંટણી આયોગે નક્કી કરેલ છે. સદરહું ચુંટણી કાર્યક્રમ મુજબ અત્રેના સુરત જિલ્લામાં ૭૫ સામાન્ય/વિભાજન/મધ્યસત્રની તથા ૧૩૬ પેટા ચૂંટણી યોજાનાર છે અને તે મુજબ મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ (રવિવાર) (સવારના ૦૭-૦૦ વાગ્યા થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી) ના રોજ રાખવામાં આવેલ છે તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ નિયત થયેલ છે. ભારતનાં ચુંટણી આયોગે ભારતના બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક:-૪૬૪/એલ એન્ડ ઓ/૯૯-પીએલએન-૧, તા.૧૨/૧૧/૧૯૯૯ ના પેરા નં.૬ માં આપેલ સુચના મુજબ ચુંટણી જાહેર થયા પછી હથીયારો સાથે હરવા ફરવા ઉપર સંપુર્ણ પ્રતિબંધ મુકવાનો રહે છે.

અગાઉની ચુંટણી દરમ્યાનના અનુભવો ધ્યાનમાં લેતાં જણાય છે કે, આ વખતની ચુંટણી દરમ્યાન પણ હિંસક બનાવો બને અથવા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને બગાડવાના કૃત્યો થાય તેવી શકયતા રહે છે. મુકત અને ન્યાયી ચુંટણી થાય તે માટે તેમજ ચુંટણી પ્રકિયા દરમ્યાન લોકોની સલામતી રહે અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય તેવી કાર્યવાહી કરવાની મને જરૂર જણાય છે.

હિંસક બનાવોમાં તેમજ કાયદો અને વ્યવસ્થાને બગાડતા કૃત્યોમાં હથીયારોનો ઉપયોગ થાય તેવી શકયતા રહે છે જેથી ચુંટણી પ્રક્રિયા દરમ્યાન હથિયારોનો ઉપયોગ ગેરકાયદેસર રીતે થઈ ન શકે તે માટે સમગ્ર સુરત શહેર વિસ્તારમાં હથિયારો સાથે હરવા ફરવા ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી જણાય છે. સમગ્ર સુરત શહેર બહારથી જે લોકોએ હથિયાર પરવાના મેળવેલ હોય તેવા હથિયારનો ઉપયોગ ચુંટણી પ્રક્રિયા દરમ્યાન તેઓ સુરત શહેર પોલીસ કમિશનરેટના સારોલી, ડીંડોલી, સચિન, હજીરા, ઈચ્છાપોર પો.સ્ટે.વિસ્તારોમાં ન કરી શકે તેનો ઉપાય પણ કરવાની મને તાત્કાલિક જરૂરી જણાય છે.

વાસ્તે, હું વાબાંગ જામીર (આઈ.પી.એસ.) I/C પોલીસ કમિશનર, સુરત શહેર ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે.

(૧) સમગ્ર સુરત શહેર વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ શસ્ત્ર અધિનિયમ - ૧૯૫૯ ની કલમ-૨ ની વ્યાખ્યામાં આવતું કોઈપણ હથિયાર ધારણ કરવું નહીં અથવા આવા હથિયાર સાથે હરવું ફરવું નહીં.

(૨) સુરત શહેર વિસ્તાર બહારથી મેળવેલ પરવાના ધારણ કરનાર વ્યકિતઓ સુરત શહેર વિસ્તારમાં વસવાટ કરતા હોય તો તેઓએ પણ હથિયાર ધારણ કરવું નહીં અથવા હથિયાર સાથે જાહેરમાં હરવું ફરવું નહીં.

(૩) આર્મ્સ એકટ હેઠળ મંજુર કરવામાં આવેલ વ્યકિતગત હથિયાર પરવાના હેઠળના તમામ હથિયારો તાત્કાલીક અસરથી જે-તે પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાના રહેશે.

અપવાદ:-

આ હુકમનો પેરા નં.૪(૧) થી (૩) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(અ) સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમને ઉપરી અધિકારીઓએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય તે વ્યકિતઓને.

(બ) રાષ્ટ્રિયકૃત તેમજ સહકારી બેંકો અને સેન્ટ્રલ ગવર્મેન્ટ તેમજ રાજય સરકારના જાહેર સાહસોની સુરક્ષા અર્થે રાખેલ સીકયુરીટી ગાર્ડ તેમજ સુરત શહેર વિસ્તારમાં આવેલ હિરાની ફેકટરીઓ તથા સોના-ચાંદીની દુકાનોની સલામતીની ફરજ બજાવતા ગાર્ડને (વ્યકિતઓને) કામકાજના સમય દરમ્યાન હથિયાર સુરક્ષા અર્થે રાખવાની છુટ રહેશે.

(ક) નેશનલ રાયફલ એસોસીયેશનના રમતવીરો.

આ હુકમનો ભંગ કરનાર કે ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષા થઈ શકશે.

આ હુકમ જાહેરનામાની તારીખથી તા.૨૫/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ તા.૩૧/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપી પ્રસિધ્ધ કર્યુ.

હુકમ

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ ::

ક્રમાંક:એસ.બી./ વિશ્રામ/અતિથી ગૃહ / ૧૦૩ /૨૦૨૫.–રાજય ચુંટણી આયોગના પત્ર ક્રમાંક:ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક તા.૨૮/૦૫/૨૦૨૫ થી રાજયની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ રાજય ચૂંટણી આયોગે નક્કી કરેલ છે. સદરહું ચુંટણી કાર્યક્રમ મુજબ અત્રેના સુરત જિલ્લામાં ૭૫ સામાન્ય/વિભાજન/મધ્યસત્રની તથા ૧૩૬ પેટા ચૂંટણી યોજાનાર છે અને તે મુજબ મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ (રવિવાર) (સવારના ૦૭-૦૦ વાગ્યા થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી) ના રોજ રાખવામાં આવેલ છે તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ નિયત થયેલ છે. ભારતીય ચુંટણી પંચના પત્ર ક્રમાંક:-૪૩૭/૬/૩૮/૨૦૦૪-પીએલએન-૩, તા.૦૬/૦૪/૦૪ની સુચના અનુસાર વિશ્રામગૃહ, ડાક બંગલા, સરકારી રહેણાંક વિગેરેના વપરાશ બાબતે નિયંત્રણ રાખવા સુચના આપેલ છે.

વાસ્તે, હું વાબાંગ જામીર (આઈ.પી.એસ.) I/C પોલીસ કમિશનર, સુરત શહેર ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે. સુરત શહેર પોલીસ કમિશનરેટના સારોલી, ડીંડોલી, સચિન, હજીરા, ઈચ્છાપોર પો.સ્ટે. વિસ્તારોમાં વિશ્રામ ગૃહ, ડાક બંગલા અને સરકારી રહેણાંકના ઉપયોગનો સત્તા પક્ષના સભ્યો કે ઉમેદવારો એક હથ્થુ અધિકારો ભોગવશે નહી અને આવા રહેણાંકનો ઉપયોગ બીજા પક્ષના સભ્યો કે ઉમેદવારોને પણ કરવા દેશે.

૧. કોઈપણ પક્ષ કે ઉમેદવારો આવા રહેણાંક (તેની સાથે જોડાયેલ આંગણુ-વરંડા સહિત) નો ઉપયોગ પ્રચાર કચેરી કે અન્ય ચુંટણી વિષયક હેતુ માટે કરી શકશે નહી. સરકારી વિશ્રામગૃહ, અતિથીગૃહ વિગેરેમાં રાજકીય પક્ષોના સભ્યોની પ્રાસંગીક મીટીંગ પણ યોજી શકાશે નહી.

૨. ચુંટણી પ્રચારમાં આવેલ જે મહાનુભાવોને સરકારી વિશ્રામ ગૃહ-અતિથી ગૃહ વિગેરેમાં રહેવા માટે રૂમ ફાળવવામાં આવી હોય તે મહાનુભવોને લાવતા-લઈ જતાં વાહનને જ સરકારી વિશ્રામગૃહ/અતિથીગૃહ વિગેરેના કમ્પાઉન્ડમાં રાખી શકાશે. જો તેઓ આ માટે એક કરતા વધારે વાહનોનો ઉપયોગ કરતા હોય તો બે થી વધારે વાહનોને વિશ્રામગૃહ/અતિથીગૃહ વિગેરેના કમ્પાઉન્ડમાં રાખી શકાશે નહી.

૩. એક જ વ્યક્તિને ૪૮ કલાકથી વધુ સમય માટે રૂમ ફાળવી શકાશે નહી તેમજ ચુંટણી પ્રચાર માટે આવતા કોઈ પણ મહાનુભવો મતદાન પુરૂ થવાના ૪૮ કલાક પહેલા વિશ્રામગૃહ/ અતિથીગૃહ વિગેરેમાં રહેવા માટે રૂમનો ઉપયોગ કરી શકશે નહી.

આ હુકમનો ભંગ કરનાર કે ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષા થઈ શકશે.

આ હુકમ જાહેરનામાની તારીખથી તા.૨૫/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ તા.૩૧/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપી પ્રસિધ્ધ કર્યુ.

હુકમ

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ ::

ક્રમાંક:એસ.બી./ ચુંટણી સભા સરઘસ / ૧૦૪ /૨૦૨૫.—રાજય ચુંટણી આયોગના પત્ર ક્રમાંક:ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક તા.૨૮/૦૫/૨૦૨૫ થી રાજયની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ રાજય ચૂંટણી આયોગે નક્કી કરેલ છે. સદરહું ચુંટણી કાર્યક્રમ મુજબ અત્રેના સુરત જિલ્લામાં ૭૫ સામાન્ય/વિભાજન/મધ્યસત્રની તથા ૧૩૬ પેટા ચૂંટણી યોજાનાર છે અને તે મુજબ મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ (રવિવાર) (સવારના ૦૭-૦૦ વાગ્યા થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી) ના રોજ રાખવામાં આવેલ છે તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ નિયત થયેલ છે. આ ચુંટણીમાં ઉમેદવારો તથા રાજકીય પક્ષો તરફથી ચુંટણી પ્રચાર માટે જાહેરસભાઓ તથા સરઘસો યોજાનાર છે. જેથી જાહેર સુલેહશાંતિ જાળવવા સારૂ સભા/સરઘસ ઉપર યોગ્ય પ્રતિબંધ મુકવો ઈચ્છનીય છે.

વાસ્તે, હું વાબાંગ જામીર (આઈ.પી.એસ.) I/C પોલીસ કમિશનર, સુરત શહેર ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે. સુરત શહેર પોલીસ કમિશનરેટના સારોલી, ડીંડોલી, સચિન, હજીરા, ઈચ્છાપોર પો.સ્ટે. વિસ્તારોમાં

૧. કોઈપણ વ્યક્તિ/વ્યક્તિઓએ આ હુકમની તારીખથી તા.૨૫/૦૬/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન (બન્ને દિવસો સહીત) સક્ષમ અધિકારીની પરવાનગી વિના ચાર કે તેથી વધુ વ્યક્તિઓએ ભેગાં થવું નહીં, કોઈ સભા કરવી કે બોલાવવી નહીં કે સરઘસ કાઢવું નહીં.

૨. કોઈ પણ રાજકિય પક્ષ કે ઉમેદવારો દ્વારા સભા કે સરઘસનું આયોજન કરતા પહેલા સક્ષમ અધિકારીની પરવાનગી મેળવવાની રહેશે.

૩. ઉમેદવાર ઉમેદવારી પત્રો ભરવા કે ઉમેદવારી પત્રોની ચકાસણીમાં આપવા કે ચુંટણી પ્રતિકની ફાળવણીની પ્રક્રિયામાં હાજરી આપવા માટે ચુંટણી અધિકારીશ્રીની કચેરીમાં જાય ત્યારે મોટા સરઘસ સ્વરૂપે જવું નહી.

૪. જયાં એક પક્ષે સભા યોજી હોય એવા સ્થળોએ બીજા પક્ષે સરઘસ લઈ જવું નહી તેમજ ખલેલ પહોંચાડવી નહી.

૫. ચૂંટણીના સરઘસ અને રેલીમાં સ્થાનિક કાયદા અને અમલમાં હોય તે પ્રતિબંધક હુકમને આધિન ધ્વજ બેનર્સ કે કટ આઉટ રાખી શકાશે.આવા સરઘસમાં પક્ષે/ઉમેદવારે પુરા પાડેલ ટોપી માસ્ક સ્કાર્ફ વગેરે પહેરી શકશે.પરંતુ પક્ષે પુરા પાડેલ સાડી/શર્ટ જેવા મુખ્ય વસ્ત્રો પહેરી શકાશે નહી.

:: પરંતુક ::

(૧) ચુંટણી પ્રચાર કરવા ઉપર પ્રતિબંધ શરૂ થયા બાદ એટલે કે મતદાન પુરુ થવાના કલાક સાથે પુરા થતા ૪૮ કલાકના સમયગાળા દરમ્યાન ચુંટણી પ્રચાર માટે ઘેર ઘેર મુલાકાત લેતી વખતે એક સાથે વધુમાં વધુ પાંચ વ્યક્તિ જઈ શકશે.

(૨) ચુંટણી પ્રચાર કરવા ઉપર પ્રતિબંધ શરૂ થયા બાદ એટલે કે મતદાન પુરુ થવાના કલાક સાથે પુરા થતા ૪૮ કલાકના સમયગાળા દરમ્યાન ચુંટણી પ્રચાર પક્ષના કાર્યકરો/ નેતાઓ જેના પર પક્ષનુ પ્રતિક હોય તેવી ટોપી/ મફલર પહેરી શકશે પરંતુ બેનર પ્રદર્શીત કરી શકશે નહી.

આ હુકમનો કોઈપણ મજકુર નીચેના કિસ્સામાં લાગુ પડશે નહીં.

લગ્નના વરઘોડા, સીનેમામાં, ટાઉન હોલમાં, સ્મશાન યાત્રામાં, એસ.ટી. બસમાં, રેલ્વેમાં મુસાફરી માટે, નવરાત્રી ઉત્સવની ઉજવણી માટે કે મંદિર, મસ્જિદ કે દેવળમાં પ્રાર્થના માટેના શુધ્ધ આશયથી જતી વ્યક્તિઓને.

આ હુકમનો ભંગ કરનાર કે ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષા થઈ શકશે.

આ હુકમ જાહેરનામાની તારીખથી તા.૨૫/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ તા.૩૧/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપી પ્રસિધ્ધ કર્યુ.

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ ::

ક્રમાંક:એસ.બી./ ચુંટણી લાઉડ સ્પીકર / ૧૦૫ /૨૦૨૫.–રાજય ચુંટણી આયોગના પત્ર ક્રમાંક:ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક તા.૨૮/૦૫/૨૦૨૫ થી રાજયની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ રાજય ચૂંટણી આયોગે નક્કી કરેલ છે. સદરહું ચુંટણી કાર્યક્રમ મુજબ અત્રેના સુરત જિલ્લામાં ૭૫ સામાન્ય/વિભાજન/મધ્યસત્રની તથા ૧૩૬ પેટા ચૂંટણી યોજાનાર છે અને તે મુજબ મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ (રવિવાર) (સવારના ૦૭-૦૦ વાગ્યા થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી) ના રોજ રાખવામાં આવેલ છે તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ નિયત થયેલ છે. ભારતના નિર્વાચન આયોગે તેનાં આદેશ ક્રમાંકઃ-૩/૮/૯૪/ જે.એસ./II, તા.૨૬/૧૨/૨૦૦૦ માં આપેલ સુચનાઓ મુજબ ચુંટણીમાં લાઉડ સ્પીકરના વ્યાપક ઉપયોગ ઉપર નિયંત્રણો રાખવા જરૂરી હોવાનું જણાવી લાઉડ સ્પીકરના ઉપયોગ માટે આદેશો કરેલ છે.

ચુંટણી દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેમના કાર્યકરો, સમર્થકો ચુંટણી પ્રચાર ઝુંબેશ માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ મોટા ભાગે કરે છે. જે ફકત નિયત મંચ કે સભા સ્થળ ઉપરાંત ચુંટણી પ્રચાર માટે ફરતા વાહનો ઉપર પણ લગાડી શહેર, મહોલ્લા, ગામો, ગલીઓમાં ફેરવવામાં આવે છે. જેનાં કારણે અવાજનું પ્રદુષણ, ઘોંઘાટના કારણે અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ, વૃધ્ધો, અશકત અને બીમાર વ્યક્તિઓને ત્રાસરૂપ થાય છે. જેથી ચુંટણી પ્રક્રિયા દરમ્યાન લાઉડ સ્પીકરના ઉપયોગ ઉપર નિયંત્રણ મુકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, હું વાબાંગ જામીર (આઈ.પી.એસ.) I/C પોલીસ કમિશનર, સુરત શહેર ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સુરત શહેર પોલીસ કમિશનરેટના સારોલી, ડીંડોલી, સચિન, હજીરા, ઈચ્છાપોર પો.સ્ટે. વિસ્તારોમાં કોઈપણ રાજકીય પક્ષો, ઉમેદવાર કે તેના કાર્યકરો કે સમર્થકોએ,

૧. ચુંટણી પ્રચારના કામે યોજાતી સભા/સરઘસ કે રેલીમાં લાઉડ સ્પીકરનો ઉપયોગ સવારના ૦૬-૦૦ કલાક પહેલાં અને રાત્રીના ૧૦-૦૦ કલાક પછી કરવો નહિ.

૨. ચુંટણી પ્રચારના કામે વાહન ઉપરના સ્ટેટેટીક અથવા માઉન્ટેડ/લગાડેલ ફરતા લાઉડ સ્પીકરનો ઉપયોગ સવારના ૦૬-૦૦ કલાક પહેલાં અને રાત્રીના ૧૦-૦૦ કલાક પછી કરવો નહિ.

૩. સક્ષમ અધિકારીએ પરવાનગી આપેલ હોય તે સિવાય કોઈપણ સ્થળે લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવો નહિ. સક્ષમ અધિકારીએ લાઉડ સ્પીકરના ઉપયોગ માટે આપેલ પરવાનગીમાં સ્પષ્ટ નિર્દેશ કરેલ ન હોય તો પણ લાઉડ સ્પીકરનો ઉપયોગ સવારના ૦૬-૦૦ કલાક પહેલા અને રાત્રીના ૧૦-૦૦ કલાક પછી કરી શકાશે નહિ.

૪. કોઈપણ મતદાર વિસ્તારમાં મતદાન પૂર્ણ થયાના અગાઉના ૪૮ કલાકની મુદત દરમ્યાન પ્રચાર પર પ્રતિબંધ હોઈ લાઉડ સ્પીકરનો ઉપયોગ કરી શકાશે નહી.

::અપવાદ ::

સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગના તા.૧૦/૦૨/૧૫ ના જાહેરનામા નં.જીએનવી-૨૦૧૫-(૨)-ઈએનવી-૧૦-૨૦૧૪-૧૩૩-ઇ થી નોઈસ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ- ૨૦૦૦ અંતર્ગત વર્ષ-૨૦૧૫માં કેટલાક ધાર્મિક તહેવારો/સાંસ્કૃતિક ઉજવણીના પ્રસંગોએ આપેલ છુટછાટ મુજબ આ સમય માટે જ લાઉડ સ્પીકરનો ઉપયોગ કરી શકાશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ જાહેરનામાની તારીખથી તા.૨૫/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ તા.૩૧/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપી પ્રસિધ્ધ કર્યુ.

જાહેરનામુ

:: ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧)ડી.એ. હેઠળનું ::

ક્રમાંક:એસ.બી./ ચુંટણી કટઆઉટ / ૧૦૬ /૨૦૨૫.–રાજય ચુંટણી આયોગના પત્ર ક્રમાંક:ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક તા.૨૮/૦૫/૨૦૨૫ થી રાજયની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ રાજય ચૂંટણી આયોગે નક્કી કરેલ છે. સદરહું ચુંટણી કાર્યક્રમ મુજબ અત્રેના સુરત જિલ્લામાં ૭૫ સામાન્ય/વિભાજન/મધ્યસત્રની તથા ૧૩૬ પેટા ચૂંટણી યોજાનાર છે અને તે મુજબ મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ (રવિવાર) (સવારના ૦૭-૦૦ વાગ્યા થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી) ના રોજ રાખવામાં આવેલ છે તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ નિયત થયેલ છે. ભારતનાં ચુંટણી આયોગએ બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંકઃ-૩/૧૦/૨૦૦૧/ જેએસ-૨, તા.૨૩/૦૩/૨૦૦૧ મુજબ ચુંટણી પ્રક્રિયા દરમ્યાન વિશાળ કટ આઉટ, જાહેરાત બેનર વિગેરે મુકવા ઉપર નિયંત્રણ રાખવાની જરૂર છે.

ચુંટણી દરમ્યાન રાજકીય પક્ષો અને ઉમેદવારો ધ્વારા જાહેર માર્ગોની બન્ને બાજુ વાહન વ્યવહારથી ધમધમતા રસ્તા, શેરીઓ, નાકા, જાહેર માલીકીનાં મકાનો વિગેરે ઉપર વિશાળ પોસ્ટરો, બેનરો, રાજકીય આગેવાનોના કટ આઉટ વિગેરે ઉભા કરવામા આવે છે અને પ્રદર્શિત કરવામાં આવે છે. એજ રીતે તેમાં સરકારી અથવા સ્થાનિક સ્વરાજની સંસ્થાઓના મકાનો તથા વિજળી અને ટેલીફોનનાં થાંભલા જેવી સરકારી મિલ્કતો સહીત તમામ પ્રકારની જગ્યાએ વિશાળ મકાનો, દરવાજા, જાહેરાત પાટીયા, બેનર, ધજા પતાકા, ભીંત ચિત્રો વિગેરે ઉભા કરે છે અથવા મુકે છે. એના લીધે ટ્રાફિકની સમસ્યા ઉભી થવા સંભવ છે. રાહદારીઓ માટે અસલામતી વધે છે તેમજ જાહેર રસ્તાઓ અથવા સાર્વજનિક જગ્યાઓનો અયોગ્ય રીતે ઉપયોગ થવા સંભવ છે અને તેથી આ માટેની જરૂરી કાર્યવાહી કરવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું વાબાંગ જામીર (આઈ.પી.એસ.) I/C પોલીસ કમિશનર, સુરત શહેર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧) ડી.એ. થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે, સુરત શહેર પોલીસ કમિશનરેટના સારોલી, ડીંડોલી, સચિન, હજીરા, ઈચ્છાપોર પો.સ્ટે.વિસ્તારોમાં,

૧. કોઈપણ રાજકીય પક્ષ અથવા ઉમેદવાર ધ્વારા અથવા આવા ઉમેદવાર માટે કોઈ મંડળ, સંગઠન અથવા વ્યકિત ધ્વારા રાજય સરકાર, નગરપાલિકાઓ અથવા બોર્ડ, નિગમો, પંચાયતોના રસ્તાઓ, માર્ગો, મકાનો અથવા જગ્યાઓ, સરકારી કચેરી, નગરપાલિકા, પંચાયતો અથવા સરકારી બોર્ડ નિગમ હસ્તકની જગ્યાઓ પર સમાચાર, બોર્ડ અથવા જાહેર નોટીસ ન હોય એવા કોઈ પણ પ્રકારના કટ આઉટ જાહેરાત પાટીયા, પોસ્ટર, ધજા, પતાકા, બેનર્સ મુકી શકશે નહી કે દિવાલો ઉપર ચિત્રો દોરાવી શકાશે નહી કે કમાનો દરવાજા વિગેરે ઉભા કરી શકશે નહીં.

૨. કોઈપણ રાજકીય પક્ષ અથવા ઉમેદવાર દ્વારા અથવા આવા ઉમેદવાર માટે કોઈ મંડળ, સંગઠન અથવા વ્યક્તિઓ દ્વારા કોઈ પણ ખાનગી મિલ્કત ઉપર રાજકીય નેતાઓના કટઆઉટ, જાહેરાત પાટીયા, બેનર્સ વગેરે તે જગ્યાના માલિકની પુર્વ મંજુરી વગર મુકી શકાશે નહી.

આ હુકમનું ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ તથા ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ જાહેરનામાની તારીખથી તા.૨૫/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ તા.૩૧/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપી પ્રસિધ્ધ કર્યુ.

હુકમ

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ ::

ક્રમાંક:એસ.બી./ ચુંટણી પ્રચાર વાહન /૧૦૭/૨૦૨૫.–રાજય ચુંટણી આયોગના પત્ર ક્રમાંક:ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક તા.૨૮/૦૫/૨૦૨૫ થી રાજયની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ રાજય ચૂંટણી આયોગે નક્કી કરેલ છે. સદરહું ચુંટણી કાર્યક્રમ મુજબ અત્રેના સુરત જિલ્લામાં ૭૫ સામાન્ય/વિભાજન/મધ્યસત્રની તથા ૧૩૬ પેટા ચૂંટણી યોજાનાર છે અને તે મુજબ મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ (રવિવાર) (સવારના ૦૭-૦૦ વાગ્યા થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી) ના રોજ રાખવામાં આવેલ છે તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ નિયત થયેલ છે. આ ચુંટણીના ઉમેદવારો અને રાજકીય પક્ષો તરફથી ચુંટણી પ્રચાર માટે વાહનોનો બહોળો ઉપયોગ થનાર છે. જે પ્રચાર સમયે ઘણા પ્રસંગોએ અસામાજિક તત્વો જાહેરમાં મતદારોના મનમાં કોઈ ઉમેદવારના પક્ષમાં મત આપવા ભય ફેલાવે તેવી શકયતા છે. વધુમાં આવા વાહનો ધ્વારા ઘણીવાર ગેરકાયદેસર હથિયાર અને દારૂગોળા આયાત કરી ચૂંટણી પ્રક્રિયાને ખલેલ પહોંચાડે તેવી પણ શકયતા છે. આ ઉપરાંત ચૂંટણી પ્રચાર ટ્રાફીકને અવરોધરૂપ બને નહી તે પણ જોવું જરૂરી છે. આ અંગે ભારતીય ચુંટણી પંચના પત્ર ક્રમાંકઃ-૪૩૭/૬/૦૬-પીએલએન/૩, તા.૨૩/૧૧/૨૦૦૭ અને અધિક મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજયના પત્ર ક્રમાંકઃ-ઈએલસી/૧૦૦૭-૧૦૭૩ (૨)-છ, તા.૦૧/૦૪/૨૦૦૯ ની સુચના અનુસાર વાહનો ઉપર નિયંત્રણ મુકવુ જરૂરી હોઈ ભારતીય ચુંટણી પંચ તરફથી અમુક પ્રતિબંધ ફરમાવેલ છે.

વાસ્તે, હું વાબાંગ જામીર (આઈ.પી.એસ.) I/C પોલીસ કમિશનર, સુરત શહેર ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ , સુરત શહેર પોલીસ કમિશનરેટના સારોલી, ડીંડોલી, સચિન, હજીરા, ઈચ્છાપોર પો.સ્ટે.વિસ્તારોમાં,

૧. કોઈપણ રાજકીય પક્ષો કે ઉમેદવાર કે તેના ચુંટણી એજન્ટ કે કાર્યકર ધ્વારા ચુંટણી પ્રચાર માટે પરવાનગી મેળવી માત્ર બે ચક્રીય/ત્રણ ચક્રીય/ચાર ચક્રીય વાહનોનો ઉપયોગ કરી શકાશે.

૨. સુરત શહેર વિસ્તારના જાહેર રસ્તાઓ ઉપર એક સાથે ત્રણથી વધુ વાહનોના કાફલામાં સાથે જઈ શકાશે નહી અને આવો કાફલો જો કોઈ કિસ્સામાં ત્રણથી વધુ વાહનોનો હોય તો તેને ત્રણ વાહનોથી વધુ ન થાય તે રીતે ભાગ પાડી અલગ કરવાના રહેશે અને આવા ભાગ પાડેલા બે કાફલા વચ્ચે પણ ઓછામાં ઓછુ ૨૦૦ મીટરનું અંતર રાખવાનું રહેશે.

:: અપવાદ ::

જે રાજકીય નેતાઓને લોક પ્રતિનિધિત્વ ધારા-૧૯૫૧ ની કલમ-૭૭(૧) હેઠળ મુકિત મળેલ હોય તેઓને આ પ્રતિબંધ લાગુ પડશે નહી.

વાહનોમાં ટ્રક, ટેમ્પો, કાર, ટેક્ષી, વાન, ત્રણ પૈંડાવાળા વાહનો, સ્કુટરો, રીક્ષા, મીની બસ, ટ્રેલર કે તે વિનાનું ટ્રેકટર, સ્ટેશન વેગન તેમજ યાંત્રિક શકિત થી ચાલતા અન્ય વાહનોનો સમાવેશ થશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાત્મક પોલીસ કાર્યવાહીને પાત્ર ઠરશે તેમજ દોષિત જાહેર થનારને એક માસની સાદી કેદ અથવા રૂા.૨૦૦/- નો દંડ અથવા બન્ને સજા થઈ શકશે. ઉપરાંત લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૩ હેઠળ શિક્ષાત્મક કાર્યવાહી થઈ શકશે.

આ હુકમ જાહેરનામાની તારીખથી તા.૨૫/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ તા.૩૧/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપી પ્રસિધ્ધ કર્યુ.

હુકમ

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ ::

ક્રમાંક:એસ.બી./ મતદાર વાહન / ૧૦૮ /૨૦૨૫.–રાજય ચુંટણી આયોગના પત્ર ક્રમાંક:ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક તા.૨૮/૦૫/૨૦૨૫ થી રાજયની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ રાજય ચૂંટણી આયોગે નક્કી કરેલ છે. સદરહું ચુંટણી કાર્યક્રમ મુજબ અત્રેના સુરત જિલ્લામાં ૭૫ સામાન્ય/વિભાજન/મધ્યસત્રની તથા ૧૩૬ પેટા ચૂંટણી યોજાનાર છે અને તે મુજબ મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ (રવિવાર) (સવારના ૦૭-૦૦ વાગ્યા થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી) ના રોજ રાખવામાં આવેલ છે તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ નિયત થયેલ છે. આ ચુંટણીમાં ઉમેદવારો તથા રાજકીય પક્ષો તરફથી બીન અધિકૃત રીતે મતદાનના દિવસે મતદારોને મતદાન મથકે લઈ જવા-પરત લાવવા વાહનોનો ઉપયોગ કરવાની સંભાવના છે. જેથી વાહનોના આવા દુરૂપયોગના કારણે પ્રતિસ્પર્ધીઓ વચ્ચે સંઘર્ષ, આક્ષેપો, પ્રતિ આક્ષેપો થવાની અને તેના કારણે ચુંટણીની નિષ્પક્ષતા જોખમાવાનો પુરો સંભવ છે. ભારતના ચુંટણી આયોગના પત્ર ક્રમાંક:૪૩૭/૬/૦૬-પીએલએન/૩, તા.૨૩/૧૧/૦૭ અને અધિક મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજયના પત્ર ક્રમાંક: ઈએલસી/૧૦૦૭-૧૦૭૩ (૨)-છ, તા.૦૧/૦૪/૦૯ ની સુચના અનુસાર ઉમેદવારો, રાજકીય પક્ષો માટે મતદાનના દિવસે મતદારોને મતદાન મથકે લાવવા, પરત લઈ જવાની ગેરકાયદેસરની સગવડ આપી મતદારને અનઅધિકૃત દબાણ, પ્રલોભન આપવા ઉપર તથા મતદાનના દિવસે ઉમેદવારો તથા તેમના એજન્ટ દ્વારા વાપરવામાં આવતા વાહનો વગેરે બાબતો પરત્વે ભારતીય ચુંટણી પંચ તરફથી પ્રતિબંધ/નિયંત્રણ ફરમાવેલ છે.

વાસ્તે, હું વાબાંગ જામીર (આઈ.પી.એસ.) I/C પોલીસ કમિશનર, સુરત શહેર ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની સુરત શહેર પોલીસ કમિશનરેટના સારોલી, ડીંડોલી, સચિન, હજીરા, ઈચ્છાપોર પો.સ્ટે.વિસ્તારોમાં,

૧. કોઈપણ રાજકીય પક્ષો કે ઉમેદવાર કે તેના ચુંટણી એજન્ટ કે કાર્યકર દ્વારા મતદાનના દિવસે ફોરવ્હીલ ગાડીમાં ડ્રાઈવર સાથે પાંચ વ્યક્તિથી વધારે બેસી શકાશે નહી તેમજ ઉમેદવાર અથવા તેના એજન્ટ માટે ફાળવવામાં આવેલ વાહનનો ઉપયોગ કોઈ બીજી વ્યક્તિ દ્વારા થઈ શકશે નહી.

૨. મતદાનના દિવસે કોઈ પણ ઉમેદવાર તેમના મતક્ષેત્ર દીઠ એક વાહન પોતાના ઉપયોગ માટે, એક વાહન તેમના એજન્ટ માટે તેમજ વધારામાં એક વાહન તેમના કાર્યકર્તાઓ અથવા પક્ષના કાર્યકર્તાઓ માટે વાપરી શકશે.

૩. મતદાનના દિવસે કોઈપણ રાજકીય પક્ષ કે ઉમેદવાર કે તેના ચુંટણી એજન્ટ કે કાર્યકર દ્વારા મતદારોને મતદાન મથકે નિ:શુલ્ક લઈ જવા તથા પરત લાવવા વાહન પુરૂ પાડવાની સગવડ આપી મતદાર ઉપર અનઅધિકૃત દબાણ/પ્રલોભન ઉભું કરવા સામે મનાઈ ફરમાવું છું.

વાહનોમાં ટ્રક, ટેમ્પો, કાર, ટેક્ષી, વાન, ત્રણ પૈંડાવાળા વાહનો, સ્કુટરો, રીક્ષા, મીની બસ, ટ્રેલર કે તે વિનાનું ટ્રેકટર,સ્ટેશન વેગન તેમજ યાંત્રિક શકિતથી ચાલતા અન્ય વાહનોનો સમાવેશ થશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાત્મક પોલીસ કાર્યવાહીને પાત્ર ઠરશે તેમજ દોષિત જાહેર થનારને એક માસની સાદી કેદ અથવા રૂા.૨૦૦/- નો દંડ અથવા બન્ને સજા થઈ શકશે. લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૩ હેઠળ શિક્ષાત્મક કાર્યવાહી થઈ શકશે.

આ હુકમ જાહેરનામાની તારીખથી તા.૨૫/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ તા.૩૧/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપી પ્રસિધ્ધ કર્યુ.

હુકમ

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ ::

ક્રમાંક:એસ.બી./ ચુંટણી પ્રચાર બંધ /૧૦૯/૨૦૨૫.–રાજય ચુંટણી આયોગના પત્ર ક્રમાંક:ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક તા.૨૮/૦૫/૨૦૨૫ થી રાજયની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ રાજય ચૂંટણી આયોગે નક્કી કરેલ છે. સદરહું ચુંટણી કાર્યક્રમ મુજબ અત્રેના સુરત જિલ્લામાં ૭૫ સામાન્ય/વિભાજન/મધ્યસત્રની તથા ૧૩૬ પેટા ચૂંટણી યોજાનાર છે અને તે મુજબ મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ (રવિવાર) (સવારના ૦૭-૦૦ વાગ્યા થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી) ના રોજ રાખવામાં આવેલ છે તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ નિયત થયેલ છે. ભારતના ચુંટણી આયોગના આદેશ ક્રમાંક: ૪૬૪/આઈએનસીટી/૦૭ પી.એલ. એન.-૧/૪૮૩/૫૧૭/સી.ઈ.ઓ.) તા.૦૮/૦૧/૦૭ ના પેરા નં.૨ માં આપેલ સુચના અનુસાર, મતદાન પુરૂ થવા માટે નિયત સમય સાથે પુરા થતા

૪૮ કલાકના સમયગાળામાં ચુંટણી પ્રચાર બંધ કરવા ઠરાવેલ છે. વધુમાં ઉમેદવારો તેમના ચુંટણી મતવિસ્તાર બહારના સમર્થકોને ચુંટણી પ્રચાર માટે એકત્ર કરી કામે લગાડે છે. પરંતુ પ્રચારનો સમય ગાળો પુરો થયા પછી મતદાર વિભાગમાં ચુંટણી પ્રચાર થઈ શકે નહીં એ હકીકતને ધ્યાનમાં લેતા રાજકીય પદાઅધિકારીઓ/પક્ષના કાર્યકરો/ સરઘસ કાઢનારાઓ/ચુંટણી પ્રચારકો વિગેરે કે જેઓને મતદાર વિભાગની બહારથી લાવવામાં આવ્યા હોય અને જેઓ મતદાર વિભાગના મતદારો ન હોય, તેઓએ ચુંટણી પ્રચારના અંત પછી મતદાર વિભાગમાં હાજર રહે તો ચુંટણી ન્યાયી અને મુકત રીતે થવા ઉપર અસર પડે છે. જેથી કાયદો અને વ્યવસ્થા જોખમાય છે.

વાસ્તે, હું વાબાંગ જામીર (આઈ.પી.એસ.) I/C પોલીસ કમિશનર, સુરત શહેર ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ, સુરત શહેર પોલીસ કમિશનરેટના સારોલી, ડીંડોલી, સચિન, હજીરા, ઈચ્છાપોર પો.સ્ટે.વિસ્તારોમાં

૧. મતદાન પુરૂ થવા માટે નિયત થયેલ સમય સાથે પુરા થતા ૪૮ કલાકના સમયમાં ચુંટણી પ્રચાર કરવા ઉપર અને,

૨. પ્રચારનો સમયગાળો પુરો થયા પછી રાજકીય પદાઅધિકારીઓ/પક્ષના કાર્યકરો/સરઘસ કાઢનારાઓ/ચુંટણી પ્રચારકો વિગેરે કે જેઓને મતદાર વિભાગની બહારથી લાવવામાં આવૂયા હોય અને જેઓ તે મતદાર વિભાગના મતદારો ન હોય, તેઓએ ચુંટણી પ્રચારના અંત પછી મતદાર વિભાગમાં હાજર રહેવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

:: પરંતુક ::

(૧) ચુંટણી પ્રચાર કરવા ઉપર પ્રતિબંધ શરૂ થયા બાદ એટલે કે મતદાન પુરુ થવાના કલાક સાથે પુરા થતા ૪૮ કલાકના સમયગાળા દરમ્યાન ચુંટણી પ્રચાર માટે ઘેર ઘેર મુલાકાત લેતી વખતે એક સાથે વધુમાં વધુ પાંચ વ્યક્તિ જઈ શકશે.

(૨) ચુંટણી પ્રચાર કરવા ઉપર પ્રતિબંધ શરૂ થયા બાદ એટલે કે મતદાન પુરુ થવાના કલાક સાથે પુરા થતા ૪૮ કલાકના સમયગાળા દરમ્યાન ચુંટણી પ્રચાર પક્ષના કાર્યકરો/નેતાઓ જેના પર પક્ષનુ પ્રતિક હોય તેવી ટોપી/મફલર પહેરી શકશે પરંતુ બેનર પ્રદર્શીત કરી શકશે નહી.

(૩) ચુંટણી પ્રચાર કરવા ઉપર પ્રતિબંધ શરૂ થયા બાદ એટલે કે મતદાન પુરુ થવાના કલાક સાથે પુરા થતા ૪૮ કલાકના સમયગાળા દરમ્યાન લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૨૬ હેઠળ પ્રતિબંધીત ચુંટણી પ્રચારમાં સામેલ ન થવાની શરતે સંસદ સભ્યો અને ધારા સભ્યો તેઓ જે મત વિભાગમાંથી ચુંટાયેલ હોય તે મત વિભાગમાં રોકાઈ શકશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાત્મક પોલીસ કાર્યવાહી કરવાને પાત્ર ઠરશે.

આ હુકમ તા.૨૦/૦૬/૨૦૨૫ ના રોજ સાંજે ૧૮.૦૦ કલાક થી તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ સાંજે ૧૮.૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

આજ તા.૩૧/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપી પ્રસિધ્ધ કર્યુ.

હુકમ

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ ::

ક્રમાંક:એસ.બી./ ચુંટણી બુથ-૨૦૦ મીટર/ ૧૧૦ /૨૦૨૫.–રાજય ચુંટણી આયોગના પત્ર ક્રમાંક:ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક તા.૨૮/૦૫/૨૦૨૫ થી રાજયની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ રાજય ચૂંટણી આયોગે નક્કી કરેલ છે. સદરહું ચુંટણી કાર્યક્રમ મુજબ અત્રેના સુરત જિલ્લામાં ૭૫ સામાન્ય/વિભાજન/મધ્યસત્રની તથા ૧૩૬ પેટા ચૂંટણી યોજાનાર છે અને તે મુજબ મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ (રવિવાર) (સવારના ૦૭-૦૦ વાગ્યા થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી) ના રોજ રાખવામાં આવેલ છે તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ નિયત થયેલ છે. મતદાન મથકે મતદારો શાંતિથી તેમના મત નોંધાવી શકે તે માટે મતદાન મથકથી ૨૦૦ મીટરના વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ભારતના ચુંટણી આયોગના પત્ર ક્રમાંક:-૪૬૪/આઈએનએસટી/૦૭/પીએલએન૧/ તા.૧૨/૧/૨૦૦૭ તથા મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજયના પત્ર ક્રમાંક:-ઈએલસી/૧૦૦૭-૪૮ (૨)-છ, તા.૨૩/૧/૨૦૦૭ થી સુચનાઓ થઈ આવેલ છે. જેનો અમલ કરવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું વાબાંગ જામીર (આઈ.પી.એસ.) I/C પોલીસ કમિશનર, સુરત શહેર ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સુરત શહેર પોલીસ કમિશનરેટના સારોલી, ડીંડોલી, સચિન, હજીરા, ઈચ્છાપોર પો.સ્ટે. વિસ્તારોમાં આવેલ દરેક મતદાન મથક/મથકોએ મતદાનના દિવસે કોઈપણ રાજકીય પક્ષ, ઉમેદવાર, તેના ચુંટણી એજન્ટ, કાર્યકરો કે સમર્થકોએ કે અન્ય કોઈ વ્યક્તિએ,

૧. કોઈપણ મતદાન મથકથી ૨૦૦ મીટરની હદમાં મતદારોને મતદાર યાદીનો ક્રમ નંબર કાઢી આપવા કે કાપલી લખી આપવા માટે તેમના કેમ્પ ઉભા કરવા નહિ કે તેવી કોશિષ કરવી નહીં.

૨. મતદાન મથકે એક થી વધુ મતદાન મથકો હોય તેમ છતાં દરેક ઉમેદવાર દીઠ ૨૦૦ મીટરની હદ બહાર ફકત ૧(એક) કેમ્પ જેમાં ૧(એક) ટેબલ અને બે ખુરશી અને છાંયડા માટે છત્રી કે તાડપત્રી કે કંતાનથી (ઢાંકેલું) બનાવવાનું રહેશે. બુથને ચારે બાજુ કંતાન વડે બંધ કરી શકાશે નહિ.

૩. જે ઉમેદવારને આવા કેમ્પ ઉભા કરવાની ઈચ્છા હશે તેઓએ સંબંધીત ચુંટણી અધિકારીને તે કયા કયા મતદાન મથકોએ આવા કેમ્પ ઉભા કરવા માંગે છે તેની યાદી આપી સ્થાનિક સત્તા મંડળ, (ગ્રામ પંચાયત/નગર પંચાયત/નગરપાલિકા/મહાનગરપાલીકા) ની લેખિત પરવાનગી મેળવવાની રહેશે.

૪. આવા કેમ્પનો ઉપયોગ મતદારોને ઉમેદવારના નામ કે પ્રતિક કે પક્ષના નામ વગરની સફેદ કાગળ ઉપર ચુંટણી પંચે આપેલ સૂચનાં મુજબની કાપલી આપવા કરી શકાશે.

૫. ઉમેદવારોના કેમ્પ સાદા હોવા જોઈએ. તેની ઉપર કોઈ પોસ્ટર, વાવટા, પ્રતીકો કે અન્ય પ્રચાર સામગ્રી પ્રદર્શીત કરી શકાશે નહિં. કેમ્પ ખાતે કોઈ ખાદ્ય સામગ્રી આપી શકાશે નહીં કે ટોળા ભેગાં કરી શકાશે નહિ.

૬. આવા કેમ્પ ઉપર મતદારોના ટોળા એકત્ર થવા દેશે નહિ કે મતદાન કરી આવેલ મતદારને ઉભા રહેવા દેશે નહિ.

૭. મતદારોને મતદાન મથકે પ્રવેશ કરવામાં અડચણ ઉભી થાય તેવું કોઈ કૃત્ય થવા દેશે નહિ.

૮. ૧૦૦ મીટરની હદમાં સેલ્યુલર ફોન્સ, કોર્ડલેસ ફોન્સ, વાયરલેસ સેટસ લઈ પ્રવેશ કરી શકાશે નહિ.

આ હુકમનો ભંગ કરનાર કે ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષા થઈ શકશે. ઉપરાંત આવું ઈન્સ્ટ્રુમેન્ટ/મોબાઈલ કબજે લઈ શકાશે.

:: અપવાદ ::

મતદાન મથક ઉપર ફરજ બજાવતા કાયદો અને વ્યવસ્થા સંભાળતા અધિકારી, સીકયુરીટીના માણસો, ચુંટણી પંચ દ્વારા નિયુકત ઓબઝર્વરશ્રીઓ તથા મતદાન કેન્દ્રના ઈન્ચાર્જ અધિકારીઓને માત્ર તેમની ફરજ પુરતી જ છુટ રહેશે.

આ હુકમ તા.૨૦/૦૬/૨૦૨૫ થી તા.૨૨/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ તા.૩૧/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપી પ્રસિધ્ધ કર્યુ.

હુકમ

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ ::

ક્રમાંક:એસ.બી./ શોર્ટ મેસેજ / ૧૧૧ /૨૦૨૫.–રાજય ચુંટણી આયોગના પત્ર ક્રમાંક:ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક તા.૨૮/૦૫/૨૦૨૫ થી રાજયની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ રાજય ચૂંટણી આયોગે નક્કી કરેલ છે. સદરહું ચુંટણી કાર્યક્રમ મુજબ અત્રેના સુરત જિલ્લામાં ૭૫ સામાન્ય/વિભાજન/મધ્યસત્રની તથા ૧૩૬ પેટા ચૂંટણી યોજાનાર છે અને તે મુજબ મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ (રવિવાર) (સવારના ૦૭-૦૦ વાગ્યા થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી) ના રોજ રાખવામાં આવેલ છે તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ નિયત થયેલ છે. ચુંટણી સમગ્ર કાર્યવાહી દરમ્યાન ચુંટણી કાયદા, આચારસંહિતા અને ચુંટણી આયોગ નવી દિલ્હીની સુચનાઓનો ભંગ કરતા શોર્ટ મેસેજ (SMS) પ્રસારિત થતા અટકાવવા મતદાન પુર્ણ થવાના કલાક સાથે પૂરા થતા ૪૮ કલાક દરમ્યાન રાજકીય પ્રકારના SMS મોકલવા પર પ્રતિબંધ મુકવા અંગે ભારતના ચુંટણી આયોગના પત્ર ક્રમાંક:-૪૬૪/આઈએનએસટી/૨૦૦૮/ઈપીએસ, તા.૫/૧૧/૦૮ તથા મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજયના પત્ર ક્રમાંક:-ઈએલસી-૧૦૦૭- ૧૦૩૩૨-છ, તા.૧૭/૧૧/૦૮ થી સુચનાઓ થઈ આવેલ છે. જેનો અમલ કરવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું વાબાંગ જામીર (આઈ.પી.એસ.) I/C પોલીસ કમિશનર, સુરત શહેર ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સુરત શહેર પોલીસ કમિશનરેટના સારોલી, ડીંડોલી, સચિન, હજીરા, ઈચ્છાપોર પો.સ્ટે. વિસ્તારોમાં,

કોઈપણ રાજકીય પક્ષ, ઉમેદવાર, તેના ચુંટણી એજન્ટ, કાર્યકરો કે સમર્થકોએ કે અન્ય કોઈ વ્યક્તિએ, મતદાન દિવસ તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ મતદાન પુરૂ થવાના ૪૮ કલાક પહેલાથી મતદાન પુર્ણ થાય ત્યાં સુધી રાજકીય પ્રકારના તમામ SMS મોકલવા પર આથી પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ તેમજ લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૩ હેઠળ શિક્ષાત્મક પોલીસ કાર્યવાહી કરવાને પાત્ર ઠરશે.

:: અપવાદ ::

SVAP કાર્યક્રમ અંતર્ગત મતદારોને પ્રોત્સાહીત કરતા, ભારતના ચુંટણી આયોગના સક્ષમ સત્તાધિકારી દ્વારા કરવામાં આવતા SMS ને લાગુ પડશે નહી.

આજ તા.૩૧/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપી પ્રસિધ્ધ કર્યુ.

હુકમ

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩(BNSS)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ ::

ક્રમાંક:એસ.બી./ ચુંટણી બુથ-૧૦૦ મીટર / ૧૧૨ /૨૦૨૫.–રાજય ચુંટણી આયોગના પત્ર ક્રમાંક: ઈએલસી-સી.ઓ.સી.-૩(૮) -૦૫૨૦૨૫ -ક તા.૨૮/૦૫/૨૦૨૫ થી રાજયની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ રાજય ચૂંટણી આયોગે નક્કી કરેલ છે. સદરહું ચુંટણી કાર્યક્રમ મુજબ અત્રેના સુરત જિલ્લામાં ૭૫ સામાન્ય/વિભાજન/મધ્યસત્રની તથા ૧૩૬ પેટા ચૂંટણી યોજાનાર છે અને તે મુજબ મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ (રવિવાર) (સવારના ૦૭-૦૦ વાગ્યા થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી) ના રોજ રાખવામાં આવેલ છે તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ નિયત થયેલ છે. મતદાન મથકે મતદારો શાંતિથી તેમના મત નોંધાવી શકે તે માટે મતદાન મથકની અંદર તથા મતદાન મથકથી ૧૦૦ મીટરના અંતરમાં આવેલ કોઈપણ વ્યક્તિએ નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, હું વાબાંગ જામીર (આઈ.પી.એસ.) I/C પોલીસ કમિશનર, સુરત શહેર ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સુરત શહેર પોલીસ કમિશનરેટના સારોલી, ડીંડોલી, સચિન, હજીરા, ઈચ્છાપોર પો.સ્ટે. વિસ્તારોમાં,તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ મતદાનના દિવસે મતદાન મથકની અંદર તથા મતદાન મથકથી ૧૦૦ મીટરના અંતરમાં આવેલ વિસ્તારમાં કોઈપણ રાજકીય પક્ષ, ઉમેદવાર, તેના ચુંટણી એજન્ટ, કાર્યકરો કે સમર્થકોએ કે અન્ય કોઈ વ્યક્તિને નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છું,

૧. મત માટે પ્રચાર કરવો.

૨. મતદારોને ધાક-ધમકી આપીને કે રંજાડીને મતદાન કરવા જતા અટકાવવા.

૩. કોઈ મતદારને મત આપવા આગ્રહપૂર્વક વિનંતી કરવી.

૪. અમુક ઉમેદવારને મત આપવા માટે કોઈ મતદારને સમજાવવા.

૫. કોઈ મતદારને ચૂંટણીમાં મત ન આપવા સમજાવવા.

૬. ચૂંટણીને લગતી (સરકારી નોટીસ સિવાયની) કોઈ નોટીસ કે નિશાની પ્રદર્શિત કરવી.

૭. સેલ્યુલર/મોબાઈલ ફોન, કોડલેસ ફોન, પેજર, વાયરલેસ સેટ અને અન્ય વિજાણું સંદેશા વ્યવહારના સાધનો લઈ જવાની.

૮. વાહનો સાથે આવવુ (પરંતુકઃ અપંગ/અશકત વ્યક્તિઓને લાગુ પડશે નહી.)

૯. મતદાન મથકમાં મતદાન માટે આવેલ મતદાર, ઉમેદવાર તથા ચૂંટણીપંચે અધિકૃત કરેલ વ્યક્તિ સિવાયની વ્યક્તિએ પ્રવેશ કરવો.

આ હુકમનો ભંગ કરનાર કે ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષા થઈ શકશે. ઉપરાંત આવું ઈન્સ્ટુમેન્ટ/મોબાઈલ કબજે લઈ શકાશે.

::અપવાદ::

મતદાન મથક ઉપર ફરજ બજાવતા કાયદો અને વ્યવસ્થા સંભાળતા અધિકારી, સીકયુરીટીના માણસો, ચુંટણી આયોગ દ્વારા નિયુકત ઓબઝર્વરશ્રીઓ તથા મતદાન કેન્દ્રના ઈન્ચાર્જ અધિકારીઓને માત્ર તેમની ફરજ પુરતી જ છુટ રહેશે.

આજ તા.૩૧/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપી પ્રસિધ્ધ કર્યુ.

:: હુકમ ::

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ ::

ક્રમાંક:એસ.બી./ ચૂંટણી / મુદ્રક પ્રકાશક / ૧૧૩ /૨૦૨૫.–રાજય ચુંટણી આયોગના પત્ર ક્રમાંક: ઈએલસી-સી.ઓ.સી.-૩(૮) -૦૫૨૦૨૫ -ક તા.૨૮/૦૫/૨૦૨૫ થી રાજયની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ રાજય ચૂંટણી આયોગે નક્કી કરેલ છે. સદરહું ચુંટણી કાર્યક્રમ મુજબ અત્રેના સુરત જિલ્લામાં ૭૫ સામાન્ય/વિભાજન/મધ્યસત્રની તથા ૧૩૬ પેટા ચૂંટણી યોજાનાર છે અને તે મુજબ મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ (રવિવાર) (સવારના ૦૭-૦૦ વાગ્યા થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી) ના રોજ રાખવામાં આવેલ છે તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ નિયત થયેલ છે. ચુંટણીઓના પ્રચાર માટે ચોપાનીયા, ભીંતપત્રો, હેન્ડબીલ, ઉમેદવારો/રાજકીય પક્ષો તરફથી ઉમેદવારોની ઓળખ તેમજ અન્ય બાબતો વિવિધ છાપકામ કરાવી પ્રસિધ્ધ કરવામાં આવે છે તથા લોકોમાં વહેંચણી કરવામાં આવે છે. આવા દસ્તાવેજોમાં ધર્મ, જાતિ, જ્ઞાતિ, કોમ કે ભાષાને આગળ ધરીને મતદારોને અપીલ કરવા અથવા વિરોધી ઉમેદવારના ચારીત્ર ખંડન કરવા જેવી કોઈ ગેરકાનુની વાંધાજનક બાબત કે લખાણનો સમાવેશ થતો હોય તો સબંધિત વ્યકિત સામે આવશ્યક શિક્ષાત્મક કે નિયંત્રક પગલા લેવા જરૂરી જણાતા હોય,

વાસ્તે, હું વાબાંગ જામીર (આઈ.પી.એસ.) I/C પોલીસ કમિશનર, સુરત શહેર ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ પોસ્ટર પેમ્ફલેટ છાપકામ બાબતે નીચે જણાવેલ વિગતે આદેશ ફરમાવું છું,

૧. કોઈપણ વ્યકિત કે સંસ્થા જેના પર તેના મુદ્રક અને પ્રકાશકના નામ અને સરનામા ન હોય એવા ચુંટણીને લગતા ચોંપાનીયા ભીંતપત્રો છાપી કે પ્રસિધ્ધ કરી શકશે નહીં અથવા છપાવી કે પ્રસિધ્ધ કરાવી શકશે નહીં.

૨. કોઈપણ વ્યકિત કે સંસ્થા ચુંટણીને લગતા ચોપાનીયા કે ભીંતપત્રો છાપી શકશે નહીં કે છપાવવાની વ્યવસ્થા કરી શકશે નહીં. સિવાય કે,

(એ) તેની સહીવાળા અને તેને અંગત રીતે ઓળખતી હોય તેવી બે વ્યકિતઓએ શાખ કરેલ પ્રકાશકની ઓળખ અંગેના એકરારની બે નકલ તેણે મુદ્રકને આપી હોય અને,

(બી) લખાણ છપાયા પછી મુદ્રકએ ત્રણ દિવસમાં લખાણની એક નકલ સાથે એકરારપત્રની એક નકલ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીની કચેરીને તથા સબંધિત ચુંટણી અધિકારશ્રીની કચેરીને મોકલી હોય. આ જોગવાઇ પુરતું,

(સી) હાથે નકલો કરવા સિવાય લખાણની વધુ નકલો કાઢવાની કોઈપણ પ્રક્રિયા મુદ્રણ ગણાશે અને મુદ્રકએ શબ્દના તે પ્રમાણે અર્થ થશે.

૩. ચુંટણી અંગેના છાપેલા કોઇ ચોપાનીયા કે ભીંતપત્રો કે આવી અન્ય સામગ્રી પર મુદ્રક પંકિતમાં મુદ્રક અને પ્રકાશકના પુરા નામ, સરનામા અને ફોન, મોબાઈલ નંબર દર્શાવવાના રહેશે.

૪. મુદ્રકે પ્રકાશક પાસેથી મેળવેલ એકરારપત્ર જોડાણ-ક અને જોડાણ-ખ ના નિયત નમુનામાં છાપકામ કર્યાના ત્રણ દિવસની અંદર જિલ્લા મેજીસ્ટ્રેટ કચેરી તથા સબંધિત ચુંટણી અધિકારશ્રીને રજુ કરવાની રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર ગણાશે.

આ હુકમ જાહેરનામાની તારીખથી તા.૨૫/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ તા.૩૧/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યો.

હુકમ

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું

ક્રમાંક:એસ.બી./ ચૂંટણી / નોમિનેશન / ૧૧૪ /૨૦૨૫.–રાજય ચુંટણી આયોગના પત્ર ક્રમાંક: ઈએલસી-સી.ઓ.સી.-૩(૮) -૦૫૨૦૨૫ -ક તા.૨૮/૦૫/૨૦૨૫ થી રાજયની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ રાજય ચૂંટણી આયોગે નક્કી કરેલ છે. સદરહું ચુંટણી કાર્યક્રમ મુજબ અત્રેના સુરત જિલ્લામાં ૭૫ સામાન્ય/વિભાજન/મધ્યસત્રની તથા ૧૩૬ પેટા ચૂંટણી યોજાનાર છે અને તે મુજબ મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ (રવિવાર) (સવારના ૦૭-૦૦ વાગ્યા થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી) ના રોજ રાખવામાં આવેલ છે તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ નિયત થયેલ છે. જે અંગે ઉમેદવારી પત્રો ભરવા માટે ઉમેદવારો તથા તેમના સમર્થકોને સંબંધિત ચુંટણી અધિકારીઓ તથા મદદનીશ ચુંટણી અધિકારીઓની કચેરીમાં જવાનું થશે. જે અંગે ભારતીય ચુંટણી પંચના પત્ર નં.૪૬૪/ આઈએનએસટી/ ૨૦૦૧/ પીએલએન-૧, તા.૯/૨/૨૦૦૧ તથા પત્ર નં.૪૬૪/આઈએનએસટી /૨૦૦૯ /ઈપીએસ, તા.૧૫/૦૫/૨૦૦૯ થી ઉમેદવારી પત્ર ભરવા માટે આવતા તથા ચુંટણી પ્રમાણપત્ર લેવા માટે આવતા પાંચ થી વધુ લોકો તથા તેમના ત્રણથી વધુ વાહનો પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે.

વાસ્તે, હું વાબાંગ જામીર (આઈ.પી.એસ.) I/C પોલીસ કમિશનર, સુરત શહેર ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સુરત શહેર પોલીસ કમિશનરેટના સારોલી, ડીંડોલી, સચિન, હજીરા, ઈચ્છાપોર પો.સ્ટે. વિસ્તારોમાં,

કોઈપણ ઉમેદવાર તેમના ઉમેદવારી પત્રો ભરવા માટે સંબંધિત ચુંટણી અધિકારી અથવા મદદનીશ ચુંટણી અધિકારીની કચેરીમાં જાય ત્યારે તેમની કચેરીના ૧૦૦ મીટરના આસપાસના વિસ્તારમાં ત્રણ વાહનથી વધુ વાહનો સાથે જઈ શકશે નહી તેમજ સંબંધિત ચુંટણી અધિકારી અથવા મદદનીશ ચુંટણી અધિકારીની કચેરીમાં ઉમેદવાર તથા તેમના વધુમાં વધુ ચાર સમર્થકો મળી કુલ-૫ (પાંચ) વ્યક્તિઓથી વધુ સંબંધિત અધિકારીની ચેમ્બરમાં જઈ શકશે નહી. વિજેતા ઉમેદવાર ચુંટણી પ્રમાણપત્ર લેવા આવે ત્યારે પણ આ સૂચના લાગુ પડશે.

આ હુકમનો ભંગ કરનાર કે ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષા થઈ શકશે.

આ હુકમ જાહેરનામાની તારીખથી તા.૨૫/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ તા.૩૧/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપી પ્રસિધ્ધ કર્યુ.

:: જાહેરનામું ::

-:: ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૭(૧) અન્વયે કાઢેલ

ક્રમાંક : એસ.બી./હથિયારબંધી/૯૭/૨૦૨૫..–સુરત શહેરની પરિસ્થિતિને લક્ષમાં લઈ જાહેર શાંતિ અને સલામતી જાળવવા પગલાં લેવા જરૂરી છે. તેમજ આગામી સમયમાં અગત્યના તહેવારો આવતા હોય અને સુરત શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં બનતા ગુન્હાઓમાં છરી, ચપ્પા, ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે અને આવા હથિયારોથી ગુન્હા બનતા હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું વાબાંગ જામીર (આઈ.પી.એસ.) I/C પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરૂં છું કે નીચેના કૃત્યો પર પ્રતિબંધ ફરમાવું છું.

:: પ્રતિબંધિત કૃત્યો ::

(ક) કોઈપણ શસ્ત્ર કે શસ્ત્રો, બંદુક, તલવાર, ભાલા, ખંજર, ચપ્પા તથા શારિરીક વ્યથા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવા કે હિંસા કરવાના આશયથી ઉપયોગી થઈ શકે તેવી બીજી ચીજો લાવવા-લઈ જવા કે પ્રદર્શન કરવા કે અન્ય રીતે સ્વ-બચાવના ચોકકસ કારણો સિવાય સાથે રાખીને ફરવા પર.

(ખ) પરવાનાવાળા હથિયારો લઈ જાહેર જગ્યાઓએ જવા, પ્રદર્શન કરવા, હવામાં ફાયર કરવા કે કોઈની સામે તાકવા પર કે તાકવાનો પ્રયત્ન કરવા પર તેમજ સામાજીક મેળાવડા, ધાર્મિક સરઘસ કે વ્યક્તિઓના સમુદાયમાં લાવવા લઈ જવા પર.

(ગ) શરીરને હાનિકારક એવા કોઈપણ સ્ફોટક પદાર્થ/ચીજવસ્તુ લાવવા-લઈ જવા પર.

(ઘ) પત્થરો તેમજ બીજા શસ્ત્રો/યંત્રો અથવા ફેંકવાના અથવા નાખવાના શસ્ત્રો/યંત્રો કે સાધનો લાવવા-લઈ જવા પર, એકઠા કરવા પર અથવા બીજા કોઈને આવું કહેવા પર તેમજ તૈયારી કરવા પર.

(ચ) રેમ્બો છરા/ચપ્પુ કે ઘાતક છરા/ચપ્પુ લાવવા, રાખવા, વેચાણ કરવા,ખરીદ કરવા તેમજ ઓનલાઈન વેચવા કે ખરીદ કરવા પર.

(છ) સળગતી અગર સળગાવેલી મશાલ રાખવા કે રાખવાનો પ્રયત્ન કરવા બદલ કે મશાલ સરઘસ સાથે રાખવા પર.

(જ) કોઈપણ વ્યક્તિનું પૂતળું બનાવવા કે બનાવવાનો પ્રયત્ન કરવા પર, કોઈપણ વ્યક્તિની આકૃતિ/ચિત્ર/પૂતળાં બાળવા, લટકાવવા, દેખાડવા કે ફાંસી આપવા પર કે આ પ્રકારનો પ્રયત્ન કરવા પર.

(ઝ) જાહેરમાં અન્ય લોકોને ત્રાસ થાય તે રીતે બુમ પાડવા, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવા ઉપર.

(ટ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરુચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજયની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવાં છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવાની અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

:: અપવાદ ::

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઈ પણ હથિયાર સાથે લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહીં.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે જી.પી.એક્ટની કલમ ૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

:: અમલવારીનો સમય ::

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૦૧/૦૬/૨૦૨૫ ના ક.૦૦-૦૦ થી તા.૧૫/૦૬/૨૦૨૫ ના ક.૨૪-૦૦ સુધી હુકમનો અમલ કરવાનો રહેશે.

આજ તારીખ :-૩૦/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

:: જાહેરનામુ ::

:: ગુજરાત પોલીસ અધિનિયમની કલમ- ૩૭(૩) અન્વયે કાઢેલ ::

ક્રમાંક: એસ.બી./ચાર કરતા વધુ વ્યકિત ભેગા થવા ઉપર/ ૯૮ /૨૦૨૫.–સુરત શહેરમાં આગામી દિવસોમાં ધાર્મિક તહેવારો તેમજ રેલીઓ/ધરણાઓના કાર્યક્રમ યોજવામાં આવતા હોય છે. જેથી કોઇ પણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતિ તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે સારૂ સુરત પોલીસ કમિશનરેટની હદ વિસ્તારમાં કેટલાક પ્રતિબંધો ફરમાવતું જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

વાસ્તે, હું વાબાંગ જામીર (આઈ.પી.એસ.) I/C પોલીસ કમિશનર, સુરત શહેર ગુજરાત પોલીસ એકટની કલમ ૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

:: પ્રતિબંધીત કૃત્યો ::

સુરત પોલીસ કમિશનરેટ વિસ્તારમાં પરવાનગી વગર જાહેર જગ્યા ઉપર ચાર કે ચાર કરતા વધારે માણસોએ ભેગા થવું નહીં. તેમજ કોઇ સભા ભરવી કે બોલાવવી નહીં અને કોઇ પણ જાતની સભા-સરઘસ કાઢવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

:: અપવાદ ::

આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે, અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેવાને તથા સ્મશાન યાત્રાને લાગુ પડશે નહીં.

:: અમલવારીનો સમય તથા વિસ્તાર ::

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૦૧/૦૬/૨૦૨૫ ના ક.૦૬-૦૦ થી તા.૧૫/૦૬/૨૦૨૫ ના ક. ૨૪-૦૦ વાગ્યા સુધી હુકમનો અમલ કરવાનો રહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૫ (૩) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશનરેટમાં ફરજ બજાવતા અનામ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે જી.પી.એક્ટ-કલમ ૧૩૫ (૩) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :-૩૦/ ૦૫ /૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

વાબાંગ જામીર,
I/C પોલીસ કમિશનર,
સુરત શહેર.

BY PRINCIPAL DISTRICT JUDGE

NOTIFICATION:-

NO.ADM/14/497/2025.-The Undersigned has taken over charge as Principal District Judge, Valsad with effect from 18/06/2025 B.O.H.

Now that, all top Secret, Confidential and Demi-Official correspondence meant for the Principal District Judge and Sessions Judge, Valsad may please be sent in envelope/ or mail addressed to me by name as under:-

MS. NIPA C. RAVAL

Principal District & Sessions Judge,

District & Sessions Court, Valsad.

In Seriatim Contact details informed as under

Dhatampur road, Valsad. 3960001.

STD Code	02632
OFFICE	242858
DIRECT	240695
FAX	245554
D.L.S.A.	243040
COMPUTER	296113
RESIDENCE	255522

E-Mail: dcourt-val@gujarat.gov.in

District Court, Valsad Date: 18.06.2025

NIPA C. RAVAL,
Principal District Judge,
Valsad

BY PRINCIPAL JUDGE

Read:-

Notification No.1201/2025(16) dated. 11-06-2025 of Hon'ble High Court.

NOTIFICATION.

No. Adm./ 74/2025.-It is notified that, I, the undersigned, Mr. M.H.Chauhan has take over the charge for the post of Principal Judge, Family Court, Valsad from 23rd June, 2025 before office hours, in view of the Hon'ble High Court above referred Notification.

All Top Secret, Confidential and Demi-Confidential Correspondence means for the Principal Judge, Family Court, Valsad, may please be addressed to me by name as under:

OFFICEADDRESS.	**TELEPHONE NUMBERS.**	
Mr.M.H.Chauhan	STD Code	02632
Principal Judge,	Office	242858
FamilyCourt,	Direct	-----
4h Floor, District Court Building,	Residence	9726428344
Valsad	Mobile Phone No.	9726428344
	E-mail	fcourt-valsad@gujarat.govt.in

District Court, Valsad Date: 23.06.2025

M. H. CHAUHAN,
Principal Judge,
Family Court Valsad

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામુ

:: મુંબઈ પ્રોહીબીશન અધિનિયિમ-૧૯૪૯ની કલમ-૧૪૨(૧) હેઠળનું ::

ક્રમાંક:ફજદ/જાહેરનામું/નશાબંધી/વશી ૨૫૦૪ થી ૨૫૩૫.- પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ-આહવાના પત્ર નં. એલઆઈબી /ગ્રામ.પં.ચૂં./ જાહેરનામું/૧૨૧૦/-૨૦૨૫, તા.૦૫/૦૬/૨૦૨૫ મુજબ ગ્રામ પંચાયતની સામાન્ય મધ્યસત્ર/ પેટા ચૂંટણીઓ-૨૦૨૫નું -મતદાન આગામી તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ યોજવા અંગેની રાજય ચૂંટણી આયોગે તા.૨૮/૦૫/૨૦૨૫ ના રોજ જાહેરાત કરેલ છે. જેની મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ યોજાનાર હોય, ચૂંટણી પંચની સુચનાઓ અનુસાર લોક-પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(સી) હેઠળ મતવિભાગની ચૂંટણી દરમ્યાન મતદારો નિર્ભયપણે મતદાન કરી શકે તે માટે દારૂ અને નશાકારક ચીજોના વેચાણ પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. નિયામકશ્રી નશાબંધિ અને આબકારીનાઓના પત્ર ક્રમાંક:DPEGND/VDR/e-file/450/2025/1367/Excise-1, તા.૩૧/૦૫/૨૦૨૫ મુજબ જીલ્લા ચૂંટણી હેઠળના મત વિસ્તારમાં ડ્રાય ડે - જાહેર કરવા અંગેનું જાહેરનામું/હુકમો કરવા અંગેની કાર્યવાહી જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી દ્વારા થાય તે માટે જરૂરી સંકલનમાં રહેવા જણાવવામાં આવેલ છે.

અત્રેના ડાંગ જીલ્લામાં ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણી તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ સવારના -કલાક-૦૭/૦૦ થી સાંજના ૬-૦૦ કલાક સુધી યોજાનાર હોઈ મતદાનનો સમય પુરો થવાના કલાક સાથે પુરા થાય તે રીતે ૪૮ કલાકનો સમય એટલે કે તા.૨૦/૦૬/૨૦૨૫ ના સાંજના ૫-૦૦ કલાકથી તા.૨૨/૦૬/૨૦૨૫ ના રાત્રીના ૭-૦૦ કલાક (જો પુનઃ મતદાન થાય તો પુનઃ મતદાનનો દિવસ પણ આવરી લઈ) ઉપરોક્ત દિવસો દરમ્યાન " ડ્રાય ડે " અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા માટે દરખાસ્ત થઈ આવેલ છે.

વાસ્તે હું, શાલિની દુહાન, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા મુંબઈ પ્રોહીબીશન અધિનિયિમ-૧૯૪૯ ની કલમ-૧૪૨(૧) હેઠળ મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબના કૃત્યો કરવા સામે પ્રતિબંધ ફરમાવું છું.

"મતદાનનો સમય પુરો થવાના કલાક સાથે પુરા થાય તે રીતે ૪૮ કલાકનો સમય એટલે કે તા.૨૦/૦૬/૨૦૨૫ ના સાંજના ૫-૦૦ કલાકથી તા.૨૨/૦૬/૨૦૨૫ ના રાત્રીના ૭-૦૦ કલાક (જો પુનઃ મતદાન થાય તો પુનઃ મતદાનનો દિવસ પણ આવરી લઈ) દારૂ વેચાણ કરવા/પીરસવા પર પ્રતિબંધ ફરમાવું છું અને આ સમયગાળાને " ડ્રાય ડે " તરીકે જાહેર કરવા હુકમ કરૂ છું" તેમ ઠરાવવામાં આવે છે.

:: શિક્ષા::

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૧૩૫ મુજબની શિક્ષા થઈ શકશે.

ડાંગ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સપેક્ટર કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

::અમલવારીનો સમય::

આ જાહેરનામું તા.૨૦/૦૬/૨૦૨૫ ના સાંજના ૫-૦૦ કલાકથી તા.૨૨/૦૬/૨૦૨૫ ના રાત્રીના ૭-૦૦ કલાક (જો પુનઃ મતદાન થાય તો પુનઃ મતદાનનો દિવસ પણ આવરી લઇ) સુધી અમલમાં રહેશે. .

::વિસ્તાર::

સમગ્ર ડાંગ જિલ્લો

આજ તા. ૧૩/૦૬/૨૦૨૫ નાં રોજ મારી સહી કરી સિકકો કરી આપેલ છે.

શાલિની દુહાન IAS
જિલ્લા મેજીસ્ટ્રેટ
ડાંગ-આહવા

જાહેરનામુ

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું ::

નં.ડીસીબી/એમએજી/જાહેરનામું/ ગ્રા.પં.ચુંટણી/રજી.૬૬/વશી. ૭૧૦૩ થી ૭૨૫૪/૨૦૨૫.-રાજય ચૂંટણી આયોગ ગાંધીનગર દ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ નો વિગતવાર કાર્યક્રમ તા.૨૮/૦૫/૨૦૨૫ થી જાહેર કરવામાં આવેલ છે અને તે મુજબ મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫(રવિવાર) ના રોજ યોજાનાર છે. રાજ્ય ચૂંટણી આયોગ ગાંધીનગરના આદેશ ક્રમાંકઃ-રાચપ-ચટણ-સીઓસી-સ્થા. સ્વ.૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા.૧૭/૧૧/૨૦૨૧ થી આપેલ સુચના મુજબ ચુંટણી જાહેર થયા પછી કાયદો અને વ્યવસ્થાની જાળવણી અંગે આદર્શ આચાર સંહિતાના અમલ માટે વિવિધ પ્રતિબંધાત્મક હુકમો કરવાના રહે છે.

સદરહું ચૂંટણી દરમ્યાન હિંસક બનાવોમાં તેમજ કાયદો અને વ્યવસ્થાને બગાડતા કૃત્યોમાં હથિયારોનો ઉપયોગ થાય તેવી શકયતા રહે છે જેથી ચુંટણી પ્રક્રિયા દરમ્યાન હથિયારોનો ગેરકાયદેસર રીતે ઉપયોગ ન થાય તે માટે સમગ્ર વલસાડ જિલ્લાના ગ્રામ પંચાયત ચુંટણી હેઠળના વિસ્તારમાં હથિયારો સાથે હરવા ફરવા ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી જણાતા અત્રેના તા.૩૧/૦૫/૨૦૨૫ના જાહેરનામા ક્રમાંક-ડીસીબી/એમએજી/જાહેરનામુંગ્રા. પં.ચુંટણી /રજી.૬૨/વશી.૬૬૪૩ થી ૬૮૫૦/૨૦૨૫ થી પ્રથમ તબક્કે હથિયારની હેરફેર ઉપર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. પરંતુ ગ્રામ પંચાયત ચુંટણી સ્થાનિક લેવલે યોજાતી હોઈ સ્થાનિક લેવલે કોઈ ઘર્ષણ ઉભું ન થાય અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ચુંટણી હેઠળના વિસ્તારમાં રહેતા પરવાનેદારોના હથિયાર જમા લેવા જરૂરી જણાય છે.

વાસ્તે, હું ભવ્ય વર્મા (આઈ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે,

(૧) સમગ્ર વલસાડ જિલ્લાના ગ્રામ પંચાયત ચુંટણી હેઠળના વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ ની વ્યાખ્યામાં આવતું કોઈપણ હથિયાર ધારણ કરવું નહીં અથવા આવા હથિયાર સાથે હરવું ફરવું નહીં.

(૨) સમગ્ર વલસાડ જિલ્લામાંથી કે બહારના જિલ્લામાંથી મેળવેલ પરવાના ધારણ કરનાર વ્યકિતઓએ સમગ્ર વલસાડ જિલ્લાના ગ્રામ પંચાયત ચુંટણી હેઠળના વિસ્તારમાં વસવાટ કરતા હોય તો તેઓએ પણ હથિયાર/હથિયારો ધારણ કરવા નહી અથવા હથિયાર/હથિયારો સાથે જાહેરમાં હરવું ફરવું નહીં તેમજ આ આદેશ સમગ્ર વલસાડ જિલ્લાના ગ્રામ પંચાયત ચુંટણી હેઠળના વિસ્તારમાં રહેતા અને સમગ્ર વલસાડ જિલ્લાની મુલાકાતે આવેલ તમામ હથિયાર પરવાના ધારકોને પણ લાગુ પડશે.

(૩) ગ્રામ પંચાયત ચુંટણી હેઠળના વિસ્તારમાં રહેતા પરવાનેદારોએ આર્મ્સ એકટ હેઠળ મંજુર કરવામાં આવેલ પરવાનાવાળા દરેક પ્રકારના હથિયાર કે હથિયારો દિન-૦૫ માં જે-તે પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાના રહેશે. સંબંધકર્તા પોલીસ સ્ટેશનોએ તથા પોલીસ હેડક્વાર્ટરે સંબંધિત પોલીસ સ્ટેશનના વિસ્તારમાં રહેતા હથિયાર પરવાનો ધરાવતા વ્યક્તિઓ દ્વારા ગ્રામ પંચાયત ચુંટણી હેઠળના વિસ્તારમાં હથિયાર કે હથિયારો જમા કરાવવામાં આવે તે માટે પગલા લેવા તેમજ તમામ હથિયારો જમા થઈ ગયા અંગેની જાણ અત્રેની કચેરીને કરવાની રહેશે.

(૪) જે હથિયાર પરવાનાઓની મુદત પૂર્ણ થઈ ગયેલ હોય અને રીન્યુઅલ અર્થે અત્રેની કચેરીમાં રજૂ કરેલ હોય તેવા હથિયાર પરવાના હેઠળના હથિયારો પરવાનાની ઝેરોક્ષ નકલ, રીન્યુ અરજી રજૂ કર્યાની આ કચેરીની પહોંચ તથા રીન્યુ ફી ભર્યા અંગેના ચલણની નકલની ખરાઈ કરી જમા લેવાના રહેશે અને તેવી જ રીતે ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયે પરત સોંપવાના રહેશે.

અપવાદઃ-

ઉપરોક્ત ક્રમાંક નં. (૧) થી (૪) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(અ) સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમને ઉપરી અધિકારીઓએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય તે વ્યકિતઓને.

(બ) રાષ્ટ્રિયકૃત તેમજ સહકારી બેંકો અને સેન્ટ્રલ ગવર્મેન્ટ તેમજ રાજય સરકારના જાહેર સાહસોની સુરક્ષા અર્થે રાખેલ સીકયુરીટી ગાર્ડ તેમજ સમગ્ર વલસાડ જિલ્લાના વિસ્તારમાં આવેલ સોના-ચાંદીની દુકાનોની સલામતીની ફરજ બજાવતા ગાર્ડને (વ્યકિતઓને) તથા પેટ્રોલપંપ પર ફરજ બજાવતા સુરક્ષાકર્મીઓ તેમજ મોટા ઔદ્યોગિક એકમો કે જે કંપનીના નામે હથિયાર પરવાનો ધરાવતા હોય તેઓને કામકાજના સમય દરમ્યાન હથિયાર સુરક્ષા અર્થે રાખવાની છુટ રહેશે.

(ક) નેશનલ રાયફલ એસોસીયેશનના રમતવીરો.

આ હુકમનો ભંગ કરનાર કે ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષા થઈ શકશે. જાહેરનામાંનો ભંગ થયેથી વલસાડ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સ્પેક્ટરશ્રી કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓને ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ જાહેરનામાની તારીખથી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ તા.૧૦/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યો.

ભવ્ય વર્મા,
જિલ્લા મેજીસ્ટ્રેટ
વલસાડ

// જાહેરનામું //

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું.

નં.એમએજી/ગ્રામ પં. ચૂં.- ૨૦૨૫/વશી/૧૦૭૫/૨૦૨૫.—રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા તા.૨૮/૦૫/૨૦૨૫ ના રોજ ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ની જાહેરાત કરવામાં આવેલ છે. જેથી તા.૨૮/૦૫/૨૦૨૫ થી ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી હેઠળનાં વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા (Model Code of Conduct) અમલમાં આવેલ છે. તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ મતદાન તથા તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ મત ગણતરી હાથ ધરાનાર છે. આ ચૂંટણી સંદર્ભમાં રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક, તા.૨૮/૦૫/૨૦૨૫ થી ચૂંટણી આચારસંહિતા અંગે સુચના આપેલ છે. જે અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ગ્રામ પંચાયતોની ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તમામ સ્તરે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા મતદારો પોતાનો મત મુક્ત અને નિર્ભય રીતે આપી શકે તેમજ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા માટે જરૂરી શાંતિમય વાતાવરણમાં વિક્ષેપો ઉભા થાય નહી તે માટે અને હાલ ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીને અનુલક્ષીને રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા લાગુ કરાયેલ ચૂંટણી આચારસંહિતાની જોગવાઈઓ અમલ માટે નીચે જણાવ્યા મુજબ પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું સચિન કુમાર, (IAS), જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરું છું કે, જે છટાદાર ભાષણો આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવાની, ચિત્રો, નિશાનીઓ જાહેર ખબરો અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની અથવા આવા અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણો આપવાની અથવા ચાળા વિગેરે કરવાની અને તેવા ચિન્હો નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવા ઉપર મનાઈ કરવામાં આવે છે.

// સમયગાળો //

આ આદેશ તા.૨૯/૦૫/૨૦૨૫ થી તા.૨૬/૦૬/૨૦૨૫ (બંને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

// વિસ્તાર //

જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુરની હકુમતનો સમગ્ર વિસ્તાર

// **સજા** //

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ ઈન્સ્પેક્ટર તથા પોલીસ સબ ઈન્સ્પેક્ટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓ તથા મારા તાબાના એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓ આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો અમલ કરાવવા માટે હુકમનો ભંગ કરનાર વ્યક્તિઓને ચોક્કસ પ્રકારના કાર્યો નહી કરવા માટે સક્ષમ અધિકારીશ્રી દ્વારા ક્ષેત્રીય કામગીરી દરમિયાન પોતાને મળેલ સત્તાની રૂએ જરૂરી આદેશ કરવામાં આવતા હોય છે. જેથી ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબની ફરીયાદ લેતી વખતે મારા હુકમનો ભંગ થયેલ છે તેનો ઉલ્લેખ કરવો અને સાથોસાથ અધિકૃત અમલદારે પોતાની ફરિયાદમાં ખાસ ઉલ્લેખ કરવો કે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ જાહેર થયેલા પ્રતિબંધાત્મક કાર્યો થતા અટકાવવા માટે પોતે પણ હુકમ કરેલો હતો અને આ હુકમનો ભંગ કરવા બદલ ઉક્ત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

આજ તા. ૨૯/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો,

---

// **જાહેરનામું** //

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું.

નં.એમએજી/ગ્રામ પં. ચૂં.-૨૦૨૫/વશી/૧૦૭૮/૨૦૨૫.–રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા તા.૨૮/૦૫/૨૦૨૫ ના રોજ ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ ની જાહેરાત કરવામાં આવેલ છે જેથી તા.૨૮/૦૫/૨૦૨૫ થી ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી હેઠળનાં વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા (Model Code of Conduct) અમલમાં આવેલ છે. તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ મતદાન તથા તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ મત ગણતરી હાથ ધરાનાર છે. આ ચૂંટણી સંદર્ભમાં રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક, તા.૨૮/૦૫/૨૦૨૫ થી ચૂંટણી આચારસંહિતા અંગે સુચના આપેલ છે. જેનો તમામ રાજકીય પક્ષો અને ચૂંટણી લડતા ઉમેદવારોએ તથા તેમના કાર્યકરોએ ચૂસ્તપણે અમલ કરવાનો રહે છે. જેના અનુસંધાને ચૂંટણી પ્રક્રિયા દરમિયાન ચૂંટણી પ્રચાર અભિયાનરૂપે રાજકીય/બિન રાજકીય પક્ષના કાર્યકરો અને ચૂંટણી ઉમેદવારો તરફથી ચૂંટણી પ્રચાર ઝુંબેશ ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી હેઠળનાં વિસ્તારોમાં શરૂ કરવામાં આવેલ હોય, આ પ્રચારના હેતુ માટે તેઓ દ્વારા કે તેની સહમતિથી બીજા કોઈ વ્યક્તિ દ્વારા પ્રચાર માટે વાહનોનો ઉપયોગ કરવામાં આવશે તે સંજોગોમાં આવા વાહનો ઉપર દેખરેખ રાખવા અને ઉમેદવારના પ્રચાર માટે વપરાતા વાહનોના સંબંધમાં થતો ખર્ચ યોગ્ય રીતે જાહેર થાય તે હેતુથી અને જો આમ કરવામાં ન આવે તો તેમના પ્રતિસ્પર્ધી ઉમેદવારો તથા જન સામાન્ય તરફથી સાચી ફરીયાદો ઉપસ્થિત થવા અને એકબીજા જુથો વચ્ચે મન દુ:ખ અને ઘર્ષણ ઉભુ થવાની સંભાવના તેમજ સુલેહ શાંતિનો ભંગ થવા સંભવ રહે છે.

વાસ્તે હું સચિન કુમાર (IAS), જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે થી મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે,

(૧) ગ્રામ પંચાયતોની ચૂંટણી હેઠળનાં વિસ્તારોમાં કોઈપણ રાજકીય પક્ષો કે બિન રાજકીય પક્ષો તેમના ઉમેદવારો કે તેની સહમતિથી બીજા કોઈ વ્યક્તિ દ્વારા ચૂંટણી પ્રચાર માટે વાહનોનો ઉપયોગ કરવામાં આવે તેવા તમામ વાહનો ચૂંટણી ઉમેદવારે તેમના ચૂંટણી અધિકારીશ્રી પાસે રજીસ્ટર કરાયેલ વાહન માટે અરજી કરી પરમીટ મેળવી લેવાની રહેશે અને અસલ પરમીટ જ વાહનોની ઉપર સહેલાઈથી દેખાય આવે તે રીતે વિન્ડસ્ક્રીન પર ચોંટાડવાની રહેશે. કોઈપણ સંજોગોમાં પરમીટનો ફોટોકોપી ચાલશે નહી. ઉપરાંત પરમીટ મેળવ્યા સિવાય અને વાહન રજીસ્ટર કરાવ્યા સિવાય કોઈપણ વાહનનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ કરી શકાશે નહી. આ નિયંત્રણો યાંત્રિક શક્તિ થી કે અન્ય રીતે ચાલતા તમામ વાહનોને લાગુ પડશે.

(૨) ચૂંટણી પ્રચારમાં ઉપયોગમાં લેવાનાર વાહનમાં જો વધારાની એસેસરીઝ ફીટ કરાવેલ હશે તો તેના માટે આર.ટી.ઓશ્રીની મંજુરી રજુ કરવાની રહેશે.

(૩) ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં ઉમેદવારે ચૂંટણી અધિકારી પાસે ઉમેદવારી ફોર્મ ભરવા આવતી વખતે ચૂંટણી અધિકારી તથા મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરીની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં વધુમાં વધુ ત્રણ વાહનો લાવી શકાશે વખતે ઉમે તથા ચૂંટણી અધિકારી તથા મદદનીશ ચૂંટણી અધિકારીના રૂમમાં ઉમેદવારી ફોર્મ ભરવા જતી ઉમેદવાર સહિત અન્ય ૪ (ચાર) એમ વધુમાં વધુ ૫ (પાંચ) વ્યક્તિઓએ જ પ્રવેશવાનું રહેશે.

(૪) રાજ્ય ચૂંટણી આયોગના આદેશ મુજબ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી હેઠળનાં વિસ્તારોમાં કોઈપણ સંજોગોમાં રાજકીય પક્ષ કે ઉમેદવાર કે ચૂંટણી એજન્ટે ચૂંટણીના પ્રચાર માટે કાફલામાં સિક્યુરીટી વાહનો સિવાયના ૧૦ થી વધુ વાહનો એકી સાથે લઈ જઈ શકશે નહી તેવું ઠરાવેલ છે. આથી ચૂંટણી આયોગના આદેશની અમલવારી કરવા આ જિલ્લામાં આવેલ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી હેઠળનાં વિસ્તારોમાં તમામ રાજકીય પક્ષો, ઉમેદવારો અને તેમના ચૂંટણી એજન્ટોને ફરમાવવામાં આવે છે કે ચૂંટણીના પ્રચાર માટે જતા કાફલામાં સિક્યુરીટી વાહનો સિવાયના એકી સાથે ૧૦ થી વધુ વાહનો લઈ જઈ શકાશે નહી.

(૫) ગ્રામ પંચાયતોની ચૂંટણી હેઠળનાં વિસ્તારોમાં ચૂંટણી પ્રચાર માટે ઉપયોગમાં લેવાનાર વાહનો બે, ત્રણ અને ચાર વ્હીલવાળા રહેશે ચાર વ્હીલવાળા વાહનોમાં ડ્રાઈવર સહિત વધુમાં વધુ પાંચ વ્યક્તિઓથી વધુ બેસી શકે નહી.

(૬) રાજકીય પક્ષો/ઉમેદવારો આ અંગે કરવામાં આવેલ ખર્ચની વિગતો ખર્ચ રજીસ્ટરમાં નોંધવાની રહેશે.

// **સમયગાળો** //

આ આદેશ તા.૨૯/૦૫/૨૦૨૫ થી તા.૨૬/૦૬/૨૦૨૫ (બંને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

// **વિસ્તાર** //

જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુરની હકુમતનો સમગ્ર વિસ્તાર

// **સજા** //

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ ઈન્સ્પેક્ટર તથા પોલીસ સબ ઈન્સ્પેક્ટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓ તથા મારા તાબાના એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓ આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો અમલ કરાવવા માટે હુકમનો ભંગ કરનાર વ્યક્તિઓને ચોક્કસ પ્રકારના કાર્યો નહી કરવા માટે સક્ષમ અધિકારીશ્રી દ્વારા ક્ષેત્રીય કામગીરી દરમિયાન પોતાને મળેલ સત્તાની રૂએ જરૂરી આદેશ કરવામાં આવતા હોય છે. જેથી ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબની ફરીયાદ લેતી વખતે મારા હુકમનો ભંગ થયેલ છે તેનો ઉલ્લેખ કરવો અને સાથોસાથ અધિકૃત અમલદારે પોતાની ફરિયાદમાં ખાસ ઉલ્લેખ કરવો કે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ જાહેર થયેલા પ્રતિબંધાત્મક કાર્યો થતા અટકાવવા માટે પોતે પણ હુકમ કરેલો હતો અને આ હુકમનો ભંગ કરવા બદલ ઉક્ત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

આજ તા.૨૯/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

// **જાહેરનામું** //

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું.

નં.એમએજી/ગ્રામ પં. ચૂં.-૨૦૨૫/વશી/૧૦૭૪/૨૦૨૫.–રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા તા.૨૮/૦૫/૨૦૨૫ ના રોજ ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ ની જાહેરાત કરવામાં આવેલ છે જેથી તા.૨૮/૦૫/૨૦૨૫ થી ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી હેઠળનાં વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા (Model Code of Conduct) અમલમાં આવેલ છે. તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ મતદાન તથા તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ મત ગણતરી હાથ ધરાનાર છે. આ ચૂંટણી સંદર્ભમાં રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક, તા.૨૮/૦૫/૨૦૨૫ થી ચૂંટણી આચારસંહિતા અંગે સુચના આપેલ છે. જે અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તમામ સ્તરે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા મતદારો પોતાનો મત મુક્ત અને નિર્ભય રીતે આપી શકે તેમજ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા માટે જરૂરી શાંતિમય વાતાવરણમાં વિક્ષેપો ઉભા થાય નહીં અને જાહેર સુલેહ શાંતિનો ભંગ થતો અટકાવવા, ચૂંટણી પ્રક્રિયા દરમિયાન કોઈ વ્યક્તિને અડચણ, ત્રાસ કે નુકસાન અથવા લોકોના જાન, સ્વાસ્થ્ય કે સલામતીને થતું જોખમ અથવા જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય અને મુક્ત અને ન્યાયી રીતે દરેક મતદાર પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે હેતુસર રાજ્ય ચૂંટણી આયોગના તા.૧૭/૧૧/૨૦૨૧ થી બહાર પાડેલ સુચનાઓ ધ્યાનમાં લેતાં સમગ્ર છોટાઉદેપુર જિલ્લામાં હથિયાર પરવાનેદારોએ ધારણ કરેલ હથિયારના સંદર્ભમાં કેટલાક પ્રતિબંધ મુકવાનું આવશ્યક જણાય છે.

વાસ્તે હું સચિન કુમાર (IAS), જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રુએ હુકમ કરું છું કે, છોટાઉદેપુર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં વ્યક્તિગત હથિયાર પરવાનો ધરાવતા પરવાનેદારોને તેઓના પરવાનાવાળા હથિયારો સાથે રાખવા ઉપર પ્રતિબંધ જાહેર કરવામાં આવે છે. તેમજ પરવાના હેઠળના તમામ હથિયારો આ જાહેરનામાંની તારીખથી ૭ (સાત) દિવસમાં સબંધિત પોલીસ સ્ટેશનમાં જમા કરાવવા ફરમાવવામાં આવે છે.

છોટાઉદેપુર જિલ્લામાં આવતા તમામ પોલીસ સ્ટેશનના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારોમાં રહેતા અને હથિયાર પરવાનો ધરાવતા તમામ હથિયાર પરવાનેદારશ્રીઓ તરફથી તેમના પરવાનાવાળા હથિયારો જમા કરાવવામાં આવે તે માટે જરૂરી પગલાં લેવા તેમજ આ પ્રકારે તમામ હથિયાર જમા થઈ ગયા અંગેની જાણ અત્રેની કચેરીને કરવા આદેશ કરૂ છું.

આ આદેશ જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, છોટાઉદેપુર તરફથી ઈસ્યુ કરાયેલ લાયસન્સો સિવાય બીજા પણ દરેક હથિયાર પરવાનેદારો કે જેઓએ બીજા કોઈપણ હથિયાર લાયસન્સ આપનાર સત્તાધિકારી તરફથી હથિયાર લાયસન્સ મેળવેલ હોય તેમને પણ લાગુ પડશે તેમજ આ આદેશ છોટાઉદેપુર જિલ્લામાં રહેતા અને મુલાકાતે આવેલ તમામ હથિયાર પરવાના ધારકોને લાગુ પડશે તેમજ હથિયાર ખરીદ-વેચાણ કરતાં પરવાનેદારો હથિયાર ખરીદ-વેચાણ આ સમયગાળા દરમિયાન કરશે તો પણ હથિયારની સોંપણી આ જાહેરનામાંની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થતાં સુધી પરવાનાધારકોને કરી શકશે નહિ.

આ હુકમ હેઠળ જમા લેવાયેલ હથિયારો સબંધિત પોલીસ સ્ટેશનમાં સલામત તથા સુરક્ષિત રીતે રાખવાના રહેશે તેમજ જમા લીધેલ હથિયારની પહોંચ સબંધિત પરવાનેદારશ્રીને આપવાની રહેશે તથા ચૂંટણી આચાર સંહિતા પૂર્ણ થયા બાદ સબંધિત પરવાનેદારશ્રીને પરત કરવાના રહેશે. તેના માટે કોઈપણ અલગથી હુકમની જરૂરીયાત રહેશે નહિ.

છોટાઉદેપુર જિલ્લામાં ગ્રામ પંચાયતોની ચૂંટણી હેઠળના વિસ્તારોમાં હથિયાર પરવાનો ધરાવતા તમામ પરવાનેદારશ્રીઓએ પોતાના પરવાના હેઠળના તમામ હથિયાર સબંધિત પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાના રહેશે, તે હથિયારના કાર્ટીજ/દારૂગોળો જમા કરાવવા જરૂરી નથી.

// **અપવાદ** //

આ આદેશમાંથી નીચે મુજબના હથિયાર પરવાનેદારશ્રીઓને મુક્તિ આપવામાં આવે છે.

(૧) છોટાઉદેપુર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં આવેલ સરકારી, અર્ધ સરકારી સંસ્થાઓ (બેંક, કોર્પોરેશન સહિતા કરાવવામાંથી મુક્તિ આપવામાં આવે છે, પરંતુ જે તે વ્યક્તિના વ્યક્તિગ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના નામે જે હથિયાર પરવાનો ધરાવતા હોય તથા જે રાજ્ય કે રાષ્ટ્રીય કે આંતર રાષ્ટ્રીય લેવલની શુટીંગ સ્પર્ધામાં ભાગ લેનાર સ્પોર્ટસ પર્સન છે, તેમને તેમના પરવાનાવાળા હથિયારો જમા કરવવામાંથી મુકિત આપવામાં આવે છે. પરંતુ જે તે વ્યકિતના વ્યકિતગત નામે ઈસ્યુલ થયેલ પરવાનેદાર હથિયાર ધારકોને ઉક્ત આદેશમાંથી મુક્તિ મળશે નહી.

(૨) માન્યતા ધરાવતી સિક્યુરીટી એજન્સીઓના ગનમેન કે જેઓ રાષ્ટ્રીયકૃત સહકારી કે કોમર્શીયલ બેંકો, એ.ટી.એમ તથા કરન્સી/ચેકની લેવડ-દેવડ કરતા હોય તેવા હથિયારધારી સિક્યુરીટી ગાર્ડને તેમના હથિયાર જમા કરાવવામાંથી મુક્તિ આપવામાં આવે છે, આવા સિકયુરીટી ગાર્ડ તેઓ જે તે બેંકમાં સિક્યુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા હોવાનું સબંધિત બેંક મેનેજરશ્રીનું પ્રમાણપત્ર સિક્યુરીટી ગાર્ડના ફોટોગ્રાફ સાથેનું પોતાની પાસે રાખવાનું રહેશે, તેમજ જે તે સબંધિત બેંકના મેનેજરશ્રીએ આવા સિક્યુરીટી ગાર્ડની વિગતવારની માહિતીની જાણ જે તે સબંધિત પોલીસ સ્ટેશનને કરવાની રહેશે, અને સબંધિત પોલીસ સ્ટેશનને આ અંગે નિયમોનુસાર ચકાસણી કરી લેવાની રહેશે.

(૩) કેન્દ્ર તેમજ રાજ્ય સરકારશ્રીના અધિકારી/કર્મચારીઓ કે જેઓને કાયદા મુજબ હથિયાર રાખવાની મંજુરી આપેલ છે અને ચૂંટણી ફરજ ઉપર હોય તેમને લાગુ પડશે નહિ.

(૪) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી તથા પોલીસ અધિક્ષકશ્રીએ ખાસ પરવાનગી આપેલ હોય તેમને લાગુ પડશે નહિ.

(૫) સરકારી નોકરીનું કામકાજ કરતી કોઈ વ્યક્તિ તેની ફરજના ભાગ રૂપે તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા તેવું હથિયાર લઈ જવાની ફરજ હોય.

// **સમયગાળો** //

આ આદેશ તા.૨૯/૦૫/૨૦૨૫ થી તા.૨૬/૦૬/૨૦૨૫ (બંને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

// **વિસ્તાર** //

જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુરની હકુમતનો સમગ્ર વિસ્તાર

// **સજા** //

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ ઈન્સ્પેક્ટર તથા પોલીસ સબ ઈન્સ્પેક્ટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓ તથા મારા તાબાના એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓ આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો અમલ કરાવવા માટે હુકમનો ભંગ કરનાર વ્યક્તિઓને ચોક્કસ પ્રકારના કાર્યો નહી કરવા માટે સક્ષમ અધિકારીશ્રી દ્વારા ક્ષેત્રીય કામગીરી દરમિયાન પોતાને મળેલ સત્તાની રૂએ જરૂરી આદેશ કરવામાં આવતા હોય છે. જેથી ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબની ફરીયાદ લેતી વખતે મારા હુકમનો ભંગ થયેલ છે તેનો ઉલ્લેખ કરવો અને સાથોસાથ અધિકૃત અમલદારે પોતાની ફરિયાદમાં ખાસ ઉલ્લેખ કરવો કે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ જાહેર થયેલા પ્રતિબંધાત્મક કાર્યો થતા અટકાવવા માટે પોતે પણ હુકમ કરેલો હતો અને આ હુકમનો ભંગ કરવા બદલ ઉક્ત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

આજ તા.૨૯/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

// જાહેરનામું //

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું.

નં.એમએજી/ગ્રામ પં. ચૂં.-૨૦૨૫/વશી/૧૦૭૬/૨૦૨૫.–રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા તા.૨૮/૦૫/૨૦૨૫ ના રોજ ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ ની જાહેરાત કરવામાં આવેલ છે જેથી તા.૨૮/૦૫/૨૦૨૫ થી ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી હેઠળનાં વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા (Model Code of Conduct) અમલમાં આવેલ છે. તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ મતદાન તથા તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ મત ગણતરી હાથ ધરાનાર છે. આ ચૂંટણી સંદર્ભમાં રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક: ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક, તા.૨૮/૦૫/૨૦૨૫ થી ચૂંટણી આચારસંહિતા અંગે સુચના આપેલ છે. રાજય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.-૧૩૮ (૧)-૧૧૨૦૨૧-ક, તા.૧૭/૧૧/૨૦૨૧ અનુસાર સમગ્ર ચૂંટણી પ્રક્રિયા દરમિયાન વિશાળ કટ આઉટ, જાહેરાતના પાટીયા, બેનર્સ વગેરે મુકવા ઉપર નિયંત્રણ રાખવાનું જરૂરી છે.

ગ્રામ પંચાયતોની ચૂંટણી દરમિયાન રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા જાહેર માર્ગની બંને બાજુ વાહનવ્યવહારથી ધમધમતા ચાર રસ્તા, શેરીઓ, નાકા, જાહેર માર્ગ, માલિકીના મકાનો, કંમ્પાઉન્ડ વોલ વિગેરે ઉપર વિશાળ પોસ્ટરો, બેનર્સ, રાજકીય અગ્રણીઓના કટ-આઉટ ઉભા કરવામાં આવે છે/પ્રદર્શિત કરવામાં આવશે તે જ રીતે સરકારી અથવા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાના મકાનો તથા વિજળી અને ટેલીફોનના થાંભલા જેવી સરકારી મિલકતો સહિત તમામ પ્રકારની જગ્યાએ વિશાળ કમાનો, દરવાજા, જાહેરાત, પાટીયા, બેનર્સ, ભીંતસુત્રો, ધજા, પતાકા, ભીંતચિત્રો વિગેરે ઉભા કરે છે/ મૂકે છે જેને લીધે ટ્રાફીકની સમસ્યાઓ ઉભી થવા સંભવ છે તેમજ રાહદારીઓની અસલામતી વધે છે. ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજાય તે માટે રાજ્ય ચૂંટણી આયોગ પ્રયત્નશીલ છે તેમજ જાહેર રસ્તાઓ અથવા સાર્વજનિક જગ્યાઓનું અયોગ્ય રીતે ઉપયોગ થવા સંભવ છે. જેથી આ માટેની જરૂરી કાર્યવાહી કરવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું સચિન કુમાર (IAS), જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેથી મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, આગામી ગ્રામ પંચાયતોની ચૂંટણી દરમિયાન ગ્રામ પંચાયતોની ચૂંટણી હેઠળનાં વિસ્તારોમાં કટ આઉટ, હોર્ડિંગ્સ, બેનર્સ, દરવાજા, કમાનો, પોસ્ટર્સ, પેમ્પલેટ, જાહેરાતના પાટીયા, ધજા-પતાકા, ભીંતચિત્રો, ભીંતસુત્રો તથા કોઈપણ પ્રકારનું ચૂંટણી સાહિત્ય વિગેરે મુકવા ઉપર નિયંત્રણ મુકવા નીચે મુજબના પ્રતિબંધ ફરમાવુ છું,

(૧) ગ્રામ પંચાયતોની ચૂંટણી હેઠળનાં વિસ્તારોમાં કટ આઉટ, હોર્ડિંગ્સ, બેનર્સ, દરવાજા, કમાનો, પોસ્ટર્સ, પેમ્પલેટ, જાહેરાતના પાટીયા, ધજા-પતાકા, ભીંતચિત્રો, ભીંતસુત્રો તથા કોઈપણ પ્રકારનું ચૂંટણી સાહિત્ય વગેરે કોઈપણ જાહેર મિલકત પર કે જાહેર જગ્યા પર મુકી શકાશે નહી. એટલે કે સરકાર, મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુનિસિપાલીટી કે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ વગેરે હસ્તકની મિલકતો તથા જગ્યાઓ પર (આવી જગ્યા કે મિલકત ભાડે આપી હશે તો પણ) મુકી કે ચોંટાડી શકાશે નહીં.

(૨) ગ્રામ પંચાયતોની ચૂંટણી હેઠળનાં વિસ્તારોમાં જાહેર મિલકતો તથા મંદીર, મસ્જિદ, ચર્ચ, ગુરુદ્વારા વિગેરે અથવા કોઈપણ ધાર્મિક/પ્રાર્થના સ્થળોનો ચુંટણીલક્ષી ભાષણો, પોસ્ટરો, સંગીત વિગેરે ચુંટણી પ્રચાર માટે ઉપયોગ કરી શકાશે નહીં.

(૩) ગ્રામ પંચાયતોની ચૂંટણી હેઠળનાં વિસ્તારોમાં કોઈપણ સરકારી મકાન (સિવિલ મકાન સહીત) ની દિવાલ પર કોઈપણ જાતના ચૂંટણીલક્ષી પોસ્ટર કટ-આઉટ, હોર્ડીંગ્સ, બેનર્સ, દરવાજા, કમાનો, પોસ્ટર્સ, પેમ્પલેટ, જાહેરાતના પાટીયા, ધજા - પતાકા, પુંઠા, પત્રિકાઓ વગેરે મુકી શકાશે નહી કે પ્રદર્શિત કરી શકાશે નહી તેમજ ભીંતચિત્રો કે ભીંતસૂત્રો લખી કે દોરી શકાશે નહી. સરકારી મકાનમાં કોઈપણ સરકારી કચેરી અને તેના પ્રાંગણનો સમાવેશ થાય છે.

(૪) ગ્રામ પંચાયતોની ચૂંટણી હેઠળનાં વિસ્તારોમાં સ્થાનિક કાયદા હેઠળના નિયંત્રણોને આધિન રહીને ખાનગી મકાન કે સ્થળનો કબજો ધરવાનારની સ્વૈચ્છિક લેખીત પરવાનગી મેળવ્યા સિવાય તેવા સ્થળે અલ્પકાલીન અને સરળતાથી ફેરવી શકાય તેવી જાહેરાતની સાધનસામગ્રી જેવી કે ધ્વજ, બેનર્સ, વગેરે મુકી શકાશે નહી.

(૫) ગ્રામ પંચાયતોની ચૂંટણી હેઠળનાં વિસ્તારોમાં મિલકતને કાયમી / હંગામી નુકશાન કરે તેમજ સરળતાથી કાઢી શકાય તેમ ન હોય તેવા ચૂંટણીલક્ષી લખાણ, પોસ્ટર્સ, ભીંતચિત્રો, વગેરે મિલકતના માલિકની સંમતિ હશે તો પણ મુકી શકાશે નહી.

(૬) ગ્રામ પંચાયતોની ચૂંટણી હેઠળનાં વિસ્તારોમાં કોઈપણ રાજકીય પક્ષે અથવા કોઇ અન્ય એસોસીએશન સંસ્થાએ કે વ્યકિતએ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ-૧૭૬ અન્વા ન્વયે વૈધાનિક અથવા આદેશાત્મક રીતે ફરમાવેલ હોય તે પ્રમાણે જે ઉમેદવારની ચૂંટણી સદરહું કટઆઉટ અથવા રીતે ફરમાવેલ હોઈ તે પ્રમાણે જે ઉમેદવારની ચૂંટણી સદ સામાન્ય અથવા ખાસ અધિકારપત્ર વિના કોઈ કટઆઉટ, ઉપલબ્ધ બનાવવા ધાર્યુ હોય તે ઉમેદવારનાં નિપત્રિય જાહેરાત વિગેરે પ્રસ્થાપિત કરવા નહિ. સૂચિત જગ્યા પર હોર્ડીંગ્સ, ભીંતચીત્ર, ધ્વજ, બેનર્સ, વર્તમાન આવા કટઆઉટ, હોર્ડીંગ્સ વિગેરે પ્રસ્થાપિત કરવાથી આમ જનતાની સુરક્ષા અને સલામતી તેમજ ટ્રાફિક વિગેરેને અડચણરૂપ, બીજા જોખમ ઉભા થતા નથી તેની રહેશે અને સંબંધિતોએ તેની કાળજી રાખવાની રહેશે.

(૭) મેદાનો સહીત શૈક્ષણિક સંસ્થાઓના મકાનો તે સરકારી સહાયિત, ખાનગી કે સરકારી ગમે તે હોય પરંતુ રાજકીય ચૂંટણી પ્રચાર, રેલી કે કોઈપણ ચૂંટણી વિષયક હેતુ માટે તેનો ઉપયોગ કરી શકાશે નહી.

// **સમયગાળો** //

આ આદેશ તા.૨૯/૦૫/૨૦૨૫ થી તા.૨૬/૦૬/૨૦૨૫ (બંને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

// **વિસ્તાર** //

જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુરની હકુમતનો સમગ્ર વિસ્તાર

// **સજા** //

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ ઈન્સ્પેક્ટર તથા પોલીસ રાબ ઈન્સ્પેક્ટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓ તથા મારા તાબાના એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓ આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો અમલ કરાવવા માટે હુકમનો ભંગ કરનાર વ્યક્તિઓને ચોક્કસ પ્રકારના કાર્યો નહી કરવા માટે સક્ષમ અધિકારીશ્રી દ્વારા ક્ષેત્રીય કામગીરી દરમિયાન પોતાને મળેલ સત્તાની રૂએ જરૂરી આદેશ કરવામાં આવતા હોય છે. જેથી ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબની ફરીયાદ લેતી વખતે મારા હુકમનો ભંગ થયેલ છે તેનો ઉલ્લેખ કરવો અને સાથોસાથ અધિકૃત અમલદારે પોતાની ફરિયાદમાં ખાસ ઉલ્લેખ કરવો કે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ જાહેર થયેલા પ્રતિબંધાત્મક કાર્યો થતા અટકાવવા માટે પોતે પણ હુકમ કરેલો હતો અને આ હુકમનો ભંગ કરવા બદલ ઉક્ત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

આજ તા.૨૯/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

// **જાહેરનામું** //

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું.

નં.એમએજી/ગ્રામ પં. ચૂં.-૨૦૨૫/વશી/૧૦૮૦/૨૦૨૫.—રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા તા.૨૮/૦૫/૨૦૨૫ ના રોજ ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ ની જાહેરાત કરવામાં આવેલ છે જેથી તા.૨૮/૦૫/૨૦૨૫ થી ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી હેઠળનાં વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા (Model Code of Conduct) અમલમાં આવેલ છે. તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ મતદાન તથા તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ મત ગણતરી હાથ ધરાનાર છે. આ ચૂંટણી સંદર્ભમાં રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક, તા.૨૮/૦૫/૨૦૨૫ થી ચૂંટણી આચારસંહિતા અંગે સુચના આપેલ છે. જે અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તમામ સ્તરે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા મતદારો પોતાનો મત મુક્ત અને નિર્ભય રીતે આપી શકે તેમજ આદર્શ આચારસંહિતા જળવાઈ રહે તે માટે કેટલાક નિયંત્રણો આવશ્યક છે.

વાસ્તે હું સચિન કુમાર (IAS), જિલ્લા મેજિસ્ટ્રેટ છોટાઉદેપુર, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબ મને મળેલ રાત્તાની રૂએ છોટાઉદેપુર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી હેઠળના વિસ્તારોમાં વિશ્રામગૃહ, ડાક બંગલા, સરકારી રહેણાંક વિગેરેના વપરાશ કરવા ઉપર નીચે મુજબનો પ્રતિબંધ મુકવામાં આવે છે.

૧. વિશ્રામગૃહ, ડાક બંગલા, અને સરકારી રહેણાંકના ઉપયોગનો સત્તા પક્ષના સભ્યો કે ઉમેદવારો એક હથ્થુ અધિકારો ભોગવશે નહી અને આવા રહેણાંકનો ઉપયોગ બીજા પક્ષના સભ્યો કે ઉમેદવારોને પણ કરવા દેશે. પરંતુ કોઈપણ પક્ષ કે ઉમેદવારો આવા રહેણાંક (તેની સાથે જોડાયેલ આગણું-વરંડા સહિત) નો ઉપયોગ પ્રચાર કચેરી કે અન્ય ચૂંટણી વિષયક હેતુ માટે કરી શકશે નહી. સરકારી વિશ્રામગૃહ, અતિથિગૃહ વિગેરેમાં રાજકીય પક્ષોના સભ્યોની પ્રાસંગિક મીટીંગ પણ યોજી શકશે નહી.

૨. ચૂંટણી પ્રચારમાં આવેલ જે મહાનુભાવોને સરકારી વિશ્રામ ગૃહ-અતિથિગૃહ વિગેરેમાં રહેવા માટે રૂમ ફાળવવામાં આવી હોય તે મહાનુભાવોને લાવતા-લઈ જતાં વાહનને જ સરકારી વિશ્રામ ગૃહ/અતિથિગૃહ વિગેરેના કમ્પાઉન્ડમાં રાખી શકાશે. જો તેઓના માટે એક કરતાં વધારે વાહનોનો ઉપયોગ કરતા હોય તો બે થી વધારે વાહનોને વિશ્રામગૃહ/અતિથિગૃહ વિગેરેના કમ્પાઉન્ડમાં રાખી શકાશે નહી.

૩. એક જ વ્યક્તિને ૪૮ કલાક થી વધુ સમય માટે રૂમ ફાળવી શકાશે નહી તેમજ ચૂંટણી પ્રચાર માટે આવતા કોઈ પણ મહાનુભાવો મતદાન પુરું થવાના ૪૮ કલાક પહેલા વિશ્રામ ગૃહ/અતિથિગૃહમાં રહેવા માટે રૂમનો ઉપયોગ કરી શકશે નહી.

૪. જે રાજકીય પદાધિકારીશ્રીઓને ઝેડ કક્ષાની (Z scale) કે જે તે રાજ્યના કાયદાની જોગવાઈ અનુસાર સમાન કે તેથી વધુ કક્ષાની સુરક્ષા વ્યવસ્થા આપવામાં આવેલ હોય તેમને રાજ્ય સરકાર હસ્તકના સરકારી વિશ્રામગૃહ/અતિથિગૃહ, કેન્દ્ર સરકાર અગર રાજ્ય સરકારના જાહેર સાહસોના વિશ્રામગૃહ/અતિથિગૃહમાં રહેવા માટે રૂમ ફાળવી શકાશે પરંતુ ચૂંટણી કામગીરી સંભાળતા અધિકારી અગર નિરીક્ષકોને અગાઉથી આ રૂમ ફાળવવામાં આવેલ ન હોય તે શરતે જ આ પ્રકારે રહેવા માટે રૂમો ફાળવી શકાશે.

// સમયગાળો //

આ આદેશ તા.૨૯/૦૫/૨૦૨૫ થી તા.૨૬/૦૬/૨૦૨૫ (બંને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

// વિસ્તાર //

જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુરની હકુમતનો સમગ્ર વિસ્તાર

// સજા //

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ ઈન્સ્પેક્ટર તથા પોલીસ સબ ઈન્સ્પેક્ટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓ તથા મારા તાબાના એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓ આ જાહેરનામાનો ભંગ કરનાર ઈરામો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો અમલ કરાવવા માટે હુકમનો ભંગ કરનાર વ્યક્તિઓને ચોક્કસ પ્રકારના કાર્યો નહી કરવા માટે સક્ષમ અધિકારીશ્રી દ્વારા ક્ષેત્રીય કામગીરી દરમિયાન પોતાને મળેલ સત્તાની રૂએ જરૂરી આદેશ કરવામાં આવતા હોય છે. જેથી ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબની ફરીયાદ લેતી વખતે મારા હુકમનો ભંગ થયેલ છે તેનો ઉલ્લેખ કરવો અને સાથોસાથ અધિકૃત અમલદારે પોતાની ફરિયાદમાં ખાસ ઉલ્લેખ કરવો કે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ જાહેર થયેલા પ્રતિબંધાત્મક કાર્યો થતા અટકાવવા માટે પોતે પણ હુકમ કરેલો હતો અને આ હુકમનો ભંગ કરવા બદલ ઉક્ત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

આજ તા.૨૯/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

// જાહેરનામું //

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું.

નં.એમએજી/ગ્રામ પં. ચૂં. -૨૦૨૫/વશી/૧૦૮૧/૨૦૨૫.–રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા તા.૨૮/૦૫/૨૦૨૫ ના રોજ ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ ની જાહેરાત કરવામાં આવેલ છે જેથી તા.૨૮/૦૫/૨૦૨૫ થી ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી હેઠળનાં વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા (Model Code of Conduct) અમલમાં આવેલ છે. તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ મતદાન તથા તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ મત ગણતરી હાથ ધરાનાર છે. આ ચૂંટણી સંદર્ભમાં રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક, તા.૨૮/૦૫/૨૦૨૫ થી ચૂંટણી આચારસંહિતા અંગે સુચના આપેલ છે. જે અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ગ્રામ પંચાયતોની ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તમામ સ્તરે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા મતદારો પોતાનો મત મુક્ત અને નિર્ભય રીતે આપી શકે તેમજ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા માટે જરૂરી શાંતિમય વાતાવરણમાં વિક્ષેપો ઉભા થાય નહી તે માટે ચૂંટણી પ્રક્રિયા દરમિયાન ખાનગી મિલ્કત ઉપર ભીંતચિત્રો, ભીંતસૂત્રો તથા મિલકતો ઉપર કટ આઉટ, હોર્ડીંગ, બેનર્સ, પોસ્ટર્સ વગેરે મુકવા ઉપર નિયંત્રણ મુકેલ છે.

વાસ્તે હું સચિન કુમાર (IAS), જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરું છું કે,

(૧) છોટાઉદેપુર જિલ્લામાં ગ્રામ પંચાયતોની ચૂંટણી હેઠળના વિસ્તારોમાં ચૂંટણી પ્રચારને લગતા કટઆઉટ, હોર્ડીંગ, બેનર્સ, પોસ્ટર્સ વિગેરે કોઈપણ ખાનગી મિલકત ઉપર મુકવા તથા ખાનગી માલિકીની દિવાલો ઉપર ભીંતસુત્રો તથા ભીંતચિત્રો મુકી કે લખી શકાશે નહી.

(૨) સરળતાથી દુર થઈ શકે તેવી ચૂંટણી પ્રચાર તથા જાહેરાતની સામગ્રી જેવા કે ધ્વજ, બેનર્સ વિગેરે ખાનગી માલિકની સ્વૈચ્છિક મંજુરી મેળવી નીચેની શરતોને આધિન મુકી શકાશે.

૧. ધ્વજ, બેનર વગેરે લગાવવા માટે ખાનગી માલિકની પૂર્વ પરવાનગી મેળવવાની રહેશે. આવા પ્રકારની મંજુરી વિનામૂલ્યે કોઈપણ જાતના દબાણ, ભય વિના મેળવેલ હોવી જોઈએ.

૨. આવા પ્રકારના ધ્વજ કે બેનર વગેરે અન્યને અડચણરૂપ કે જાહેર વ્યવસ્થાને નુકશાનરૂપ ન હોવા જોઈએ.

૩. આ અંગે સંબંધિત ચૂંટણી અધિકારીને નિયત નમૂનામાં જાણ કરવાની રહેશે.

(૩) કોઈપણ ખાનગી મિલકતને કાયમી/હંગામી નુકશાન કરે તેમજ સરળતાથી કાઢી શકાય તેમ ન હોય તેવા ચૂંટણીલક્ષી લખાણ પોસ્ટર્સ, ભીંતચિત્રો વગેરે (મિલકતના માલિકની સમંતિ હશે તો પણ) મુકી શકાશે નહી.

(૪) રાજકીય પક્ષો, ઉમેદવારો, તેમના એજન્ટ, કાર્યકર્તાઓ તથા સમર્થકો તેઓની પોતાની મિકલત પર સ્વેચ્છાએ બેનર્સ, નાના વાવટ, ધ્વજ, ચોપાનીયા લગાવી શકશે પરંતુ જો જાહેરાતના પાટિયા, ધ્વજ વગેરેનું આવા નિદર્શનમાં કોઈપણ ચોક્કસ ઉમેદવાર માટે મત મેળવવાનો ઉદેશ હોય તો ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૭૬ ની જોગવાઈ અનુસરવાની રહેશે.

// **સમયગાળો** //

આ આદેશ તા.૨૯/૦૫/૨૦૨૫ થી તા.૨૬/૦૬/૨૦૨૫ (બંને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

// **વિસ્તાર** //

જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુરની હકુમતનો સમગ્ર વિસ્તાર

// **સજા** //

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ ઈન્સ્પેકટર તથા પોલીસ સબ ઈન્સ્પેક્ટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓ તથા મારા તાબાના એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓ આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો અમલ કરાવવા માટે હુકમનો ભંગ કરનાર વ્યક્તિઓને ચોક્કસ પ્રકારના કાર્યો નહી કરવા માટે સક્ષમ અધિકારીશ્રી દ્વારા ક્ષેત્રીય કામગીરી દરમિયાન પોતાને મળેલ સત્તાની રૂએ જરૂરી આદેશ કરવામાં આવતા હોય છે. જેથી ભારતીય ન્યાય સંહિતા- ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબની ફરીયાદ લેતી વખતે મારા હુકમનો ભંગ થયેલ છે તેનો ઉલ્લેખ કરવો અને સાથોસાથ અધિકૃત અમલદારે પોતાની ફરિયાદમાં ખાસ ઉલ્લેખ કરવો કે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા -૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ જાહેર થયેલા પ્રતિબંધાત્મક કાર્યો થતા અટકાવવા માટે પોતે પણ હુકમ કરેલો હતો અને આ હુકમનો ભંગ કરવા બદલ ઉક્ત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

આજ તા.૨૯/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

// **જાહેરનામું** //

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું.

નં.એમએજી/ગ્રામ પં. ચૂં. -૨૦૨૫/વશી/૧૦૮૨/૨૦૨૫.–રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા તા.૨૮/૦૫/૨૦૨૫ ના રોજ ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ ની જાહેરાત કરવામાં આવેલ છે. જેથી તા.૨૮/૦૫/૨૦૨૫ થી ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી હેઠળનાં વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા (Model Code of Conduct) અમલમાં આવેલ છે. તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ મતદાન તથા તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ મત ગણતરી હાથ ધરાનાર છે. આ ચૂંટણી સંદર્ભમાં રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક, તા.૨૮/૦૫/૨૦૨૫ થી ચૂંટણી આચારસંહિતા અંગે સુચના આપેલ છે. જે અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તમામ સ્તરે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સુનિશ્ચિત કરવા જાહેર શાંતિ અને સલામતી જળવાય રહે તે માટે તેમજ ચૂંટણી મુક્ત, ન્યાયી અને પવિત્ર રીતે થાય તથા આદર્શ આચારસંહિતાનું પાલન થાય તે માટે ચૂંટણી પ્રક્રિયા દરમિયાન ચૂંટણીલક્ષી જોગવાઈઓ તથા આદર્શ આચારસંહિતાના અમલીકરણમાં અવરોધ થાય તેવા પ્રકારના વાંધાજનક SMS કે BULK SMS, MMS વહેતા થતાં અટકાવવા માટે કેટલાક નિયંત્રણો મુકવા આવશ્યક છે.

વાસ્તે હું સચિન કુમાર (IAS), જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છુ કે,

(૧) રાજ્ય ચૂંટણી પંચ દ્વારા બહાર પાડવામાં આવેલ આદર્શ આચારસંહિતા ચૂંટણી ખર્ચ નિયંત્રણ સબંધી જોગવાઈઓ તેમજ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીને લગતી કોઈપણ જોગવાઈઓનો ભંગ થાય તેવા પ્રકારના વાંધાજનક SMS કે BULK SMS, MMS કોઈ પણ ઉમેદવાર/વ્યક્તિ/રાજકીય પક્ષ કે સંસ્થાએ પ્રસારિત કરવા નહિ કે વહેતા મુકવા નહી.

(૨) ચૂંટણી દુષિત થાય તેવા રાજકીય પ્રકારના કોઈપણ પ્રકારના SMS કે BULK SMS, MMS ચૂંટણી અમલીકરણ એટલે કે તા.૨૯/૦૫/૨૦૨૫ થી મતદાન પૂર્ણ થતાં સુધી કોઈપણ આચારસંહિતા સોશિયલ મિડીયા જેવા કે ફેસબૂક, વોટસએપ, ટ્વિટર/એક્સ, ટેલીગ્રામ, ઈન્સ્ટાગ્રામ વગેરે જેવા તેમજ બીજા સોશિયલ અન્ય માધ્ય ધ્યમ દ્વારા વહેતા મુકવા નહી.

// **સમયગાળો** //

આ આદેશ તા.૨૯/૦૫/૨૦૨૫ થી તા.૨૬/૦૬/૨૦૨૫ (બંને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

// **વિસ્તાર** //

જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુરની હકુમતનો સમગ્ર વિસ્તાર

// **સજા** //

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ ઈન્સ્પેકટર તથા પોલીસ સબ ઈન્સ્પેક્ટર સુધીનો હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓ તથા મારા તાબાના એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓ આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો અમલ કરાવવા માટે હુકમનો ભંગ કરનાર વ્યક્તિઓને ચોક્કસ પ્રકારના કાર્યો નહી કરવા માટે સક્ષમ અધિકારીશ્રી દ્વારા ક્ષેત્રીય કામગીરી દરમિયાન પોતાને મળેલ સત્તાની રૂએ જરૂરી આદેશ કરવામાં આવતા હોય છે. જેથી ભારતીય ન્યાય સંહિતા- ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબની ફરીયાદ લેતી વખતે મારા હુકમનો ભંગ થયેલ છે તેનો ઉલ્લેખ કરવો અને સાથોસાથ અધિકૃત અમલદારે પોતાની ફરિયાદમાં ખાસ ઉલ્લેખ કરવો કે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા -૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ જાહેર થયેલા પ્રતિબંધાત્મક કાર્યો થતા અટકાવવા માટે પોતે પણ હુકમ કરેલો હતો અને આ હુકમનો ભંગ કરવા બદલ ઉક્ત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

આજ તા.૨૯/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

// **જાહેરનામું** //

ગુજરાત પોલીસ અધિનિયમ -૧૯૫૧ ની કલમ-૩૭ (૩) અન્વયે બહાર પાડેલ જાહેરનામું

નં.એમએજી/ગ્રામ પં. ચૂં.-૨૦૨૫/વશી/૧૦૭૯/૨૦૨૫.–રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા તા.૨૮/૦૫/૨૦૨૫ ના રોજ ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ ની જાહેરાત કરવામાં આવેલ છે જેથી તા.૨૮/૦૫/૨૦૨૫ થી ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી હેઠળનાં વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા (Model Code of Conduct) અમલમાં આવેલ છે. તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ મતદાન તથા તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ મત ગણતરી હાથ ધરાનાર છે. આ ચૂંટણી સંદર્ભમાં રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક, તા.૨૮/૦૫/૨૦૨૫ થી ચૂંટણી આચારસંહિતા અંગે સુચના આપેલ છે. જે અન્વયે છોટાઉદેપુર જિલ્લાનાં ગ્રામ પંચાયતોની ચૂંટણી હેઠળનાં વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા મતદારો પોતાનો મત મુક્ત અને નિર્ભય રીતે આપી શકે તેમજ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા માટે જરૂરી શાંતિમય વાતાવરણમાં વિક્ષેપો ઉભા થાય નહી અને જાહેર સુલેહ શાંતિનો ભંગ થતો અટકાવવા, ચૂંટણી પ્રક્રિયા દરમિયાન કોઈ અનિચ્છનિય બનાવ ન બને તથા આદર્શ આચારસંહિતા જળવાઈ રહે તે માટે કેટ કેટલાક નિયંત્રણો આવશ્યક છે.

આથી હું સચિન ચન કુમાર (IAS), જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવુ છું.

// **પ્રતિબંધિત કૃત્યો** //

સક્ષમ અધિકારીની પરવાનગી વિના ગ્રામ પંચાયતોની ચૂંટણી હેઠળનાં વિસ્તારોમાં સભા ભરવી નહી કે બોલાવવી નહીં તથા રેલી કાઢવી નહી.

(૧) ચૂંટણી સબંધી સભા, સરઘસ કે રેલી અંગેની પરવાનગી તાલુકા એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓ તેઓના તાલુકા વિસ્તાર માટે સ્થાનિક પરિસ્થિતિ તથા પોલીસ ખાતાનો અભિપ્રાય મેળવી સભા, સરઘસ, રેલી સભા વગેરેની પરવાની આપવાની રહેશે.

(૨) ગ્રામ પંચાયતોની ચૂંટણી હેઠળનાં વિસ્તારોમાં રાજકીય પક્ષો/ઉમેદવારો સક્ષમ અધિકારીની પરવાનગી મેળવીને જે સ્થળે ચૂંટણી પ્રચાર માટેની સભા રાખે તે સ્થળની અંદર જે સમય દરમિયાનસભા યોજવામાં આવે તેટલા સમયગાળા દરમિયાન જ બેનર્સ, હોર્ડીંગ્સ, કટ-આઉટ, પોસ્ટર્સ વિગેરે પ્રદર્શિત કરી શકશે. સંબંધિત રાજકીય પક્ષે/ઉમેદવારે સભા પુરી થયા પછી તુર્તજ સભાના સ્થળે, પ્રદર્શિત કરવામાં આવેલા બેનર્સ, હોર્ડીંગ્સ, કટ-આઉટ, પોસ્ટર્સ વિગેરે દુર કરવાના રહેશે. આયોજકોએ સ્થાનિક પોલીસ તંત્રને પણ અગાઉથી કાર્યક્રમની જાણ કરવાની રહેશે. જેથી પોલીસતંત્ર જરૂરી વ્યવસ્થા કરી શકે. સરઘસનાં સમયે ટ્રાફિકમાં કોઈ અવરોધ ઉભો ન થાય તેની ખાસ તકેદારી રાખવાની રહેશે.

(૩) ગ્રામ પંચાયતોની ચૂંટણી હેઠળનાં વિસ્તારોમાં સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવીને ચૂંટણી પ્રચાર માટે કાઢવામાં આવતા સરઘસ કે રેલીમાં પક્ષ/ઉમેદવારે આપેલ ખાસ સાધનો જેવા કે ટોપી, મહોરો, સ્કાર્ફ, વગેરેનો પરવાનગી સિવાય ઉપયોગ કરી શકશે નહી.

આ આદેશમાંથી નીચે મુજબની મુક્તિ આપવામાં આવે છે.

(૧) સરકારી નોકરીમાં અથવા રોજી પર હોય તે વ્યક્તિને

(૨) કોઈ લગ્નના વરઘોડાને

(૩) ફરજ પર હોય તેવી ગ્રામ રક્ષકદળની વ્યક્તિઓને

(૪) કોઈ પણ સ્મશાનયાત્રાને

(૫) કોઈ પણ સરકારી કાર્યક્રમને

// **સમયગાળો** //

આ આદેશ તા.૨૯/૦૫/૨૦૨૫ થી તા.૧૨/૦૬/૨૦૨૫ (બંને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

// **વિસ્તાર** //

જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુરની હકુમતનો સમગ્ર વિસ્તાર

// **સજા** //

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૧૩૫ મુજબ તથા દંડને પાત્ર થશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ ઈન્સ્પેકટર તથા પોલીસ સબ ઈન્સ્પેક્ટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓ તથા મારા તાબાના એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓ આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૧૩૫ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો અમલ કરાવવા માટે હુકમનો ભંગ કરનાર વ્યક્તિઓને ચોક્કસ પ્રકારના કાર્યો નહી કરવા માટે સક્ષમ અધિકારીશ્રી દ્વારા ક્ષેત્રીય કામગીરી દરમિયાન પોતાને મળેલ સત્તાની રૂએ જરૂરી આદેશ કરવામાં આવતા હોય છે. જેથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫(૧) મુજબની ફરીયાદ લેતી વખતે મારા હુકમનો ભંગ થયેલ છે તેનો ઉલ્લેખ કરવો અને સાથોસાથ અધિકૃત અમલદારે પોતાની ફરિયાદમાં ખાસ ઉલ્લેખ કરવો કે પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭ (૩) હેઠળ જાહેર થયેલા પ્રતિબંધાત્મક કાર્યો થતા અટકાવવા માટે પોતે પણ હુકમ કરેલો હતો અને આ હુકમનો ભંગ કરવા બદલ ઉક્ત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

આજ તા.૨૯/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

// **જાહેરનામું** //

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૩૩ (૧) આર(૩) અન્વયે કાઢેલ

નં. એમએજી/ગ્રામ પં. ચૂં.-૨૦૨૫/વશી/૧૦૭૭/૨૦૨૫.—રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા તા.૨૮/૦૫/૨૦૨૫ ના રોજ ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ ની જાહેરાત કરવામાં આવેલ છે જેથી તા.૨૮/૦૫/૨૦૨૫ થી ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી હેઠળનાં વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા (Model Code of Conduct) અમલમાં આવેલ છે. તા.૨૨/૦૬/૨૦૨૫ ૨૦૨૫ ના રોજ મતદાન તથા તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ મત ગણતરી હાથ ધરાનાર છે. આ ચૂંટણી સંદર્ભમાં રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક:ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક, તા.૨૮/૦૫/૨૦૨૫ થી ચૂંટણી આચારસંહિતા અંગે સુચના આપેલ છે. જે અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તમામ સ્તરે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે આપેલ સૂચનાઓ મુજબ સમય રાત્રીના ૧૦ : ૦૦ વાગ્યા થી સવારના ૬ : ૦૦ વાગ્યા સુધી લાઉડસ્પીકરનો ઉપયોગ કરવાની પરવાનગી આપવા ઉપર નિયંત્રણ રાખવા જણાવેલ છે.

ચૂંટણી પ્રક્રિયા દરમિયાન રાજકીય પક્ષો ઉમેદવારો અને તેના કાર્યકર્તાઓ, સમર્થકો, ચૂંટણી પ્રચાર ઝુંબેશ માટે લાઉડસ્પીકરનો ઉપયોગ મોટા પાયે કરે છે. પ્રચાર માટે ખુબ ઉચા અવાજે લાઉડરપીકરોના ઉપયોગના કારણે ખુબ જ ધ્વની પ્રદુષણ પેદા થાય છે. અને આમ જનતાની શાંતિમાં ખલેલ પહોંચે છે, જેથી સમગ્ર ચૂંટણી પ્રક્રિયા દરમિયાન બેફામ અને મનસ્વી રીતે લાઉડસ્પીકર વગાડવા ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી છે.

જેથી હું, સચિન કુમાર (IAS), જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) આર (૩) થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરું છું કે,

(૧) કોઈપણ પ્રકારના લાઉડસ્પીકરનો ઉપયોગ સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવીને સવારના ૬ : ૦૦ કલાક થી રાતના ૧૦ : ૦૦ કલાક સુધી થઈ શકશે.

(૨) ચૂંટણી પ્રચાર માટે જાહેર મંચ ઉપર અથવા મોટર વ્હીકલ એકટ હેઠળના સક્ષમ અધિકારીશ્રીની નિયમોનુસારની પરવાનગી મેળવ્યા સિવાય કોઈપણ પ્રકારના વાહન પર ચૂંટણી પ્રચાર અર્થે કોઈપણ પ્રકારના લાઉડસ્પીકર મુકી શકાશે નહી અને આવી પરવાનગી મેળવેલ વાહનો દ્વારા લાઉડસ્પીકરના ઉપયોગ માટે સંબંધિત ચૂંટણી અધિકારીશ્રી પાસેથી નિયત નમુનામાં અરજી કરીને વાહન પરમીટ પ્રથમ લેવાની રહેશે તથા વાહન પરમીટનાં હુકમમાં જણાવેલ તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૩) કોઈપણ પ્રકારના લાઉડસ્પીકરના ઉપયોગ માટે પરવાનગી/પરમીટ મેળવ્યા પછી તેનો ઉપયોગ કરનારે તે વિસ્તારના પોલીસ મથકને અને સંબંધિત મતદાર વિભાગના ચૂંટણી અધિકારીશ્રીને તથા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીને ઉપયોગ કરતા પહેલા લેખિતમાં જાણ કરવાની રહેશે.

(૪) લેખિત પરવાનગી વગર કોઈપણ પ્રકારના લાઉડસ્પીકરનો ઉપયોગ કરવામાં આવશે તો ઉપયોગમાં લેવાયેલ લાઉડસ્પીકર અને લાઉડસ્પીકર મુકવા માટે ઉપયોગમાં લેવાયેલ તમામ સાધન ઉપકરણો જપ્ત કરવામાં આવશે.

(૫) કોઈપણ મતદાન વિસ્તારમાં મતદાન સમાપ્ત કરવા માટે નિયત કરવામાં આવેલા સમયના ૪૮ કલાક પહેલાંના સમયગાળા દરમિયાન કોઈપણ પ્રકારના લાઉડસ્પીકરનો ઉપયોગ કરવાનો રહેશે નહી.

// **સમયગાળો** //

આ આદેશ તા.૨૯/૦૫/૨૦૨૫ થી તા.૨૬/૦૬/૨૦૨૫ (બંને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

// **વિસ્તાર** //

જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુરની હકુમતનો સમગ્ર વિસ્તાર

// **સજા** //

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૧૩૧ મુજબ તથા દંડને પાત્ર થશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ ઈન્સ્પેકટર તથા પોલીસ સબ ઈન્સ્પેક્ટર સુધીનો હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓ તથા મારા તાબાના એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓ આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૧૩૧ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો અમલ કરાવવા માટે હુકમનો ભંગ કરનાર વ્યક્તિઓને ચોક્કસ પ્રકારના કાર્યો નહી કરવા માટે સક્ષમ અધિકારીશ્રી દ્વારા ક્ષેત્રીય કામગીરી દરમિયાન પોતાને મળેલ સત્તાની રૂએ જરૂરી આદેશ કરવામાં આવતા હોય છે. જેથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબની ફરીયાદ લેતી વખતે મારા હુકમનો ભંગ થયેલ છે તેનો ઉલ્લેખ કરવો અને સાથોસાથ અધિકૃત અમલદારે પોતાની ફરિયાદમાં ખાસ ઉલ્લેખ કરવો કે પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩ (૧) આર હેઠળ જાહેર થયેલા પ્રતિબંધાત્મક કાર્યો થતા અટકાવવા માટે પોતે પણ હુકમ કરેલો હતો અને આ હુકમનો ભંગ કરવા બદલ ઉક્ત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

આજ તા.૨૯/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

સચિન કુમાર (IAS)
જિલ્લા મેજિસ્ટ્રેટ
છોટાઉદેપુર

// **જાહેરનામું** //

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે બહાર પાડેલ.

નં.એમએજી/વશી/૯૩૪/૨૦૨૫.–સેક્શન અધિકારીશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક : HD/MSM/e-file/8/2025/2718/SB1, તા.૦૫/૦૫/૨૦૨૫ થી તાજેતરમાં રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમા આવેલ જુદા જુદા જળાશયો (નદી, તળાવ, નહેર, દરીયા) માં નહાવા પડેલ વ્યક્તિઓના ડુબી જવાથી મરણ થવાની ઘટનાઓ ધ્યાને આવેલ છે. આ બાબત અતિ ગંભીર છે .

આથી અત્રેના છોટાઉદેપુર જિલ્લાના ક્ષેત્રાધિકારમાં આવેલ જળાશયો સંદર્ભે જ્યાં જ્યાં આવી ઘટનાઓ બનવાની શક્યતા હોય તેવા ભયજનક સ્થળોએ કોઈપણ વ્યક્તિઓ/પ્રવાસીઓ જળાશયોમાં ન પ્રવેશે તે માટે જરૂરી પ્રતિબંધાત્મક હુકમો બહાર પાડવા તથા ઉક્ત હુકમોનો ચુસ્ત પણે અમલ થાય તે માટે સંબધિત પોલીસ ઓથોરીટીને જરૂરી સુચના આપવા અંગે સત્વરે જરૂરી કાર્યવાહી કરવા જણાવેલ છે.

રાજ્યમાં હાલમાં વર્ષાઋતુની શરૂઆત થયેલ છે. આગામી સમયમાં ભારે વરસાદના કારણે જિલ્લામાં આવેલ કોતરો, તળાવ, સરોવર, નહેર, ચેકડેમ અને નદી-નાળામાં ઘણા મોટા પ્રમાણમાં વરસાદી પાણી આવવાની શક્યતા રહેલ છે. ચોમાસાની ઋતુમાં નદી-નાળામાં પુર આવતા મોટા પ્રમાણમાં લોકો નદી-નાળાં, કોઝ-વે, નહેર, તળાવ તથા પિકનીક સ્પોટ પર લોકો મોટી સંખ્યામાં એકત્રિત થઈ સેલ્ફી લેવી વગેરે પ્રવૃતિ કરતા હોય છે તથા નદીના પાણીમાં ન્હાવા કે તરવા ઉતરતા હોય છે જેના કારણે અકસ્માત બનાવ બનવાની પુરેપુરી સંભાવના રહેલ છે.

વધુમાં, ચોમાસાની ઋતુમાં ભારે વરસાદના સમયે કોઝ-વે, નદી, નાળા વગેરે ક્રોસ કરતા લોકોના તણાઈ જવાની ઘટનાઓ બનવા પામેલ છે. ઉક્ત તમામ બાબતો ધ્યાને લઈ જિલ્લામાં ચોમાસાની ઋતુમાં ભારે વરસાદના સમયે કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય

વાસ્તે, હું ગાર્ગી જૈન, જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ ૧૬૩ તથા ધી ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ ૨૦૦૫ ની જોગવાઈઓ હેઠળ મને મળેલ સત્તાની રૂએ નીચે પ્રમાણેના કૃત્યો પર પ્રતિબંધ ફરમાઉ છું,

૧. ચોમાસાની ઋતુ દરમિયાન વરસાદ શરૂ હોય તે સમયગાળા દરમિયાન નદી-નાળાં, કોતરો, તળાવ, સરોવર, કોઝ-વે, નહેર અને ચેકડેમ ઉપરથી પસાર ન થવું.

૨. ચોમાસાની ઋતુ દરમિયાન વરસાદ શરૂ હોય તે સમયગાળા દરમિયાન નદી-નાળાં, કોઝ-વે, નહેર, તળાવ તથા પિકનીક સ્પોટ પર મોબાઈલ ફોન/કેમેરાથી સેલ્ફી લેવાનું ટાળવું.

૩. ચોમાસાની ઋતુ દરમિયાન નદી-નાળાં, તળાવ, સરોવર, નહેર અને ચેકડેમમાં ન્હાવા તથા તરવા પડવાનું ટાળવું.

૪. ચોમાસાની ઋતુ દરમિયાન વરસાદ શરૂ હોય તે સમયગાળા દરમિયાન પશુધન સાથે નદી-નાળાં, કોતરો, તળાવ, સરોવર, કોઝ-વે, નહેર અને ચેકડેમ ઉપરથી પસાર થવાનું ટાળીએ તથા પશુધન નીચાણવાળા વિસ્તારમાં ચરાવવા નહી.

૫. કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ તથા પંચાયત) તથા સિંચાઈ દ્વારા સરોવર - તળાવ, નદી-નાળા, પુલ, કોઝ-વે ઉપર ભયજનક સુચના દર્શાવતા બોર્ડ પ્રદર્શિત કરવાના રહેશે જ્યાં પાણીની સપાટી ભયજનકની નિશાનથી વધુ પાણી હોય ત્યાં લોકો પસાર ન થાય તે માટે સ્થાનિક તંત્રને એલર્ટ કરી પોલીસ બંદોબસ્ત ગોઠવવો.

૬. ભારે વરસાદના સમય દરમિયાન નદી-નાળાં, તળાવ, સરોવર, નહેર અને ચેકડેમ તથા પિકનીક સ્પોટ જેવા સ્થળોએ પોલીસ વિભાગ દ્વારા અવાર-નવાર પેટ્રોલિંગ કરવાનું રહેશે.

૭. ભારે વરસાદના સમયે તમામ તલાટીશ્રીઓએ ગામે (હેડકવાર્ટરમાં) ફરજીયાત હાજર રહી તાલુકા ડિઝાસ્ટર કંટ્રોલરૂમના સંપર્કમાં રહેવું.

૮. ચોમાસાની ઋતુ દરમ્યાન ભારે વરસાદના કારણે કોઈ નદી, પુલ, કોઝ-વે તેની ભયજનક સપાટીથી ઉપર હોય તો સ્થાનિક સરપંચ - તલાટીશ્રીઓએ જિલ્લા અથવા તાલુકા ડિઝાસ્ટર કંટ્રોલરૂમને તાત્કાલિક સૂચિત કરવાનું રહેશે.

૯. ચોમાસાની ઋતુ દરમિયાન ભારે વરસાદના સમયે નદી, પુલ, કોઝ-વે તેની ભયજનક સપાટીથી ઉપર હોય ત્યારે લોકો તેના ઉપરથી પસાર ન થાય તે મામલતદારશ્રીઓએ, તાલુકા વિકાસ અધિકારીશ્રીઓએ તથા સ્થાનિક સરપંચ - તલાટીશ્રીઓએ એલર્ટ કરી જરૂરી તકેદારીના પગલાં લેવા તથા કોઈ અકસ્માત ન બને તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

// અમલવારીનો સમય //

સદરહુ જાહેરનામું તા.૦૪/૦૬/૨૦૨૫ થી તા.૦૩/૦૮/૨૦૨૫ સુધી (બંને દિવસો સહિત} અમલમાં રહેશે.

// અમલવારીનો વિસ્તાર //

છોટાઉદેપુર જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીના હકુમત હેઠળ આવેલ કોતરો, તળાવ, સરોવર, નહેર, ડેમ-ચેકડેમ અને નદી-નાળા, કોઝ-વે, પિકનીક સ્પોટનો સમગ્ર વિસ્તાર

// સજા //

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ- ૨૨૩ તથા ધી ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ ૨૦૦૫ ની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ ઈન્સપેક્ટર તથા પોલીસ સબ ઈન્સપેક્ટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓ તથા મારા તાબાના એકઝીક્યુટીવ મેજિરાટ્રેટશ્રીઓ આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ- ૨૨૩ તથા ધી ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ ૨૦૦૫ ની કલમ ૫૫, ૫૬ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૧/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

ગાર્ગી જૈન IAS,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
છોટાઉદેપુર.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

::ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું::

ક્રમાંક:ફજદ/જાહેરનામું/વશી-૨૪૫૧ થી ૨૪૮૧/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ-આહવાના પત્ર નં. એલઆઈબી/ફટાકડા-ડ્રોન ઉ.પ્રતિ. જાહે./૧૨૧૨/૨૦૨૫, તા.૦૫/૦૬/૨૦૨૫ મુજબ હાલની પરિસ્થિતિને ધ્યાને લઈ જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ સુલેહ શાંતિનો ભંગ ન થાય તે માટે સમગ્ર ડાંગ જિલ્લામાં મોટા અવાજવાળા ફટાકડા ફોડવા તથા ડ્રોન ઉડાડવા ઉપર પ્રતિબંધ ફરમાવવા માટે દરખાસ્ત થઈ આવેલ છે.

વાસ્તે હું, વિ.કે.જોષી (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ સમગ્ર ડાંગ જિલ્લાના વિસ્તારમાં મોટા અવાજવાળા ફટાકડા ફોડવા અને ડ્રોન ઉડાડવા પર પ્રતિબંધ ફરમાવું છું.

:: પ્રતિબંધિત સમય ::

આ હુકમ તા.૧૨/૦૬/૨૦૨૫ થી તા.૨૬/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

:: વિસ્તાર::

સમગ્ર ડાંગ જિલ્લો

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા માટે ડાંગ જિલ્લામાં ફરજ બજાવતા નાયબ પોલીસ અધિક્ષકશ્રી થી હેડ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે. ઉપરોકત મુજબનુ કૃત્ય કરનારા ઈસમો સામે ઉપર મુજબનો કોઈ પણ સામાન પોલીસ તપાસ અર્થે કબજે લઈ શકશે.

આજ તા.૧૨/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કા હેઠળ હુકમ કર્યો.

જાહેરનામું

::ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું::

ક્રમાંક:ફજદ/બોર્ડ પરીક્ષા/જાહેરનામું/વશી-૨૫૦૪ થી ૨૫૭૪/૨૦૨૫.-જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, આહવા-ડાંગના પત્ર ક્રમાંક:મ.શિ.નિ./બોર્ડ/જાહેરનામું/ પૂ.પ./૨૦૨૫/૨૪૨૫, તા.૧૦/૦૬/૨૦૨૫ થી રજુ થયેલ દરખાસ્તની વિગતે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા જુન-જુલાઈ-૨૦૨૫માં લેવાનાર ધોરણ-૧૦ SSC(એસ.એસ.સી) ધોરણ-૧૨ HSC(એચ.એસ.સી) સા.પ્ર અને વિજ્ઞાન પ્રવાહના રીપીટર ઉમેદવારોની પરીક્ષાઓ તા.૨૩/૦૬/૨૦૨૫ થી તા.૦૧/૦૭/૨૦૨૫ દરમ્યાન યોજાનાર છે. જેથી વિદ્યાર્થીઓ આ પરીક્ષા નિર્ભયપણે અને મુક્ત વાતાવરણમાં આપી શકે તે માટે કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે હેતુસર નીચે મુજબનો હુકમ કરવો જરૂરી જણાય છે.

વાસ્તે હું, વિ.કે.જોષી (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ પરીક્ષા કેન્દ્રો પર નિયત પરીક્ષા કાર્યક્રમ દરમિયાન પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટર ત્રિજ્યામાં નીચે મુજબના કૃત્યો કરવા પર પ્રતિબંધ. છું.

::પ્રતિબંધિત કૃત્યો::

(૧) પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ચાર કે તેથી વધુ વ્યક્તિઓએ ભેગા થવા, સભા ભરવા કે સરઘસ કાઢવા પર પ્રતિબંધ.

(૨) પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરની ત્રિજ્યામાં તમામ ઝેરોક્ષ સેન્ટરો ચાલુ રાખવા પર પ્રતિબંધ.

(૩) પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરની ત્રિજ્યામાં પરીક્ષા દરમ્યાન લાઉડસ્પીકર વગાડવા પર પ્રતિબંધ.

(૪) પરીક્ષા કેન્દ્રના બિલ્ડીંગમાં કોઈ પણ પરીક્ષાર્થી તેમજ પરીક્ષા સાથે સંકળાયેલ કોઈ પણ કર્મચારીઓ કે ફરજ ઉપરના સ્ટાફ કે અધિકૃત વ્યક્તિ સિવાય કોઈએ અનઅધિકૃત પ્રવેશ કરવો નહિ.

::પ્રતિબંધિત વિસ્તાર:: (પરિક્ષા કેન્દ્રો)

અ.નં.	પરીક્ષા સ્થળ	પરિક્ષા કેન્દ્રો	તારીખ	સમય
૧	આહવા	દિપદર્શન મા. શાળા આહવા, HSC SSC	તા.૨૩/૦૬/૨૦૨૫, તા.૨૪/૦૬/૨૦૨૫, તા.૨૫/૦૬/૨૦૨૫, તા.૨૬/૦૬/૨૦૨૫, તા.૨૮/૦૬/૨૦૨૫, તા.૩૦/૦૬/૨૦૨૫, તા.૦૧/૦૭/૨૦૨૫	સવારે- ૧૦:૩૦ થી ૦૧:૧૫
૨		એકલવ્ય મો.રે. સ્કૂલ આહવા HSC SSC સામાન્ય પ્રવાહ	તા.૨૩/૦૬/૨૦૨૫, તા.૨૪/૦૬/૨૦૨૫, તા.૨૫/૦૬/૨૦૨૫, તા.૨૬/૦૬/૨૦૨૫, તા.૨૮/૦૬/૨૦૨૫, તા.૩૦/૦૬/૨૦૨૫, તા.૦૧/૦૭/૨૦૨૫	સવારે- ૧૦:૩૦ થી ૦૧:૪૫ બપોરે- ૦૩:૦૦ થી ૦૬:૧૫
૩		સરકારી માધ્યમિક અને ઉ.મા. શાળા આહવા HSC SSC વિજ્ઞાન પ્રવાહ	તા.૨૩/૦૬/૨૦૨૫, તા.૨૪/૦૬/૨૦૨૫, તા.૨૫/૦૬/૨૦૨૫, તા.૨૬/૦૬/૨૦૨૫, તા.૨૮/૦૬/૨૦૨૫, તા.૩૦/૦૬/૨૦૨૫, તા.૦૧/૦૭/૨૦૨૫	બપોરે- ૦૩:૦૦ થી ૦૬:૩૦

::અપવાદ::

આ હુકમ નીચેના વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(૧) વધુમાં ઉપર જણાવેલ પ્રતિબંધો આવશ્યક સેવા તથા પરીક્ષામાં ફરજની કામગીરીમાં રોકાયેલા હશે. તેમને તેમજ પ્રતિબંધિત વિસ્તારમાંથી સ્મશાન યાત્રામાં જતા ઈસમોને લાગુ પડશે નહી.

(૨) સરકારી નોકરીમાં ફરજ ઉપર હોય તેવી વ્યક્તિઓને

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ/ઉલ્લઘન કરનાર વ્યક્તિને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે ડાંગ જિલ્લામાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

::અમલવારીનો સમય::

આ જાહેરનામું તા.૨૩/૦૬/૨૦૨૫ થી તા.૦૧/૦૭/૨૦૨૫ સુધી (બન્ને દિવસો સહિત) ઉપર મુજબના પરીક્ષા સ્થળોના સમગ્ર વિસ્તારમાં અમલમાં રહેશે.

આજ તારીખ:-૧૭/૦૬/૨૦૨૫ નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

::ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું::

ક્રમાંક:ફજદ/જાહેરનામું/મતગણતરી/વશી-૨૫૭૫ થી ૨૬૦૫/૨૦૨૫.-રાજ્ય ચુંટણી આયોગ, ગાંધીનગર દ્વારા તા.૨૨/૦૬/૨૦૨૫ના રોજ યોજાનાર ગુજરાત રાજયની અંદાજિત ૮૩૨૬ ઉપરાંતની ગ્રામ પંચાયતોની સામાન્ય તથા વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી યોજવાનો કાર્યક્રમ ક્રમાંક:ચટણ/સ્થા.સ્વ./૧૩(૬)/૦૫૨૦૨૫/ક, તા.૨૮/૦૫/૨૦૨૫ થી જાહેર કરવામાં આવેલ છે. જે મુજબ અત્રેના ડાંગ જિલ્લામાં ગ્રામપંચાયતોની સામાન્ય તથા વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ સવારના ૭-૦૦ વાગ્યા થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી યોજાનાર છે. જેમાં મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ નકકી થયેલ છે. રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના આદેશ ક્રમાંક: ચટણ/સ્થા.

સ્વ./૧૩(૬)/૦૫૨૦૨૫/ક, તા.૨૮/૦૫/૨૦૨૫થી શાસક પક્ષ, રાજકીય પક્ષો કે ઉમેદવારોએ/વહીવટી તંત્ર દ્વારા કાયદો અને વ્યવસ્થાની જાળવણી અંગે સૂચનાઓ આપેલ છે. જેથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે નીચે મુજબનો હુકમ કરવો જરૂરી જણાય છે.

વાસ્તે હું, વિ.કે.જોષી (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રુએ નીચે મુજબ હુકમ કરુ છું,

(૧) મતગણતરી સ્થળ અને તેની આજુબાજુમાં ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં મતગણતરીના દિવસે સવારના કલાક ૦૬-૦૦ થી મતગણતરી પૂરી ન થાય ત્યાં સુધી ચાર કે તેથી વધુ માણસોએ એકઠા થવું નહિ, સભાઓ ભરવી નહીં.

(૨) મતગણતરી સ્થળે સલામતી દળ દ્વારા કોર્ડન કરાયેલ પ્રતિબંધિત વિસ્તારમાં કોઈ પણ વ્યક્તિએ મતગણતરીના દિવસે મોબાઈલ ફોન, સેલ્યુલર ફોન, પેજર, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ કે અન્ય વિજાણું સંદેશા વ્યવહારના ઉપકરણો સાથે લઈ જઈ શકશે નહિ અને તેનો ઉપયોગ કરી શકશે નહિ.

(૩) કોઈ પણ વ્યક્તિ સક્ષમ સત્તાધિકારી તરફથી ઈસ્યુ કરવામાં આવેલ ફોટોગ્રાફ સહિતનાં અધિકૃત પાસ વિના મત ગણતરી કેન્દ્રમાં દાખલ થઈ શકશે નહિ તેમજ આવા પ્રવેશ પાસ સરળતાથી દેખાઈ આવે તે રીતે પ્રદર્શિત કરશે.

(૪) ઉમેદવાર, તેમના ચૂંટણી એજન્ટ કે તેમના મત ગણતરી એજન્ટ કે જેમને મતદાર વિભાગ માટે મતગણતરી હોલમાં પ્રવેશ માટે પ્રવેશ પાસ ઈસ્યુ કરવામાં આવેલ હોય તે સિવાય અન્ય ઈસમો મતદાર વિભાગના મતગણતરી હોલમા પ્રવેશી શકશે નહિ.

:: અપવાદ ::

આ હુકમ નીચેના વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(૧) રાજય ચૂંટણી આયોગ દ્વારા નિમાયેલા નિરીક્ષકશ્રી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, રાજય ચૂંટણી આયોગના અધિકારી અને પ્રાંત અધિકારીશ્રી તથા ચૂંટણી અધિકારીશ્રી ઉકત મુદ્દા નં.-(૨)માં જણાવેલ ઉપકરણ મતગણતરી કેન્દ્ર સુધી લઈ જઈ શકશે, પરંતુ મતગણતરી હોલમાં જવાના પ્રસંગે આવું ઉપકરણ સાઈલન્ટ મોડમાં રાખવાનું રહેશે.

(૨) કાયદો અને વ્યવસ્થાના ઈન્ચાર્જ અધિકારીઓ તથા સુરક્ષા કર્મચારીઓ સલામતીની દ્રષ્ટિએ જરૂરી હોય તેવા મુદ્દા નં.-(૧) માં જણાવેલ ઉપકરણ મતગણતરી કેન્દ્ર સુધી લઈ જઈ શકશે, પરંતુ મતગણતરી હોલમાં આવું કોઈ ઉપકરણ લઈ જઈ શકાશે નહીં.

(૩) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી/ રાજય ચૂંટણી આયોગના અધિકારી અને પ્રાંત અધિકારીશ્રી દ્વારા વાહન પરમીટ આપેલ વાહનો મતગણતરી કેન્દ્રના પોર્ચ સુધી લાવી શકાશે.

(૪) મતગણતરી માટે નિમણૂક આપેલ અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓને લઈને આવતું વાહન પાર્કીંગ એરીયા સુધી લાવી શકાશે.

(૫) ઉમેદવાર, ઉમેદવારના ચૂંટણી એજન્ટ/ મતગણતરી એજન્ટ પોતાનું વાહન નિર્દિષ્ટ સત્તાધિકારી અને મામલતદારશ્રી/ચૂંટણી અધિકારીશ્રીએ તે માટે નક્કી કરેલ એરીયા સુધી લાવી શકશે.

:: અપવાદ:

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ડાંગ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સપેક્ટર કે તેનાથી ઉપરનો હોદો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

::અમલવારીનો સમય::

આ જાહેરનામું તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ સમય ૨૪.૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

::વિસ્તાર::

અ.નં.	તાલુકો	વિગત	સ્થળની વિગત
૧	આહવા	મતગણતરી કેન્દ્ર	તાલુકા પ્રાથમિક શાળા આહવા, રૂમ નં.૩ થી ૬ નીચેના માળે અને રૂમ નં.૭ થી ૧૨ ઉપરના માળે
૨	વઘઈ	મતગણતરી હોલ-૧	તાલુકા સેવા સદન, વઘઈ ભોંય તળિયું (રૂમ નંબર ૧૭)
૩	સુબીર	મતગણતરી હોલ-૧	તાલુકા સેવા સદન, સુબીર બીજો માળ (આગળના ભાગે ડાબી બાજુ)
		મતગણતરી હોલ-૨	તાલુકા સેવા સદન, સુબીર બીજો માળ (આગળના ભાગે ડાબી બાજુ)

આજ તારીખ:-૧૯/૦૬/૨૦૨૫ નાં રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

જાહેરનામું

::ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ - ૩૭(૧) અન્વયેનું ::

ક્રમાંક:ફજદ/હથિયારબંધી/વશી-૨૬૪૬ થી ૨૬૭૬/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ આહવાની કચેરીના પત્ર નં.LIB/હથિ.હેરાફેરી.પ્ર. જાહે. /૧૪૧૭/૨૦૨૫, તા.૨૭/૦૬/૨૦૨૫ની વિગતે જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તેમજ જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તે માટે સમગ્ર ડાંગ જિલ્લામાં ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે હથિયારોની હેરાફેરી ઉપર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિદ્ધ કરવા દરખાસ્ત કરેલ છે. જે દરખાસ્ત વ્યાજબી : જણાય છે.

વાસ્તે હું, વિ.કે.જોષી (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૧)થી મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબના કૃત્યો કરવા સામે પ્રતિબંધ કમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, બંદૂક, લાકડી, લાઠી, હજામનો અસ્ત્રો, ત્રિશુલ, શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈ સાધન સાથે લઈ જવું નહી.

(ખ) કોઇ ક્ષયકારી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવું નહી.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેકવા અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવા, એકઠા કરવા તથા તૈયાર કરવા નહી.

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહી.

(ચ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળાં દેખાડવા નહી

(છ) જો છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કરવાથી અરુચિ અથવા નિતીનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવા અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવા, દેખાડવા અથવા તેનો ફેલાવો કરવા નહીં.

આ હુકમ નીચેના વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(ક) સરકારી નોકરી પર કામ કરતી વ્યક્તિ એટલે કે તેના ઉપરી અધિકારીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(ખ) કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેની અશક્તિના કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(ગ) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પોલીસ અધિકારીશ્રીએ અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ અથવા સબ ડીવિઝનલ મેજીસ્ટ્રેટશ્રીએ અધિકૃત કરેલ તેવી બીજી કોઈ વ્યક્તિઓને લાગુ પડશે નહી.

::અમલવારીનો સમય::

આ હુકમ તા. ૩૦ /૦૬/૨૦૨૫ના ક.૦૦/૦૦ થી તા.૧૪ /૭ /૨૦૨૫ ક.૨૪.૦૦ (બંને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

::વિસ્તાર::

સમગ્ર ડાંગ જિલ્લો

:: શિક્ષા ::

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લઘન કરવા બદલ ફરિયાદ માંડવા ફરજ પરના પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપલી કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ:- ૩૦/૦૬/૨૦૨૫ નાં રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

જાહેરનામું

::ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું::

ક્રમાંક:ફજદ/જાહેરનામું/વશી-૨૬૭૭ થી ૨૭૦૭/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ-આહવાના પત્ર નં. એલઆઈબી/ફટાકડા-ડ્રોન ઉ.પ્રતિ. જાહે./૧૪૧૬/૨૦૨૫, તા.૨૭/૦૬/૨૦૨૫ મુજબ હાલની પરિસ્થિતિને ધ્યાને લઈ જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ સુલેહ શાંતિનો ભંગ ન થાય તે માટે સમગ્ર ડાંગ જિલ્લામાં મોટા અવાજવાળા ફટાકડા ફોડવા તથા ડ્રોન ઉડાડવા ઉપર પ્રતિબંધ ફરમાવવા માટે દરખાસ્ત થઈ આવેલ છે.

વાસ્તે હું, વિ.કે.જોષી (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ સમગ્ર ડાંગ જિલ્લાના વિસ્તારમાં મોટા અવાજવાળા ફટાકડા ફોડવા અને ડ્રોન ઉડાડવા પર પ્રતિબંધ ફરમાવું છું.

:: પ્રતિબંધિત સમય ::

આ હુકમ તા. ૩૦/૦૬/૨૦૨૫ થી તા. ૧૪/૦૭/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

:: વિસ્તાર::

સમગ્ર ડાંગ જિલ્લો

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા માટે ડાંગ જિલ્લામાં ફરજ બજાવતા નાયબ પોલીસ અધિક્ષકશ્રી થી હેડ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે. ઉપરોકત મુજબનુ કૃત્ય કરનારા ઈસમો સામે ઉપર મુજબનો કોઈ પણ સામાન પોલીસ તપાસ અર્થે કબજે લઈ શકશે.

આજ તા. ૩૦/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિકકા હેઠળ હુકમ કર્યો.

જાહેરનામું

::ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું::

ક્રમાંક:ફજદ/જાહેરનામું/વશી-૨૩૨૫ થી ૨૩૫૬/૨૦૨૫ પ્રાદેશિક અધિકારી, ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, વાપીના તા.૨૮/૦૫/૨૦૨૫ના ઈમેઈલ પત્રથી આ વર્ષના વિશ્વ પર્યાવરણ દિવસ-૨૦૨૫ની થીમ "Ending Plastic Pollution Globally" નો ઉદ્દેશ પ્લાસ્ટિક કચરાને નાબૂદ કરવા માટે વૈશ્વિક પગલાંને પ્રોત્સાહન આપવા અંગે જરૂરી પ્રતિબંધાત્મક હુકમ બહાર પાડવા જણાવેલ છે.

ડાંગ જિલ્લામાં સ્થિત સાપુતારા ગિરિમથક ખાતે વિશાળ સંખ્યામાં મુલાકાતીઓ આવતા હોય છે. પર્યટકો દ્વારા મોટા પ્રમાણમાં પ્લાસ્ટિક ઉત્પાદનો વાળી ચીજ વસ્તુઓ લાવવામાં આવે છે. જે અંતે પ્લાસ્ટિક વેસ્ટ સ્વરૂપે સદર વિસ્તારમાં એકઠો થતો હોય છે. આવો પ્લાસ્ટિક કચરો નોન બાયોડિગ્રેડેબલ છે. જે આસપાસના વન્યપ્રાણીઓ અને પર્યાવરણને હાનિ પહોંચાડે છે જેથી પર્યાવરણીય સંતુલન બગડે છે. પ્લાસ્ટિકના પ્રદૂષણ બાબતે અસરકારક પગલાં લઈ શકાય અને પ્લાસ્ટિકના પ્રદૂષણનું પણ નિયંત્રણ થઈ શકે -અને વન્ય જીવ તથા પર્યાવરણને થતું નુકશાન અટકાવી શકાય તે હેતુથી સાપુતારા ગિરિમથકના વિસ્તારમાં પ્લાસ્ટિક પ્રદૂષણ અટકાવવો જરૂરી જણાય છે.

વાસ્તે હું, વિ.કે.જોષી (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા, ભારતીય નાગરિક હેક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રુએ હુકમ કરૂં છું કે, સાપુતારા - ગિરિમથક ખાતે સિંગલ યુઝ પ્લાસ્ટિકની નીચે મુજબની ચીજવસ્તુઓ લઈ જવા પર પ્રતિબંધ ફરમાવુ છું.

(૧) ડિસ્પોઝેબલ પ્લાસ્ટિક બોટલ, પ્લાસ્ટિકની લાકડીઓવાળા ઈયરબડ્સ, પ્લાસ્ટિકના ધ્વજ, સજાવટ માટે પોલિસ્ટીરીન [થર્મોકોલ].

(૨) ડિસ્પોઝેબલ પ્લાસ્ટિક પ્લેટો, કપ, ગ્લાસ, કટલરી જેમ કે કાંટા, ચમચી, છરીઓ, સ્ટ્રો, ટ્રે તેમજ અન્ય પ્લાસ્ટિક પેકિંગ મટીરીયલ, ૧૦૦ માઈક્રોનથી ઓછા પ્લાસ્ટિક અથવા પીવીસી બેનરો.

ઉપરોક્ત સિંગલ યુઝ પ્લાસ્ટિક ચીજવસ્તુઓના સ્થાને પર્યાવરણીય સુરક્ષિત એવી વૈકલ્પિક ચીજવસ્તુઓ (જેવી કે ફરી વપરાશમા લઈ શકાય એવી પાણીની બોટલ,પેપર કપ/પ્લેટ, કાપડ/શણની થેલી, વાંસના ઉત્પાદો)ના વપરાશને પ્રાધાન્ય આપવુ ઈચ્છનીય છે. આ હુકમની અમલવારી જે-તે વિભાગના જે-તે વિસ્તારના તમામ સ્તરના જવાબદાર અધિકારીશ્રીઓ દ્વારા કરાવવાની રહેશે.

::અમલવારીનો સમય::

આ હુકમ તા.૦૪/૦૬/૨૦૨૫ના ક.૦૦/૦૦ થી તા.૦૩/૦૮/૨૦૨૫ ક.૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.

::વિસ્તાર::

સમગ્ર સાપુતારા નોટિફાઇડ એરિયા વિસ્તાર

:: શિક્ષા ::

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લઘન કરનારને (સાપુતારા ગિરિમથક ખાતે ના વિસ્તારમા જો કોઇ વ્યક્તિ પ્લાસ્ટિકની ચીજવસ્તુઓ/પ્લાસ્ટિક કચરો જાહેર જગ્યામા ફેંક્તા પકડાશે તો) ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૦૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે તથા ચીફ ઓફિસરશ્રી, નોટીફાઇડ એરીયા કચેરી સાપુતારા દ્વારા નિયત કરવામાં આવેલ દંડની રકમ અધિકૃત કરેલ કર્મચારી દ્વારા મેળવવાની રહેશે.

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લઘન કરવા બદલ ફરિયાદ માંડવા ફરજ પરના પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપલી કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૦૪/૦૬/૨૦૨૫ નાં રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

વિ. કે. જોષી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
ડાંગ-આહવા

જાહેરનામું

-:: ટ્રાફીક નિયમન અંગે પ્રતિબંધ/ડાયવર્ઝન અંગેનું ::-

નં.ડીસીબી/એમએજી/જી.પી.એ./૨જી.નં.૬૭/૨૦૨૫.-પ્રોજેકટ ડાયરેકટરશ્રી લાર્સન અને ટુબ્રો લિમિટેડ કનસ્ટ્રકશન, હેવી સિવિલ ઈનફ્રાસ્ટ્રકચરના Ref.No:LTC/MAHSR/Pkg-C4/Sec-1/PL/2025/0447A, તા.૨૫/૦૩/૨૦૨૫ તથા તા.૦૯/૦૬/૨૦૨૫ ના પત્રથી ક્રોસિંગ બ્રીજના સુપરસ્ટ્રકચરના કામ માટે તા.૧૬/૦૬/૨૦૨૫ થી તા.૨૬/૦૬/૨૦૨૫ સુધી ઝરોલી એમએસએન નગવાસ રોડ ખાતે આવેલ ક્રોસીંગ બ્રીજને હંગામી ધોરણે બંધ કરી ડાયવર્ઝન આપવા અંગે દરખાસ્ત કરેલ છે. સદરહુ દરખાસ્ત અનૂવયે સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી પારડી પાસે પોલીસ વિભાગ, માર્ગ અને મકાન વિભાગ, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી તથા વિભાગીય નિયામકશ્રી એસ.ટી. વિભાગના તમામ અધિકારીશ્રીઓ સાથે સંયુક્ત સ્થળ તપાસ કરી સદર ડાયવર્ઝન આપવા જાહેરનામુ બહાર પાડવા અભિપ્રાય મંગાવતા તેઓ તરફથી ઝરોલી એમએસએન નગવાસ રોડ પાસેના ક્રોસીંગ બ્રીજને હંગામી ધોરણે બંધ કરી "ઝરોલી એમએસએન નગવાસ રોડને વર્તમાન રોડથી અંદાજિત ૩ કિ.મી સુધી" ડાયવર્ઝન આપવા જાહેરનામુ બહાર પાડવા હકારાત્મક અભિપ્રાય આપેલ છે જે ધ્યાને લેતા સદર ઝરોલી એમએસએન નગવાસ રોડ પાસેના ક્રોસીંગ બ્રીજને હંગામી બંધ કરી ડાયવર્ઝન આપવું હિતાવહ જણાય છે.

વાસ્તે, હું એમ. ડી. ચુડાસમા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ (૨૨ માં)ની કલમ-૩૩ ની પેટા કલમ-૧ (બી) અનૂવયે મળેલ સત્તાની રૂએ, આ હુકમની તારીખથી તા.૨૬/૦૬/૨૦૨૫ સુધી પ્રોજેકટ ડાયરેકટરશ્રી લાર્સન અને ટુબ્રો લિમિટેડની દરખાસ્ત તથા તપાસણી અધિકારીશ્રીઓના અભિપ્રાય મુજબ ક્રોસીંગ બ્રીજના કામ માટે ઝરોલી એમએસએન નગવાસ રોડ ઉપરના તમામ પ્રકારના વાહનોના આવન-જાવન ઉપર પ્રતિબંધ મુકવાનું આવશ્યક જણાતાં ટ્રાફિક નિયમન અને કાયદો અને વ્યવસ્થાને લક્ષમાં રાખી આથી નીચે જણાવ્યા અનુસાર ડાયવર્ઝન અંગેનું જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

-:: પ્રતિબંધીત માર્ગ ::-

નગવાસ પટેલપાડા ખાતે આવેલ ક્રોસીંગ બ્રીજના કામ માટે ઝરોલી એમએસએન નગવાસ રોડ પરથી તમામ પ્રકારના વાહનોના આવન-જાવન માટે પ્રતિબંધીત માર્ગ તરીકે જાહેર કરવામાં આવે છે.

-:: ડાયવર્ઝન અંગેની વિગત ::-

ઝરોલી થી નગવાસ જવા તથા આવવા માટે ઝરોલી-ભિલાડ રોડ ઉપર થઈને આવન-જાવન કરી શકાશે.

-:: શિક્ષા ::-

આ જાહેરનામાના ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ની કલમ - ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે અને આ હુકમનો ભંગ થયેથી વલસાડ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સ્પેક્ટરથી નાયબ પોલીસ અધિક્ષક સુધીનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીઓને ફરિયાદ માંડવા આથી અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૬/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપેલ છે.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ - ૩૭(૧) અન્વયે કાઢેલો

નં.ડીસીબી.એમએજી/જીપીએ/૨જી.૬૮/વશી. ૭૭૮૬ થી ૭૮૩૮/૨૦૨૫.-ગુજરાત પોલીસ અધિનિયમ (સને - ૧૯૫૧ ના ૨૨ માં) ની કલમ - ૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું એમ.ડી.ચુડાસમા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ વલસાડ, આગામી સમયમાં એસ.એસ.સી./એચ.એસ.સી. પૂરક પરીક્ષા શરૂ થનાર છે તથા અષાઢીબીજ રથયાત્રાના તહેવારની ઉજવણી થનાર હોય જેથી પોલીસ અધિક્ષકશ્રી વલસાડની દરખાસ્ત ધ્યાનમાં લેતાં આ જિલ્લામાં જાહેર શાંતિ, સલામતી જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે, વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે તા.૨૧/૦૬/૨૦૨૫ થી તા.૦૫/૦૭/૨૦૨૫ સુધી નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :-

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની

(ગ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની

(ચ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની, અશ્લિલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવા હાવભાવ કરવાની, તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બતાવવા તથા ફેલાવો કરવાની

<u>આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.</u>

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યક્તિઓ કે જેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોઈ.

(૨) પોલીસ અધિક્ષકશ્રી વલસાડ અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારિરીક અશક્તિને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોઈ તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિત.

(૪) સરકારશ્રી દ્વારા આયોજીત વિવિધ કાર્યક્રમો કે અભિયાન.

આ જાહેરનામાના ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને - ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ (સને - ૧૯૫૧ ના ૨૨ માં) ના કાયદાની કલમ - ૧૩૫ (૧) તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ મુજબ શિક્ષાને પાત્ર થશે અને આ હુકમનો ભંગ થયેથી વલસાડ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સ્પેક્ટરથી નાયબ પોલીસ અધિક્ષક સુધીનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીઓને ફરિયાદ માંડવા આથી અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ: ૧૯/૦૬/૨૦૨૫ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપેલ છે.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ - ૩૭(૩) અન્વયે કાઢેલો

નં.ડીસીબી.એમએજી/જીપીએ/૨જી.૬૯/વશી. ૭૮૩૯ થી ૭૮૯૧/૨૦૨૫.-ગુજરાત પોલીસ અધિનિયમ (સને - ૧૯૫૧ ના ૨૨ માં) ની કલમ - ૩૭(૩) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું એમ.ડી.ચુડાસમા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ વલસાડ, આગામી સમયમાં એસ.એસ.સી./એચ.એસ.સી. પૂરક પરીક્ષા શરૂ થનાર છે તથા અષાઢીબીજ રથયાત્રાના તહેવારની ઉજવણી થનાર હોય જેથી પોલીસ અધિક્ષકશ્રી વલસાડની દરખાસ્ત ધ્યાનમાં લેતાં આ જિલ્લામાં જાહેર શાંતિ, સલામતી જાળવવા સારૂ માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું એમ.ડી.ચુડાસમા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ વલસાડ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને -૧૯૫૧ નો ૨૨ માં)ની કલમ - ૩૭ ની પેટા કલમ - ૩ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સક્ષમ અધિકારીની મંજુરી વિના વલસાડ જિલ્લામાં તા.૨૧/૦૬/૨૦૨૫ થી તા.૦૫/૦૭/૨૦૨૫ સુધી અનઅધિકૃત રીતે/ગેરકાયદેસર રીતે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહી, સરઘસ કાઢવું નહીં કે દેખાવ કરવા નહીં.

આ હુકમ સ્મશાન યાત્રા કે એસ.ટી. બસમાં, રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા, અગર સક્ષમ અધિકારીશ્રીની લેખિત પરવાનગી મેળવનાર બોનોફાઈડ વ્યક્તિઓ તથા સરકારશ્રી દ્વારા આયોજીત કાર્યક્રમો તથા અભિયાનને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાના ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને - ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ (સને - ૧૯૫૧ ના ૨૨ માં) ના કાયદાની કલમ - ૧૩૫ (૧) તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ મુજબ શિક્ષાને પાત્ર થશે અને આ હુકમનો ભંગ થયેથી વલસાડ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સ્પેક્ટરથી નાયબ પોલીસ અધિક્ષક સુધીનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીઓને ફરિયાદ માંડવા આથી અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ:૧૬/૦૬/૨૦૨૫ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપેલ છે.

જાહેરનામું

-:: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું ::-

નં.ડીસીબી/એમએજી-૧/જાહેરનામું/પુરક પરીક્ષા/૨જી.નં.૭૦/વશી. ૭૮૯૨ થી ૭૯૬૭/૨૦૨૫.-જિલ્લા શિક્ષણાધિકારીશ્રી વલસાડનાઓએ તેઓશ્રીના પત્ર ક્રમાંક:DEO/પુ.પરીક્ષા/જાહેરનામું /૧૮૫૧૫, તા.૧૨/૦૬/૨૦૨૫ થી જણાવ્યા મુજબ વલસાડ જિલ્લામાં આગામી તા.૨૩/૦૬/૨૦૨૫ થી તા.૦૩/૦૭/૨૦૨૫ દરમ્યાન યોજાનાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા એસ.એસ.સી. અને એચ.એસ.સી (સામાન્ય પ્રવાહ/વિજ્ઞાન પ્રવાહ) બોર્ડની જાહેર પૂરક પરીક્ષાના સરળ સંચાલન માટે તેમજ પરીક્ષાર્થીઓ અસામાજીક તત્વોના ત્રાસ અને ભય વિના શાંતિ અને સલામતી પુર્વક પરીક્ષા આપી શકે તથા બિલ્ડીંગ કંડકટરશ્રીઓ અસમાજીક તત્વોના ત્રાસ અને ભય વિના જાહેર પરીક્ષાનું સંચાલન કરી શકે અને તે દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તેવા હેતુથી જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી વલસાડની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં સરઘસ કાઢવાની તથા સભા ભરવાની તથા જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી વલસાડની હકુમત હેઠળના નીચે જણાવેલ તમામ પરીક્ષા કેન્દ્રની હદ થી ૧૦૦ મીટર ત્રિજયામાં ઝેરોક્ષના મશીનો બંધ રાખવા અને બીન અધિકૃત વ્યકિતઓ તથા ખાનગી વાહનોને પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ કરતાં અટકાવવાની મને જરૂર જણાય છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા

એસ.એસ.સી. અને એચ.એસ.સી (સામાન્ય પ્રવાહ/વિજ્ઞાન પ્રવાહ) બોર્ડની જાહેર પૂરક પરીક્ષા

તા.૨૩/૦૬/૨૦૨૫ થી તા.૦૩/૦૭/૨૦૨૫ દરમ્યાન યોજાનાર પરીક્ષાના પરીક્ષા કેન્દ્રો

1	S M S M HIGH SCHOOL, DHARAMPUR (UNIT-I)
2	S M S M HIGH SCHOOL, DHARAMPUR (UNIT-II)
3	ST JOSEPH E T HIGH SCHOOL, VALSAD
4	BAI AVABAI HIGH SCHOOL, VALSAD (UNIT-I)
5	BAI AVABAI HIGH SCHOOL, VALSAD (UNIT-II)
6	R M & V M HIGH SCHOOL, VALSAD (UNIT-I)
7	R M & V M HIGH SCHOOL, VALSAD (UNIT-II)
8	KUSUM VIDYALAY, VALSAD
9	BAPS SWAMINARAYAN VIDYA MANDIR, VALSAD (UNIT-I)
10	BAPS SWAMINARAYAN VIDYA MANDIR, VALSAD (UNIT-I)
11	C.R.DESAI SWAMINARAYAN ENGLISH MEDIUM SCHOOL, VALSAD (UNIT-1)
12	MANIBA SARV.VIDHYALAY, VALSAD
13	G.V.D. SARVJANIK HIGH SCHOOL , THITHAL ROAD, VALSAD
14	SHRI J S KANYA VIDYALAYA, VALSAD
15	DAHIBA SWAMINARAYAN SCHOOL, VALSAD
16	NATIONAL ENGLISH HIGH SCHOOL, VALSAD
17	SHREE SWAMINARAYAN VIDHYALAY TARABAG, VALSAD (UNIT-1)

18	LATE SAMIR DOLATBHAI DESAI RASHTRIYA HINDI VIDHYALAY, VALSAD
19	ST.MARYS ENGLISH HIGH SCHOOL, DHAMDACHI (ENG.MED)
20	SHRI I P GANDHI SARVAJANIK MADHYAMIK SHALA, JUJVA
21	RATANSHA JAHANGIRSHA DAMANWALLA SWANIRBHAR GUJARATI MADHYAMIK SHALA, PARDI
22	SHREE SARASWATI MADHYAMIK VIDYAMANDIR, PARDI

વાસ્તે, હું એમ. ડી. ચુડાસમા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ મને મળેલી સત્તાની રૂએ ફરમાઉ છું કે,

(૧) વલસાડ જિલ્લામાં ઉકત પરીક્ષા દરમ્યાન ઉપર જણાવેલ તમામ પરીક્ષા કેન્દ્રોની હદથી ૧૦૦ મીટરના વિસ્તારમાં ઉક્ત પરીક્ષાની તારીખે સવારે ૦૯/૦૦ થી સાંજના ૧૮/૦૦ કલાક સુધી પરીક્ષાના દિવસ દરમ્યાન ગેરકાયદેસર રીતે ૪ (ચાર) કરતા વધુ માણસોની કોઈ સભા ભરવી નહી કે બોલાવવી નહી અથવા સરઘસ કાઢવું નહી. તેમજ લાઉડસ્પીકરનો ઉપયોગ કરવો નહી.

(૨) ઉપરોકત પરીક્ષા સ્થળોના ૧૦૦ મીટર ત્રિજયાના વિસ્તારમાં પ્રવેશતા ખાનગી વાહનો તેમજ પરીક્ષાર્થીઓને ગેરરીતીમાં મદદ કરવાના બદ ઈરાદાથી જતી બહારની અનધિકૃત વ્યકિતઓને પરીક્ષા કેન્દ્રોમાં પ્રવેશ કરવો નહી. તેમજ પ્રવેશ કરવાની કોશિશ કરવી નહી. પરીક્ષાર્થી ઉમેદવારની શાંતિ અને લેખનકાર્યમાં અડચણ-વિક્ષેપ-ધ્યાનભંગ થાય તેવું કોઈ કૃત્ય કરવું/કરાવવું નહી. પરીક્ષા સંબંધી ચોરી ગણાય તેવી કોઈ પણ ચીજવસ્તુ ઈલેકટ્રોનીક આઈટમ,પુસ્તક, કાપલીઓ, ઝેરોક્ષ નકલોનું વહન કરવું નહી કે કરાવવામાં મદદગીરી કરવી નહી.

(૩) પરીક્ષાખંડમાં વિધાર્થીઓએ મોબાઈલ કે પરીક્ષામાં ચોરી ગણી શકાય તેવા કોઈ પણ પ્રકારના ઈલેકટ્રીક ઉપકરણો લઈ જવા નહી.

(૪) ઉપરોકત પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટર ત્રિજયામાં ઉક્ત પરીક્ષાની તારીખે સવારે ૦૯/૦૦ થી સાંજે ૧૮/૦૦ કલાક સુધી પરીક્ષાના દિવસો દરમ્યાન ઝેરોક્ષ મશીન ચાલુ રાખી શકાશે નહી.

આ હુકમની નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

૧. લગ્નના વરઘોડાને(સાઉન્ડ સીસ્ટમ વગર) તેમજ સ્મશાન યાત્રાને કે રેલ્વે/એસ.ટી.માં મુસાફરીમાં જનાર બોનાફાઈડ વ્યકિતઓને તેમજ પરીક્ષાની કામગીરી સાથે સંકળાયેલ અધિકૃત સરકારી કર્મચારીઓ, અધિકારીશ્રીઓ.

૨. કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે મુકાયેલ કર્મચારીઓ તથા અધિકારીશ્રીઓ.

૩. કેન્દ્ર ના સંવાહકશ્રીઓ, સંચાલકો, સ્થળ સંચાલકો, ઝોન પ્રતિનિધિ, ખંડ નિરીક્ષકો, વોટરમેન, બેલમેન તથા ઓળખપત્ર આપવામાં આવેલ હોય તેવા નિરીક્ષણ ટુકડીઓ સહિતના તમામ અધિકૃત કર્મચારીઓ.

આ હુકમથી ઓળખપત્ર વિનાની બિન અધિકૃત વ્યકિતઓને પરીક્ષા સ્થળની અંદર પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કર્યે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ કસુરવાર સામે પગલાં લેવા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. વલસાડ જિલ્લામાં ફરજ બજાવતા પો.સબ ઈન્સ્પેકટરશ્રી કે તેથી ઉપરનાં હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તારીખ:૧૯/૦૬/૨૦૨૫ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

એમ. ડી. ચુડાસમા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
વલસાડ

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા
જાહેરનામું

-:: ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું ::-

નં.ડીસીબી/એમએજી-૧/૨જી.નં.૭૧/વશી. ૭૯૬૮ થી ૮૦૫૮/૨૦૨૫.-પ્રસ્તુત કામે રાજ્યના વિવિધ ભાગોમાં દરિયા કિનારે તથા પાણીના ભારે વહેણ ધરાવતા કોઝ-વે, નદી, નહેર, જળાશયો તેમજ પાણીના ધોધમાં ન્હાવા જવાથી ઘણા લોકોના તણાઈ/ડૂબી જવાથી મૃત્યુ થવાના કિસ્સાઓ અવાર-નવાર બનતા હોય છે. જે અંગે સરકારશ્રીના ગૃહ વિભાગના તા.૦૫/૦૫/૨૦૨૫ ના પત્રથી આવા ભયજનક સ્થળોએ કોઈપણ વ્યક્તિ/પ્રવાસીઓ ન્હાવા માટે ન જાય તે માટે જરૂરી પ્રતિબંધાત્મક હુકમો બહાર પાડવા સુચના આપેલ છે. જે ધ્યાને લઈ હાલમાં ચોમાસાની ઋતુ હોય અત્રેના જિલ્લામાં પણ નદી, નાળા, નહેર, કોઝ-વે વિગેરેમાં પાણીનું ભારે વહેણ ચાલુ હોય તેમજ દરિયામાં પણ ભરતીનો સમય હોય ઊંચા મોજાં

ઉછળતા હોય છે. જેમાં આમ જનતા તથા પ્રવાસીઓ પોતાનો જીવ જોખમમાં મુકી ન્હાવા જતાં હોય છે. જેના કારણે લોકોના જાનમાલને નુકશાન થાય તેવી પુરી સંભાવના હોય લોકોના જાનમાલને થતું નુકશાન અટકાવવા આવા ભયજનક સ્થળોએ પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું ભવ્ય વર્મા, જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મને મળેલી સત્તાની રૂએ ફરમાઉ છું કે,

(૧) સમગ્ર વલસાડ જિલ્લામાં આવેલ તમામ નદી, નાળા, નહેર, ચેકડેમ તથા તેનો નીચાણ વાળો વિસ્તાર, જળાશયો, કોઝ-વે તથા નાના-મોટા ધોધ જેવા પાણીનું ભારે વહેણ ધરાવતાં ભયજનક સ્થળોએ કોઈપણ વ્યક્તિ/પ્રવાસીઓએ ન્હાવા જવા, કપડા ધોવા કે માછલી પકડવા માટે પ્રવેશ કરવો નહી તેમજ તે માટે મદદગારી કરવી નહી.

(૨) સમગ્ર વલસાડ જિલ્લામાં આવેલ તમામ દરિયા કિનારાએ ભરતીના સમયે તથા ચોમાસાની ઋતુ દરમિયાન ઊંચા મોજાં ઉછળતા હોવાથી કોઈપણ વ્યક્તિ/પ્રવાસીઓએ ન્હાવા જવા દરિયાના પાણીમાં પ્રવેશ કરવો નહી તેમજ દરિયા કિનારે જોખમી રીતે ઉભા રહેવું નહી.

(૩) સમગ્ર વલસાડ જિલ્લામાં આવેલ તમામ કોઝ-વે ઉપર પાણીનું વહેણ ચાલુ હોય ત્યારે કોઈ વ્યક્તિએ જાતે અથવા વાહન સાથે કોઝ-વે ઉપરથી પસાર થવું નહી.

(૪) ઉપરના તમામ ભયજનક સ્થળોએ જોખમી રીતે ઉભા રહી મોબાઈલ/કેમેરામાં ફોટા/સેલ્ફી લેવાં નહી.

::મુક્તિ::

આ હુકમ કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તથા આપત્તિ વ્યવસ્થાપન માટે મુકાયેલ કર્મચારીઓ તથા અધિકારીશ્રીઓને લાગુ પડશે નહી.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કર્યે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. અને આ હુકમનો ભંગ થયેથી વલસાડ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સ્પેક્ટરથી નાયબ પોલીસ અધિક્ષક સુધીનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીઓને ફરિયાદ માંડવા આથી અધિકૃત કરવામાં આવે છે.

::અમલવારીનો સમય::

આ હુકમ તા.૧૯/૦૬/૨૦૨૫ થી તા.૧૫/૦૮/૨૦૨૫(બંને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

આજ રોજ તારીખ: ૧૯/૦૬/૨૦૨૫ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

ભવ્ય વર્મા,
જિલ્લા મેજીસ્ટ્રેટ
વલસાડ

જાહેરનામું

-:: ટ્રાફીક નિયમન અંગે પ્રતિબંધ/ડાયવર્ઝન અંગેનું ::-

નં.ડીસીબી/એમએજી/જી.પી.એ./૨જી.નં.૬૩/૨૦૨૫.-પ્રોજેકટ ડાયરેકટરશ્રી લાર્સન અને ટુબ્રો લિમિટેડ કન્સ્ટ્રકશન, હેવી સિવિલ ઈન્ફ્રાસ્ટ્રકચરના Ref.No:LTC/MAHSR/Pkg-C4/Sec-1/PL/2024/0440a, તા.૦૫/૦૨/૨૦૨૫ના પત્રથી ક્રોસિંગ બ્રીજના સુપરસ્ટ્રકચરના કામ માટે ચાર મહિના (તા.૧૧/૦૨/૨૦૨૫ થી તા.૦૯/૦૬/૨૦૨૫ સુધી) વાપી-સેલવાસ રોડ પાસેના ક્રોસીંગ બ્રીજ #663ને હંગામી બંધ કરી ડાયવર્ઝન આપવા અંગે દરખાસ્ત કરેલ હતી. સદરહુ દરખાસ્ત અનુવયે સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી પારડી પાસે પોલીસ વિભાગ, માર્ગ અને મકાન વિભાગ, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી તથા વિભાગીય નિયામકશ્રી એસ.ટી. વિભાગના તમામ અધિકારીશ્રીઓ સાથે સંયુક્ત સ્થળ તપાસ કરી સદર ડાયવર્ઝન આપવા જાહેરનામુ બહાર પાડવા અભિપ્રાય મંગાવતા તેઓ તરફથી વાપી-સેલવાસ રોડ પાસેના ક્રોસીંગ બ્રીજ #663ને હંગામી ધોરણે બંધ કરી " વાપી-સેલવાસ વર્તમાન રોડથી અંદાજિત ૨૫૦ મીટર સુધી" ડાયવર્ઝન આપવા જાહેરનામુ બહાર પાડવા હકારાત્મક અભિપ્રાય ધ્યાને લઈ અત્રેથી તા.૦૯/૦૬/૨૦૨૫ સુધી જાહેરનામું બહાર પાડેલ છે. પ્રોજેકટ ડાઈરેકટરશ્રી લાર્સન અને ટુબ્રો લિમિટેડ કન્સ્ટ્રકશન, હેવી સિવિલ ઈન્ફ્રાસ્ટ્રકચરના Ref.No:LTC/MAHSR/Pkg-C4/Sec-1/Admn/2025/0503,તા.૩૧/૦૫/૨૦૨૫ના પત્રથી જણાવ્યા મુજબ ઉપરોક્ત કામગીરી નિયત સમયમાં પૂર્ણ થયેલ ન હોય જાહેરનામાની મુદત લંબાવવા વિનંતી કરેલ છે. જે ધ્યાને લેતા સદર વાપી-સેલવાસ રોડ પાસેના ક્રોસીંગ બ્રીજ #663ને હંગામી બંધ કરી ડાયવર્ઝન આપવું હિતાવહ જણાય છે.

વાસ્તે, હું એમ. ડી. ચુડાસમા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ (૨૨ માં)ની કલમ-૩૩ ની પેટા કલમ-૧ (બી) અન્વયે મળેલ સત્તાની રૂએ, તા.૧૦/૦૬/૨૦૨૫ થી તા.૩૧/૦૭/૨૦૨૫ સુધી પ્રોજેકટ ડાયરેકટરશ્રી લાર્સન અને ટુબ્રો લિમિટેડની દરખાસ્ત મુજબ ક્રોસીંગ બ્રીજ #663 ના કામ માટે વાપી-સેલવાસ ઉપરના તમામ પ્રકારના આવન-જાવન ઉપર પ્રતિબંધ મુકવાનું આવશ્યક જણાતાં ટ્રાફિક નિયમન અને કાયદો અને વ્યવસ્થાને લક્ષમાં રાખી આથી નીચે જણાવ્યા અનુસાર ડાયવર્ઝન અંગેનું જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

-:: પ્રતિબંધીત માર્ગ ::-

ક્રોસીંગ બ્રીજ #663ના સુપરસ્ટ્રકચરના કામ માટે વાપી-સેલવાસ રોડ પરથી તમામ પ્રકારના વાહનોના આવન-જાવન માટે પ્રતિબંધીત માર્ગ તરીકે જાહેર કરવામાં આવે છે.

-:: ડાયવર્ઝન અંગેની વિગત ::-

વાપી-સેલવાસ વર્તમાન રોડની સમાંતર તૈયાર કરેલ ડાયવર્ઝન રૂટ થી આવન-જાવન કરી શકાશે.

-:: અમલવારી ::-

આ હુકમ તા.૧૦/૦૬/૨૦૨૫ થી તા.૩૧/૦૭/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

-:: શિક્ષા ::-

આ જાહેરનામાના ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ની કલમ - ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે અને આ હુકમનો ભંગ થયેથી વલસાડ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સ્પેક્ટરથી નાયબ પોલીસ અધિક્ષક સુધીનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીઓને ફરિયાદ માંડવા આથી અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૦૪/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપેલ છે.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ - ૩૭(૧) અન્વયે કાઢેલો

નં.ડીસીબી.એમએજી/જીપીએ/રજી.૬૪/વશી. ૬૯૪૩ થી ૭૦૦૩/૨૦૨૫.-ગુજરાત પોલીસ અધિનિયમ (સને - ૧૯૫૧ ના ૨૨ માં) ની કલમ - ૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું એમ.ડી.ચુડાસમા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ વલસાડ, આગામી સમયમાં બકરી ઈદના તહેવારની ઉજવણી થનાર હોય જેથી પોલીસ અધિક્ષકશ્રી વલસાડની દરખાસ્ત ધ્યાનમાં લેતાં આ જિલ્લામાં જાહેર શાંતિ, સલામતી જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે, વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે તા.૦૬/૦૬/૨૦૨૫ થી તા.૨૦/૦૬/૨૦૨૫ સુધી નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :-

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની

(ગ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની

(ચ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની, અશ્લિલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવા હાવભાવ કરવાની, તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બતાવવા તથા ફેલાવો કરવાની

<u>આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.</u>

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યક્તિઓ કે જેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોઈ.

(૨) પોલીસ અધિક્ષકશ્રી વલસાડ અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારિરીક અશક્તિને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોઈ તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિત.

(૪) સરકારશ્રી દ્વારા આયોજીત વિવિધ કાર્યક્રમો કે અભિયાન.

આ જાહેરનામાના ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને - ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ (સને - ૧૯૫૧ ના ૨૨ માં) ના કાયદાની કલમ - ૧૩૫ (૧) તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ મુજબ શિક્ષાને પાત્ર થશે અને આ હુકમનો ભંગ થયેથી વલસાડ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સ્પેક્ટરથી નાયબ પોલીસ અધિક્ષક સુધીનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીઓને ફરિયાદ માંડવા આથી અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ: ૦૫/૦૬/૨૦૨૫ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપેલ છે.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ - ૩૭(૩) અન્વયે કાઢેલો

નં.ડીસીબી.એમએજી/જીપીએ/૨જી.૬૫/વશી. ૭૦૦૪ થી ૭૦૬૪/૨૦૨૫.-ગુજરાત પોલીસ અધિનિયમ (સને - ૧૯૫૧ ના ૨૨ માં) ની કલમ - ૩૭(૩) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું એમ.ડી.ચુડાસમા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ વલસાડ, આગામી સમયમાં બકરી ઈદના તહેવારની ઉજવણી થનાર હોય જેથી પોલીસ અધિક્ષકશ્રી વલસાડની દરખાસ્ત ધ્યાનમાં લેતાં આ જિલ્લામાં જાહેર શાંતિ, સલામતી જાળવવા સારૂ માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું એમ.ડી.ચુડાસમા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ વલસાડ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને -૧૯૫૧ નો ૨૨ માં)ની કલમ - ૩૭ ની પેટા કલમ - ૩ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સક્ષમ અધિકારીની મંજુરી વિના વલસાડ જિલ્લામાં તા.૦૬/૦૬/૨૦૨૫ થી તા.૨૦/૦૬/૨૦૨૫ સુધી અનઅધિકૃત રીતે/ગેરકાયદેસર રીતે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહી, સરઘસ કાઢવું નહીં કે દેખાવ કરવા નહીં.

આ હુકમ સ્મશાન યાત્રા કે એસ.ટી. બસમાં, રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા, અગર સક્ષમ અધિકારીશ્રીની લેખિત પરવાનગી મેળવનાર બોનોફાઈડ વ્યક્તિઓ તથા સરકારશ્રી દ્વારા આયોજીત કાર્યક્રમો તથા અભિયાનને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાના ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને - ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ (સને - ૧૯૫૧ ના ૨૨ માં) ના કાયદાની કલમ - ૧૩૫ (૧) તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ મુજબ શિક્ષાને પાત્ર થશે અને આ હુકમનો ભંગ થયેથી વલસાડ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સ્પેક્ટરથી નાયબ પોલીસ અધિક્ષક સુધીનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીઓને ફરિયાદ માંડવા આથી અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ:૦૫/૦૬/૨૦૨૫ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપેલ છે.

જાહેરનામું

-:: ટ્રાફીક નિયમન અંગે પ્રતિબંધ/ડાયવર્ઝન અંગેનું ::-

નં.ડીસીબી/એમએજી/જી.પી.એ./૨જી.નં.૭૨/૨૦૨૫.-પ્રોજેકટ ડાયરેકટરશ્રી લાર્સન અને ટુબ્રો લિમિટેડ કન્સ્ટ્રકશન, હેવી સિવિલ ઈન્ફ્રાસ્ટ્રકચરના Ref.No:LTC/MAHSR/Pkg-C4/Sec-1/PL/2025/0447, તા.૨૫/૦૩/૨૦૨૫ તથા તા.૦૯/૦૬/૨૦૨૫ ના પત્રથી ક્રોસિંગ બ્રીજના સુપરસ્ટ્રકચરના કામ માટે તા.૧૬/૦૬/૨૦૨૫ થી તા.૨૬/૦૬/૨૦૨૫ સુધી ઝરોલી એમએસએન નગવાસ રોડ ખાતે આવેલ ક્રોસીંગ બ્રીજને હંગામી ધોરણે બંધ કરી ડાયવર્ઝન આપવા અંગે દરખાસ્ત કરેલ છે. સદરહુ દરખાસ્ત અન્વયે સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી પારડી પાસે પોલીસ વિભાગ, માર્ગ અને મકાન વિભાગ, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી તથા વિભાગીય નિયામકશ્રી એસ.ટી. વિભાગના તમામ અધિકારીશ્રીઓ સાથે સંયુક્ત સ્થળ તપાસ કરી સદર ડાયવર્ઝન આપવા જાહેરનામુ બહાર પાડવા અભિપ્રાય મંગાવતા તેઓ તરફથી ઝરોલી એમએસએન નગવાસ રોડ પાસેના ક્રોસીંગ બ્રીજને હંગામી ધોરણે બંધ કરી "ઝરોલી એમએસએન નગવાસ રોડને વર્તમાન રોડથી અંદાજિત ૩ કિ.મી સુધી" ડાયવર્ઝન આપવા જાહેરનામુ બહાર પાડવા હકારાત્મક અભિપ્રાય ધ્યાને લઈ અત્રેથી તા.૨૬/૦૬/૨૦૨૫ સુધી જાહેરનામું બહાર પાડેલ છે. પ્રોજેકટ ડાઈરેકટરશ્રી લાર્સન અને ટુબ્રો લિમિટેડ કન્સ્ટ્રકશન, હેવી સિવિલ ઈન્ફ્રાસ્ટ્રકચરના Ref.No:LTC/MAHSR/Pkg-C4/Sec-1/PL/2025/ 0447C, તા.૨૩/૦૬/૨૦૨૫ના પત્રથી ચોમાસું હોવાથી જાહેરનામાની મુદ્દત લંબાવવા વિનંતી કરેલ છે. જે ધ્યાને લેતા સદર ઝરોલી એમએસએન નગવાસ રોડ પાસેના ક્રોસીંગ બ્રીજને હંગામી બંધ કરી ડાયવર્ઝન આપવું હિતાવહ જણાય છે.

વાસ્તે, હું એમ. ડી. ચુડાસમા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ (૨૨ માં)ની કલમ-૩૩ ની પેટા કલમ-૧ (બી) અનૂવયે મળેલ સત્તાની રૂએ, આ હુકમ તા.૨૭/૦૬/૨૦૨૫ થી તા.૩૦/૦૬/૨૦૨૫ સુધી પ્રોજેકટ ડાયરેકટરશ્રી લાર્સન અને ટુબ્રો લિમિટેડની દરખાસ્ત તથા તપાસણી અધિકારીશ્રીઓના અભિપ્રાય મુજબ ક્રોસીંગ બ્રીજના કામ માટે ઝરોલી એમએસએન નગવાસ રોડ ઉપરના તમામ પ્રકારના વાહનોના આવન-જાવન ઉપર પ્રતિબંધ મુકવાનું આવશ્યક જણાતાં ટ્રાફિક નિયમન અને કાયદો અને વ્યવસ્થાને લક્ષમાં રાખી આથી નીચે જણાવ્યા અનુસાર ડાયવર્ઝન અંગેનું જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

-:: પ્રતિબંધીત માર્ગ ::-

નગવાસ પટેલપાડા ખાતે આવેલ ક્રોસીંગ બ્રીજના કામ માટે ઝરોલી એમએસએન નગવાસ રોડ પરથી તમામ પ્રકારના વાહનોના આવન-જાવન માટે પ્રતિબંધીત માર્ગ તરીકે જાહેર કરવામાં આવે છે.

-:: ડાયવર્ઝન અંગેની વિગત ::-

ઝરોલી થી નગવાસ જવા તથા આવવા માટે ઝરોલી-ભિલાડ રોડ ઉપર થઈને આવન-જાવન કરી શકાશે.

-:: અમલવારી ::-

આ હુકમ તા.૨૭/૦૬/૨૦૨૫ થી તા.૩૦/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

-:: શિક્ષા ::-

આ જાહેરનામાના ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ની કલમ - ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે અને આ હુકમનો ભંગ થયેથી વલસાડ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સ્પેક્ટરથી નાયબ પોલીસ અધિક્ષક સુધીનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીઓને ફરિયાદ માંડવા આથી અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોંટાડીને સદરહુ વિસ્તારમાં જાહેર પ્રસિધ્ધ કરવાનું આથી ફરમાવું છું.

આજ તા.૨૬/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપેલ છે.

એમ. ડી. ચુડાસમા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
વલસાડ

પોલીસ કમિશનર દ્વારા

જાહેર હુકમ

ભારતીય નાગરિક સુરક્ષા સહિંતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનો.

File No.: PAN/OTH/e-file/454/2025/1096/Extra Chitnis.–આગામી તા.૦૭/૦૬/૨૦૨૪ ના રોજ મુસ્લિમ ધર્મનો "બકરી ઈદ" (ઈદ-ઉલ-અઝા) નો તહેવાર ઉજવવામાં આવનાર છે. આ તહેવારની ઉજવણી પ્રસંગે અમુક પ્રકારના જાનવરોની કુરબાની આપવામાં આવે છે અને આ કુરબાની જાહેર કે ખાનગી સ્થળે, મહોલ્લા કે ગલીમાં દેખાય તે રીતે કોઈપણ પશુની કતલ કરવાથી અન્ય ધર્મ/સમુદાયના લોકોની લાગણી દુભાવાના કારણે સુલેહશાંતિનો ભંગ થવાનો સંભવ રહે છે. આવી પરિસ્થિતીને ધ્યાને લેતાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારૂ ભારતીય નાગરિક સુરક્ષા સહિંતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબના પગલાં લેવા માટે પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાના પત્ર ક્રમાંક : એલ.આઈ.બી/જાહેરનામું/૧૭૪૯/૨૦૨૫ તા.૨૮/૦૫/૨૦૨૫ થી અત્રે દરખાસ્ત મોકલી આપેલ છે.

પંચમહાલ જિલ્લા હદ વિસ્તારમાં આવેલી મોટી મસ્જીદો, ઈદગાહોમાં બકરી ઈદના તહેવાર અન્વયે મ્હોટા પ્રમાણમાં લોકો નમાજ માટે એકત્રિત થવાની કે ઝુલુસ યોજવાની શક્યતા રહેલ હોય તેવા સંજોગોમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને લોક લાગણી દુભાય નહી તે સારૂ આ બાબતે પ્રતિબંધાત્મક જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાય છે.

વાસ્તે હું જે. જે. પટેલ (જી.એ.એસ), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, પંચમહાલ જિલ્લાના સમગ્ર મહેસુલી હદ વિસ્તારમાં નીચે જણાવેલ કૃત્યો ઉપર ભારતીય નાગરિક સુરક્ષા સહિંતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ સમગ્ર પંચમહાલ જિલ્લા હદ વિસ્તાર આટે તા.૦૪/૦૬/૨૦૨૫ ના રોજ ૦૦:૦૦ કલાક થી તા.૧૨/૦૬/૨૦૨૫ ના રોજ ૨૪:૦૦ કલાક સુધીના સમયગાળા માટે નીચે મુજબની વિગતે જાહેરનામું પ્રસિધ્ધ કરવા ફરમાવું છું.

પ્રતિબંધિત કૃત્યો

(૧) કોઈપણ વ્યક્તિએ કોઈપણ પશુની જાહેર કે ખાનગી જગ્યામાં, શેરીઓમાં કે મહોલ્લામાં વિગેરે જગ્યાએ કતલ કરવું નહી, તેમજ કોઈપણ પ્રાણીને શણગારીને એકલા અગર સરઘસ આકારે જાહેરમાં લઈ જવા કે ફેરવવા નહી.

(૨) કતલખાના ચલાવવાની સક્ષમ અધિકારી પાસેથી પરવાનગી મેળવેલ વ્યક્તિ/સંસ્થાને મુક્તિ આપવામાં આવેલ છે. તેઓએ કતલ કરેલ જાનવરના માંસ, હાડકા અને અવશેષો જાહેરમાં ફેંકવા નહી.

આ હુકમનો ભંગ કરનાર ઈસમ ભારતીય ન્યાય સહિંતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે પંચમહાલ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપલા દરજ્જાના તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાના ભંગ કરનાર સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૨૯/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૪) અન્વયે

File No: PAN/o/e-file/454/2025/1422/Extra Chitnis.-સેનાપતિશ્રી, રાજય અનામત પોલીસ દળ જુથ-૫, ગોધરાએ તેઓના તા.૦૪/૦૬/૨૦૨૫ ના પત્ર ક્રમાંક : વહટ/સીબી-૩/ફા. બટ/૨૯૮૧/૨૦૨૫ થી જણાવેલ છે કે, અધિક પોલીસ મહાનિદેશકશ્રી હથિયારી એકમો ગુજરાત રાજય ગાંધીનગરના પત્ર ક્રમાંક : ગ-૧/પાવાગઢ/ફા.બ./૪૦૩૨/૨૨ તા.૧૬/૦૭/૨૦૨૨ થી પાવાગઢ ફાયરીંગ બટ તેઓના યુનિટના હસ્તક મુકવામાં આવેલ હોઈ તે સ્થળે મીલેટ્રી. એન.સી.સી, એરફોર્સ, એસ.આર.પી યુનિટ તથા જીલ્લાના પોલીસની ફાયરીંગ પ્રેકટીસ તેમજ તેનો ઉપયોગ પંચમહાલ ઉપરાંત મહીસાગર, છોટાઉદેપુર, વડોદરા, દાહોદ, નર્મદા, ભરૂચ, અંકલેશ્વર, સુરત વિગેરે જિલ્લાના પોલીસ જવાનો, એસ.આર.પી.એફના જવાનો પણ ફાયરીંગ પ્રેકટીસ કરતાં હોઈ આ ફાયરીંગ પ્રેકટીસ માટે તા.૦૧/૦૭/૨૦૨૫ થી તા.૩૧/૦૮/૨૦૨૫ (બન્ને દિવસો સહિત) સુધીના આગામી બે માસના સમયનું પાવાગઢ ફાયરીંગ રેન્જ માટેનું જાહેર જનતા જોગનું જાહેરનામું ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૪) પ્રમાણે બહાર પાડવા દરખાસ્ત કરેલ છે.

આથી હું જે.જે.પટેલ (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૪) અન્વયે મળેલ સત્તાની રૂએ ફરમાવુ છું કે, પંચમહાલ જિલ્લાના પાવાગઢ ફાયરીંગ રેન્જ તા.૦૧/૦૭/૨૦૨૫ થી તા.૩૧/૦૮/૨૦૨૫ (બન્ને દિવસો સહિત) સેનાપતિશ્રી, રાજય અનામત પોલીસ દળ જુથ-૫, ગોધરાના યુનિટો માટે તથા રાજયના અન્ય પોલીસ દળો તથા મીલેટ્રી, એન.સી.સી, એરફોર્સ, એસ.આર.પી.એફ યુનિટો માટે ફાયરીંગ પ્રેકટીસ કરવા માટે રીઝર્વ રાખવું અને સદરહું જમીનમાં ઉકત સમય દરમ્યાન બહારના કોઈપણ અનધિકૃત શખ્સે દાખલ થવું નહિ.

આ હુકમ અન્વયે પંચમહાલ જિલ્લામાં ફરજ બજાવતાં એ.એસ.આઈ કે તેથી ઉપલા દરજજાના તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાના ભંગ કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ: ૧૯મી જુન-૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કર્યો.

જે.જે.પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
પંચમહાલ-ગોધરા

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ ૧૪૪ તળે બહાર પાડેલ

નં. આર્મ્સ/વશી/૧૮૪ થી ૧૯૮/૨૦૨૫.-ભારતનાં ચૂંટણી પંચ દ્વારા ૨૪- કડી વિધાનસભા પેટા ચૂંટણી, ૨૦૨૫ તથા ગ્રામપંચાયત સામાન્ય/ વિભાજન/ મધ્યસત્ર/ પેટા ચૂંટણી યોજવાનું જાહેર કરેલ છે. સદરહુ ચૂંટણી પ્રક્રિયા તા.૨૭/૦૬/૨૦૨૫ ના રોજ પૂર્ણ થનાર છે. મુખ્ય નિર્વાચન અધિકારી ગુજરાત રાજ્યના પરિપત્ર ક્રમાંક: ઈએલસી/૧૦૨૦૨૩/ ૨૩૫/છ(એમસીસી), તા.૦૪/૦૧/૨૦૨૪ થી આદર્શ આચારસંહિતાના અમલ –અન્વયે વિવિધ સુચનાઓ આપવામાં આવેલ છે. સદરહું ચૂંટણી દરમિયાન મહેસાણા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તેમજ મતદારો પોતાના મતનો ઉપયોગ મુક્ત અને નિર્ભય રીતે કરી શકે તે માટે તેમજ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા શાંતિમય વાતાવરણમાં થાય અને કોઈ વિક્ષેપો ઉભા ન થાય તે માટે જાહેર સુલેહ શાંતિનો ભંગ અટકાવવા જરૂરી જણાતું હોઈ ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ (૧૯૭૪ નો ૨-જો અધિનિયમ) ની કલમ ૧૪૪ મુજબ પગલાં લેવા માટે પુરતા કારણો છે.

જેથી હું એસ. કે. પ્રજાપતિ, IAS, જિલ્લા મેજીસ્ટ્રેટ, મહેસાણા ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ (૧૯૭૪ નો ૨-જો અધિનિયમ) ની કલમ ૧૪૪ તળે મને મળેલ અધિકારની રૂએ આથી ફરમાવું છું કે, આ હુકમના જાહેરાતના દિવસથી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી મહેસાણા જિલ્લાના દરેક પરવાનાદારે તેઓના હથિયાર જે તે સંબંધિત પોલીસ સ્ટેશન અથવા શસ્ત્ર નિયમો-૨૦૧૬ ના નિયમ-૪૮ની જોગવાઈ મુજબ જે આર્મ્સ ડિલર નમુના-૮માં પરવાનો ધરાવતા હોય તેઓ પાસે જમા કરાવવાના રહેશે. આર્મ્સ ડીલર પરવાનેદાર ધ્વારા હથિયાર જમા લેવામાં આવે તો તે અંગેની જાણ સબંધિત પોલીસ સ્ટેશનની કરવાની રહેશે. પરવાનેદારે હથિયારના કાર્ટિસ/દારૂગોળો જમા કરાવવાની જરૂરીયાત રહેશે નહી. જમા લીધેલ હથિયાર ચૂંટણી પ્રક્રિયા પુર્ણ થયા પછી પરત કરવાના રહેશે અને તેના માટે કોઈ પણ અલગ હુકમની જરૂરીયાત રહેશે નહી.

આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહી.

1. ફરજ પર રોકાયેલા પોલીસ કર્મચારી/અધિકારીઓ કે જેઓની ફરજના ભાગ રૂપે શસ્ત્રો રાખવાની પરવાનગી આપવામાં આવે છે.

2. મહેસાણા જિલ્લાના સમગ્ર વિસ્તારમાં આવેલ સરકારી, અર્ધસરકારી સંસ્થાઓ (બેન્ક, કોર્પોરેશન સહિત)ના નામે જે હથિયાર પરવાનો ધરાવતા હોય તેમને તેમના પરવાના વાળા હથિયારો જમા કરાવવામાંથી મુક્તિ આપવામાં આવે છે.

3. ઔદ્યોગિક એકમો, ખાનગી સંસ્થાઓ, ટ્રસ્ટો વગેરે પોતે પરવાના ધરાવતી હોય તે સંસ્થા અને માન્યતા ધરાવતી સિક્યુરીટી એજન્સીના ગનમેન કે જેઓ રાષ્ટ્રીયકૃત, સહકારી કે કોમર્શીયલ બેન્કો, એ.ટી.એમ. તથા કરન્સી ચેસ્ટની લેવડ દેવડ કરતા હોય તેવા હથિયાર ધારી સિક્યુરીટી ગાર્ડને તેમના હથિયાર જમા કરાવવામાંથી મુક્તિ આપવામાં આવે છે. આવા સિક્યુરીટી ગાર્ડે તેઓ જે એજન્સી/એકમમાં ફરજ બજાવતા હોય તે સંબંધિત એજન્સી/એકમનું ફોટોગ્રાફ સાથેનું ઓળખપત્ર પોતાની સાથે રાખવાનું રહેશે તેમજ જે તે સંબંધિત એજન્સી/એકમના અધિકૃત અધિકારીશ્રીએ આવા સિક્યુરીટી ગાર્ડની વિગતવાર માહિતી જે તે સંબંધિત પોલીસ સ્ટેશનને આપવાની રહેશે અને સંબંધિત પોલીસ સ્ટેશને આ અંગે નિયમોનુસારની ચકાસણી કરી લેવાની રહેશે.

4. શુટીંગની રમતના રમતવીર કે જેઓ વિવિધ સ્તરે રાષ્ટ્રીય રાઈફલ એસોસિએશનના સભ્ય છે અને તેમણે વિવિધ શુટીંગ સ્પર્ધામાં ભાગ લેવાનો થતો હોય જેમાં તેઓ તેમની રાઈફલનો ઉપયોગ કરે છે તેમને આ પ્રતિબંધોમાંથી મુક્તિ આપવામાં આવશે.

5. હથિયાર જમા કરાવવા બાબતે રચાયેલ સ્ક્રિનિંગ/કમિટિ દ્વારા મુક્તિ મળેલ હોય તેને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૧૯૫ની આદેશાત્મક જોગવાઈઓ ધ્યાને લઈ આ જાહેરનામાનો ભંગ બદલ ભારતીય ફોજદારી ધારાની કલમ -૧૮૮ અન્વયે ગુના કામે આ જાહેરનામા હેઠળ તપાસ કરવાના, જાહેરનામાના પાલન કરવાના, અને તપાસના અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાના પોલિસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરના કર્મચારીઓને રહેશે.

મે આજ તા.૦૩/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી બહાર પાડેલ છે.

એસ. કે. પ્રજાપતિ IAS,
જિલ્લા મેજીસ્ટ્રેટ
મહેસાણા

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ- ૩૭(૩) હેઠળનું:-

નં.એમએજી/જીપીએ/જાહેરનામું/વશી/૮૪૬/૨૦૨૫ મહીસાગર જિલ્લાના જાહેર સ્થળોએ વગર પરવાનગીએ ધરણા,રેલી,સરઘસ, દેખાવો જેવા કાર્યક્રમોમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા ન થાય, સુલેહ શાંતિનો ભંગ ન થાય, જિલ્લા/ તાલુકા સેવા સદને પોતાના કામ અર્થે આવતા નાગરિકોને કોઈ અગવડતા ન પડે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુસર નીચે અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં કોઈ મંડળી બનાવી ધરણા, પ્રતિક ધરણા, ભુખ હડતાળ પર બેસવા કે ઉપવાસ ઉપર બેસવા કે સરઘસ /રેલી કાઢવા ઉપર મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, હું સી.વી.લટા (જી.એ.એસ.),અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, મહીસાગર, માન જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, મહીસાગરના હુકમ ક્રમાંક/એમએજી/સત્તાસોંપણી જાહેરનામાં/વશી/૫૫૮૦/૨૦૧૯, તા. ૨૯/૭/૨૦૧૯થી મળેલ સત્તાની રૂએ નીચે અનુસૂચિ માં દર્શાવેલ વિસ્તારમાં આ જાહેરનામાં અન્વયે તા.૨૧/૦૬/૨૦૨૫ના કલાક ૦૦:૦૦ કલાકથી તા.૦૫/૦૭/૨૦૨૫ના કલાક ૨૪:૦૦ કલાક (બન્ને દિવસો સહિત) સુધીની મુદત માટે

અનધિકૃત/ગેરકાયદેસર રીતે કોઈપણ વ્યક્તિએ /વ્યક્તિઓને એકી સાથે કોઇ પણ જગ્યાએ ૪(ચાર) થી વધુ માણસો ભેગા થવા કે કોઈ મંડળી બનાવી ધરણા, પ્રતિક ધરણા, પ્રતિક દેખાવો, ભુખ હડતાળ પર બેસવા, ઉપવાસ કે આમરણાંત ઉપવાસ ઉપર બેસવા તેમજ સરઘસ/રેલી કાઢવા ઉપર માટે મનાઈ ફરમાવું છું.

અનુસુચિ

જિલ્લા સેવા સદન, મહીસાગર તથા જિલ્લાના લુણાવાડા, બાલાસિનોર, વિરપુર, સંતરામપુર, કડાણા તથા ખાનપુર(બાકોર), તાલુકા સેવા સદન તેમજ અન્ય તમામ સરકારી કચેરીઓની બહાર કે સદર જિલ્લા/તાલુકા સેવા સદનના પરિસરથી ૨૦૦ મીટરની ત્રિજયાનો વિસ્તાર"

આ જાહેરનામું નીચેની વ્યક્તિઓ/બાબતોને લાગુ પડશે નહી.

(૧) ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યક્તિઓને.

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યક્તિઓને.

(૩) લગ્નના વરઘોડા તથા સ્મશાનયાત્રાને.

(૪) અત્રેથી/સક્ષમઅધિકારી તરફથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને..

(૫) સરકારશ્રી ધ્વારા આયોજિત કાર્યક્રમો કે અભિયાન.

સદરહું જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ તથા ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે અને ક્ષેત્રાધિકાર ધરાવતા પોલીસ વિભાગના હેડ કોન્સ્ટેબલના દરજજાથી ઉતરતા ન હોય તેવા અધિકારીશ્રીને આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમો વિરુધ્ધ લેખિત ફરીયાદ નોંધવવા માટે અધિકૃત કરવામાં આવે છે.

લુણાવાડા તા.૧૯-૦૬-૨૦૨૫.

જાહેરનામું

-:: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું. ::-

નં.એમએજી/નો ફલાય ઝોન જાહેરનામું/વશી/૮૮૯/૨૦૨૫.-માન. મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય, શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ આગામી તા.૨૬/૦૬/૨૦૨૫ ના રોજ હેલીકોપ્ટર મારફતે "સાંગાવાડા" તા સંતરામપુર હેલીપેડ ઉપર તથા દિવડા કોલોની ખાતે કાર્યક્રમ સ્થળે પધારવાના હોય તેઓને સલામતીની “ઝેડ પ્લસ” કેટેગરીમાં સમાવેશ થતો હોવાથી તેઓની સલામતીને ધ્યાનમાં રાખી તા.૨૬/૦૬/૨૦૨૫ ના રોજ "સાંગાવાડા હેલીપેડ થી પી.એમ.શ્રી. મોડેલ હાઈસ્કુલ, દિવડાકોલોની ખાતે કાર્યક્રમ સ્થળ સુધીનો સમગ્ર વિસ્તાર” “નો-ફલાય ઝોન” તરીકે જાહેર કરવો જરૂરી જણાય છે.

વાસ્તે હું સી.વી.લટા (જી.એ.એસ),અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, મહીસાગર, માન.જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, મહીસાગરના હુકમ ક્રમાંક/એમએજી/સત્તાસોપણી જાહેરનામાં/વશી/૫૫૮૦/૨૦૧૯, તા.૨૯/૦૭/૨૦૧૯થી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મળેલ સત્તાની રૂએ “સાંગાવાડા હેલીપેડ થી પી.એમ.શ્રી. મોડેલ હાઈસ્કુલ, દિવડાકોલોની ખાતે કાર્યક્રમ સ્થળ સુધીનો સમગ્ર વિસ્તાર" ને “નો ફલાય ઝોન” જાહેર કરી ઉક્ત વિસ્તારમાં તા.૨૬/૦૬/૨૦૨૫ ના રોજ રીમોટ કન્ટ્રોલથી ચલાવવામાં આવતા ડ્રોન (DRONE), કવાડ કોપ્ટર (QUAD COPTER), પાવર્ડ એરક્રાફ્ટ (POWERED AIRCRAFT), તેમજ માઈક્રો લાઈટ એરક્રાફ્ટ (MICRO LIGHT AIRCRAFT), હેંગ ગ્લાઈડર/પેરાગ્લાઈડર (HANG GLIDER/PARA GLIDER), પેરા મોટર (PARA MOTOR) તેમજ હોટ એર બલુન્સ (HOT AIR BALLOONS) તથા પેરા જમ્પીંગ (PARA JUMPING) ચલાવવાની મનાઈ ફરમાવું છું.

આ હુકમ નીચેના વિભાગો/કચેરીઓને લાગુ પડશે નહી

સરકારી વિભાગો, પોલીસ વિભાગ અને સુરક્ષાબળોના ઉપરોક્ત સંસાધનોને તથા અત્રેથી પરવાનગી આપવામાં આવેલ હોય તેવા સંસાધનોને આ જાહેરનામામાંથી મુક્તિ આપવામાં આવે છે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે પોલીસ વિભાગના હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામું તા. ૨૬/૦૬/૨૦૨૫ ના રોજ અમલમાં રહેશે.

આજ તારીખ: ૨૪/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું પ્રસિધ્ધ કરેલ છે.

વંચાણે લીધા :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, મહીસાગર-લુણાવાડાના પત્ર ક્રમાંક : એલઆઈ.બી./જાહેરનામા/૩૨૮/૨૦૨૫,તા.૨૪/૦૬/૨૦૨૫

(૨) અત્રેના જાહેરનામા ક્રમાંક નં.એમએજી/સીસીટીવી/જાહેરનામું/વશી/૫૩૨/૨૦૨૫ તા.૨૪/૦૪/૨૦૨૫

હુકમ

-:: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું. ::-

નં.એમએજી/સીસીટીવી/જાહેરનામું/વશી/૮૭૭/૨૦૨૫.–રાજ્યમાં ગુપ્તચર સંસ્થાઓના વખતો વખત પ્રસિધ્ધ થતા અહેવાલો તથા વર્તમાનમાં અને ભુતકાળમાં બનેલ તથા અગાઉ જમ્મુ-કાશ્મીર ખાતે આતંકવાદી તત્ત્વો દ્વારા વિવિધ જગ્યાઓએ બોમ્બ બ્લાસ્ટ દ્વારા જાનહાની, માલ-મિલ્કતોને નુકશાન પહોચાડી ભયનો માહોલ સર્જવાની ઘટનાઓ ઘટેલ છે. આ પ્રકારની અસામાજીક પ્રવૃત્તિઓ આચરતા તત્ત્વો મોટે ભાગે રાજય બહાર, પર પ્રાંત વિસ્તારમાંથી પ્રવેશી ખાનગી વાહનોના ઉપયોગ દ્વારા હોટલો, ગેસ્ટ હાઉસ, ધર્મશાળા સહિતના જાહેર સ્થળોએ રોકાણ કરી ભૌગોલીક પરિસ્થિતીથી વાકેફ થઈ આ પ્રકારની પ્રવૃત્તિઓ આચરતા હોય છે.

અસામાજીક તત્ત્વો દ્વારા આચરવામાં આવતી ઉપરોક્ત પ્રકારની ગુન્હાકીય પ્રવૃત્તિઓના કારણે જાહેર સલામતી સુરક્ષા, તેમજ શાંતીનું વાતાવરણ જોખમાવાના કારણે આમ નાગરીકો જાહેર જનતા, પ્રજામાં, અસલામતી, અસુરક્ષાનો માહોલ ફેલાય છે, આ પ્રકારના તત્ત્વોને નિયંત્રણમાં લેવા તથા તેઓ ઉપર સઘન દેખરેખ રાખી શકાય, તેમજ આ પ્રકારની પ્રવૃત્તિઓ/બનાવો બનતા અટકાવી શકાય, તે હેતુસર હાઈ-વે રોડ પર આવેલ હોટલો, મોલ, શોપીંગ સેન્ટર, પેટ્રોલ પંપો, ટોલપ્લાઝા વિગેરે સ્થળો ખાતે સી.સી.ટી.વી.કેમેરા (નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ રાખવા અને તમામ અસામાજીક પ્રવૃત્તિઓ ઉપર મહદઅંશે અંકુશમાં લઈ શકાય તે અંગે આમુખ-૧ થી આગામી સમયમાં મહોરમ, રક્ષાબંધન, સ્વાતંત્ર્ય દિન, શીતળા સાતમ, જન્માષ્ટમી, પતેતી જેવા ધાર્મિક તહેવારો આવતા હોવાથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરવા માટે જાહેરનામાની મુદતમાં વધારો કરવા માંગણી કરેલ છે. સબબ કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ જોતાં ઉક્ત માંગણી વ્યાજબી જણાય છે.

મહીસાગર જિલ્લામાં ઉપરોક્ત બાબતે જાહેર સુરક્ષા, સલામતીની દ્રષ્ટિએ તકેદારીના પગલારૂપે આ કામે જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાતાં, સબબ હું, સી.વી.લટા(જી.એ.એસ.),અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહીસાગર માન.જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી,મહીસાગરના હુકમ ક્રમાંક/એમએજી/સત્તાસોંપણી જાહેરનામાં/વશી/૫૫૮૦/૨૦૧૯,તા.૨૯/૦૭/૨૦૧૯થી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવુ છુ કે, મહીસાગર જિલ્લાની હદ વિસ્તારમાં આવેલ તમામ હાઈ-વે ઉપરની હોટલો, મોલ, શોપીંગ સેન્ટર, ધર્મશાળાઓ, પેટ્રોલ પંપો, ટોલ પ્લાઝાઓ, જેવા સ્થળો ખાતે સબંધીત માલિકો, ટ્રસ્ટીઓ, વહીવટકર્તાશ્રીઓએ નીચે દર્શાવ્યા મુજબની વ્યવસ્થા કરવાની રહેશે.

(૧) જિલ્લામાં આવેલ તમામ પેટ્રોલ પંપો ખાતેના ફીલીંગ સ્ટેશન ઉપર તથા પેટ્રોલ પંપની બાજુમાં આવેલ દુકાનો ઉપર તથા હોટલોના ભોજન કક્ષ તથા બાજુમાં આવેલ દુકાનો ઉપર તથા હાઈ-વે ઉપર આવેલ તમામ ટોલ પ્લાઝાઓ ઉપર વાહનનો રજીસ્ટ્રેશન નંબર સ્પષ્ટ રીતે દેખાય તે રીતે, તેમજ મોલ તથા શોપીંગ સેન્ટરમાં આવતા જતા માણસોની અવર-જવર પર દેખરેખ રાખી શકાય અને વાહન ચોરી તથા ચીલઝડપ તથા ધાડ-લુંટ જેવા ગંભીર ગુના આચરતા ઈસમો પર નિગરાની રાખી શકાય તથા વાહન ચાલક તથા તેની બાજુમાં બેઠેલી વ્યક્તિનું વિડીયો રેકોર્ડીંગ થઈ શકે તે રીતે સી.સી.ટી.વી. કેમેરા નાઈટવીઝન કેમેરા (હાઈડેફીનેશન) સાથે ગોઠવવાના રહેશે.

(૨) સી.સી.ટી.વી. કેમેરા નાઈટવીઝન કેમેરા(હાઈડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમની વ્યવસ્થા કરવાની રહેશે.

(૩) સી.સી.ટી.વી. કેમેરાનો ડેટા ઓછામાં ઓછા ૧૫ દિવસ સુધી સંગ્રહ કરવા તથા તે જોવાની જવાબદારી જે તે જગ્યાના સંચાલકશ્રીની રહેશે.

(૪) બિલ્ડીંગના બહારના ભાગે પી.ટી.ઝેડ.કેમેરા ગોઠવવા.

(૫) તમામ પાર્કિંગની જગ્યાઓમાં સંપૂર્ણ જગ્યાનું કવરેજ થાય તે રીતે કેમેરા ગોઠવવા.

(૬) રીસેપ્શન સેન્ટર,લોબી,બેઝમેન્ટ તથા જાહેર પ્રજા માટે જ્યાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓનું સંપૂર્ણ કવરેજ થાય તે રીતે કેમેરાઓ ગોઠવવા.

જાહેરનામાંના અમલ અંગે ચકાસણીના કિસ્સાઓમાં રેકર્ડ/રજીસ્ટરો વિગેરેની ચકાસણી પોલીસ વિભાગના પો.સ.ઈ. થી નીચલા દરજ્જાના ન હોય તેવા અધિકારી જ કાર્યવાહી કરી શકાશે.

આ જાહેરનામુ તા.૨૮-૦૬-૨૦૨૫ થી તા. ૨૬-૦૮-૨૦૨૫ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ: ૨૭મી જુન, ૨૦૨૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

વંચાણે લીધા :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી,મહીસાગર-લુણાવાડાના પત્ર ક્રમાંકઃએલ.આઈ.બી./જાહેરનામા/૧૨૪૬/૨૦૨૫, તારીખઃ૨૪/૦૬/૨૦૨૫

(૨) અત્રેના જાહેરાનામા ક્રમાંક નંઃએમએજી/હોટલ/ગેસ્ટ હાઉસ/જાહેરાનામું/વશી/૫૩૦/૨૦૨૫.તારીખઃ૨૪/૦૪/૨૦૨૫

જાહેરનામું

-:: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું. ::-

નં.એમએજી/હોટલ/ગેસ્ટ હાઉસ/જાહેરનામું/વશી/૮૭૫/૨૦૨૫.–વંચાણે લીધેલ આમુખ-૧ના પત્રથી આગામી સમયમાં મહોરમ, રક્ષાબંધન, સ્વાતંત્ર્ય દિન, શીતળા સાતમ, જન્માષ્ટમી, પતેતી જેવા ધાર્મિક તહેવારો આવતા હોય જેથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરવા માટે સદર જાહેરનામા રીન્યુ કરવાની દરખાસ્ત કરવામાં આવેલ છે. તદુપરાંત સાંપ્રત પરિસ્થિતિમાં ત્રાસવાદી/અસામાજીક તત્વો હોટલો,ગેસ્ટહાઉસ કે ધર્મશાળામાં ગુપ્ત આશરો મેળવી, જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેર/લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશિશ કરતા હોય છે.બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો હોટલો, ગેસ્ટ હાઉસ કે ધર્મશાળામાં રૂમો ભાડે રાખીને રહેતા હોય છે તે જગ્યાઓ વિગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતીથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. આવા ગંભીર પ્રકારના ગુન્હાઓ ઉપર અંકુશ લાવવા તેમજ શોધી કાઢવા હોટલો, ગેસ્ટ હાઉસ કે ધર્મશાળામાં રૂમો ભાડે આપતા માલિકો પર થોડાંક નિયંત્રણો મુકવાનું દેશની સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે. અસામાજીક પ્રવૃત્તિઓ ઉપર મહદ અંશે અંકુશમાં લઈ શકાય તે અંગે અત્રેના આમુખ-૨ વાળા જાહેરનામાની મુદતમાં વધારો કરવા ઉચિત જણાયેલ છે.

સબબ, હું, સી.વી.લટા(જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહીસાગર, માન.જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી,મહીસાગરના હુકમ ક્રમાંક/એમએજી/સત્તાસોંપણી જાહેરનામા/વશી/૫૫૮૦/૨૦૧૯,તા.૨૯/૦૭/૨૦૧૯થી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, મહીસાગર જિલ્લાના વિસ્તારના હોટલો, ગેસ્ટ હાઉસ કે ધર્મશાળાના માલિકો દ્વારા દેશી/વિદેશના નાગરીકોને રૂમો ભાડેથી આપે ત્યારે તેની જાણ ૨૪ (ચોવીસ) કલાકમાં સંબંધિત પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે. તે સિવાય કોઈ વ્યકિતને હોટલો, ગેસ્ટ હાઉસ કે ધર્મશાળાના રૂમો ભાડે આપી શકશે નહીં અને નીચેની શરતોનું પાલન કરવાનું રહેશે.

(૧) હોટલ, ગેસ્ટ હાઉસ કે ધર્મશાળામાં વિદેશી નાગરીક આવે ત્યારે તેના પાસપોર્ટ, વીઝા અને ભારતમાં આવ્યા અંગેની ડીટેઈલ કોપી સહિતની લેવી.

(૨) વિદેશી નાગરીકના પાસપોર્ટ, વીઝા અને ભારતના સરનામા અને વિદેશી નાગરીક તરીકે નોંધણી કરાવેલ હોય તો રેસીડેન્સીયલ પરમીટની કોપી મેળવવી અને રેકર્ડમાં રાખવી.

(૩) વિદેશી નાગરીકને લગતાં સી-ફોર્મ નિયમ મુજબ સી-ફોર્મ ફોરેનર્સ રજીસ્ટ્રેશન રૂલ્સ સને ૧૯૩૯ નમુના મુજબના ફોર્મમાં ફોરેનર્સ બ્રાન્ચમાં ૨૪ (ચોવીસ) કલાકમાં રીપોર્ટ સહિત રજુ કરવાના રહેશે.

(૪) અજાણ્યા વિદેશી નાગરીકોને હોટલો, ગેસ્ટ હાઉસ કે ધર્મશાળામાં પ્રવેશ આપવો નહીં.

(૫) દેશી/વિદેશના વિઝીટરનું બુકીંગ કરાવનારના નામ, સરનામા, ટેલીફોન સહિતના નક્કર પુરાવા મેળવવા.

(૬) મહીસાગર જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં કે શહેરી વિસ્તારમાં કઈ જગ્યાએ રોકાઈ કોને મળવાના છે ? કેટલો સમય રોકાવાના છે ? તેની સંપુર્ણ વિગત મેળવવી.

(૭) કોઈપણ મુસાફરની શંકાસ્પદ હીલચાલ જણાયેથી તાત્કાલીક પોલીસને જાણ કરવી.

સદર જાહેરનામાંના ભંગ બદલ ગુન્હા બાબતની કાર્યવાહીના કિસ્સાઓમાં ગુન્હો દાખલ કરતાં પૂર્વે સબંધીત પેટા વિભાગના સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રીની પૂર્વ મંજુરી મેળવવાની રહેશે.

જાહેરનામાંના અમલ અંગે ચકાસણીના કિસ્સાઓમાં રેકર્ડ/રજિસ્ટરો વિગેરેની ચકાસણી પોલીસ વિભાગના હેડ કોન્સ્ટેબલથી નીચલા દરજ્જાના ન હોય તેવા અધિકારી જ કર્મચારી કાર્યવાહી કરી શકશે.

આ જાહેરનામુ તા.૨૮-૦૬-૨૦૨૫ થી તા. ૨૬-૦૮-૨૦૨૫ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ જાહેરનામું ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખઃ ૨૭મી જુન, ૨૦૨૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

વંચાણે લીધા :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, મહીસાગર-લુણાવાડાના પત્ર ક્રમાંકઃએલ.આઈ.બી./જાહેરનામાં/૧૨૪૬/૨૦૨૫, તા.૨૪/૦૬/૨૦૨૫.

(૨) અત્રેના જાહેરનામા પત્ર નં.એમએજી/રહેણાંક/મકાન ભાડા/નોંધણી/જાહેરનામું/વશી/૫૩૩/૨૦૨૫, તા.૨૪/૦૪/૨૦૨૫.

જાહેરનામું

-:: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું. ::-

નં.એમએજી/ઔદ્યોગિક/મકાન ભાડા/જાહેરનામું/વશી/૮૭૮/૨૦૨૫.–બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા ત્રાસવાદી અસામાજીક તત્ત્વો શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી, પોતે નક્કી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જીંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરતા આવા તત્વો રહેણાંક તથા ઔદ્યોગિક વિસ્તારોમાં મકાન, એકમો ભાડે રાખીને રહેતા હોય છે. તે જગ્યાઓ વિગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહીતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. સબબ આમુખ-(૧)થી આગામી સમયમાં મહોરમ, રક્ષાબંધન, સ્વાતંત્ર્ય દિન, શીતળા સાતમ, જન્માષ્ટમી, પતેતી જેવા ધાર્મિક તહેવારો આવતા હોવાથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરવા માટે જાહેરનામાંની મુદતમાં વધારો કરવા વિનંતી કરેલ હોઈ, જેથી ઔદ્યોગિક વિસ્તારોમાં મકાનો, એકમો ભાડે આપતા માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું દેશની સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

સબબ, હું, સી.વી.લટા(જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, મહીસાગર, માન. જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, મહીસાગરના હુકમ ક્રમાંક/એમએજી/સત્તાસોંપણી જાહેરનામાં/વશી/૫૫૮૦/૨૦૧૯, તા.૨૯/૦૭/૨૦૧૯થી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, મહીસાગર જિલ્લાના વિસ્તારમાં કોઈ ઔદ્યોગિક માલિક અગર તો આ માટે આવા એકમ, મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે એકમ, મકાન ભાડે આપે ત્યારે સબંધિત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને એકમ, મકાન ભાડે આપી શકશે નહી. ભાડે આપેલ એકમ, મકાનની વિગત, ભાડુઆત અને સબંધીત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોઈ તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

મિલ્કત ભાડે આપવા અંગેની પોલીસને જાણ કરવા માટેનું નિયત ફોર્મ	
ઔદ્યોગિક એકમો સહિત ભાડે આપેલ હોય તેની વિગત (ઔદ્યોગિક એકમ/મકાન/ટેનામેન્ટ/ફ્લેટ/ડુપ્લેક્ષ/દુકાન/ઓફીસ/ગોડાઉન/શેડ/પ્લોટ વિગેરે મિલ્કત)	
પોલીસ ઈન્સપેક્ટરશ્રી/પોલીસ સબ ઈન્સપેક્ટરશ્રી,.....પોલીસ સ્ટેશન, તા.....	
ઔદ્યોગિક એકમ, મકાન માલિકનું નામ શ્રી/શ્રીમતી.....	
જન્મ તારીખ (ઉંમર) ..... સરનામું.....	
ફોન નં. (ઘર) ..... (ઓફીસ) .....(મો).....	
ઔદ્યોગિક એકમ, મકાન ભાડે રાખનારનું નામ શ્રી / શ્રીમતી	
જન્મ તારીખ (ઉંમર) ..... ભાડે રાખેલ મિલ્કતનું સરનામું	
(ભાડે રાખેલ મિલ્કત) નો ફોન નંબર ..... (મો)	
કેટલા ટાઈમ માટે ભાડે આપેલ તે સમયગાળો .....રીન્યુઅલ તારીખ.....	
ભાડુઆતનું કાયમી વસવાટનું સરનામું (વતનનું)	
ફોન નં. (ઘર) .....(ઓફીસ).....(મો).....	
નોકરી/ધંધો/વ્યવસાયનું સરનામું.....	
ભાડુ કેટલું ₹ ..... ડીપોઝીટ ₹	
નિયમો	
૧.	આ ફોર્મ કાળી સહીવાળી પેનથી ભરવાનું રહેશે.
૨.	આ ફોર્મ સંપૂર્ણ ભરીને મકાન માલિક અને ભાડુઆતે કલાક ૧૮-૦૦ થી ૧૯-૦૦ સુધી જે તે પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાનું રહેશે.

૩.	આ ફોર્મ સંપૂર્ણ ભરાયા પછી તેની બે નકલ કાઢવાની રહેશે. જે તે પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. જેની એક નકલ પોલીસ સ્ટેશનના સહી-સિક્કા સાથે પરત આપશે જે સાચવી રાખવાની રહેશે.
૪.	તમારી મિલ્કત કોઈનો કબ્જો સુપ્રત કરતા હોય, જાત તપાસ કરવી આવશ્યક છે.
૫.	સીંગલ યુવક યુવતીઓને મિલ્કત ભાડે આપો ત્યારે તેના વાલીના સંમતિપત્ર અથવા તો કંપનીનો નિમણુંક પત્ર, અભ્યાસ કરતો હોય તો તેનો પુરાવો મેળવવાનો રહેશે જે આ સાથે સામેલ કરવું.
૬.	ભાડે રાખનારે તેમનું ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, ઈલેકશન કાર્ડ, કંપનીનો લેટરપેડ રજુ કરવાના રહેશે.
૭.	આ સાથે ₹ ૧૦૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર ભાડાના એગ્રીમેન્ટની નોટરી કરેલ ઝેરોક્ષ કોપી સાથે આપવાની રહેશે.
૮.	મિલ્કત ખાલી કરો ત્યારે લેખિતમાં પોલીસ સ્ટેશનમાં જાણ કરવાની રહેશે.
૯.	ઘણા કિસ્સામાં ધ્યાન ઉપર આવેલ છે કે, કરાર મુજબ ભાડુઆત ૧૧-માસ બાદ પણ મકાન ખાલી કરતા નથી. જેથી કરાર મુજબ ભાડુઆતે પોલીસ સ્ટેશનમાં તેની જાણ કરવાની જવાબદારી રહેશે.
૧૦.	બને ત્યાં સુધી આપણી મિલ્કત સાક્ષી/એજન્ટ/સબંધીઓને વચ્ચે રાખી આપવી.
૧૧.	આ ફોર્મ મહીસાગર જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનમાં એકસરખુ રહેશે, અને દરેક પોલીસ સ્ટેશનમાં થાણા ઈન્ચાર્જશ્રીએ માન્ય રાખવાનું રહેશે.
૧૨.	એજન્ટનું નામ શ્રી / શ્રીમતી.....
૧૩.	એજન્ટનું સરનામું .....
૧૪.	ફોન નં. (ઘર) .....(ઓફીસ).....(મો).....
	ભાડુઆતના સંબંધીની વિગત અને સરનામું .....
૧૫.	(૧)
	ફોન નં. (ઘર) .....(ઓફીસ).....(મો).....
૧૬.	(૨)
	ફોન નં. (ઘર).....(ઓફીસ).....(મો).....

ભાડુઆતનો પાસપોર્ટ સાઈઝનો ફોટો	એક મકાન માલિકનો પાસપોર્ટ સાઈઝનો ફોટો	પોલીસ સ્ટેશનનો સહી સિક્કો અને તારીખ
ભાડુઆતની સહી	મિલ્કત માલિકની સહી	એજન્ટની સહી

આ જાહેરનામુ તા.૨૮-૦૬-૨૦૨૫ થી તા. ૨૬-૦૮-૨૦૨૫ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ: ૨૭મી જુન, ૨૦૨૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

વંચાણે લીધા :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, મહીસાગર-લુણાવાડાના પત્ર ક્રમાંક : એલઆઈ.બી./જાહેરનામા/૧૨૪૬/૨૦૨૫,તા.૨૪/૦૬/૨૦૨૫

(૨) અત્રેના જાહેરનામા ક્રમાંક નં.એમએજી/મોબાઈલ/જાહેરનામું/વશી/૫૩૧/૨૦૨૫ તા.૨૪/૦૪/૨૦૨૫

જાહેરનામું

-:: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું. ::-

નં. એમએજી/મોબાઈલ/સીમકાર્ડ/જાહેરનામું/વશી/૮૭૬/૨૦૨૫.-રાજ્યમાં ગુપ્તચર સંસ્થાઓના વખતો-વખત પ્રસિધ્ધ થતા અહેવાલો, ઈનપુટો તથા વર્તમાનમાં અને ભુતકાળમાં બનેલ અને અગાઉ જમ્મુ કાશ્મીર ખાતે આતંકવાદી તત્ત્વો દ્વારા વિવિધ જગ્યાઓએ બોમ્બ બ્લાસ્ટ દ્વારા જાનહાની, માલ-મિલ્કતોને નુકશાન પહોચાડી ભયનો માહોલ સર્જવાની ઘટનાઓ ઘટેલ છે. તે આધારે હાલમાં બજારમાં મોબાઈલ ફોનના સીમકાર્ડ માન્ય પુરાવાની તેમજ ખરીદનાર વ્યક્તિની બરાબર ચકાસણી કર્યા વગર તેમજ બોગસ દસ્તાવેજોના આધારે સીમકાર્ડ મેળવતા હોય છે. અને તે સીમકાર્ડો આધારે રાજ્ય તેમજ જિલ્લામાં બનાવટી કોલ દ્વારા ધમકી આપવાના, ખંડણી માંગવાના, અપશબ્દો બોલવાના, મહિલાઓની જાતિય સતામણી કરવાન તેમજ ખોટી માહિતી આપવાના કિસ્સાઓ તથા ઘરફોડ ચોરીઓ, લુંટ-ધાડ, ચીલઝડપ વિગેરે ગુનાઓ પણ મોબાઈલ ફોન અને સીમકાર્ડનો ઉપયોગ કરી ચોરી કે લુંટમાં મેળવી બજારમાં વેચી દેતા હોવાનું ભુતકાળમાં બનેલ બનાવો પરથી જણાઈ આવેલ છે. તે માટે મોબાઈલ ફોન લે-વેચ કરતા દુકાનદારો ઉપર નિયંત્રણ મુકવું જરૂરી છે. ઘણી વખત તપાસ એજન્સીઓ મારફતે વપરાશ કરતા સુધી પહોચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે તેમણે કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ફોન ખરીદેલ જે મોબાઈલ ફોન ખરીદનાર/વેચનારને ચોરાયેલ અથવા ગુનામાં વપરાયેલ હોવાની માહીતી હોતી નથી. અને ગુનાના મુળ સુધી તપાસ એજન્સી પહોચે ત્યારે જાણવા મળે છે કે એમને કોઈ અજાણી વ્યક્તિએ આપેલ છે. જેના કારણે ચોક્કસ આરોપી પકડી શકાતો નથી. જે બાબતો ધ્યાને રાખી જિલ્લાના ડીસ્ટ્રીબ્યુટર/રીટેઈલર વિક્રેતાઓ દ્વારા મોબાઈલ સીમ કાર્ડ તેમજ જુના-નવા મોબાઈલ ફોન વેચાણ કરતી વખતે સીમકાર્ડ તથા મોબાઈલ ખરીદનાર વ્યક્તિનું માન્ય ઓળખ પત્ર તથા રહેઠાણના પુરાવાઓ વિગેરે દસ્તાવેજો ચકાસવા તેમજ સીમકાર્ડ તેમજ મોબાઈલ વેચાણ સંદર્ભમાં ખરીદ કરનારના નામ, સરનામાની માહિતીનું રજિસ્ટર નિભાવવા અને અસામાજીક પ્રવૃત્તિઓ ઉપર મહદઅંશે અંકુશમાં લઈ શકાય તે અંગે આમુખ-૧ થી આગામી સમયમાં મહોરમ, રક્ષાબંધન, સ્વાતંત્ર્ય દિન, શીતળા સાતમ, જન્માષ્ટમી, પતેતી જેવા ધાર્મિક તહેવારો આવતા હોવાથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરવા માટે જાહેરનામાની મુદતમાં વધારો કરવા વિનંતી કરેલ છે.

ઉપરોક્ત બાબતો ધ્યાને લઈને જિલ્લાના ડીસ્ટ્રીબ્યુટર/રીટેઈલર વિક્રેતા દ્વારા મોબાઈલના સીમ કાર્ડ વેચાણ કરતી વખતે ખરીદનાર વ્યક્તિનું માન્ય ઓળખપત્ર તથા રહેઠાણના પુરાવા વિગેરે દસ્તાવેજો ચકાસવા તેમજ સરનામાની માહિતીનું રજિસ્ટર નિભાવવા અંગે અને જિલ્લામાં બોગસ દસ્તાવેજોના આધારે સીમકાર્ડ ખરીદ કરી તે દ્વારા બનાવટી કોલ દ્વારા ધમકી આપવાના, ખંડણી માંગવાના, અપશબ્દો બોલવાના, મહિલાઓની જાતિય સતામણી કરવાના તથા ખોટી માહિતી આપવાના કિસ્સાઓ વધી રહેલ હોવાથી તેને અંકુશમાં લાવી શકાય તે માટે અત્રેના જિલ્લામાં જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાય છે.

સબબ, હું સી.વી.લટા(જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહીસાગર, માન. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, મહીસાગરના હુકમ ક્રમાંક એમએજી/સત્તાસોંપણી જાહેરનામાં/વશી/૫૫૮૦/૨૦૧૯, તા.૨૯/૦૭/૨૦૧૯થી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, મહીસાગર જિલ્લાના વિસ્તારમાં મોબાઈલમાં ઉપયોગમાં લેવામાં આવતા સીમકાર્ડ વેચાણ કરતા ડિસ્ટ્રીબ્યુટર/રિટેઈલર સીમકાર્ડ વેચાણ કરતાં પૂર્વે તે ખરીદ કરનાર વ્યક્તિનું ફોટો ઓળખકાર્ડ, રહેઠાણના પુરાવા વિગેરે દસ્તાવેજો મેળવી રાખવાના રહેશે. તથા તે અંગેનું રેકર્ડ રાખવાનું રહેશે. તેમજ રજીસ્ટર નીચેના નમુનામાં નિભાવવાનું રહેશે.

નવા/જુના મોબાઈલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અ. નં.	મોબાઈલ ફોનની વિગત / કંપની.	IMEI NO.	મોબાઈલ વેચનાર/ખરીદનારના નામ સરનામાની વિગત.	આઈ. ડી. પ્રુફની વિગત.
૧	૨	૩	૪	૫

નવા/જુના મોબાઈલ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અ. નં.	મોબાઈલ ફોનની વિગત / કંપની.	IMEI NO.	મોબાઈલ વેચનાર/ખરીદનારના નામ, સરનામાની વિગત.	આઈ. ડી. પ્રુફની વિગત.
૧	૨	૩	૪	૫

નવું સીમકાર્ડ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અ. નં.	સીમકાર્ડની વિગત / કંપની.	સીમકાર્ડ નંબર.	સીમકાર્ડ ખરીદનારના નામ, સરનામાની વિગત.	આઈ. ડી. પ્રુફની વિગત.	સીમકાર્ડ ખરીદનારની સહી.
૧	૨	૩	૪	૫	૬

જાહેરનામાંના અમલ અંગે ચકાસણીના કિસ્સાઓમાં રેકર્ડ/રજીસ્ટરો વિગેરેની ચકાસણી પોલીસ વિભાગના હેડકોન્સ્ટેબલથી નીચલા દરજ્જાના ન હોય તેવા અધિકારી જ કાર્યવાહી કરી શકશે.

આ જાહેરનામુ તા.૨૮-૦૬-૨૦૨૫ થી તા. ૨૬-૦૮-૨૦૨૫ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખઃ ૨૭મી જુન, ૨૦૨૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

વંચાણે લીધા :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, મહીસાગર-લુણાવાડાના પત્ર ક્રમાંકઃએલ.આઈ.બી./જાહેરનામાં/૧૨૪૬/૨૦૨૫, તા.૨૪/૦૨/૨૦૨૫.

(૨) અત્રેના જાહેરનામા પત્ર નં.એમએજી/રહેણાંક/મકાન ભાડા/નોંધણી/જાહેરનામું/વશી/૫૩૪/૨૦૨૪, તા.૨૬/૧૨/૨૦૨૪.

જાહેરનામું

-:: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું. ::-

નં.એમએજી/રહેણાંક/મકાન ભાડા/નોંધણી/જાહેરનામું/વશી/૮૩૯/૨૦૨૫.– બહારના રાજ્યમાંથી અગર દેશ બહારથી આવતા અસામાજિક તત્ત્વો દ્વારા સ્થાનિક લોકોની મદદથી ભાડેથી અથવા વેચાણથી રહેણાંક વિસ્તારમાં મકાન લઈ સ્થાનિક લોકોમાં ગુપ્ત રીતે ભળી જઈ સામાન્ય માણસોની જેમ રહી પોતાના બદ ઈરાદા પાર પાડી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરી તેમજ માનવ જિંદગીની ખુવારી કરી લોકોની સંપત્તિને નુકસાન કરી જતા રહેતા હોય છે અને પાછળથી તેઓના નામ સરનામા મળી શકતા નથી. અને ગુન્હાઓનો ભેદ ખુલી શકતો નથી. બહારના રાજ્યના (૫૨ પ્રાંતિય) ઈસમોને મકાન ભાડે આપવા અંગે અત્રેના સંદર્ભ-૨ વાળા જાહેરનામાની મુદતમાં વધારો કરવા વિનંતી કરેલ છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્ત્વો સ્થાનિક વિસ્તારોમાં કોઈના મકાન ભાડે રાખી રહેતા હોય છે અને જગ્યા વગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. આમુખ-૧ થી આગામી સમયમાં મહોરમ રક્ષાબંધન, સ્વાતંત્ર્યદિન, શીતળા સાતમ, જમાષ્ટમી, પતેતી જેવા આવતા હોવાથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરવા માટે જાહેરનામાંની મુદતમાં વધારો કરવા વિનંતી કરેલ હોઈ, જેથી ભાડેથી મકાન આપતા મકાન માલિકો ઉપર કેટલાંક નિયંત્રણો મૂકવાનું જરૂરી જણાય છે.

સબબ, હું,સી.વી.લટા(જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહીસાગર,માન.જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી,મહીસાગરના હુકમઃ ક્રમાંક/એમએજી/સત્તાસોંપણી જાહેરનામાં/વશી/૫૫૮૦/૨૦૧૯,તા.૨૯/૦૭/૨૦૧૯થી, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છુ કે, મહીસાગર જિલ્લાના વિસ્તારમાં કોઈ મકાન માલિક અગર તો આ માટે આવા મકાન ખાસ સત્તા આપેલ વ્યકિત જ્યારે મકાન ભાડે આપે ત્યારે સબંધિત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યકિતને મકાન ભાડે આપી શકશે નહિં. ભાડે આપેલ મકાનની વિગત ભાડુઆત અને સબંધિત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

અ.નં.	મકાન માલિકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગત વિસ્તાર મકાન નંબર	મકાન ભાડે આપવા સત્તા ધરાવતા વ્યકિતનું નામ સરનામું.	મકાન ક્યારે ભાડે આપેલ છે. ભાડાની વિગત સાથે કેટલા સમય માટે ભાડે આપેલ છે.	કઈ વ્યકિતઓને ભાડે આપેલ છે. તેમાં રહેનાર વ્યકિતના પાકા નામ સરનામાં	સ્થાનિક રીતે ભાડુઆતની ઓળખાણ આપનારનું નામ સરનામું.	મકાન માલિકને ભાડુઆતોનો સંપર્ક કરાવનાર વ્યકિતનું નામ સરનામું
૧	૨	૩	૪	૫	૬	૭

જાહેરનામાંના અમલ અંગે ચકાસણીના કિસ્સાઓમાં રેકર્ડ/રજીસ્ટરો વિગેરેની ચકાસણી પોલીસ વિભાગના પો.સ.ઈ. થી નીચલા દરજ્જાના ન હોય તેવા અધિકારી જ કાર્યવાહી કરી શકશે.

આ જાહેરનામુ તા.૨૮-૦૬-૨૦૨૫ થી તા. ૨૬-૦૮-૨૦૨૫ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખઃ ૨૭મી જુન, ૨૦૨૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

વંચાણે લીધા :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, મહીસાગર-લુણાવાડાના પત્ર ક્રમાંકઃ એલ.આઈ.બી.જાહેરનામાં/૧૨૪૬/૨૦૨૫, તા.૨૪/૦૬/૨૦૨૫.

(૨) અત્રેના જાહેરનામા પત્રનં.એમએજી/વાહન/ખરીદ/વેચાણ/જાહેરનામું/વશી/૫૩૫/૨૦૨૪, તા.૨૪/૦૪/૨૦૨૫.

જાહેરનામું

-:: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું. ::-.

નં.એમએજી/વાહન/ખરીદ/વેચાણ/જાહેરનામું/વશી/૮૮૦/૨૦૨૫.–રાજયમાં ગુમચર સંસ્થાઓના વખતો વખત પ્રસિધ્ધ થતા અહેવાલો વર્તમાન અને ભુતકાળમાં બનેલ અને અગાઉ જમ્મુ- કાશ્મીર ખાતે આંતકવાદી તત્વો ધ્વારા વિવિધ જગ્યાઓએ બોમ્બે બ્લાસ્ટ ધ્વારા જાનહાની, માલ મિલ્કતોને નુકશાન પહોંચાડી ભયનો માહોલ સર્જવાની ઘટનાઓ ઘટેલ છે અને આ ઘટનાઓમાં મોટે ભાગે બોમ્બ બ્લાસ્ટ માટે જુની ટુ,થ્રી,ફોર વ્હીલર ગાડીઓ જુના વાહનો તથા તેના સ્પેરપાર્ટોનો ઉપયોગ આ તત્વો ધ્વારા કરાતો હોય છે. આ પ્રકારની અસામાજીક પ્રવૃત્તિઓ આચરવા તત્વો મોટે ભાગે રાજય બહારના, પર પ્રાંત વિસ્તારમાંથી પ્રવેશી ભૌગોલીક પરિસ્થિતિથી વાકેફ થઈ આ પ્રકારની પ્રવૃત્તિ આચરતા હોય છે. જેના કારણે સલામતી સુરક્ષા તેમજ શાંતિનું વાતાવરણ જોખમાવાના કારણે આમ નાગરીક તેમજ પ્રજામાં અસુરક્ષાનો માહોલ ફેલાય છે અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ લથડતી હોય છે. આ પ્રકારના તત્વોને નિયંત્રણમાં લેવા સારૂ જુના ટુ વ્હીલર, થ્રી વ્હીલર, ફોર વ્હીલર, વાહનો ખરીદવા- વેચવા અંગે બી.એન.એસ.એસ. કલમ-૧૬૩ મુજબ જાહેરનામું બહાર પાડવામાં આવે અને તેનો અમલ પુરેપુરો કરાવવામાં આવે તો આંતકવાદી તત્વો ધ્વારા આચરવામાં આવતી બોમ્બ બ્લાસ્ટની પ્રવૃત્તિને અંજામ આપતા પહેલા જ અંકુશમાં લઈ શકાય તેમજ તે અંગે આમુખ-૧ થી આગામી સમયમાં મહોરમ રક્ષાબંધન, સ્વાતંત્ર્યદિન, શીતળા સાતમ, જમાષ્ટમી, પતેતી જેવા તહેવારો આવતા હોવાથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરવા માટે અત્રેના સંદર્ભ-૨ વાળા જાહેરનામાની મુદતમાં વધારો કરવા વિનંતી કરેલ છે. ઉપરોકત હકીકતે જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ, હું સી.વી.લટા(જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,મહીસાગર, માન.જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, મહીસાગરના હુકમ: ક્રમાંક/એમએજી/સત્તાસોંપણી જાહેરનામાં /વશી/૫૫૮૦/૨૦૧૯, તા.૨૯/૦૭/૨૦૧૯ થી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, મહીસાગર જિલ્લાના વિસ્તારમાં જુના ટુ વ્હીલર, થ્રી વ્હીલર, ફોર વ્હીલર, ગાડીઓ ખરીદનાર-વેચનાર વ્યક્તિઓએ નીચે મુજબનું રજીસ્ટર નિભાવવાનું રહેશે.

અનં.	વેચનારનું નામ સરનામું અને વેચવાનું કારણ	ખરીદનારનું પુરેપુરૂ નામ સરનામુ, મોબાઈલ નંબર	ખરીદનારનું આઈ.ડી.પ્રુફ તથા રેસીડન્ટ પ્રુફની વિગત	જૂનું વાહન ખરીદવાનું/ખરીદયા અંગેનું કારણ અને તારીખ.	એન્જીન/ચેસીસ નંબર, મોડલ નંબર, રજીસ્ટ્રેશન નંબર વિગેરેની વિગત અંગેની ઝેરોક્ષ રાખવી.
૧	૨	૩	૪	૫	૬

(૧) જૂનું ફોર વ્હીલર, થ્રી વ્હીલર અને ટુ વ્હીલર વાહનો ખરીદનારને અવશ્ય બીલ આપવું અને તેની સ્થળપ્રત કબજામાં રાખવી.

(૨) વેચાણ લેનાર ગ્રાહકનું ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, ઈલેકશન કાર્ડ , રેશનકાર્ડ કે નોકરી કરતા હોય તો ત્યાંનું ઓળખપત્ર કે શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનિક અગ્રણીઓ જેવા કે મ્યુનિસિપલ કોર્પોરેટર, ધારાસભ્યશ્રી, સંસદ સભ્યશ્રી, કોઈ પણ ખાતાના રાજ્યપત્રિત અધિકારીશ્રી તરફથી મેળવેલ ઓળખપત્ર/પ્રમાણપત્ર પૈકી કોઈપણ એક પુરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી આવા વાહનો વેચાણકર્તાએ મેળવવાનો રહેશે.

(૩) બીલમાં ખરીદનારનું પુરૂ નામ/સરનામું, સંપર્ક માટે ટેલીફોન/મોબાઈલ નંબર લખવો.

(૪) વેચાણ બીલમાં જુના વાહનનો એન્જીન નંબર, મોડલ નંબર, રજીસ્ટ્રેશન નંબર/ચેસીસ નંબર લખવો.

જાહેરનામાંના અમલ અંગે ચકાસણીના કિસ્સાઓમાં રેકર્ડ/રજીસ્ટરો વિગેરેની ચકાસણી પોલીસ વિભાગ ના હેડ કોન્સ્ટેબલથી નીચલા દરજ્જાના ન હોય તેવા અધિકારી જ કાર્યવાહી કરી શકશે.

આ જાહેરનામુ તા.૨૮-૦૬-૨૦૨૫ થી તા. ૨૬-૦૮-૨૦૨૫ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખઃ ૨૭મી જુન, ૨૦૨૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

વંચાણે લીધા :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી મહીસાગર, લુણાવાડાના પત્ર ક્રમાંક : એલ.આઈ.બી./જાહેરનામાં/૧૨૪૬/૨૦૨૫,તા.૨૪/૦૬/૨૦૨૫.

(૨) અત્રેના જાહેરનામાં પત્ર નં.એમએજી/શસ્ત્ર/ભાષણ/પ્રતિબંધ/જાહેરનામું/વશી/૫૩૬/૨૦૨૫, તા.૨૪/૦૪/૨૦૨૫

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૭(૧) હેઠળનું.

નં.એમએજી/શસ્ત્ર/ભાષણ/પ્રતિબંધ/જાહેરનામું/વશી/૮૮૧/૨૦૨૫.–અત્રેના મહિસાગર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનિય બનાવ ન બને તેની તકેદારી રાખવા માટે પોલીસ અધિક્ષકશ્રી, મહીસાગર-લુણાવાડાએ તેઓના આમુખ-૧ થી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) તળે સમગ્ર જિલ્લામાં હથિયારબંધી ફરમાવતું જાહેરનામું બહાર પાડવા વિનંતી કરેલ છે.

જે દરખાસ્ત જોતા અત્રેના જિલ્લામાં ઉપરોક્ત કલમ હેઠળ જાહેરનામું બહાર પાડવુ જરૂરી જણાઈ આવતાં, સબબ, હું સી.વી.લટા(જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, મહીસાગર, માન. જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, મહીસાગરના હુકમ ક્રમાંક/એમએજી/સત્તાસોંપણીજાહેરનામાં/વશી/૫૫૮૦/૨૦૧૯, તા.૨૯/૦૭/૨૦૧૯થી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છુ કે, નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ વિસ્તારમાં તા.૨૮-૦૬-૨૦૨૫ થી તા. ૨૬-૦૮-૨૦૨૫ (બન્ને દિવસો સહિત) સુધી કોઈએ.

૧. શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, લાકડી અથવા લાઠી અથવા શારીરિક ઈજા પહોચાડી શકે તેવુ કોઈપણ સાધન લઈ જવું નહી.

૨. કોઈપણ ક્ષયકારી અથવા સ્ફોટક દારૂગોળો વિગેરે પદાર્થો લઈ જવા નહી.

૩. પથ્થરો અથવા ફેકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા વસ્તુ ફેકવા કે ધકેલવાના યંત્રો સાથે લઈ જવા નહી.

૪. મનુષ્ય અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી બાળવા નહી.

૫. અપમાનો કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સૂત્રો પોકારવા નહી. અશ્લીલ ગીતો ગાવા નહી અને ટોળામાં ફરવું નહી.

૬. જે છટાદાર ભાષણ આપવાની, ચાળા પાળવાની, અથવા નકલ કરવાની તથા ચિત્ર, નિશાનીઓ, જાહેર ખબરો, અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય, અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની કે ચાળા વગેરે કરવાની અને ચિત્રો, નિશાનીઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

પરિશિષ્ટ

‘‘મહીસાગર જિલ્લાનો સમગ્ર વિસ્તાર’’

આ જાહેરનામું નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(૧) ફરજ પરના અધિકારીઓ કે કર્મચારીઓ કે હોમગાર્ડઝ, ગ્રામ રક્ષક દળના સભ્યો કે જેમને ફરજ નિમિત્તે હથિયાર રાખવાની આવશ્યકતા હોય તેને તેમજ સરકારી અધિકારી/કર્મચારી હથીયાર ધરાવતા હોય તેને.

(૨) જેઓને શારીરિક અશક્તિને કારણે લાઠી રાખવાની પરવાનગી આપેલ હોય તેને.

(૩) પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી થી ઉતરતા દરજ્જાના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને.

(૪) પોતાના લગ્ન પ્રસંગે તલવાર રાખેલ વરરાજાને.

(૫) યજ્ઞોપવિત્ર અપાતુ હોય તેવા બડવાઓને દંડ રાખેલ હોય તેને

(૬) પોલીસ અધિક્ષકશ્રી અગરતો તેઓશ્રીએ નિયુક્ત કરેલ અધિકારીશ્રીની કાયદેસરની પરવાનગી મેળવેલ વ્યક્તિને.

(૭) કિરપાણ રાખેલ શીખને.

(૮) ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ અથવા સરકારી કામે પ્રવાસ કરતા વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહી.

(૯) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગી ધરાવનારાઓને આ પ્રતિબંધ લાગુ પડશે નહી.

આ જાહેરનામાંના કોઈપણ ખંડનું ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ તથા ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૨૭મી જુન, ૨૦૨૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળનું:-

નં.એમએજી/જીપીએ/જાહેરનામું/વશી/૭૮૮/૨૦૨૫.–મહીસાગર જિલ્લાના જાહેર સ્થળોએ વગર પરવાનગીએ ધરણા, રેલી, સરઘસ, દેખાવો જેવા કાર્યક્રમોમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા ન થાય, સુલેહ શાંતિનો ભંગ ન થાય, જિલ્લા/તાલુકા સેવા સદને પોતાના કામ અર્થે આવતા નાગરિકોને કોઈ અગવડતા ન પડે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુસર નીચે અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં કોઈ મંડળી બનાવી ધરણા, પ્રતિક ધરણા, ભુખ હડતાળ પર બેસવા કે ઉપવાસ ઉપર બેસવા કે સરઘસ /રેલી કાઢવા ઉપર મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, હું સી. વી. લટા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, મહીસાગર, માન. જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, મહીસાગરના હુકમ ક્રમાંક/એમએજી/સત્તાસોંપણી જાહેરનામાં/વશી/૫૫૮૦/૨૦૧૯, તા.૨૯/૭/૨૦૧૯થી મળેલ સત્તાની રૂએ નીચે અનુસૂચિ માં દર્શાવેલ વિસ્તારમાં આ જાહેરનામાં અન્વયે તા.૦૬/૦૬/૨૦૨૫ના કલાક ૦૦:૦૦ કલાકથી તા.૨૦/૦૬/૨૦૨૫ના કલાક ૨૪:૦૦ કલાક (બન્ને દિવસો સહિત) સુધીની મુદત માટે અનધિકૃત/ગેરકાયદેસર રીતે કોઈપણ વ્યક્તિએ /વ્યક્તિઓને એકી સાથે કોઇ પણ જગ્યાએ ૪(ચાર) થી વધુ માણસો ભેગા થવા કે કોઈ મંડળી બનાવી ધરણા, પ્રતિક ધરણા, પ્રતિક દેખાવો, ભુખ હડતાળ પર બેસવા, ઉપવાસ કે આમરણાંત ઉપવાસ ઉપર બેસવા તેમજ સરઘસ/રેલી કાઢવા ઉપર માટે મનાઈ ફરમાવું છું.

અનુસુચિ

"જિલ્લા સેવા સદન, મહીસાગર તથા જિલ્લાના લુણાવાડા, બાલાસિનોર, વિરપુર, સંતરામપુર, કડાણા તથા ખાનપુર(બાકોર), તાલુકા સેવા સદન તેમજ અન્ય તમામ સરકારી કચેરીઓની બહાર કે સદર જિલ્લા/તાલુકા સેવા સદનના પરિસરથી ૨૦૦ મીટરની ત્રિજયાનો વિસ્તાર"

આ જાહેરનામું નીચેની વ્યક્તિઓ/બાબતોને લાગુ પડશે નહી.

(૧) ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યક્તિઓને.

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યક્તિઓને.

(૩) લગ્નના વરઘોડા તથા સ્મશાનયાત્રાને.

(૪) અત્રેથી/સક્ષમ અધિકારી તરફથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને..

(૫) સરકારશ્રી દ્વારા આયોજિત કાર્યક્રમો કે અભિયાન.

સદરહું જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ તથા ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે અને ક્ષેત્રાધિકાર ધરાવતા પોલીસ વિભાગના હેડ કોન્સ્ટેબલના દરજજાથી ઉતરતા ન હોય તેવા અધિકારીશ્રીને આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમો વિરુધ્ધ લેખિત ફરીયાદ નોંધવવા માટે અધિકૃત કરવામાં આવે છે.

વંચાણે લીધા:-

(૧) સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરનો પત્ર ક્રમાંક ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક તા.૨૮/૦૫/૨૦૨૫

(૨) સચિવશ્રી, રાજય ચૂંટણી આયોગ, સરદાર પટેલ ભવન, ગાંધીનગરના પત્ર ક્રમાંક:રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા. ૧૭/૧૧/૨૦૨૧.

જાહેરનામું :-

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનું.

નં.એમએજી/સ્થા.સ્વ.ચૂં.૨૦૨૫/૪૮ કલાક/જાહેરનામું/વશી/૮૩૭/૨૦૨૫.–આમુખ (૧) ની વિગતે રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા ગ્રામપંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ ૨૦૨૫ મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજવા અંગેનો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે મુજબ મહીસાગર જિલ્લાની ગ્રામપંચાયતોની ચૂંટણીનું મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ નિયત કરવામાં આવેલ છે તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ યોજાનાર છે. રાજ્ય ચૂંટણી આયોગના આમુખ (૨) ના પત્રથી આદર્શ આચારસંહિતાનો અગલ કરવા અંગે જરૂરી સુચનાઓ બહાર પાડેલ છે.

સ્થાનિક સ્વરાજ ચૂંટણીની જાહેર કરેલ આદર્શ આચારસંહિતા તથા પ્રકરણ ૨૫ના નિયમ ૭૨ થી ૭૫ હેઠળ મતદાન પુરૂ થવા માટે નિયત કરેલ રામય સાથે પુરા થતાં ૪૮ કલાકના સમયગાળામાં ચુંટણી પ્રચાર બંધ કરવાની જોગવાઈ છે. જે મુજબ મહીસાગર જિલ્લાના મતદાન વિસ્તારમાં તા.૨૦/૦૬/૨૦૨૫ના રોજ સાંજના ૦૬.૦૦ કલાકથી ચુંટણી પ્રચાર બંધ કરવાનો રહેશે.

સદર ચુંટણીઓ મુક્ત, ન્યાયી અને નિષ્પક્ષ વાતાવરણમાં યોજી શકાય તથા લોકો કોઈ પણ પ્રકારના ભય કે શેહશરમ વગર મતદાન કરી શકે તે માટે વાસ્તે, સી.વી.લટા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,મહીસાગર, માન, જિલ્લા મેજીરટ્રેટશ્રી, મહીસાગરના હુકમ ક્રમાંક/એમએજી/સત્તાસોંપણી જાહેરનામાં/વશી/૫૫૮૦/૨૦૧૯, તા.૨૯/૦૭/૨૦૧૯ પરત્વે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી ફરમાવુ છું કે,

સમગ્ર મહીસાગર જિલ્લાના હદ વિસ્તારમાં જયાં જયાં ગ્રામપંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ ૨૦૨૫ યોજાનાર છે તેવી ગ્રામ પંચાયતોની ચૂંટણી હેઠળના વિસ્તારોમાં આવેલ તમામ મતવિસ્તારોમાં તા.૨૦/૦૬/૨૦૨૫ના રાાંજના ૦૬.૦૦ કલાકથી તા.૨૨/૦૬/૨૦૨૫ ના સાંજના ૦૬.૦૦ કલાક સુધી નીચે મુજબની અમલવારી કરવા આદેશ ફરમાવું છું

:- કૃત્યો -:

કોઈ પણ વ્યક્તિ,

A. ચૂંટણી સંબધમાં કોઈ જાહેરસભા બોલાવશે નહી, યોજશે નહી, સંબોધન કરશે નહી કે સરઘસ કાઢશે નહી.

B. સિનેમેટોગ્રાફ, ટેલીવિઝન, એલ.ઈ.ડી અથવા આવા અન્ય સાધનોની સહાયથી ચૂંટણી સામગ્રી જાહેરમાં પ્રદર્શિત કરશે નહી.

C. મતદાન વિસ્તારમાં જાહેર જનતાને આકર્ષવાની દ્રષ્ટિએ જાહેરમાં કોઈ સંગીતનો જલસો, થીયેટરનો કાર્યક્રમ, કોઈ મનોરંજન કાર્યક્રમ યોજીની કે યોજવા માટેની વ્યવસ્થા કરી આપીને ચૂંટણી પ્રચાર કરશે નહી કે ચૂંટણીના પરીણામ પર અસર કરે તેવા ઈરાદાવાળી કોઈ પ્રવૃત્તિ કરશે નહી.

:- અપવાદ -:

1. મતદાન પુરૂ થવાના સમયની તુરંત પહેલાના ૪૮ કલાક ના સમયગાળા દરમ્યાન ઘેર ઘેર ફરીને ચુંટણી પ્રચાર કરવા પર પ્રતિબંધ નથી. પરંતુ આ સમયગાળા દરમયાન ચુંટણી પ્રચાર માટે ઘેર ઘેર મુલાકાત લેતી વખતે એક સાથે વધુમાં વધુ પાંચ વ્યક્તિ જઈ શકશે.

2. પ્રતિબંધના સમય દરમ્યાન પક્ષના કાર્યકરો /નેતાઓ જેના પર પક્ષનું પ્રતિક હોય તેવી ટોપી, મફલર પહેરી શકશે પરંતુ તેઓને બેનર્સ પ્રદર્શિત કરવાની મંજુરી આપે શકાશે નહી.

આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય ન્યાય સંહીતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે મહીસાગર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ ભારતીય ન્યાય સંહીતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ - ૧૩૫ મુજબ લેખિત ફરીયાદ નોંધાવવા માટે અધિકૃત કરવામાં આવે છે.

વંચાણે લીધા:-

(૧) સચિવશ્રી, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરનો પત્ર ક્રમાંક ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક તા.૨૮/૦૫/૨૦૨૫

(૨) સચિવશ્રી, રાજય ચૂંટણી આયોગ, સરદાર પટેલ ભવન, ગાંધીનગરના પત્ર ક્રમાંક:રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.-૧૩૮(૧)- ૧૧૨૦૨૧-ક, તા. ૧૭/૧૧/૨૦૨૧.

-: જાહેરનામું :-

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનું.

વિષય:- મતદાનના દિવસે મતદાન મથકની ૧૦૦ મીટરની ત્રિજયામાં અનઅધિકૃત વ્યક્તિએ પ્રવેશ કરવા પર પ્રતિબંધ મૂકવા બાબત.

નં.એમએજી/સ્થા.સ્વ.ચૂં.૨૦૨૫/૧૦૦ મીટર/જાહેરનામું/વશી/૮૦૦/૨૦૨૫.—આમુખ (૧) ની વિગતે રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા ગ્રામપંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ ૨૦૨૫ મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજવા અંગેનો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે મુજબ મહીસાગર જિલ્લાની ગ્રામપંચાયતોની ચૂંટણીનું મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ નિયત કરવામાં આવેલ છે તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ યોજાનાર કે. રાજ્ય ચૂંટણી આયોગના આમુખ (૨) ના પત્રથી આદર્શ આચારસંહિતાનો અમલ કરવા અંગે જરૂરી સુચનાઓ બહાર પાડેલ છે.

સદરહું ચૂંટણી સંદર્ભે મતદાનના દિવસે મતદારો મુકત અને ન્યાયી રીતે મતદાન કરી શકે તથા મતદાન પ્રક્રિયામાં કોઈ ખલેલ ન પહોંચે તે જરૂરી હોઈ તેમજ સુલેહશાંતિનો ભંગ થતો અટકાવી શકાય તથા શાંતીપૂર્ણ અને નિષ્પક્ષ મતદાન થાય તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે મતદાન કેન્દ્રની અંદર તથા તેની ૧૦૦ મીટરના અંતરમાં (ત્રિજયામાં) અમુક કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

વાસ્તે હું સી. વી. લટા (G.A.S.),અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, મહીસાગર, માન.જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, મહીસાગરના હુકમ ક્રમાંક/એમએજી/સત્તાસોપણી જાહેરનામાં/વશી/૫૫૮૦/૨૦૧૯, તા.૨૯/૦૭/૨૦૧૯થી તથા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ મળેલ સત્તાની રૂએ મહીસાગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી પરત્વે સમગ્ર મહીસાગર જિલ્લાના હદ વિસ્તારમાં જયાં જયાં ગ્રામપંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ ૨૦૨૫ યોજાનાર છે તેવી પંચાયતોઓના ચૂંટણી હેઠળના વિસ્તારોમાં આવેલ તમામ મતદાન કેન્દ્રો ઉપર તથા તેની ૧૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં તા.૨૨/૦૬/૨૦૨૫ના રોજ ૦૦:૦૦ કલાકથી સાંજના ૨૦:૦૦ કલાક સુધી તેમજ પુનઃ મતદાન કરવાની જરૂર પડે જે તે મતદાન કેન્દ્રો ઉપર તા.૨૪/૦૬/૨૦૨૫ ના રોજ ૦૦:૦૦ કલાકથી સાંજના ૨૦:૦૦ કલાક સુધી નીચેના કૃત્રો કરવાની મનાઈ ફરમાવું છું.

(એ) પ્રતિબંધિત કૃત્યોઃ-

1. મત માટે પ્રચાર કરવા પર.
2. મતદારોને ધાક-ધમકી આપીને કે રંજાડીને મતદાન કરવા જતા અટકાવવા પર.
3. કોઈપણ મતદારને મત આપવા આગ્રહપૂર્વક વિનંતી કરવા પર.
4. અમુક ઉમેદવારને મત ન આપવા માટે કોઈ મતદારને સમજાવવા પર.
5. કોઇ મતદારને ચૂંટણીમાં મત ન આપવા સમજાવવા પર.
6. ચૂંટણીને લગતી (સરકારી નોટીસ સિવાયની) કોઈ નોટીસ કે નિશાની પ્રદર્શિત કરવા પર.
7. સેલ્યુલર/મોબાઈલ ફોન, કોડલેસ ફોન, પેજર, વાયરલેસ સેટ અને સંદેશાવ્યવહાર કે રેકોર્ડીંગ થઈ શકે તેવા અન્ય કોઈપણ પ્રકારના ઈલેક્ટ્રોનીક ઉપકરણો લઈ જવા પર.
8. વાહનો સાથે આવવા પર.
9. મતદાન મથકમાં મતદાન માટે આવેલ મતદાર, ઉમેદવાર તથા ચૂંટણી પંચે અધિકૃત કરેલ વ્યકિત સિવાયની વ્યકિતએ પ્રવેશ કરવા પર.
10. રાજકીય પક્ષોના પ્રતિકો કે ઉમેદવારોના પ્રતિકો લાવવા પર કે કોઇ નિશાનીઓ રાખવા પર.
11. એક ઉમેદવારના એકથી વધારે મતદાન મથક એજન્ટને હાજર રહેવા પર.
12. કોઈપણ પક્ષના ચિન્હવાળી સ્લીપો વહેંચવા પર.
13. મતદાન સમય દરમિયાન મતદાન એજન્ટોને મતદાર યાદી મતદાન મથકની બહાર લઈ જવા પર.

(બી) નીચે મુજબના કૃત્યો કરવા ફરમાવું છું.

1. મતદાન મથકે મતદાન માટે (૧) મહીલા મતદારો માટે, (૨) પુરૂષ મતદારો માટે અને (૩) સીનીયર સીટીઝન તથા દિવ્યાંગ મતદારો માટે એમ ત્રણ જુદી જુદી લાઈન કરાવવાની રહેશે. સિનિયર સીટીઝન તથા દિવ્યાંગ મતદારોને મતદાન માટે અગ્રતા આપવી તેમજ બે મહીલા મતદારો પછી એક પુરૂષ મતદાર મતદાન કરવા માટે મતદાન મથકમાં પ્રવેશે તે મુજબની વ્યવસ્થા કરવાની રહેશે.
2. મતદાન મથકમાં પ્રવેશવા માટે મતદારોએ એક લાઈનમાં ઉભા રહેવાનું રહેશે. પરંતુ સ્ત્રી મતદારો માટે અલગ લાઈનની વ્યવસ્થા હોય તો તેઓએ અલગ લાઈનમાં ઉભા રહેવાનું રહેશે.
3. મતદારોએ મતદાન મથકમાં એક પછી એક વારાફરતી ક્રમમાં પ્રવેશવાનું રહેશે.
4. મતદારોએ મત આપ્યા બાદ તુરંતજ મતદાન મથક છોડી દેવાનું રહેશે.

આ જાહેરનામામાં નીચે મુજબ અપવાદ છે :-

કાયદો અને વ્યવસ્થાના ઈન્ચાર્જ અધિકારીઓ, મતદાન મથક નજીક ફરજ ઉપર મુકેલ સલામતી કર્મચારીઓ, ચૂંટણી આયોગે નિમેલ નિરીક્ષકો અને ચૂંટણી ફરજ પરના અધિકારીઓ સહીતના મતદાનની ફરજનો હવાલો ધરાવતા અધિકારી/કર્મચારીને ઉપર ક્રમ નં. ૭ તથા ૮ ની બાબતો લાગુ પડશે નહી.

આ આદેશનો ભંગ કરી જો કોઈ વ્યકિત પાસે મોબાઈલ ફોન, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ, વોકીટોકી સેટ જેવા સાધન મળી આવશે તો સ્થળ પરના સુરક્ષા અધિકારી આ સાધનો જપ્ત કરી શકશે.

આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય ન્યાય સંહીતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે. આ જાહેરનામાં અન્વયે મહીસાગર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ ભારતીય ન્યાય સંહીતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ - ૧૩૫ મુજબ લેખિત ફરીયાદ નોંધાવવા માટે અધિકૃત કરવામાં આવે છે.

વંચાણે લીધા:-

(૧) સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરનો પત્ર ક્રમાંક ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક તા.૨૮/૦૫/૨૦૨૫

(૨) સચિવશ્રી, રાજય ચૂંટણી આયોગ, સરદાર પટેલ ભવન, ગાંધીનગરના પત્ર ક્રમાંક:રાચપ-ચટણ-સીઓસી-સ્થા.વ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા. ૧૭/૧૧/૨૦૨૧.

જાહેરનામું :-

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનું.

વિષય:- ગ્રામપંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ ૨૦૨૫ અન્વયે મતગણતરીના દિવસે કાયદો અને વ્યવસ્થા જાળવવા બાબત.

નં.એમએજી/સ્થા.સ્વ.ચૂં.૨૦૨૫/ મતગણતરી દિવરા/જાહેરનામું/વશી/૮૩૮/૨૦૨૫.—આમુખ (૧) ની વિગતે રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા ગ્રામપંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ ૨૦૨૫ મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજવા અંગેનો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે મુજબ મહીસાગર જિલ્લાની ગ્રામપંચાયતોની ચૂંટણીનું મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ નિયત કરવામાં આવેલ છે તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ યોજાનાર છે. રાજ્ય ચૂંટણી આયોગના આમુખ (૨) ના પત્રથી આદર્શ આચારસંહિતાનો અમલ કરવા અંગે જરૂરી સુચનાઓ બહાર પાડેલ છે.

સબબ મુક્ત અને ન્યાયી રીતે ચુંટણી પ્રક્રિયા દરમ્યાન સુલેહ શાંતિનો ભંગ થતો અટકાવી શકાય તે માટે મતગણતરી મથકે મતગણતરીના દિવસે એટલે કે તા.૨૫/૦૬/૨૦૨૫ના રોજ મતગણતરી શરૂ થાય અને મતગણતરીની કાર્યવાહી પૂરી ન થાય ત્યાં સુધી કાયદો અને વ્યવસ્થા જાળવવા મતગણતરી મથકની અંદર તથા તેની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં કોઈપણ વ્યક્તિને મોબાઈલ, સેલ્યુલર ફોન, પેજર, કોર્ડલેસ ફોન અને વાયરલેસ સેટ/ વોકી-ટોકી,લેપટોપ સાથે પ્રવેશવા ઉપર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

વાસ્તે, સી.વી.લટા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, મહીસાગર, માન.જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, મહીસાગરના હુકમ ક્રમાંક/એમએજી/સત્તાસોંપણી જાહેરનામાં/વશી/૫૫૮૦/૨૦૧૯, તા.૨૯/૦૭/૨૦૧૯ પરત્વે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી ફરમાવુ છું કે,

1. તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ મહીસાગર જિલ્લાના જે તે તાલુકાના મત ગણતરી કેન્દ્ર ખાતે તેની અંદર તથા તેની આજુબાજુના ૧૦૦ મીટરની ત્રિજ્યામાં કોઈ પણ વ્યક્તિ મોબાઈલ, સેલ્યુલર ફોન, પેજર, કોર્ડલેસ ફોન અને વાયરલેસ સેટ /વોકી-ટોકી, લેપટોપ સાથે લઈ જઈ શકશે નહિ અથવા તેનો ઉપયોગ કરી શકશે નહિ.

2. મતગણતરી કેન્દ્રમાં કે તેની આજુબાજુ ૧૦૦ મીટરની ત્રિજયામાં કોઈ પણ વ્યક્તિ વાહનો સાથે આવી શકશે નહી.

3. મતગણતરી કેન્દ્રમાં ઉમેદવાર, ઉમેદવારના ચૂંટણી એજન્ટ/મતગણતરી એજન્ટ, મતગણતરીની કામગીરી સાથે સંકળાયેલ અધિકારીશ્રી/કર્મચારીશ્રી તથા ચૂંટણી પંચે અધિકૃત કરેલ વ્યક્તિ સિવાયની વ્યક્તિ પ્રવેશી શકશે નહી.

4. મતગણતરી કેન્દ્રમાં કોઈ પણ વ્યક્તિ રાજકીય પક્ષના પ્રતિકો કે ઉમેદવારોના પ્રતિકો કે કોઈ નિશાનીઓ લાવી શકશે નહી.

આ આદેશનો ભંગ કરીને જો કોઈ વ્યક્તિ પાસે મોબાઈલ, સેલ્યુલર ફોન પેજર, કોર્ડલેસ ફોન અને વાયરલેસ સેટ /વોકી-ટોકી,લેપટોપ જેવા સાધનો મળી આવશે તો સ્થળ પરના કાયદો અને વ્યવસ્થાના ઈન્ચાર્જ સુરક્ષા અધિકારી આ સાધનો જપ્ત કરી શકશે.

આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે. આ જાહેરનામા અન્વયે મહીસાગર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ - ૧૩૫ મુજબ લેખિત ફરીયાદ નોંધાવવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાના નિયંત્રણો મતગણતરી કેન્દ્રના ફરજ પરના કાયદો અને વ્યવસ્થાના પોલીસ વિભાગના અધિકારીઓ/કર્મચારીઓ, રાજય ચૂંટણી આયોગે નિમેલ અધિકારીશ્રીઓ, નિરીક્ષકો તથા નિરીક્ષકોના લાયઝન અધિકારીશ્રીઓ, અને ચૂંટણી ફરજ પરના અધિકારીઓ/કર્મચારીઓને લાગુ પડશે નહી.

આ જાહેરનામું તા.૨૫/૦૬/૨૦૨૫થી મતગણતરી પૂર્ણ ન થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

વંચાણે લીધા:-

(૧) સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરનો પત્ર ક્રમાંક ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક તા.૨૮/૦૫/૨૦૨૫

(૨) સચિવશ્રી, રાજય ચૂંટણી આયોગ, સરદાર પટેલ ભવન, ગાંધીનગરના પત્ર ક્રમાંક:રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા.૧૭/૧૧/૨૦૨૧.

જાહેરનામું :-

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનું.

વિષય:- ચૂંટણી પ્રચાર રામય પૂર્ણ થયા બાદ જે-તે મતદાર ક્ષેત્રના મતદાર સિવાયના રાજકીય કાર્યકર્તાઓના તે મતદાર ક્ષેત્રમાં રહેવા પર પ્રતિબંધ બાબત.

નં.એમએજી/ગ્રા.પં.ચૂં.૨૦૨૫/મતદાર ક્ષેત્રમાં પ્રતિબંધ/જાહેરનામું/વશી/૮૩૯/૨૦૨૫.—આમુખ (૧) ની વિગતે રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા ગ્રામપંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ ૨૦૨૫ મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજવા અંગેનો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે મુજબ મહીસાગર જિલ્લાની ગ્રામપંચાયતોની ચૂંટણીનું મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ નિયત કરવામાં આવેલ છે તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ યોજાનાર છે. રાજ્ય ચૂંટણી આયોગના આમુખ (૨) ના પત્રથી આદર્શ આચારસંહિતાનો અમલ કરવા અંગે જરૂરી સુચનાઓ બહાર પાડેલ છે.

સ્થાનિક સ્વરાજ ચૂંટણીની જાહેર કરેલ આદર્શ આચારસંહિતા તથા પ્રકરણ ૨૫ના નિયમ ૭૨ થી ૭૫ હેઠળ મતદાન પુરૂ થવા માટે નિયત કરેલ સમય સાથે પુરા થતાં ૪૮ કલાકના સમયગાળામાં ચુંટણી પ્રચાર બંધ કરવાની જોગવાઈ છે. જે મુજબ મહીસાગર જિલ્લાના મતદાન વિસ્તારમાં તા.૨૦/૦૬/૨૦૨૫ના રોજ સાંજના ૦૬.૦૦ કલાકથી ચુંટણી પ્રચાર બંધ કરવાનો રહેશે.

સદર ચુંટણીઓ મુક્ત, ન્યાયી અને નિષ્પક્ષ વાતાવરણમાં યોજી શકાય તથા લોકો કોઈ પણ પ્રકારના ભય કે શેહશરમ વગર મતદાન કરી શકે તે માટે વાતે, સી.વી.લટા (જી.એ.એસ.),અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,મહીસાગર, માન.જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, મહીસાગરના હુકમ ક્રમાંક/એમએજી/સત્તાસોંપણી જાહેરનામાં/વશી/૫૫૮૦/૨૦૧૯, તા.૨૯/૦૭/૨૦૧૯ પરત્વે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી ફરમાવુ છું કે,

સમગ્ર મહીસાગર જિલ્લાના હદ વિસ્તારમાં જયાં જયાં ગ્રામપંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ ૨૦૨૫ યોજાનાર છે તેવી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી હેઠળના વિસ્તારોમાં આવેલ તમામ મતવિસ્તારોમાં તા.૨૦/૦૬/૨૦૨૫ના સાંજના ૦૬.૦૦ કલાકથી તા.૨૨/૦૬/૨૦૨૫ ના સાંજના ૦૬.૦૦ કલાક સુધી નીચે મુજબની અમલવારી કરવા આદેશ ફરમાવું છું.

મહીસાગર જિલ્લામાં ગ્રામપંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ ૨૦૨૫ પરત્વે સમગ્ર મહીસાગર જિલ્લાના હદ વિસ્તારમાં જયાં જયાં ચૂંટણીઓ યોજાનાર છે તેવા વિસ્તારોમાં ચૂંટણી પ્રચાર સમય પૂર્ણ થયા બાદ જે-તે મતદાર ક્ષેત્રના મતદાર સિવાયના રાજકીય કાર્યકર્તાઓ/રાજકીય પદાધિકારીઓ/પક્ષના કાર્યકરો/સરઘસ કાઢનારાઓ/ચૂંટણી પ્રચારકો વગેરે કે જેઓને મતદાર વિભાગની બહારથી લાવવામાં આવ્યા હોય અને જેઓ તે મતદાર વિભાગના મતદારો ન હોય તેઓ ચૂંટણી પ્રચારના અંત આવતા જે તે મતવિભાગમાં રહી શકશે નહી અને તાત્કાલિક જે તે મતવિભાગ છોડવાનો રહેશે.

અલબત્ત, જે તે સંસદીય/વિધાનસભા મત વિભાગમાંથી ચૂંટાયેલા સંસદ સભ્ય/વિધાનસભાના સભ્યને તેઓ જે તે મતવિભાગના મતદાર હોય કે ન હોય તો પણ તેઓ મતવિભાગમાં રહી શકશે પરંતુ તેઓ ઉપર મુજબ ચુંટણી પ્રચારનો અંત આવ્યા પછી જે તે મત વિભાગમાં પ્રચાર કરી શકશે નહી. વધુમાં ઉક્ત ૪૮ કલાક દરમ્યાન સંસદ સભ્ય/ધારાસભ્ય જે સંસદીય/વિધાનસભા મતવિભાગમાંથી ચુંટાયેલા હોય તે મત વિભાગમાં જ રોકાશે તથા અન્ય મત વિભાગની મુલાકાત લેશે નહી.

આ જાહેરનામાની અમલવારી સુનિશ્ચિત કરવા મહીસાગર જિલ્લાના પોલીસ તંત્ર તથા જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓએ તથા તાલુકા મથકના અધિકારીઓએ સાર્વજનિક સભા ખંડો, હોટલ, રેસ્ટોરન્ટ, વીશી અને અતિથિગૃહોની ઘનિષ્ઠ તપાસણી કરાવી તથા મતદાર વિસ્તારની હદમાં તપાસ નાકા ઉભા કરવા અને બહારથી આવતા વાહનોની અવર-જવર ઉપર દેખરેખ અને તપાસ રાખી, ચૂંટણી પ્રચાર અર્થે બહારથી આવેલ કોઈ લોકો મતદાર વિભાગમાં રોકાયેલ નહી હોવાની ખાતરી કરવી.

આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય ન્યાય સંહીતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે મહીસાગર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ ભારતીય ન્યાય સંહીતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ મુજબ લેખિત ફરીયાદ નોંધાવવા માટે અધિકૃત કરવામાં આવે છે.

વંચાણે લીધા:-

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, મહીસાગર લુણાવાડાના પત્ર ક્રમાંક :-જા.નં.પરીક્ષા/૨૦૨૫/૮૮૩૪, તા.૦૯/૦૬/૨૦૨૫.

જાહેરનામું :-

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનું.

નં.એમએજી/SSC-HSC Purak EXAM-2025/જાહેરનામું/વશી/૭૯૯/૨૦૨૫.–ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા એસ.એસ.સી/એચ.એસ.સીની પૂરક પરીક્ષા તા.૨૩/૦૬/૨૦૨૫ થી તા.૦૩/૦૭/૨૦૨૫ દરમિયાન મહીસાગર જિલ્લાના નીચે મુજબના પરીક્ષા કેન્દ્રો/બિલ્ડીંગો ઉપર લેવાનાર છે. આ પરીક્ષાનું સંચાલન સરળતાપૂર્વક થાય, અસામાજીક તત્વોના ત્રાસ અને ભય વગર ખંડ નિરીક્ષકો નિરીક્ષણ કાર્ય કરી શકે, તથા પરીક્ષાર્થીઓ શાંતિમય અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં નિર્ભયતાપૂર્વક તથા ગેરરીતી કરવાના પ્રલોભનથી દોરવાયા વગર પરીક્ષા આપી શકે તે માટે પરીક્ષા કેન્દ્રો ખાતેના સ્થળોને પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, મહીસાગર લુણાવાડાએ વંચાણે લીધેલ આમુખથી પરીક્ષા શાંતિથી અને નિર્વિઘ્ને પાર પડે તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તે માટે પરીક્ષા કેન્દ્રની આસપાસ ૧૬૩ની કલમ હેઠળ જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરતા આ કામે પ્રતિબંધક હુકમ પ્રસિધ્ધ કરવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું સી.વી.લટા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, મહીસાગર, માન.જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, મહીસાગરના હુકમ ક્રમાંક/એમએજી/સત્તાસોંપણી જાહેરનામાં/વશી/૫૫૮૦/૨૦૧૯, તા.૨૯/૦૭/૨૦૧૯ થી ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મળેલ સત્તાની રૂએ ઉપરોક્ત હેતુસર તા.૨૩/૦૬/૨૦૨૫ થી તા.૦૩/૦૭/૨૦૨૫ (બન્ને દિવ્સો સહિત) ના રોજ સવારના ૮-૦૦ કલાકે થી રાત્રિના ૨૦-૦૦ કલાક સુધીના સમયગાળા માટે અત્રેના જિલ્લામાં નીચે મુજબના પરીક્ષા કેન્દ્રો/બિલ્ડીંગો ખાતે નીચે દર્શાવેલ કૃત્યો કરવા પર મનાઈ ફરમાવુ છું કે,

SSC (ધોરણ-૧૦) પૂરક પરીક્ષા જુન-જુલાઈ-૨૦૨૪ પરીક્ષા કેન્દ્રો અને બિલ્ડીંગોની યાદી

ક્રમ	બિલ્ડીંગનું નામ
૧	હાજી. જી. યુ. પટેલ હાઈસ્કૂલ, મધવાસ દરવાજા, લુણાવાડા
૨	વેલ્હેમ્સ ઈન્ટરનેશનલ સ્કૂલ, લુણાવાડા
૩	સ્વામી વિવેકાનંદ હાઈસ્કૂલ, પશુદવાખાના પાસે, લુણાવાડા
૪	સરદાર પટેલ વિદ્યાલય, ચાર કોસિયા નાકા, લુણાવાડા

HSC (ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ) પૂરક પરીક્ષા જુન-જુલાઈ-૨૦૨૪ પરીક્ષા કેન્દ્રો અને બિલ્ડીંગોની યાદી

ક્રમ	બિલ્ડીંગનું નામ
૧	આદર્શ વિદ્યાલય લુણાવાડા

HSC (ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ) પૂરક પરીક્ષા જુન-જુલાઈ-૨૦૨૪ પરીક્ષા કેન્દ્રો અને બિલ્ડીંગોની યાદી

ક્રમ	બિલ્ડીંગનું નામ
૧	સ્વામી વિવેકાનંદ હાઈસ્કૂલ, લુણાવાડા
૨	પંચશીલ હાઈસ્કૂલ, લુણાવાડા
૩	એસ.કે. હાઈસ્કૂલ, રાજમહેલ બ્રાન્ચ, ફુવારા ચોક, લુણાવાડા

૧. પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સંબંધિત કામગીરીમાં રોકાયેલા ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઈ બિનઅધિકૃત વ્યક્તિઓએ અવર-જવર કરવી નહિ. કાયદેસરની ફરજ બજાવનારાઓને કોઈપણ પ્રકારે અડચણ કે અવરોધ કરવો કે કરાવવો, તેમજ કોઈપણ ઈસમે કોઈપણ પ્રકારની તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા /કરાવવામાં સીધી કે આડકતરી મદદગારી કરવી કે કરાવવા ઉપર, પરીક્ષાર્થી ઉમેદવારોની શાંતિ અને લેખનકાર્યમાં અડચણ-વિક્ષેપ-ધ્યાનભંગ થાય તેવુ કોઈ કૃત્ય કરવું/કરાવવા ઉપર,

૨. પરીક્ષાર્થીઓ, શિક્ષકો, સંચાલકો, વહીવટી કર્મચારીઓ, જાહેર જનતા કે ફરજ પરના તમામ સ્ટાફએ પરીક્ષા સબંધી ચોરી કરી શકાય તેવી કોઈ વસ્તુ, અથવા ઈલેક્ટ્રોનીક આઈટમ જેવી કે મોબાઈલ ફોન, કેમેરા, સ્માર્ટવોચ, સ્માર્ટબેન્ડ, લેપટોપ, કોમ્પ્યુટર, કેલ્ક્યુલેટર, બ્લુટુથ, ઈયરફોન તથા તેવા બીજા ઈલેક્ટ્રોનિકસ ગેઝેટસ/ઉપકરણોના ઉપયોગ કરવા તથા પુસ્તકો, કાપલીઓ, ઝેરોક્ષ નકલો કે પરીક્ષાલક્ષી કોઈપણ પ્રકારનું સાહિત્ય પરીક્ષાના દિવસે પરીક્ષા ખંડમાં લઈ જવા. વહન કરવા કે તેમાં મદદગારી કરવા ઉપર,

૩. પરીક્ષાખંડમાં શાંતિપૂર્ણ રીતે પરીક્ષાર્થીઓને, અન્ય કોઈ વ્યક્તિ અથવા જાતે પરીક્ષામાં ચોરી કરવી કે, કરાવવી, તે પ્રકારના કામમાં મદદગારી કરવી તેમજ પરીક્ષાલક્ષી કોઈપણ પ્રકારના સાહિત્યની આપ-લે કરવી કે કરાવવા ઉપર, પરીક્ષામાં થતી ગેરરીતિ અટકાવવાના હેતુથી ઉપર મુજબના પરીક્ષા કેન્દ્રના ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં આવેલ ઝેરોક્ષ કોપી સેન્ટર, ઝેરોક્ષ કોપીઅર મશીન, ફેક્સ મશીન સંચાલકોએ કોપીઅર મશીનનો ઉપયોગ પરીક્ષાના દિવસ દરમ્યાન સવારના ૮-૦૦ કલાક થી ૨૦-૦૦ કલાક સુધી સદંતર બંધ રાખવાના રહેશે.

૪. પરીક્ષા કેન્દ્રની આજુબાજુ બિનજરૂરી ટોળા ભેગા થવા પર, કોઈ અનઅધિકૃત વ્યક્તિ પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ કરવા પર, પરીક્ષા કેન્દ્રમાં પરીક્ષા ચાલતી હોય તે સમયે પરીક્ષાને લગતી અનઅધિકૃત લેખન સામગ્રી પરીક્ષા કેન્દ્રમાં લઈ જવા પર.

૫. પરીક્ષા કેન્દ્રની આજુબાજુના વિસ્તારમાં માઈક/લાઉડ સ્પીકર/ડી.જે. સાઉન્ડ વગાડવા પર.

આ જાહેરનામા અન્વયે મહીસાગર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ વિભાગના હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા. ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

સી.વી.લટા
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
મહીસાગર-લુણાવાડા

જાહેરનામું

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનું.

નં.ડીસી/એમએજી-૧/ગ્રામપંચાયત/ચૂંટણી/જાહેરનામું/હથિયાર બંધી/એસ.આર.નં.૯૬/૨૦૨૫.—ગુજરાતના રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ ૨૦૨૫ નો ચૂંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. તે મુજબ અમદાવાદ જિલ્લામાં ગ્રામ પંચાયતોની ચૂંટણીનું મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ના રોજ યોજાનાર છે. તેમજ જો પુન: મતદાન યોજવાનું થાય તો તેની તા.૨૪/૦૬/૨૦૨૫ તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ના રોજ હાથ ધરાનાર છે. ચૂંટણીઓ દરમિયાન કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરવા સંબંધે ભારતના બંધારણની જોગવાઈ હેઠળ શાંતિપૂર્ણ, મુકત અને ન્યાયી મતદાન માટે તેમજ ચૂંટણીઓ શાંતિપૂર્ણ, સુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજવા નિવારક પગલાંના ભાગરૂપે વિવિધ પગલાંઓ લેવા જરૂરી છે.

ચૂંટણીઓ દરમિયાન હથિયારો દ્વારા બળ પ્રદર્શન તેમજ શસ્ત્રોની હેરાફેરી પર મનાઈ ફરમાવવી જરૂરી હોઈ, જાહેર શાંતિ અને સલામતીની જાળવણી તેમજ ચૂંટણીઓ નિષ્પક્ષ, ન્યાયી અને શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાય તે માટે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ બી. આર. સાગર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો આથી અમદાવાદ પોલીસ કમિશનર, અમદાવાદ શહેરની હકુમત સિવાયનો મહેસૂલી વિસ્તારમાં સમાવિષ્ટ ગ્રામ પંચાયતો પૈકી ૬૪ ગ્રામ પંચાયતમાં સામાન્ય/વિભાજન/મધ્યસત્ર અને ૧૭૭ ગ્રામ પંચાયતમાં પેટા એમ મળી કુલ-૨૪૧ ગ્રામ પંચાયતોના મતદાર વિભાગમાં સમાવિષ્ટ વિસ્તારોમાં રહેતા દરેક પ્રકારના હથિયારોના પરવાનેદારોને આદેશ કરૂ છું કે તેઓએ તેમની પાસેના પરવાનાવાળા દરેક પ્રકારના હથિયાર કે હથિયારો આ જાહેરનામું બહાર પડયાની તારીખથી દિવસ-૭ માં જિલ્લાના સંબંધકર્તા પોલીસ સ્ટેશન ખાતે અનામત જમા કરાવી દેવા અને સંબંધકર્તા પોલીસ સ્ટેશનોએ તથા પોલીસ હેડ કર્વાટરએ સંબંધિત પોલીસ સ્ટેશનના વિસ્તારોમાં રહેતાં હથિયાર પરવાનો ધરાવતાં તમામ વ્યકિતઓના હથિયાર કે હથિયારો જમા કરાવવા આવે તેમાટે પગલાં લેવા તેમજ તમામ હથિયારો જમા થઈ ગયાં અંગેની જાણ અત્રેની કચેરીને કરવી.

આ આદેશ અમદાવાદ જિલ્લામાં જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી તથા સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીઓ તરફથી આપવામાં આવેલ હોય તેવા હથિયારના પરવાનેદારોએ તેમજ દેશના કોઈ પણ રાજ્ય/જિલ્લાના કોઈ પણ હથિયાર લાયસન્સ આપનાર સત્તાધિકારી પાસેથી હથિયાર લાયસન્સ મેળવેલ હોય તેમને પણ લાગુ પડશે તેમજ આ આદેશ સમગ્ર અમદાવાદ જિલ્લામાં કોઈપણ વિસ્તારમા રહેતા અથવા અમદાવાદ જિલ્લાની મુલાકાતે આવેલ તમામ હથિયાર પરવાના ધારકોને પણ લાગુ પડશે. હથિયાર ખરીદ વેચાણ કરતા પરવાનેદારો હથિયાર ખરીદ વેચાણ આ સમયગાળા દરમ્યાન કરશે તો પણ હથિયારની સોપણી આ જાહેરનામાની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થતાં સુધી એટલે કે તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી પરવાનાધારકને કરી શકશે નહી. સંબંધિત પોલીસ સ્ટેશને પરવાનેદારને તેમનું હથિયાર તા.૨૮/૦૬/૨૦૨૫ પછી પરત કરવાનું રહેશે અને તેમના માટે કોઈ અલગ હુકમની જરૂરત રહેશે નહી.

જે હથિયાર પરવાનાઓની મુદત પૂર્ણ થયેલ હોય અને રીન્યુઅલ અર્થે અત્રેની કચેરીમાં કે સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરીમાં રજૂ કરેલ હોય તેવા હથિયાર પરવાના હેઠળના હથિયારો પરવાનાની ઝેરોક્ષ નકલ, રીન્યુ અરજી રજૂ કર્યાની સંબંધિત કચેરીની કોમ્પ્યુટરાઈઝડ પહોંચ કે જેમાં સહીની જરૂર રહેતી નથી તેવી પહોચ તથા રીન્યુ ફી ભર્યા અંગેના ચલણની નકલની ખરાઈ કરી જમા લેવાના રહેશે અને તેવી જ રીતે ચૂંટણી પ્રક્રિયાપૂર્ણ થયે પરંત સોપવાના રહેશે.

ચૂંટણી પ્રક્રિયા શરૂ થયેલ હોઈ યોગ્ય સમયમાં નોટીસ બજાવી શકાય તેમ ન હોઈ અને સુનાવણી આપવાનું શક્ય ન હોઈ ઉપર પેરામાં જણાવેલ હુકમ હું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ જાહેર કરું છું.

જાહેરનામામાં સમાવિષ્ટ થતો વિસ્તાર

અમદાવાદ જિલ્લા (ગ્રામ્ય) વિસ્તારના દસ્ક્રોઈ, ધોળકા, વિરમગામ, સાણંદ, માંડલ, દેત્રોજ, ધંધુકા, બાવળા, ધોલેરા, ઘાટલોડીયા તાલુકાઓમાં સમાવિષ્ટ ગ્રામ પંચાયતોના મતદાર વિભાગમાં સમાવિષ્ટ વિસ્તારો

આ આદેશમાંથી નીચેના હથિયાર પરવાનેદારોને મુકિત આપવામાં આવે છે.

(અ) અમદાવાદ જિલ્લામાં આવેલ સરકારી, અર્ધસરકારી સંસ્થાઓ (બેક, કોર્પોરેશન સહિત), સ્થાનીક સ્વરાજયના સંસ્થાના નામે જે હથિયાર પરવાનો ધરાવતાં હોય તથા જે રાજય કે રાષ્ટ્રીય લેવલની શુટીંગ સ્પર્ધામાં ભાગ લેનાર સ્પોર્ટસ પર્સન તરીકે પરવાનો ધરાવે છે.

(બ) માન્યતા ધરાવતી સિકયુરીટી એજન્સીઓના ગનમેન કે જેઓ રાષ્ટ્રીયકૃત, સરકારી કે કોમર્શીયલ બેન્કો, એ.ટી.એમ. તથા કરન્સી ચેસ્ટની લેવડ-દેવડ કરતાં હોય તેવા હથિયારધારી સિકયુરીટી ગાર્ડ. આવા સિકયુરીટી ગાર્ડએ તેઓ બેન્કમાં સિકયુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતાં હોવાનું સંબંધિત બેન્ક મેનેજરનું પ્રમાણપત્ર તેઓના ફોટોગ્રાફ સાથેનું પોતાની પાસે રાખવાનું રહેશે.

(ક) કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકારના આધિકારીઓ/કર્મચારીઓ, કે જેઓને કાયદા મુજબ હથિયાર ધારણ કરવાની મંજુરી આપેલ છે અથવા ચૂંટણીની ફરજ ઉપર છે.

(ડ) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ એ ખાસ પરવાનગી આપેલ હોય.

હથિયારના પરવાનેદારોએ સંબંધિત પોલીસ સ્ટેશનમાં પરવાનાવાળા હથિયારો જમા કરાવવાના રહેશે, તેના કાર્ટીસ/દારૂગોળો જમા કરાવવાની જરૂર નથી.

આ આદેશનું પાલન નહી કરનાર શસ્ત્ર અધિનિયમ, ૧૯૫૯ ની કલમ-૨૫ હેઠળ તેમજ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ સજાને પાત્ર થશે.

આ જાહેરનામું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ની જોગવાઈ મુજબ હુકમની તારીખથી એટલે કે, તા.૨૮/૦૫/૨૦૨૫ થી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ રોજ તા.૨૮/૦૫/૨૦૨૫ના રોજ આ આદેશ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

જાહેરનામું

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનું.

નં.ડીસી/એમએજી-૧/ગ્રામપંચાયત/ચૂંટણી/જાહેરનામું/જાહેર મિલ્કત/એસ.આર.નં.૯૭/૨૦૨૫.—ગુજરાતના રાજય ચૂંટણી આયોગ દ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ ૨૦૨૫ નો ચૂંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. તે મુજબ અમદાવાદ જિલ્લામાં ગ્રામ પંચાયતોની ચૂંટણીનું મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ના રોજ યોજાનાર છે. તેમજ જો પુન: મતદાન યોજવાનું થાય તો તેની તા.૨૪/૦૬/૨૦૨૫ તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ના રોજ હાથ ધરાનાર છે. સદરહું ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન વિશાળ કટઆઉટ, પાટીયા, બેનર તથા ચૂંટણી પ્રચારને લગતા અન્ય સાહિત્ય વિગેરેના ઉપર જરૂરી નિયંત્રણ રાખવાનું જરૂરી જણાયેલ છે.

ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા જાહેર માર્ગની બંને બાજુ વાહનવ્યવહારથી ધમધમતા ચાર રસ્તા, શેરીઓ, નાકા, જાહેરમાર્ગ, માલીકીના મકાનો વિગેરે ઉપર વિશાળ પોસ્ટરો, બેનર, રાજકીય અગ્રણીઓના કટઆઉટ વિગેરે ઉભા/પ્રદર્શિત કરવામાં આવે છે. તે જ રીતે સરકારી અથવા સ્થાનિક સ્વરાજયની સંસ્થાના મકાનો તથા વીજળી/ટેલીફોનના થાંભલા જેવી સરકારી મિલ્કતો ભીતસુત્રો ધ્વજા, ભીતચિત્રો વિગેરે લગાવવામાં આવે છે. આના લીધે ટ્રાફીકની સમસ્યા ઉભી થવા સંભવ છે જેના કારણે રાહદારીઓની અસલામતી વધે છે તેમજ જાહેર રસ્તાઓ અથવા સાર્વજનિક જગાનો અયોગ્ય ઉપયોગ થવા સંભવ છે. આથી આ માટે જરૂરી કાર્યવાહી કરવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું, બી. આર. સાગર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો આથી અમદાવાદ પોલીસ કમિશનર, અમદાવાદ શહેરની હકુમત સિવાયનો મહેસુલી વિસ્તારમાં સમાવિષ્ટ ગ્રામ પંચાયતો પૈકી ૬૪ ગ્રામ પંચાયતમાં સામાન્ય/વિભાજન/મધ્યસત્ર અને ૧૭૭ ગ્રામ પંચાયતમાં પેટા એમ મળી કુલ-૨૪૧ ગ્રામ પંચાયતોના મતદાર વિભાગમાં સમાવિષ્ટ વિસ્તારોમાં તા.૨૮/૦૫/૨૦૨૫ થી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી (બંને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) રાજય સરકારના, નગરપાલીકાઓ અથવા સરકારી બોર્ડ/નિગમો/પંચાયતની માલીકીના રસ્તાઓ, મકાનો અથવા અન્ય કોઈ જાહેર જગ્યાઓ ઉપર કોઈપણ રાજકીય પક્ષ અથવા ગ્રામ પંચાયતોના ઉમેદવારો દ્વારા અથવા આવા ઉમેદવારો માટે કોઈ મંડળ, સંગઠન અથવા વ્યકિત દ્વારા સમાચાર બોર્ડ અથવા જાહેર નોટીસ ન હોય એવા કોઈપણ પ્રકારના કટઆઉટ, જાહેરાત પાટીયા, પોસ્ટર, ધજા, પતાકા, બેનર્સ મુકી શકાશે નહિ કે દિવાલો ઉપર ચિત્રો દોરાવી શકાશે નહિ કે કમાનો/દરવાજા ઉભા કરી શકાશે નહિ. આવી મિલ્કતો ભાડે આપી હશે તો પણ મુકી શકાશે નહિં.

(૨) કોઈપણ રાજકીય પક્ષ કે ચૂંટણીના ઉમેદવારોએ જાહેર મિલ્કતો કે ખાનગી મિલ્કતો ઉપર ચૂંટણી જાહેરાત-પ્રચાર કરતા પોસ્ટરો, સુત્રો, બેનરો, પડદા, લખાણો વગેરે સબંધિત સંસ્થા, કચેરી કે માલિકની સંમતિ/ધોરણસરની પરવાનગી સિવાય ચોટાડવા નહિ કે લખવા નહિ કે લગાડવા નહિ. ચૂંટણી પ્રચાર અર્થે કોઈ કટઆઉટ, દરવાજા કે કમાનો ઉભા કરવા નહિં.

(૩) જાહેર સ્થળોએ સક્ષમ સ્થાનિક સત્તાધિકારીની મંજુરી પ્રમાણે નિયત રકમની ચુકવણીથી ચૂંટણી પ્રચાર માટે હોર્ડીંગ્સ પ્રદર્શિત કરી શકાશે. પરંતુ, ચૂંટણીની જાહેરાત કરી દીધેલ હોઈ આવી જગા કે હોર્ડીંગ્સની સાઈઝ હવે વિસ્તારી શકાશે નહિ કે ઘટાડી શકાશે નહિ.

(૪) કોઈપણ રાજકીય પક્ષે અને ઉમેદવારોએ કે તેમના ટેકેદારોએ અન્ય પક્ષોએ યોજેલ સભા અને સરઘસમાં અવરોધો ઉભા કરવા નહિ કે તે સભા તોડવી નહિં તેમજ એક રાજકીય પક્ષના કાર્યકરો કે સહાનુભુતિ દર્શાવનારાઓએ બીજા રાજકીય પક્ષોએ યોજેલી જાહેર સભાઓમાં ઘર્ષણ સર્જાય તેવી રીતે મૌખિક કે લેખિત પ્રશ્નો પૂછીને અથવા પોતાના પક્ષના ચોપાનીયાં વેચીને ખલેલ પહોચાડવી નહિ તેમજ એક પક્ષે સભાઓ યોજી હોય, તેવા સ્થળોએ બીજા પક્ષોએ સરઘસ લઈ નવું નહિં તેમજ એક પક્ષે બહાર પાડેલ ભીતપત્રો બીજા પક્ષના કાર્યકરોએ દૂર કરવા નહિં.

(૫) હોર્ડિંગ્સની સાઈઝ ૧૫ ફુટ x ૮ ફુટ થી વધારે હોવી જોઈએ નહિ. કટઆઉટની ઊંચાઈ ૮ ફુટ થી વધવી જોઈએ નહિં. કટઆઉટ, જાહેરાત પાટીયા, બેનર વિગેરે કોઈ સ્થળે મુકતા પહેલાં તે અંગેની જાણ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીને, પોલીસ અધિક્ષકશ્રીને તેમજ ચૂંટણી અધિકારીને કરવાની રહેશે. આ અંગેનો ખર્ચ સંબંધિત ઉમેદવાર/ઉમેદવારો ના ચૂંટણી ખર્ચના હિસાબોમાં યોગ્ય જગ્યાએ દર્શાવવાનો રહેશે.

(૬) પરવાનગી અપાયેલ દિવાલો, મકાનો, કે અન્ય મિલ્કતોને મુળ સ્થિતિમાં લાવવાની જવાબદારી સંબંધિત રાજકીય પક્ષ-ઉમેદવારની રહેશે. માલ મિલ્કત ઉપર ચૂંટણી વિષયક લખાણ દુર કરવાનો ખર્ચ સંબંધિત રાજકીય પક્ષ-ઉમેદવારો પાસેથી વસુલ કરવાનો રહેશે.

જાહેરનામામાં સમાવિષ્ટ થતો વિસ્તાર

અમદાવાદ જિલ્લા (ગ્રામ્ય) વિસ્તારના દસ્ક્રોઈ, ધોળકા, વિરમગામ, સાણંદ, માંડલ, દેત્રોજ, ધંધુકા, બાવળા, ધોલેરા, ઘાટલોડીયા તાલુકાઓમાં સમાવિષ્ટ ગ્રામ પંચાયતોના મતદાર વિભાગમાં સમાવિષ્ટ વિસ્તારો

આ હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ સજાને પાત્ર થશે.

આ જાહેરનામું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ની જોગવાઈ મુજબ હુકમની તારીખથી એટલે કે, તા.૨૮/૦૫/૨૦૨૫ થી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ રોજ તા.૨૮/૦૫/૨૦૨૫ના રોજ આ આદેશ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

જાહેરનામું

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનું.

નં.ડીસી/એમએજી-૧/ગ્રામપંચાયત/ચૂંટણી/જાહેરનામું/વાહન નિયંત્રણ/એસ.આર.નં.૯૮/૨૦૨૫.—ગુજરાતના રાજય ચૂંટણી આયોગ દ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ ૨૦૨૫ નો ચૂંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. તે મુજબ અમદાવાદ જિલ્લામાં ગ્રામ પંચાયતોની ચૂંટણીનું મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ના રોજ યોજાનાર છે. તેમજ જો પુન: મતદાન યોજવાનું થાય તો તેની તા.૨૪/૦૬/૨૦૨૫ તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ના રોજ હાથ ધરાનાર છે. તેમજ જો પુન: મતદાન યોજવાનું થાય તો તેની તા.૨૪/૦૬/૨૦૨૫ તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ના રોજ હાથ ધરાનાર છે. ચૂંટણી પ્રચારના અભિયાનરૂપે રાજકીય પક્ષોના કાર્યકરો અને ઉમેદવારો તરફથી પોતપોતાના મત વિસ્તારમાં પ્રચાર ઝુંબેશ શરૂ કરવામાં આવનાર છે. આ હેતુ માટે તેઓ દ્વારા મોટા પ્રમાણમાં વાહનોનો ઉપયોગ કરવામાં આવતો હોય છે. તેવા સંજોગોમાં આવા વાહનોના ઉપયોગ પર દેખરેખ રાખવા અને ઉમેદવારના ચૂંટણી પ્રચાર માટે વપરાતા વાહનોના સંબંધમાં થતો ખર્ચ યોગ્ય રીતે જાહેર થાય તે જરૂરી છે. ચૂંટણી પ્રચારમાં વપરાતા વાહનોની અસર સામાન્ય જનમાનસ તેમજ પ્રતિસ્પર્ધી ઉમેદવારો ઉપર પણ થાય છે, જેના કારણે સાચી ખોટી ફરીયાદો ઉપસ્થિત થવાની, ઉમેદવારોના એકબીજા જુથો વચ્ચે મનદુ:ખ થાય અને ઘર્ષણ ઉભું થવાની તેમજ સુલેહશાંતી ભંગ થવાની સંભાવના રહે છે. સદર બાબતો ધ્યાને લેતાં મુકત, નિષ્પક્ષ અને ન્યાયી ચૂંટણીના સંચાલન હેતુથી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ નીચે મુજબનો હુકમ કરવો ઈષ્ટ જણાય છે.

આથી હું, બી. આર. સાગર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો આથી અમદાવાદ પોલીસ કમિશનર, અમદાવાદ શહેરની હકુમત સિવાયનો મહેસુલી વિસ્તારમાં સમાવિષ્ટ ગ્રામ પંચાયતો પૈકી ૬૪ ગ્રામ પંચાયતમાં સામાન્ય/વિભાજન/મધ્યસત્ર અને ૧૭૭ ગ્રામ પંચાયતમાં પેટા એમ મળી કુલ-૨૪૧ ગ્રામ પંચાયતોના મતદાર વિભાગમાં સમાવિષ્ટ વિસ્તારોમાં ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, કોઈપણ રાજકીય પક્ષ, વ્યકિત, સંસ્થા, ચૂંટણીનો ઉમેદવાર અથવા તો તેઓની સહમતીથી કોઈપણ વ્યકિત દ્વારા કોઈપણ ઉમેદવારના કે પક્ષના કામે ચૂંટણીના કામે વાહનોનો અમદાવાદ જિલ્લાના ચૂંટણી યોજાઈ રહી છે તેવા સમગ્ર વિસ્તારમાં ઉપયોગ કરવામાં આવે તેવા તમામ વાહનો સંબંધીત મતદાર વિભાગના ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારી પાસે રજીસ્ટર કરાવવાના રહેશે. રજીસ્ટર કરાવેલ વાહનની પરમીટ તેઓની પાસેથી મેળવી તે વાહનોની વિન્ડ સ્ક્રિન ઉપર અથવા નાના વાહનમાં પણ સહેલાઈથી દેખાઈ આવે તે રીતે ચોંટાડવાની રહેશે. આ પરમીટમાં વાહન કયા મતદાર વિભાગના, કયા વિસ્તારમાં ઉપયોગમાં લેવા માટે નોંધણી કરાવવામાં આવી છે

તેની સ્પષ્ટ વિગતો દર્શાવવાની રહેશે. વપરાશમાં લેવાયેલ વાહનનો ખર્ચ ઉમેદવારના ચૂંટણી ખર્ચમાં ઉમેરવાનો રહેશે. ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારી પાસેથી પરમીટ મેળવ્યા સિવાય અને વાહન રજીસ્ટર કરાવ્યા સિવાય કોઈપણ વાહનોનો ઉપયોગ ચૂંટણી પ્રચાર માટે કે ચૂંટણીના કામે કરી શકાશે નહીં.

આ નિયંત્રણો યાંત્રિક શક્તિથી ચાલતા કે બીજી કોઈ રીતે ચાલતા વાહનો જેવાં કે બસ/મીની બસ, સ્ટેશન વેગન, ટેકસી, ખાનગી કાર, ટ્રક, ટેમ્પો, ટ્રેલર સાથેનું કે તે વિનાનું ટ્રેકટર, ઓટોરીક્ષા, સ્કુટર, પશુથી ચાલતા વાહનો વિગેરે તમામ પ્રકારના વાહનોને લાગુ પડે છે.

જાહેરનામામાં સમાવિષ્ટ થતો વિસ્તાર

અમદાવાદ જિલ્લા (ગ્રામ્ય) વિસ્તારના દસ્ક્રોઈ, ધોળકા, વિરમગામ, સાણંદ, માંડલ, દેત્રોજ, ધંધુકા, બાવળા, ધોલેરા, ઘાટલોડીયા તાલુકાઓમાં સમાવિષ્ટ ગ્રામ પંચાયતોના મતદાર વિભાગમાં સમાવિષ્ટ વિસ્તારો

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ સજાને પાત્ર થશે.

આ જાહેરનામું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ની જોગવાઈ મુજબ હુકમની તારીખથી એટલે કે, તા.૨૮/૦૫/૨૦૨૫ થી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ રોજ તા.૨૮/૦૫/૨૦૨૫ના રોજ આ આદેશ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

જાહેરનામું

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનું.

નં.ડીસી/એમએજી-૧/ગ્રામપંચાયત/ચૂંટણી/જાહેરનામું/ઓવર કાઉડીંગ/એસ.આર.નં.૯૯/૨૦૨૫.—ગુજરાતના રાજય ચૂંટણી આયોગ દ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ ૨૦૨૫ નો ચૂંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. તે મુજબ અમદાવાદ જિલ્લામાં ગ્રામ પંચાયતોની ચૂંટણીનું મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ના રોજ યોજાનાર છે. તેમજ જો પુનઃ મતદાન યોજવાનું થાય તો તેની તા.૨૪/૦૬/૨૦૨૫ તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ના રોજ હાય ધરાનાર છે. ઉમેદવારી પત્ર રજુ કરવાના સમયે રાજકીય પક્ષોના ઉમેદવારો તેમજ અપક્ષ ઉમેદવારો મોટી સંખ્યામાં કાર્યકરો, ટેકેદારો અને સમર્થકો સાથે ઢોલ નગારા અને વાહનોની મોટી સંખ્યા લઈ ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારી સમક્ષ ઉમેદવારી પત્ર રજુ કરવા આવે છે, જેના કારણે ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરીમાં ઉભી થતી અવ્યવસ્થા અને ઓવરકાઉડીંગની પરિસ્થિતિ નિવારવી જરૂરી જણાય છે.

આથી હું, બી. આર. સાગર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો આથી અમદાવાદ પોલીસ કમિશનર, અમદાવાદ શહેરની હકુમત સિવાયનો મહેસુલી વિસ્તારમાં સમાવિષ્ટ ગ્રામ પંચાયતો પૈકી ૬૪ ગ્રામ પંચાયતમાં સામાન્ય/વિભાજન/મધ્યસત્ર અને ૧૭૭ ગ્રામ પંચાયતમાં પેટા એમ મળી કુલ-૨૪૧ ગ્રામ પંચાયતોના મતદાર વિભાગમાં સમાવિષ્ટ વિસ્તારોમાં ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે,

(૧) ઉમેદવારી પત્રો રજુ કરવા માટે ચૂંટણી અધિકારી/નિર્દિષ્ટ મદદનીશ ચૂંટણી અધિકારીની ચેમ્બરમાં ઉમેદવાર અથવા તેના દરખાસ્ત કરનાર તથા અન્ય ચાર મળી પાંચ વ્યકિતઓ જ પ્રવેશી શકશે. માન્યતા પ્રાપ્ત સિવાયના પક્ષ તેમજ અપક્ષ ઉમેદવારોના દરખાસ્ત કરનારાની સંખ્યા વધુ હોય તેઓના કિસ્સામાં પણ પ્રથમ તબકકે ઉમેદવાર દરખાસ્ત કરનાર તથા અન્ય ચાર અને ત્યાર બાદ જરૂર જણાય તો પ્રથમ ગયેલા ચાર વ્યક્તિઓ ચૂંટણી અધિકારીની ચેમ્બરમાંથી બહાર નીકળી જાય તે પછી બાકીના ચાર અને તે જ રીતે બાકીના વ્યક્તિઓ ચૂંટણી અધિકારીની ચેમ્બરમાં પ્રવેશી શકશે. આમ કોઈપણ સુચિત ઉમેદવારે તેમના ટેકેદારો, દરખાસ્ત કરનારાઓ કે સમર્થકો સાથે ચારથી વધુ સંખ્યામાં ચૂંટણી અધિકારી/નિર્દિષ્ટ મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરીમાં પ્રવેશ કરવો નહી.

(૨) ઉમેદવારી પત્ર રજુ કરવા આવતા સમયે ચૂંટણી અધિકારી કે નિર્દિષ્ટ મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરી આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારમાં વધુમાં વધુ ત્રણ વાહનો સાથે પ્રવેશી શકાશે. ત્રણથી વધુ વાહનો સાથે કચેરીના ૧૦૦ મીટરના વિસ્તારમાં કોઈએ પ્રવેશવું નહી.

(૩) ઉપર મુજબની સુચનાઓનો અમલ ઉમેદવાર જ્યારે તેઓનું ઉમેદવારી પત્ર લેવા આવે ત્યારે પણ કરવાનો રહેશે તથા ઉપર્યુકત કામે ઉપયોગમાં લેવાયેલ વાહનોનો ખર્ચ ઉમેદવારના ખર્ચમાં ઉધારવાનો રહેશે. સંબંધિત ચૂંટણી અધિકારી મદદનીશ ચૂંટણી અધિકારીએ ઉમેદવારી પત્ર લેવા આવનાર વ્યકિતને આ હુકમની નકલ પુરી પાડવી.

જાહેરનામામાં સમાવિષ્ટ થતો વિસ્તાર

અમદાવાદ જિલ્લા (ગ્રામ્ય) વિસ્તારના દસ્ક્રોઈ, ધોળકા, વિરમગામ, સાણંદ, માંડલ, દેત્રોજ, ધંધુકા, બાવળા, ધોલેરા, ઘાટલોડીયા તાલુકાઓમાં સમાવિષ્ટ ગ્રામ પંચાયતોના મતદાર વિભાગમાં સમાવિષ્ટ વિસ્તારો

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ સજાને પાત્ર થશે.

આ જાહેરનામું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ની જોગવાઈ મુજબ હુકમની તારીખથી એટલે કે, તા.૨૮/૦૫/૨૦૨૫ થી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ રોજ તા.૨૮/૦૫/૨૦૨૫ના રોજ આ આદેશ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

જાહેરનામું

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનું.

નં.ડીસી./એમએજી-૧/ગ્રામપંચાયત/ચૂંટણી/જાહેરનામું/સાહિત્ય મુદ્રણ & પ્રકાશન/એસ.આર.નં.૧૦૦/૨૦૨૫.–ગુજરાતના રાજય ચૂંટણી આયોગ દ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ ૨૦૨૫ નો ચૂંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. તે મુજબ અમદાવાદ જિલ્લામાં ગ્રામ પંચાયતોની ચૂંટણીનું મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ના રોજ યોજાનાર છે. તેમજ જો પુનઃ મતદાન યોજવાનું થાય તો તેની તા.૨૪/૦૬/૨૦૨૫ તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ના રોજ હાથ ધરાનાર છે.

ચૂંટણીઓના પ્રચાર માટે ચોપાનીયા, ભીતપત્રો, હેન્ડ બીલ વિગેરે પ્રકારનું સાહિત્ય ઉમેદવારો કે રાજકીય પક્ષો દ્વારા ઉમેદવારોની ઓળખ માટે કે ચૂંટણી પ્રચારમાં ઉપયોગમાં લેવા માટે વિવિધ સ્થળે છાપકામ કરાવી પ્રસિધ્ધ કરવામાં આવે છે તથા લોકોમાં વહેચણી કરવામાં આવે છે. આવા દસ્તાવેજોમાં ધર્મ, જાતિ, જ્ઞાતિ, કોમ કે ભાષાને આગળ ધરીને મતદારોને અપીલ કરવી અથવા વિરોધી ઉમેદવારના ચારીત્રય ખંડન જેવી કોઈ ગેરકાનુની વાંધાજનક બાબત કે લખાણનો સમાવેશ થતો હોય તો સબંધિત વ્યકિત સામે આવશ્યક શિક્ષાત્મક કે નિયંત્રક પગલાં લઈ શકાય તે માટે ચૂંટણીને લગતા ચોપાનીયા, ભીંતપત્રો, હેન્ડ બીલ વિગેરેના મુદ્રણ અને પ્રકાશન અંગે રાજય ચૂંટણી પંચના તા.૧૭/૧૧/૨૦૨૧ ના આદેશ ક્રમાંક : રાચપ/ચટણ-સીઓસી સ્થા. સ્વ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક થી નિયંત્રણો લાગુ કરવા સુચના આપવામાં આવેલ છે.

ઉપરોકત જોગવાઈની અમલવારી કરવા સારૂ જરૂરી હુકમ કરવા માટેના યોગ્ય કારણો જણાતા હોય હું, બી. આર. સાગર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો આથી અમદાવાદ પોલીસ કમિશનર, અમદાવાદ શહેરની હકુમત સિવાયનો મહેસુલી વિસ્તારમાં સમાવિષ્ટ ગ્રામ પંચાયતો પૈકી ૬૪ ગ્રામ પંચાયતમાં સામાન્ય/વિભાજન/મધ્યસત્ર અને ૧૭૭ ગ્રામ પંચાયતમાં પેટા એમ મળી કુલ-૨૪૧ ગ્રામ પંચાયતોના મતદાર વિભાગમાં સમાવિષ્ટ વિસ્તારોમાં ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે,

(૧) કોઈ પણ વ્યકિત કે સંસ્થા જેના પર તેના મુદ્રક અને પ્રકાશકના નામ અને સરનામા ન હોય એવા ચૂંટણીને લગતા ચોપાનીયા, ભીંતપત્રો છાપી કે પ્રસિધ્ધ કરી શકશે નહી અથવા છપાવી કે પ્રસિધ્ધ કરાવી શકાશે નહીં.

(૨) કોઈ પણ વ્યકિત કે સંસ્થા ચૂંટણીને લગતા ચોપાનીયા કે ભીંતપત્રો છાપી શકશે નહી કે છપાવવાની વ્યવસ્થા કરી શકશે નહી સિવાય કે

(એ) તેની સહીવાળા અને તેને અંગત રીતે ઓળખતી હોય તેવી બે વ્યકિતઓએ શાખ કરેલ પ્રકાશકની ઓળખ અંગેના એકરારની બે બે નકલ તેણે મુદ્રકને આપી હોય અને

(બ) લખાણ છપાયા પછી મુદ્રકે ત્રણ દિવસમાં લખાણની એક નકલ સાથે એકરારપત્રકની એક નકલ જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરીને તથા સંબંધિત ચૂંટણી અધિકારીની કચેરીને મોકલી હોય.

આ જોગવાઈ પુરતું હાથે નકલો કરવા સિવાય લખાણની વધુ નકલો કઢાવવાની કોઈ પણ પ્રકિયા મુદ્રણ ગણાશે અને મુદ્રક એ શબ્દના તે પ્રમાણે અર્થ થશે.

(૩) છાપેલા ચૂંટણી અંગેના કોઈ ચોપાનીયા કે ભીંતપત્રો કે આવી અન્ય સામગ્રી પર મુદ્રક પંક્તિમાં મુદ્રક અને પ્રકાશકના પુરા નામ, સરનામા, અને ફોન/મોબાઈલ નંબર દર્શાવવાના રહેશે.

(૪) મુદ્રકે પ્રકાશક પાસેથી મેળવેલી એકરાર પત્રક જોડાણ-૬ અને જોડાણ-ખ ના નિયત નમુનામાં છાપકામ કર્યાના ત્રણ દિવસની અંદર જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરીએ તથા સંબંધિત ચૂંટણી અધિકારીશ્રીને રજુ કરવાનું રહેશે.

જાહેરનામામાં સમાવિષ્ટ થતો વિસ્તાર

અમદાવાદ જિલ્લા (ગ્રામ્ય) વિસ્તારના દસ્ક્રોઈ, ધોળકા, વિરમગામ, સાણંદ, માંડલ, દેત્રોજ, ધંધુકા, બાવળા, ધોલેરા, ઘાટલોડીયા તાલુકાઓમાં સમાવિષ્ટ ગ્રામ પંચાયતોના મતદાર વિભાગમાં સમાવિષ્ટ વિસ્તારો

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ સજાને પાત્ર થશે.

આ જાહેરનામું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ની જોગવાઈ મુજબ હુકમની તારીખથી એટલે કે, તા.૨૮/૦૫/૨૦૨૫ થી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ રોજ તા.૨૮/૦૫/૨૦૨૫ના રોજ આ આદેશ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

જાહેરનામું

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનું.

નં.ડીસી/એમએજી-૧/ગ્રામપંચાયત/ચૂંટણી/જાહેરનામું/લાઉડ સ્પીકર/એસ.આર.નં.૧૦૧/૨૦૨૫.–ગુજરાતના રાજય ચૂંટણી આયોગ દ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ ૨૦૨૫ નો ચૂંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. તે મુજબ અમદાવાદ જિલ્લામાં ગ્રામ પંચાયતોની ચૂંટણીનું મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ના રોજ યોજાનાર છે. તેમજ જો પુન: મતદાન યોજવાનું થાય તો તેની તા.૨૪/૦૬/૨૦૨૫ તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ના રોજ હાથ ધરાનાર છે. ચૂંટણી પ્રકીયા દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો અને તેમના કાર્યકર્તાઓ, સમર્થકો ચૂંટણી પ્રચાર ઝુંબેશ માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ મોટા પાયે કરે છે. આ લાઉડ સ્પીકરનો નિયત મંચ ઉપરાંત યાંત્રિક રીતે કે બીજી કોઈ રીતે ચાલતા વાહનો ઉપર ગોઠવીને પણ ઉપયોગ કરવામાં આવે છે. ખુબ જ ઊંચા અવાજે પ્રચાર કરતા લાઉડ સ્પીકરો સાથેના આ વાહનો તમામ માર્ગો, શેરીઓ અને ગલીઓમાં ફરે છે તેમજ જુદા જુદા ગામોએ વસવાટો, મહોલ્લા, વસાહતો અને લત્તાઓમાં પણ પહોંચે છે. આના કારણે ધ્વની પ્રદુષણ થાય છે અને આમ જનતાની શાંતિમાં ખલેલ પહોંચે છે. અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પર આની ખુબ જ પ્રતિકુળ અસર પડે છે. વૃધ્ધો, અશકત અને બિમાર વ્યક્તિઓને પણ ઊંચા અવાજથી ખુબ જ તકલીફ પડે છે તથા સામાન્ય પ્રજાને ખુબ જ હરકત, અગવડ, ત્રાસ, જોખમ અને ભય થાય છે. આથી ચૂંટણી પ્રકીયા દરમ્યાન લાઉડ સ્પીકરના ઉપયોગ ઉપર નિયંત્રણ મૂકવું જરૂરી જણાય છે. રાજય ચૂંટણી આયોગ એ તા.૧૭/૧૧/૨૦૨૧ ના આદેશ ક્રમાંક રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક અન્વયે ચૂંટણી જાહેર થયા પછી લાઉડ સ્પીકરના ઉપયોગ ઉપર નિયંત્રણ રાખવા જણાવેલ છે.

ઉપરોકત બાબતો ધ્યાને લઈ હું, બી. આર. સાગર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો આથી અમદાવાદ પોલીસ કમિશનર, અમદાવાદ શહેરની હુકુમત સિવાયનો મહેસુલી વિસ્તારમાં સમાવિષ્ટ ગ્રામ પંચાયતો પૈકી ૬૪ ગ્રામ પંચાયતમાં સામાન્ય/વિભાજન/મધ્યસત્ર અને ૧૭૭ ગ્રામ પંચાયતમાં પેટા એમ મળી કુલ-૨૪૧ ગ્રામ પંચાયતોના મતદાર વિભાગમાં સમાવિષ્ટ વિસ્તારોમાં ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૩૩(૧) (આર) (૩) થી મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે,

(૧) ચૂંટણી પ્રચારના કોઈપણ હેતુ માટે જાહેરસભા કે સરઘસના હેતુસર કોઈપણ પ્રકારના વાહનો ઉપર ગોઠવેલ લાઉડ સ્પીકરનો રાત્રે ૨૨:૦૦ કલાક થી સવારના ૮:૦૦ કલાક સુધી ઉપયોગ કરી શકાશે નહિં.

(૨) કોઇ પણ જાહેર સભા કે સરઘસના હેતુસર સવારે ૦૬:૦૦ કલાકથી રાત્રીના ૨૨:૦૦ કલાક સુધી લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવાનો હોય તો તેને માટે સબંધિત સત્તાધિકારીશ્રીની અગાઉથી લેખીત પરવાનગી લેવાની રહેશે. આવી પરવાનગી આપતી વખતે સબંધિત સત્તાધિકારી જાતે ખાતરી કરીને પરવાનગીને લીધે જાહેર શાંતિ જોખમાય નહિ તે સુનિશ્ચિત કરીને આવી પરવાનગી આપશે.

(૩) આ પ્રકારની પરવાનગીઓ આપવા સમયે નોઈઝ પોલ્યુશન એક્ટની તથા અત્રેની કચેરી દ્વારા સમયાંતરે બહાર પાડવામાં આવેલ જાહેરનામાઓની સૂચનાઓની અમલવારી કરવાની રહેશે.

(૪) ચૂંટણી પ્રચાર માટે જાહેર મંચ ઉપર અથવા વાહનો દ્વારા ફરતાં લાઉડ સ્પીકરના ઉપયોગ માટે સમક્ષ અધિકારીની લેખીત પરવાનગી પ્રથમ લેવાની રહેશે. ફરતા વાહનમાં ગોઠવેલ લાઉડ સ્પીકર માટે ઉપયોગ કરવામાં આવતી અરજીમાં વાહનોના પ્રકાર અને રજીસ્ટ્રેશન નંબર લખવાનો રહેશે. જે વાહન માટે પરવાનગી આપી હોય તે વાહન ચાલકે પરવાનગીનો હુકમ વાહન સાથે રાખવો પડશે.

(૫) સક્ષમ અધિકારી દ્વારા ફરતાં વાહનો ઉપર ગોઠવેલ લાઉડ સ્પીકરના માટે પરવાનગી પત્ર (પરમીટ) આપવામાં આવે તેમાં વાહનનો પ્રકાર અને રજીસ્ટ્રેશન નંબર લખવાના રહેશે.

(૬) ફરતાં વાહનો ઉપર અથવા નિયત સ્થળે ગોઠવવામાં આવેલ કોઇ લાઉડ સ્પીકરના ઉપયોગ માટે આવી પરવાનગી પરમીટ મેળવ્યા પછી તેનો ઉપયોગ કરનારને તે વિસ્તારના પોલીસ મથકને તેમજ સબંધિત મતદારવિભાગના ચૂંટણી અધિકારીશ્રી/મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીને તેમના દ્વારા મેળવેલ પરવાનગી પત્ર (પરમીટ)ની સંપૂર્ણ અને લેખીતમાં જાણ કરવાની રહેશે.

(૭) ફરતા વાહનો ઉપર ગોઠવેલ લાઉડ સ્પીકરનો ઉપયોગ ચાલુ વાહને થઈ શકશે નહિં. આવા કિસ્સામાં વાહનને કોઈ સ્થળે ઉભુ રાખી લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવાનો રહેશે.

જાહેરનામામાં સમાવિષ્ટ થતો વિસ્તાર

અમદાવાદ જિલ્લા (ગ્રામ્ય) વિસ્તારના દસ્ક્રોઈ, ધોળકા, વિરમગામ, સાણંદ, માંડલ, દેત્રોજ, ધંધુકા, બાવળા, ધોલેરા, ઘાટલોડીયા તાલુકાઓમાં સમાવિષ્ટ ગ્રામ પંચાયતોના મતદાર વિભાગમાં સમાવિષ્ટ વિસ્તારો

આ હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ સજાને પાત્ર થશે.

આ જાહેરનામું તા.૨૮/૦૫/૨૦૨૫ થી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ રોજ તા.૨૮/૦૫/૨૦૨૫ના રોજ આ આદેશ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

જાહેરનામું

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનું.

નં.ડીસી/એમએજી-૧/ગ્રામપંચાયત/ચૂંટણી/જાહેરનામું/સોશ્યલ મીડીયા/એસ.આર.નં.૧૦૨/૨૦૨૫.–ગુજરાતના રાજય ચૂંટણી આયોગ દ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ ૨૦૨૫ નો ચૂંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. તે મુજબ અમદાવાદ જિલ્લામાં ગ્રામ પંચાયતોની ચૂંટણીનું મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ના રોજ યોજાનાર છે. તેમજ જો પુન: મતદાન યોજવાનું થાય તો તેની તા.૨૪/૦૬/૨૦૨૫ તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ના રોજ હાથ ધરાનાર છે. અગાઉની ચૂંટણીઓમાં કેટલાક વાંધાજનક એસ.એમ.એસ. ટુંકા સંદેશ સેવા), એમ.એમ. એસ. સોશીયલ મિડીયા તથા સંદેશા વ્યવહારના અન્ય સાધનો થકી ચૂંટણી પ્રક્રિયાને દૂષિત કરવાનો કેટલાક લોકો દ્વારા પ્રયાસ થયાનું અનુભવ પરથી જણાયેલ છે. સ્થાનીક સ્વરાજયની સંસ્થાઓની આગામી ચૂંટણીઓમાં સ્થાપિત હિતો ધરાવતા ઈસમો દ્વારા આવો દુરૂપયોગ કરવામાં આવે તેવી શક્યતા રહેલ છે. આવા કૃત્યોના લીધે ચૂંટણીના કાયદાની જોગવાઈઓ, આદર્શ આચાર સંહિતા તથા રાજય ચૂંટણી આયોગ દ્વારા બહાર પાડવામાં આવેલ આદેશો/સૂચનાઓનો ભંગ થાય છે. આવા અનિચ્છનીય કૃત્યોથી મુકત, ન્યાયી અને શાંતિપૂર્ણ ચૂંટણી પ્રક્રિયા દુષિત થવાની સંભાવના હોઈ આવી પ્રવૃતિઓ તાત્કાલીક અટકાવવી અત્યંત આવશ્યક છે. આ ઉપરાંત ચૂંટણી સંદર્ભમાં શાંત વાતાવરણ ડહોળાઈ જાય તેવા બદઈરાદાથી તેમજ કોમ કે ધર્મ કે જ્ઞાતિ વચ્ચે સંઘર્ષ ઉભો કરવાના હેતુથી કેટલાક ઈસમો ઉશ્કેરણીજનક એસ.એમ.એસ., એમ.એમ.એસ. સોશીયલ મિડીયા તથા સંદેશા વ્યવહારના અન્ય સાધનોનો ઉપયોગ કરે તેવી શકયતા નકારી શકાતી નથી. અનુભવના આધારે અને વ્યાપક મળતી માહિતીના આધારે પ્રસ્થાપિત થયેલ છે કે કોમી તંગદીલી ફેલાવે કે કાયદો અને વ્યવસ્થા જોખમાવે કે ચૂંટણી પ્રક્રિયાને ખોરંભે પાડે તેવા વજુદ વગરના સમાચારો મોબાઈલ ફોનના ગ્રુપ/વ્યકિતગત એસ.એમ.એસ./એમ.એમ.એસ., સંદેશા વ્યવહારના અન્ય સાધનો દ્વારા પ્રસારિત થાય છે અને આવા ખોટા સંદેશા વ્યવહારની લોકોમાં આપ-લે થવાના પરીણામ સ્વરૂપે કાયદો અને વ્યવસ્થા તથા જાહેર સુલેહ શાંતિ જોખમાય તેવી સંભાવના રહે છે. મુકત, ન્યાયી તથા તટસ્થ રીતે ચૂંટણી યોજવાના હેતુથી આવી શકયતાઓનું તાત્કાલીક અસરકારક નિવારણ કરવું અતિ આવશ્યક અને અનિવાર્ય બનેલ છે.

ઉપરોકત બાબતો ધ્યાને લઈ હું, બી. આર. સાગર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો આથી અમદાવાદ પોલીસ કમિશનર, અમદાવાદ શહેરની હુકુમત સિવાયનો મહેસુલી વિસ્તારમાં સમાવિષ્ટ ગ્રામ પંચાયતો પૈકી ૬૪ ગ્રામ પંચાયતમાં સામાન્ય/વિભાજન/મધ્યસત્ર અને ૧૭૭ ગ્રામ પંચાયતમાં પેટા એમ મળી કુલ-૨૪૧ ગ્રામ પંચાયતોના મતદાર વિભાગમાં સમાવિષ્ટ વિસ્તારોમાં ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૩૩(૧) (આર) (૩) થી મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે,

પ્રતિબંધીત કૃત્યો :

મોબાઈલ સર્વિસ આપતી કંપનીઓ જેવી કે, બી.એસ.એન.એલ., એરટેલ, વીઆઈ, રીલાયંસ જીઓ વિગેરે તેમજ ફેસબુક, ટિવટર, વોટ્સએપ વિગેરે જેવી સોસીયલ સાઈટ પૂરી પાડતી કંપનીઓએ અમદાવાદ જિલ્લાના ચૂંટણી હેઠળના તમામ વિસ્તારોમાં પ્રસ્થાપિત કાયદાનો ભંગ થાય તેવા કે ચૂંટણીની આદર્શ આચાર સંહિતાનો ભંગ થાય તેવા કે રાજય ચૂંટણી આયોગે દ્વારા બહાર પાડવામાં આવેલ આદેશો/સુચનાઓનો ભંગ થાય તેવા કે મુકેત, ન્યાયી અને શાંતિપૂર્ણ ચૂંટણી પ્રક્રિયાને દુષિત કરે તેવા ગ્રુપ/બલ્ક એસ.એમ.એસ., એમ.એમ.એસ., અન્ય કોઈ પણ પ્રકારના સંદેશાઓ તા.૨૮/૦૫/૨૦૨૫ થી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી પ્રસારીત કરશે નહીં કે કરવા દેશે નહીં. વધુમાં રાજકીય સ્વરૂપના કોઈ પણ પ્રકારના સંદેશાઓનું પ્રસારણ મતદાન પુર્ણ થવાના ૪૮ કલાક પહેલા એટલે કે તા.૨૦/૦૬/૨૦૨૫ સાંજના ૧૮:૦૦ કલાકથી તા.૨૨/૦૧/૨૦૨૫ સાંજના ૧૮:૦૦ કલાકે સુધી સંપૂર્ણપણે પ્રતિબંધીત કરશે.

જાહેરનામામાં સમાવિષ્ટ થતો વિસ્તાર

અમદાવાદ જિલ્લા (ગ્રામ્ય) વિસ્તારના દસ્ક્રોઈ, ધોળકા, વિરમગામ, સાણંદ, માંડલ, દેત્રોજ, ધંધુકા, બાવળા, ધોલેરા, ઘાટલોડીયા તાલુકાઓમાં સમાવિષ્ટ ગ્રામ પંચાયતોના મતદાર વિભાગમાં સમાવિષ્ટ વિસ્તારો

આ હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ સજાને પાત્ર થશે. વધુમાં આવું કૃત્ય સબંધિત કાયદા હેઠળ શિક્ષાપાત્ર બનશે. આથી કોઈપણ કંપનીના સંચાલક, કર્મચારી, એજન્ટ કોઈ રાજકીય પક્ષ કે કોઈપણ ઈસમ આ હુકમનું ઉલ્લંઘન કરશે નહી.

આ જાહેરનામું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ની જોગવાઈ મુજબ હુકમની તારીખથી એટલે કે, તા.૨૮/૦૫/૨૦૨૫ થી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ રોજ તા.૨૮/૦૫/૨૦૨૫ના રોજ આ આદેશ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

જાહેરનામું

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનું.

નં.ડીસી/એમએજી-૧/ગ્રામપંચાયત/ચૂંટણી/જાહેરનામું/મતદાન કેન્દ્ર/એસ.આર.નં.૧૦૩/૨૦૨૫.–ગુજરાતના રાજય ચૂંટણી આયોગ દ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ ૨૦૨૫ નો ચૂંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. તે મુજબ અમદાવાદ જિલ્લામાં ગ્રામ પંચાયતોની ચૂંટણીનું મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ના રોજ યોજાનાર છે. તેમજ જો પુન: મતદાન યોજવાનું થાય તો તેની તા.૨૪/૦૬/૨૦૨૫ તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ના રોજ હાથ ધરાનાર છે. સદરહુ ચૂંટણી સંદર્ભે મતદાનના દિવસે મતદારો સુકત અને ન્યાયી રીતે મતદાન કરી શકે

તથા મતદાન પ્રક્રિયામાં કોઈ ખલેલ ન પહોંચે તે જરૂરી હોઈ તેમજ સુલેહશાંતિનો ભંગ થતો અટકાવી શકાય તથા શાન્તીપૂર્ણ અને નિષ્પક્ષ મતદાન થાય તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે મતદાન કેન્દ્રોની અંદર તથા તેની ૧૦૦ મીટરના અંતરમાં (ત્રિજયામાં) અમુક કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

વાસ્તે હું, બી. આર. સાગર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો આથી અમદાવાદ પોલીસ કમિશનર, અમદાવાદ શહેરની હકુમત સિવાયનો મહેસુલી વિસ્તારમાં સમાવિષ્ટ ગ્રામ પંચાયતો પૈકી ૬૪ ગ્રામ પંચાયતમાં સામાન્ય/વિભાજ/મધ્યસત્ર અને ૧૭૭ ગ્રામ પંચાયતમાં પેટા એમ મળી કુલ-૨૪૧ ગ્રામ પંચાયતોના મતદાર વિભાગમાં સમાવિષ્ટ વિસ્તારોમાં ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ ૧૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં તા.૨૨/૦૬/૨૦૨૫ના રોજ ૦૦:૦૦ કલાકથી સાંજના ૧૯:૦૦ કલાક (મતદાન પ્રક્રિયા પૂર્ણ થવા) સુધી તેમજ પુનઃમતદાન કરવાની જરૂર પડે જે તે મતદાન કેન્દ્રો ઉપર તા.૨૪/૦૬/૨૦૨૫ના રોજ ૦૦:૦૦ કલાકથી સાંજના ૧૯:૦૦ કલાક (મતદાન પ્રક્રિયા પૂર્ણ થવા) સુધી નીચેના કૃત્યો કરવાની મનાઇ ફરમાવું છું-

(૧) મત માટે પ્રચાર કરવા પર.

(૨) મતદારોને ધાક-ધમકી આપીને કે રંજાડીને મતદાન કરવા જતા અટકાવવા પર.

(૩) કોઈ મતદારને મત આપવા આગ્રહ પુર્વક વિનંતી કરવા પર.

(૪) કોઈ પણ અમુક ઉમેદવારને મત ન આપવા કોઈ મતદારને સમજાવવા પર.

(૫) કોઈ મતદારને ચુંટણીમાં મત ન આપવા સમજાવવા પર.

(૬) ચુંટણીને લગતી (સરકારી નોટીસ સિવાયની) કોઈ નોટીસ કે નિશાની પ્રદર્શિત કરવા પર.

(૭) મોબાઈલ ફોન, સેલ્યુલર ફોન, પેજર, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ/વોકીટોકી સેટ અને અન્ય વિજાણું સંદેશા વ્યવહારના સાધનો લઈ જવા પર.

(૮) વાહનો સાથે આવવા પર.

(૯) મતદાન મથકમાં મતદાન માટે આવેલ મતદાર, ઉમેદવાર તથા રાજય ચૂંટણી આયોગ દ્વારા અધિકૃત કરેલ વ્યકિત સિવાયની વ્યક્તિએ પ્રવેશ કરવા પર

(૧૦) રાજકીય પક્ષના પ્રતિકો કે ઉમેદવારોના પ્રતિકો લાવવા પર કે કોઈ નિશાનીઓ રાખવા પર.

(૧૧) એક ઉમેદવારના એકથી વધારે મતદાન એજન્ટોને મતદાન મથક ઉપર હાજર રહેવા પર,

(૧૨) કોઈ પણ પક્ષના ચિન્હવાળી સ્લીપો વહેંચવા પર.

(૧૩) મતદાન સમય દરમિયાન મતદાન એજન્ટોને મતદાર યાદી મતદાન મથકની બહાર લઈ જવા પર,

વધુમાં નીચે મુજબના કૃત્યો કરવા ફરમાવું છું કરવા ફરમાવું છું,

(૧) મતદાન મથકમાં પ્રવેશવા માટે શક્ય હોય ત્યાં સુધી સ્ત્રી મતદારો માટે અલગ લાઈનની વ્યવસ્થા કરવાની રહેશે. અલગ લાઈન ન થઈ શકે તો જ મતદારોએ એક લાઈનમાં ઉભા રહેવાનું રહેશે.

(૨) મતદારોએ મતદાન મથકમાં એક પછી એક વારાફરતી ક્રમમાં પ્રવેશવાનું રહેશે.

(૩) મતદારોએ મત આપ્યા બાદ તુરત જ મતદાન મથક છોડી દેવાનું રહેશે.

(૪) ૬૫ વર્ષથી વધુ વયના મતદારો, અપંગ મતદારો, નાનું બાળક સાથે હોય તેવા મહિલા મતદારો, સગર્ભા મતદારોને લાઈનમાં ઉભા ન રાખતાં પ્રથમ અગ્રતા આપી મતદાન કરવા દેવાનું રહેશે.

(૫) પુરૂષ અને સ્ત્રી એમ બે લાઈનમાં પણ એક પુરૂષની સામે બે મહિલાઓને મતદાન દેવાનું રહેશે.

જાહેરનામામાં સમાવિષ્ટ થતો વિસ્તાર

અમદાવાદ જિલ્લા (ગ્રામ્ય) વિસ્તારના દસ્ક્રોઈ, ધોળકા, વિરમગામ, સાણંદ, માંડલ, દેત્રોજ, ધંધુકા, બાવળા, ધોલેરા, ઘાટલોડીયા તાલુકાઓમાં સમાવિષ્ટ ગ્રામ પંચાયતોના મતદાર વિભાગમાં સમાવિષ્ટ વિસ્તારો

આ હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ સજાને પાત્ર થશે. વધુમાં આવું કૃત્ય સબંધિત કાયદા હેઠળ શિક્ષાપાત્ર બનશે. આથી કોઈપણ કંપનીના સંચાલક, કર્મચારી, એજન્ટ કોઈ રાજકીય પક્ષ કે કોઈપણ ઈસમ આ હુકમનું ઉલ્લંઘન કરશે નહી.

આ જાહેરનામું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ની જોગવાઈ મુજબ હુકમની તારીખથી એટલે કે, તા.૨૮/૦૫/૨૦૨૫ થી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ રોજ તા.૨૮/૦૫/૨૦૨૫ના રોજ આ આદેશ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

જાહેરનામું

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનું.

નં.ડીસી/એમએજી-૧/ગ્રામપંચાયત/ચૂંટણી/જાહેરનામું મત ગણતરી કેન્દ્ર/એસ. આર.નં. ૧૦૪/૨૦૨૫.–ગુજરાતના રાજય ચૂંટણી આયોગ દ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ ૨૦૨૫ નો ચૂંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. તે મુજબ અમદાવાદ જિલ્લામાં ગ્રામ પંચાયતોની ચૂંટણીનું મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ના રોજ યોજાનાર છે. તેમજ જો પુનઃ મતદાન યોજવાનું થાય તો તેની તા.૨૪/૦૬/૨૦૨૫ તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ના રોજ હાથ ધરાનાર છે, મતગણતરીના દિવરો સવારે ૦૭:૦૦ કલાકથી મતગણતરી પુરી પુરી ન થાય ત્યાં સુધી મતગણતરી પ્રક્રિયામાં કોઈ ખલેલ ન પહોંચે, મુકત, ન્યાયી અને નિષ્પક્ષ રીતે મતગણતરી થઈ શકે તે માટે કાયદો અને વ્યવસ્થા જાળવવી ખુબ જ જરૂરી હોઈ મતગણતરી કેન્દ્રની અંદર તથા મતગણતરી કેન્દ્રની આજુબાજુના વિસ્તારમાં અમુક કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવી જરૂરી છે.

વાસ્તે હું, બી. આર. સાગર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો આથી અમદાવાદ પોલીસ કમિશનર, અમદાવાદ શહેરની હકુમત સિવાયનો મહેસૂલી વિસ્તારમાં સમાવિષ્ટ ગ્રામ પંચાયતો પૈકી ૬૪ ગ્રામ પંચાયતમાં સામાન્ય/વિભાજન/મધ્યસત્ર અને ૧૭૭ ગ્રામ પંચાયતમાં પેટા એમ મળી કુલ-૨૪૧ ગ્રામ પંચાયતોના મતદાર વિભાગમાં સમાવિષ્ટ વિસ્તારોમાં ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને સત્તાની રૂએ મતગણતરી તેની આજુબાજુ ૧૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ સવારના ૦૭:૦૦ મળેલ સત્તાની રૂએ કલાકથી મતગણતરીની કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું-

(૧) મતગણતરી કેન્દ્ર ઉપર કે તેની ૧૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં કોઈપણ વ્યક્તિ મોબાઈલ ફોન, સેલ્યુલર ફોન, પેજર, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ કે અન્ય વિજાણું સંદેશા વ્યવહારના સાધનો લઈ જઈ શકશે નહીં કે તેનો ઉપયોગ પણ કરી શકશે નહીં.

(૨) મતગણતરી કેન્દ્રમાં કે તેની આજુબાજુ ૧૦૦ મીટની ત્રિજયામાં કોઈપણ વ્યકિત વાહનો સાથે આવી શકશે નહી.

(૩) મતગણતરી કેન્દ્રમાં ઉમેદવાર, ઉમેદવારના ચૂંટણી એજન્ટ/મતગણતરી એજન્ટ, મતગણતરીની કામગીરી સાથે સંકળાયેલ અધિકારીશ્રી/કર્મચારીશ્રી તથા ચૂંટણી પંચે અધિકૃત કરેલ વ્યક્તિ સિવાયની વ્યકિત પ્રવેશ કરી શકશે નહીં.

આ હુકમમાં નીચે મજબ અપવાદ છે.

(૧) રાજય ચૂંટણી આયોગ દ્વારા નિમાયેલા નિરીક્ષકશ્રી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ચૂંટણી અધિકારીશ્રી, મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, વધારાના ચૂંટણી અધિકારીશ્રી/મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી મુદ્દા નં.-(૧)માં જાણાવેલ ઉપકરણ મતગણતરી કેન્દ્ર સુધી લઈ જઈ શકશે, પરંતુ મતગણતરી હોલમાં જવાના પ્રસંગે આવું ઉપકરણ સાઈલન્ટ મોડમાં રાખવાનું રહેશે.

(૨) કાયદો અને વ્યવસ્થાના ઈન્ચાર્જ અધિકારીઓ તથ સુરક્ષા કર્મચારીઓ સલામતીની દ્રષ્ટિએ જરૂરી હોય તેવા મુદ્દા નં. (૧) માં જણાવેલ ઉપકરણ મતગણતરી કેન્દ્ર સુધી લઈ જઈ શકશે., પરંતુ મતગણતરી હોલમાં આવું કોઈ ઉપકરણ લઈ જઈ શકાશે નહીં.

(૩) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી/ચૂંટણી અધિકારીશ્રી દ્વારા વાહન પરમીટ આપેલ વાહનો મતગણતરી કેન્દ્રના પોર્ચ સુધી લાવી શકાશે.

(૪) મતગણતરી માટે નિમણૂક આપે આપેલ અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓને લઈને આવતું વાહન પાકીંગ એરીયા સુધી લાવી શકાશે.

(૫) ઉમેદવાર, ઉમેદવારના ચૂંટણી એજન્ટ/મતગણતરી એજન્ટ પોતાનું વાહન ચૂંટણી અધિકારીશ્રીએ તે માટે નકકી કરેલ એરીયા સુધી લાવી શકશે.

જાહેરનામામાં સમાવિષ્ટ થતો વિસ્તાર

અમદાવાદ જિલ્લા (ગ્રામ્ય) વિસ્તારના દસ્ક્રોઈ, ધોળકા, વિરમગામ, સાણંદ, માંડલ, દેત્રોજ, ધંધુકા, બાવળા, ધોલેરા, ઘાટલોડીયા તાલુકાઓમાં સમાવિષ્ટ ગ્રામ પંચાયતોના મતદાર વિભાગમાં સમાવિષ્ટ વિસ્તારો

આ આદેશનો ભંગ કરી જો કોઈ વ્યકિત પાસે મોબાઈલ ફોન, સેલ્યુલર ફોન, પેજર, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ કે અન્ય વિજાણું સંદેશા વ્યવહારના સાધનો મળી આવશે તો અથવા પ્રતિબંધીત વિસ્તામાં કોઈ વાહન પ્રવેશ કરશે તો સ્થળ પરના સુરક્ષા અધિકારીશ્રી/કર્મચારીશ્રી આવું સાધન/વાહન જપ્ત કરી શકશે.

આ હુકમનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ તથા લાગુ પડતા અન્ય કાયદાઓની જોગવાઈઓ મુજબ સજાને પાત્ર થશે.

આ જાહેરનામું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ની જોગવાઈ મુજબ હુકમની તારીખથી એટલે કે, તા.૨૮/૦૫/૨૦૨૫ થી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ રોજ તા.૨૮/૦૫/૨૦૨૫ના રોજ આ આદેશ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

જાહેરનામું

ભારતીય નાગરીક સુરક્ષા સહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે.

નં.ડીસી/એમએજી-૧/ગ્રામપંચાયત/ચૂંટણી/જાહેરનામું/સભા-સરઘસ/એસ.આર.નં.૧૦૫/૨૦૨૫.–ગુજરાતના રાજય ચૂંટણી આયોગ દ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યરાત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ નો ચૂંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. તે મુજબ અમદાવાદ જિલ્લામાં ગ્રામ પંચાયતોની ચૂંટણીનું મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ના રોજ યોજાનાર છે. તેમજ જો પુન: મતદાન યોજવાનું થાય તો તેની તા.૨૪/૦૬/૨૦૨૫ તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ના રોજ હાથ ધરાનાર છે. જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા મતદારો પોતાનો મત મુકત અને નિર્ભય રીતે આપી શકે તેમજ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા જરૂરી શાંતિમય વાતાવરણમાં યોજાય તથા વિક્ષેપો ઉભા થાય નહી તે જરૂરી જણાતુ હોઈ તેમજ ચૂંટણીના સરળ સંચાલન માટે જાહેર સુલેહ શાંતિનો ભંગ થતો અટકાવવો આવશ્યક જણાતો હોઈ ભારતીય નાગરીક સુરક્ષા રાહિતા ૨૦૨૩ ની કલમ-૧૬૩હેઠળ પગલા લેવા પુરતાં કારણો છે.

આથી હું, બી. આર. સાગર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો આથી અમદાવાદ પોલીસ કમિશનર, અમદાવાદ શહેરની હકુમત સિવાયનો મહેસુલી વિસ્તારમાં સમાવિષ્ટ ગ્રામ પંચાયતો પૈકી ૬૪ ગ્રામ પંચાયતમાં સામાન્ય/વિભાજન/મધ્યસત્ર અને ૧૭૭ ગ્રામ પંચાયતમાં પેટા એમ મળી કુલ-૨૪૧ ગ્રામ પંચાયતોના મતદાર વિભાગમાં સમાવિષ્ટ વિસ્તારોમાં ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ થી રાને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, અમદાવાદ જિલ્લા (ગ્રામ્ય) વિસ્તારના જાહેરનામામાં સમાવિષ્ટ વિસ્તારમાં આ હુકમની તારીખથી તા.૨૨/૦૬/૨૦૨૫ સુધી અધિકૃત અને સક્ષમ અધિકારી પાસેથી પૂર્વ પરવાનગી મેળવ્યા સિવાય ચાર કરતાં વધુ વ્યક્તિઓએ એકત્રિત થવું નહી. અથવા કોઈ રસભા ભરવી નહી કે કોઈ સરઘસ કાઢવું નહી. સભા સરઘસની મંજુરી આપવા માટે સક્ષમ અધિકારી તરીકે ગ્રામ્ય વિસ્તારોમાં જે તે મતદાર વિભાગના ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદારશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

સભા-સરઘરાનો ખર્ચ ઉમેદવારના ચૂંટણી ખર્ચના હિસાબોમાં ઉમેરવાનો રહેશે.

જાહેરનામામાં સમાવિષ્ટ થતો વિસ્તાર

અમદાવાદ જિલ્લા (ગ્રામ્ય) વિસ્તારના દસ્ક્રોઈ, ધોળકા, વિરમગામ, સાણંદ, માંડલ, દેત્રોજ, ધંધુકા, બાવળા, ધોલેરા, ઘાટલોડીયા તાલુકાઓમાં સમાવિષ્ટ ગ્રામ પંચાયતોના મતદાર વિભાગમાં સમાવિષ્ટ વિસ્તારો

વધુમાં હું આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહ રક્ષક દળની વ્યક્તિને

(૨) સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તેવા વ્યક્તિને.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ની જોગવાઈ મુજબ હુકમની તારીખથી એટલે કે, તા.૨૮/૦૫/૨૦૨૫ થી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ રોજ તા.૨૮/૦૫/૨૦૨૫ના રોજ આ આદેશ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

વંચાણે લીધું.

(૧) પોલીસ ઈનસ. એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના પત્ર ક્રમાંક નં. એલ.આઈ.બી./ GPSC/ પરીક્ષા જાહેરનામું/૪૦૦૪/૨૦૨૫,

જાહેરનામું :-

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનું.

નં.ડીસી/એમએજી/જાહેરનામું/પરીક્ષા/એસ.આર.૯૫/૨૦૨૫.–આમુખ-(૧) ના પત્રથી પોલીસ ઈનસ. એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના પત્ર ક્રમાંક નં. એલ.આઈ.બી./GPSC/પરીક્ષા જાહેરનામું/૪૦૦૪/૨૦૨૫, તા.૨૪/૦૫/૨૦૨૫ થી ગુજરાત જાહેર સેવા આયોગ ગાંધીનગર દ્વારા આયોજિત મદદનીશ વન સંરક્ષક વર્ગ-૨ અને પરીક્ષેત્ર વન અધિકારી, વર્ગ-૨ (જાહેરાત ક્રમાંક:: ૧૩૫/૨૦૨૪-૨૫) માટેની પ્રિલિમીનરી પ્રાથમિક કસોટી તા.૦૧/૦૬/૨૦૨૫ના રોજ સમય ૧૦:૦૦ થી ૧૩:૦૦ તથા કલાક ૧૫:૦૦ થી ૧૮:૦૦ કલાક દરમિયાન (પ્રશ્નપત્ર-૧, પ્રશ્નપત્ર-૨) અમદાવાદ ગ્રામ્ય જીલ્લાના બોપલ પોલીસ સ્ટેશનની હદના M.K.PATEL HIGH SCHOOL, TEJAS SIXAN SANKUL BOPAL, BOPAL-GHUMA ROAD, BOPAL પરીક્ષા કેન્દ્ર ખાતે યોજાનાર છે. આ પરીક્ષા દરમ્યાન પરીક્ષા કેન્દ્રોની આસપાસના વિસ્તારમાં સુલેહ શાંતિ જળવાઈ રહે અને પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી શાંત અને સૌહાદપુર્ણ વાતાવરણમાં ગેરરીતી કર્યા વગર તેમજ કોઈપણ પ્રકારના પ્રલોભનથી દોરવાયા વગર પરીક્ષા આપી શકે તે માટે પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હદ સિવાયના સમગ્ર અમદાવાદ જીલ્લાના મહેસુલી વિસ્તારમાં પૈકી બોપલ પોલીસ સ્ટેશનની હદમાં આવેલ પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના ૧૦૦ મીટરની ત્રીજ્યાના વિસ્તારમાં આવેલ ઝેરોક્ષ કેન્દ્રો/દુકાનો બંધ રાખવા, પરીક્ષા સ્થળોની આજુબાજુ મોટા મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવા ઉપર તથા સક્ષમ અધિકારી સિવાયના તમામ માટે મોબાઈલ અને અન્ય

ઈલેકટ્રોનીક મિડીયા / વિજાણુ ઉપકરણ લઈ જવા પર પ્રતિબંધ ફરમાવવા તેમજ પરીક્ષા કેન્દ્રની આજુબાજુના ૧૦૦ મીટરની ત્રીજયાના વિસ્તારને પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરી નીચે મુજબના કૃત્યો કરવાનો પ્રતિબંધ ફરમાવવાનુ પ્રવર્તમાન સંજોગોમાં આવશ્યક જણાય છે.

આથી હું બી.આર.સાગર, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ફોજદારી કાર્યરિતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂઈએ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હદ સિવાયના સમગ્ર અમદાવાદ જીલ્લાના મહેસુલી વિસ્તારમાં નીચેના કૃત્યો કરવાનો પ્રતિબંધ ફરમાવુ છું.

પ્રતિબંધિત વિસ્તાર:

(૧) પરીક્ષા કેન્દ્રો તથા તેની ચોતરફ ૧૦૦ મીટરની ત્રીજ્યામાં આવેલ તમામ મકાનો, જગ્યા, સ્થળ અને વિસ્તાર

(૨) ઝેરોક્ષ કેન્દ્રો/દુકાનો માટે પરીક્ષા કેન્દ્રની યોતરફ ૧૦૦ મીટરની ત્રીજ્યાનો વિસ્તાર

પ્રતિબંધિત કૃત્યો:

(૧) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજયામાં ચાર કે તેથી વધુ વ્યક્તિઓએ ભેગા થવા ઉપર

(૨) પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સંબંધિત કામગીરીમાં રોકાયેલ ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઈપણ બિનધિકૃત માણસોએ પ્રતિબંધિત વિસ્તારમાં દાખલ થવા ઉપર

(૩) પરીક્ષા સ્થળે ઈલેક્ટ્રોનીક આઈટમ જેવી કે મોબાઈલ ફોન, પેજર, ઈલેક્ટ્રીક ડાયરી, સ્માર્ટ વોચ, ઈયરફોન કે અન્ય ઈલેક્ટ્રોનીક ઉપકરણો લઈ દાખલ થવા ઉપર

(૪) પરીક્ષાર્થીઓની શાંતી અને લેખનકાર્યમાં અડચણ, વિશેષ ધ્યાનભંગ થાય તેવુ કોઈપણ કૃત્ય કરવા/કરાવવા ઉપર

(૫) પરીક્ષા સ્થળે ચોરી કરવા/કરાવવાના હેતુથી પુસ્તક, કાપલીઓ, ઝેરોક્ષ નકલો લઈ જવા ઉપર

(૬) પ્રતિબંધીત વિસ્તારમાં આવેલ ઝેરોક્ષ નકલ કરવાના કેન્દ્રો/દુકાનો પર ઝેરોક્ષ મશીન, ફેક્સ મશીન પરીક્ષા સમયે ચાલુ કરવા/કરાવવા ઉપર

(૭) પરીક્ષા સ્થળે કોઈપણ પ્રકારનું હથિયાર લઈ દાખલ થવા ઉપર

(૮) પરીક્ષા સ્થળની આસપાસના પ્રતિબંધીત વિસ્તારમાં આવેલ પાનબીડીના ગલ્લા તથા ચા-પાણીના કેન્દ્રો પરીક્ષા સમય દરમ્યાન ચાલુ કરવા/કરાવવા ઉપર

(૯) પ્રતિબંધીત વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસોએ એકઠા થવા ઉપર

(૧૦) પ્રતિબંધીત વિસ્તારમાં જાહેર વાહન વ્યવહાર અવરોધાય તે રીતે વાહનો ઉભા રાખવા કે પાર્ક કરવા/કરાવવા ઉપર

(૧૧) પરીક્ષા સ્થળો પર ગેરરીતી થાય તેવું કોઈપણ સાધન અથવા વસ્તુ લઈ જવા પર પ્રતિબંધ ફરમાવવા

(૧૨) પરીક્ષા સ્થળની આજુબાજુ મોટા મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ ફરમાવવા

અપવાદ

આ હુકમ ફરજ પરના પોલીસદળ / હોમગાર્ડના કર્મચારીઓ / અધિકારીઓ તથા પરીક્ષાના અનુસંધાને ફરજ ઉપર બોલાવેલ કર્મચારી / અધિકારીશ્રીઓને લાગુ પડશે નહી.

સમયગાળો

આ હુકમ તા.૦૧/૦૬/૨૦૨૫ના રોજ સવારના ૦૮:૦૦ કલાક થી સાંજના ૨૦:૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય થાય સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજવતાં પોલીસ અધિક્ષકશ્રીનાં દરવાથી પોલીસ હેડ કોન્સ્ટેબલ સુધીનાં હોદા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંકિત, ૨૦૨૩ ની કલમ - ૨૨૩ તથા ગુજરાત પોલીસ એકટ કલમ -૧૧૭ મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૮/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કરચોરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

-: જાહેરનામું :-

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે.

નં.ડીસી/એમએજી-૧/જાહેરનામાં/PATHIK/એસ.આર.૯૪/૨૦૨૫.–પોલીસ દ્વારા તૈયાર કરવામાં આવેલ PATHIK (Program for Analysis of Traveler & Hotel Informatics) હોટલ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળા વગેરેના માલિકોએ તેમના ઈન્ટરનેટ કનેકટીવીટી વાળા કોમ્પ્યુટરમાં ઈન્સ્ટોલ કરાવી ગ્રાહક રજીસ્ટરમાં થતી એન્ટ્રી આ PATHIK સોફ્ટવેરમાં કરવા બાબતની અમલવારી કરવા જાહેરનામું બહાર પાડવા જણાવેલ છે.

આથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજીસ્ટેટ, અમદાવાદ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩ થી મળેલ સત્તાની રૂઈએ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હુકુમત સિવાયના અમદાવાદ જિલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તારમાં નીચે મુજબની અમલવારી કરવા જાહેરનામું બહાર પાડી હુકમ કરૂ છુ.

હોટલ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળા વગેરેના ના માલિકે ગ્રાહકની રજીસ્ટર એન્ટ્રીની સાથે દરેક હોટલે પોતાના રીસેપ્શન કાઉન્ટર ઉપર ઈન્ટરનેટ કનેકટીવીટી સાથેનુ એક કોમ્પ્યુટર રાખવુ જેમાં પોલીસ દ્વારા તૈયાર કરવામાં આવેલ PATHIK (Program for Analysis of Traveler & Hotel Informatics) ઈન્સ્ટોલ કરાવી રજીસ્ટરમાં થતી એન્ટ્રી આ PATHIK સોફ્ટવેરમાં પણ કરવાની રહેશે.

-: વિસ્તાર :-

પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર ની હુકુમત સિવાયનો અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર

-: શિક્ષા :-

આ જાહેરનામાનાં કોઈપણ ખંડનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

-: સમયગાળો :-

આ જાહેરનામું આજ તા.૩૦/૦૫/૨૦૨૫ ના ૦૦.૦૦ કલાકથી તા.૨૮/૦૭/૨૦૨૫ ના ૨૪.૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતા વિભાગીય પોલીસ અધિક્ષકશ્રીના દરજજાથી પોલીસ હેડ કોન્સ્ટેબલ સુધીના હોદા ધરાવનાર તમામ અધિકારીશ્રી / કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈરામો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ ૨૨૩ મુજબ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૮/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની માટે બહાર પાડવામાં આવેલ છે.

વંચાણમાં લીધું:-

(૧) પોલીસ ઈન્સ્પેકટરશ્રી, એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના તા.૨૧/૦૫/૨૦૨૫ના પત્ર ક્રમાંક:એલ.આઈ.બી./પ્રોટ/નો લાય ઝોન/૩૯૧૨/૨૦૨૫

જાહેરનામું:-

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે.

નં.ડીસી/એમએજી/જાહેરનામું/નો ડ્રોન ફલાય ઝોન/એસ.આર. ૯૩/૨૦૨૫.–આમુખ- (૧) ના પોલીસ ઈન્સ્પેકટરશ્રી, એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના તા:૨૧/૦૫/૨૦૨૫ ના પત્રથી ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી નાઓ હેલીકોપ્ટર મારફતે તા.૨૨/૦૫/૨૦૨૫ ના રોજ અમદાવાદ ગ્રામ્ય જીલ્લાના વિઠલાપુર પોલીસ સ્ટેશનની હદમાં હોન્ડા કંપની ખાતે કાર્યક્રમમાં પધારનાર છે. તેમજ કાર્યક્રમ પુર્ણ કરી ગાંધીનગર પરત જનાર છે.

જેથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ તા.૨૨/૦૫/૨૦૨૫ ના રોજ સવારના કલાક ૦૬:૦૦ થી કલાક ૧૩:૦૦ સુધી વિઠલાપુર પો.સ્ટેની હદના કાર્યક્રમવાળી જગ્યા તથા તેની ચારેય બાજુના બે કિલોમીટરના એરીયા વિસ્તારને "NO DRONE FLYING ZONE" તરીકે જાહેર કરવા સબંધિત એરપોર્ટ ઓથોરીટી તરફ જરુરી સુચના આપવા વિનંતી કરેલ છે.

આથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ની કલમ-૧૬૩ થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ સમયે તથા સ્થળને "NO DRONE FLYING ZONE" જાહેર કરૂ છું. જે દરમ્યાનમાં રીમોટ કંટ્રોલથી ચલાવવામાં આવતા ડ્રોન (DRONE), કવાડ કોપ્ટર (QUADCOPTER), પાવર્ડ એરક્રાફ્ટ (POWERED AIRCRAFT) તેમજ માનવ સંચાલિત માઈક્રો લાઈટ એરક્રાફ્ટ (MICROLIGHT AIRCRAFT), હેંગ ગ્લાઈડર / પેરા ગ્લાઈડર (HANG GLIDER/PARA GLIDER), પેરા મોટર (PARAMOTOR), તેમજ હોટ એર બલુન (HOT AIR BALLOONS) તથા પેરા જમ્પીંગ (PARA JUMPING) ચલાવવાની / કરવાની મનાઈ ફરમાવુ છું.

-:: અપવાદ ::-

પોલીસ વિભાગ અને સુરક્ષાબળો દ્વારા ઉપરોક્ત સંસાધનોના ઉપયોગ કરવા આ જાહેરનામામાંથી મુક્તિ આપું છું.

-:: વિસ્તાર ::-

વિઠલાપુર પો.સ્ટેની હદના ઉપરોકત કાર્યક્રમવાળી જગ્યા તથા તેની ચારેય બાજુના બે કિલોમીટરના એરીયા વિસ્તાર

-:: સમયગાળો ::-

આ જાહેરનામું તા.૨૨/૦૫/૨૦૨૫ ના સવારના ૦૬:૦૦ કલાક થી ૧૩:૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

-:: શિક્ષા ::-

આ જાહેરનામાંનો કોઈ પણ ખંડનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતા વિભાગીય પોલીસ અધિક્ષકશ્રીના દરજ્જાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીના હોદા ધરાવનાર તમામ અધિકારીશ્રી / કર્મચારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈરામો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામા આવે છે.

આજ રોજ તા.૨૧/૦૫/૨૦૨૫ ના રોજ સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ માટે બહાર પાડવામાં આવેલ છે.

બી. આર. સાગર,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
અમદાવાદ.

વંચાણે લીધું.

(૧) રાજ્ય સરકારશ્રીના ગૃહ વિભાગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક:વિ.૧/કઅવ/૧૦૨૦૨૧/૧૪૧૧ તા.૨૯/૦૮/૨૨ સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, નવસારીના પત્ર ક્રમાંક:-એમએજી/ગણેશ પ્રતિમા/ઉચાઈ/૨જુઆત/વશી./૨૦૨૫ તા.૨૯/૦૫/૨૦૨૫.

-: જાહેરનામું :-

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે.

નં.ડીસીબી/એમએજી/મૂર્તિ/જા.નામું/વશી. ૪૬૩૭ થી ૪૬૭૬/૨૦૨૫.–નવસારી જિલ્લામાં દર વર્ષે ઉજવવામાં આવતા ધાર્મિક તહેવારોની ઉજવણી દરમ્યાન જુદા-જુદા દેવી દેવતાઓની મુર્તિઓની સ્થાપના કરવામાં આવે છે, અને સ્થાપના બાદ ધાર્મિક રીતિ રિવાજ મુજબ પ્રસંગ વિત્યા બદ મૂર્તિઓને નદી, તળાવ તથા દરિયાના પાણીમાં વિસર્જન કરવામાં આવે છે. દેવી/દેવતાઓની મુર્તિઓની બનાવટમાં કેમીકલ યુક્ત રંગોનો ઉપયોગ થાય છે. આવી મૂર્તિઓને નદી, તળાવ તથા દરિયામાં વિસર્જન કરવામાં આવે છે. આ મૂર્તિઓ પાણીમાં ભળવાથી પાણીમાં રહેતાં જળચર જીવો, માછલીઓ વિગેરેનું મૃત્યુ થાય છે. જેના કારણે પાણી તથા પર્યાવરણને નુકશાન થાય છે.

મૂર્તિઓના વિસર્જન અંગે કેન્દ્રિય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ માર્ગ દર્શિકા મુજબ દરિયા, નદી, તળાવના પાણીમાં તથા પર્યાવરણમાં થતાં પ્રદુષણ અટકાવવા માટે નવસારી જિલાના સમગ્ર વિસ્તારમાં ધાર્મિક પ્રસંગો દરમ્યાન દેવી/દેવતાઓની મુર્તિઓની બનાવટમાં તથા વિસર્જન સમયે નીચે જણાવ્યા મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે હું યોગરાજસિંહ બી. ઝાલા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૪ની કલમ ૧૬૩ અન્વયે મને મળેલ અધિકારની રૂએ નીચેના કૃત્યો કરવા પર સમગ્ર નવસારી જિલ્લાના વિસ્તારમાં પ્રતિબંધ ફરમાવું છું.

(૧) પી.ઓ.પી. મૂર્તિઓ કુદરતી નદીઓ/તળાવમાં વિસર્જન કરવા પર તથા તેના કિનારા ઉપર પૂજન વિધિ કરવા પર.

(૨) મૂર્તિઓ બનાવટમાં અન્ય ધર્મના લોકોની લાગણી દુભાય તેવા કોઈ ચિન્હો/નિશાનીઓ રાખવા પર.

(૩) મૂર્તિ બનાવટમાં ઝેરી સિંન્થેટીક, રસાયણ/કેમિકલ, ડાયયુકત કલરના ઉપયોગ પર.

(૪) મૂર્તિની ઉચાઈ ૧૨-ફૂટથી વધારે રાખવા પર

(૫) મૂર્તિ બનાવટના સ્થળની આસપાસ ગંદકી કરવા પર.

(૬) મૂર્તિકારો દ્વારા ખંડિત થયેલ મૂર્તિઓ તેમજ વેચાણ ન થયેલ મૂર્તિઓને બિનવારસી હાલતમાં છોડવા પર.

- આ ઉપરાંત નીચે મુજબની સુચનાઓનું ફરજીયાત્પણે પાલન કરવાનું રહેશે.

૧. નવસારી જિલ્લા બહારથી મૂર્તિઓ લાવી વેચનાર મૂર્તિકારો/વેપારીઓને પણ આ નિયમો લાગુ પડશે.

૨. મૂર્તિ વિસર્જન થયા બાદ તમામ પંડાલ/મંડપ બે દિવસ કરતા વધારે દિવસ સુધી રાખવા નહી.

-: અમલવારીનો સમય :-

આ હુકમની અમલવારી તા.૦૨/૦૬/૨૦૨૫ થી તા.૩૧/૦૭/૨૦૨૫ સુધી (બન્ને દિવસો સહિત) કરવાની રહેશે.

-: શિક્ષા :-

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કરનાર અગર ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ને જોગવાઈ મુજબ શિક્ષાને પાત્ર થશે. નવસારી જિલ્લામાં ફરજ બજાવતા નાયબ પોલીસ અધિક્ષકશ્રી થી હેડ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૦૨/૦૬/૨૦૨૫ના રોજ મારી સહી અને મુદ્રા કરી આપી.

જાહેરનામુ

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું ::

નં.ડીસીબી/એમએજી/જાહેરનામું/ગ્રા.પં.ચુંટણી/વશી.૫૨૮૭ થી ૫૩૨૬/૨૦૨૫.–રાજય ચૂંટણી આયોગ ગાંધીનગર દ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ નો વિગતવાર કાર્યક્રમ તા.૨૮/૦૫/૨૦૨૫ થી જાહેર કરવામાં આવેલ છે અને તે મુજબ મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫(રવિવાર) ના રોજ યોજાનાર છે. રાજય ચૂંટણી આયોગ ગાંધીનગરના આદેશ ક્રમાંક:-રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા.૧૭/૧૧/૨૦૨૧ થી આપેલ સુચના મુજબ ચુંટણી જાહેર થયા પછી કાયદો અને વ્યવસ્થાની જાળવણી અંગે આદર્શ આચાર સંહિતાના અમલ માટે વિવિધ પ્રતિબંધાત્મક હુકમો કરવાના રહે છે,

સદરહું ચૂંટણી દરમ્યાન હિંસક બનાવોમાં તેમજ કાયદો અને વ્યવસ્થાને બગાડતા કૃત્યોમાં હથિયારોનો ઉપયોગ થાય તેવી શક્યતા રહે છે જેથી ચુંટણી પ્રક્રિયા દરમ્યાન હથિયારોનો ગેરકાયદેસર રીતે ઉપયોગ ન થાય તે માટે સમગ્ર નવસારી જિલ્લાના વિસ્તારમાં હથિયારો સાથે હરવા ફરવા ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી જણાતા અત્રેના જાહેરનામા નં.ડીસીબી/એમએજી/જાહેરનામું/ગ્રા.પં.ચુંટણી/વશી/૪૬૦૭ થી ૪૭૧૬/૨૦૨૫ તા.૦૨/૦૬/૨૦૨૫ થી પ્રથમ તબક્કે હથિયાર ફેરફાર ઉપર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. પરંતુ ગ્રામ પંચાયત ચુંટણી સ્થાનિક લેવલે યોજાતી હોઈ સ્થાનિક લેવલે કોઈ ઘર્ષણ ઉભું ન થાય અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ચુંટણી હેઠળના વિસ્તારમાં રહેતા પરવાનેદારોના હથિયાર જમા લેવા જરૂરી જણાય છે.

વાસ્તે હું યોગરાજસિંહ બી. ઝાલા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નવસારી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે,

(૧) નવસારી જિલ્લાના ગ્રામ પંચાયત ચુંટણી હેઠળના વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ ની વ્યાખ્યામાં આવતું કોઈપણ હથિયાર ધારણ કરવું નહીં અથવા આવા હથિયાર સાથે હરવું ફરવું નહીં.

(૨) સમગ્ર નવસારી જિલ્લામાંથી કે બહારના જિલ્લામાંથી મેળવેલ પરવાના ધારણ કરનાર વ્યક્તિઓએ સમગ્ર નવસારી જિલ્લાના વિસ્તારમાં વસવાટ કરતા હોય તો તેઓએ પણ ઉક્ત ચુંટણી હેઠળના વિસ્તારમાં હથિયાર/હથિયારો સાથે દાખલ થવું નહી તેમજ હથિયાર/હથિયારો સાથે જાહેરમાં હરવું ફરવું નહીં તેમજ આ આદેશ સમગ્ર નવસારી જિલ્લાના તમામ વિસ્તારમાં રહેતા અને સમગ્ર નવસારી જિલ્લાની મુલાકાતે આવેલ તમામ હથિયાર પરવાના ધારકોને પણ લાગુ પડશે.

(૩) ગ્રામ પંચાયત ચુંટણી હેઠળના વિસ્તારમાં રહેતા પરવાનેદારોએ આર્મ્સ એકટ હેઠળ મંજુર કરવામાં આવેલ પરવાનાવાળા દરેક પ્રકારના હથિયાર કે હથિયારો દિન-૦૩ માં જે-તે પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાના રહેશે. સંબંધકર્તા પોલીસ સ્ટેશનોએ તથા પોલીસ હેડક્વાર્ટરે સંબંધિત પોલીસ સ્ટેશનના વિસ્તારમાં રહેતા હથિયાર પરવાનો ધરાવતા વ્યક્તિઓ દ્વારા ગ્રામ પંચાયત ચુંટણી હેઠળના વિસ્તારમાં હથિયાર કે હથિયારો જમા કરાવવામાં આવે તે માટે પગલા લેવા તેમજ તમામ હથિયારો જમા થઈ ગયા અંગેની જાણ અત્રેની કચેરીને કરવાની રહેશે.

(૪) જે હથિયાર પરવાનાઓની મુદત પૂર્ણ થઈ ગયેલ હોય અને રીન્યુઅલ અર્થે અત્રેની કચેરીમાં રજૂ કરેલ હોય તેવા હથિયાર પરવાના હેઠળના હથિયારો પરવાનાની ઝેરોક્ષ નકલ, રીન્યુ અરજી રજૂ કર્યાની આ કચેરીની પહોંચ તથા રીન્યુ ફી ભર્યા અંગેના ચલણની નકલની ખરાઈ કરી જમા લેવાના રહેશે અને તેવી જ રીતે ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયે પરત સોંપવાના રહેશે.

- **અપવાદ:-**

ઉપરોક્ત જણાવેલ ક્રમ નં. (૧) થી (૪) ની બાબતો નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(અ) સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમને ઉપરી અધિકારીઓએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય તે વ્યક્તિઓને.

(બ) રાષ્ટ્રિયકૃત તેમજ સહકારી બેંકો અને સેન્ટ્રલ ગવર્મેન્ટ તેમજ રાજય સરકારના જાહેર સાહસોની સુરક્ષા અર્થે રાખેલ સીક્યુરીટી ગાર્ડ તેમજ સમગ્ર નવસારી જિલ્લાના વિસ્તારમાં આવેલ સોના-ચાંદીની દુકાનોની સલામતીની ફરજ બજાવતા ગાર્ડને (વ્યક્તિઓને) તથા પેટ્રોલપંપ પર ફરજ બજાવતા સુરક્ષાકર્મીઓ તેમજ મોટા ઔદ્યોગિક એકમો કે જે કંપનીના નામે હથિયાર પરવાનો ધરાવતા હોય તેઓને કામકાજના સમય દરમ્યાન હથિયાર સુરક્ષા અર્થે રાખવાની છુટ રહેશે.

(ક) નેશનલ રાયફલ એસોસીયેશનના રમતવીરો.

આ હુકમનો ભંગ કરનાર કે ઉલ્લંધન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષા થઈ શકશે. જાહેરનામાંનો ભંગ થયેથી નવસારી જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સ્પેક્ટરશ્રી કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓને ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ જાહેરનામાની તારીખથી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજે તા.૧૧/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યો.

વંચાણે લીધું :-

(૧) નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી ચીખલી (મા.મ.) પેટા વિભાગ ચીખલી ના પત્ર જા.નં.પીબી/૬૩૩/૨૦૨૫ તા.૨૫/૦૪/૨૦૨૫

(૨) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી ચીખલીના પત્ર નં.એમએજી/જાહેરનામુ/વશી/૧૧૩૮/૨૦૨૫ તા.૧૬/૦૫/૨૦૨૫

(૩) અત્રેની કચેરીના પત્ર નં.ડીસીબી/એમએજી-૨/જાહેરનામુ/અભિપ્રાય/વશી//૨૫ તા.૨૬/૦૫/૨૦૨૫

(૪) પોલીસ અધિક્ષકશ્રી, નવસારીના પત્ર નં. એલઆઈબી/જાહેરનામું/અભિપ્રાય/૧૮૧૦/૨૫, તા.૦૯/૦૬/૨૦૨૫

(૫) ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩

-:: જાહેરનામું ::-

નં.ડીસીબી/એમએજી/માર્ગ/ડાયવર્ટ/જા.ના./વશી.૫૩૨૭ થી ૫૩૫૧/૨૦૨૫.—આમુખ(૧)થી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી ચીખલી (મા.મ.) પેટા વિભાગ ચીખલી દ્વારા ચે. કી.મી.-૧૧/૦ (કોલેજ સર્કલ) થી ૧૪/૬૦ (કૌટિલ્ય ફયુલ સ્ટેશન) ની વચ્ચે જમણી બાજુ અત્રેના ઈજારદારશ્રી દ્વારા કામગીરી શરૂ થનાર છે, જેના લીધે સદર રસ્તા ઉપર ચે. કી.મી. ૧૧/૦ (કોલેજ સર્કલ) થી ૧૭/૦ (બંસીધર મેટલ્સ) ની વચ્ચે જમણી બાજુ ટ્રાફીક બંધ કરી અન્ય રસ્તા અથવા સદર ચે. કી.મી. માં રસ્તાની ડાબી બાજુ ટુ-વે ટ્રાફિક ડાયવર્ટ કરવાનો થાય છે. તેમ જણાવી બધાજ પ્રકારના વાહનોનો ટ્રાફીક સદર રસ્તા પર ચે. કી.મી. ૧૧/૦ (કોલેજ સર્કલ) થી ૧૭/૦ (બંસીધર મેટલ્સ) ની વચ્ચે જમણી બાજુ તા-૦૪/૦૫/૨૦૨૫ થી ૩૦/૦૬/૨૦૨૫ સુધી બંધ કરી અગાઉ ડાયવર્ઝન પ્લાનના રૂટમાં જરૂરી સુધારા વધારા કરી બિડાણે સામેલ ડાયવર્ઝન પ્લાન મુજબ અન્ય રસ્તા પર ડાયવર્ટ કરવા તથા સદર ડાયવર્ઝન પ્લાન અંગે નાયબ પોલીસ અધિક્ષકશ્રી, ચીખલીને જરૂરી ટ્રાફીક પોઈંટ મૂકવા અર્થે સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી ચીખલીને દરખાસ્ત કરેલ છે.

આમુખ(૨)થી સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી ચીખલી દ્વારા ઉપરોકત જાહેરનામું બહાર પાડવા અત્રે હકારાત્મક અભિપ્રાય મોકલી આપેલ છે. જે કામે અત્રેની કચેરીના આમુખ(૩)થી પોલીસ અધિક્ષકશ્રી નવસારીનો અભિપ્રાય મંગાવતાં, તેઓએ નીચે મુજબ અભિપ્રાય આપેલ છે.

આમુખ(૪)થી પોલીસ અધિક્ષકશ્રી નવસારી દ્વારા બીલીમોરા ચીખલી વાંસદા વઘઈ વાંસદા રોડ કી.મી.૯/૦ થી ૫૯/૬ પર હાલમાં ગુજરાત સરકાર દ્વારા "રાજ્યના ઔદ્યોગિક અને ખાણ ખનીજ વિસ્તારોને જોડતા રસ્તાઓની સુધારણા, અપગ્રેડેશન વાઈડનીંગ અને મજબૂતીકરણની કામગીરી" માટે સદર રસ્તાની ચે.કી.મી.૧૧/૦ થી ૧૭/૦ ની વચ્ચે જમણી અને ડાબી બંને બાજુ હયાત ડામર રોડની જગ્યાએ સી.સી.(સિમેન્ટ કોન્કીટ) રોડની કામગીરી મંજૂર થયેલ છે. સદર કામગીરી હાલમાં ચાલુ છે. જેમાં સદર રસ્તાની ડામર સપાટીની જગ્યાએ બોક્ષ કટિંગ કરી ડી.એલ. સી. તેમજ પી.ક્યુ.સી.ની કામગીરી કરવા અગાઉ ચે.કી.મી.૧૪/૬૦ (કૌટીલ્ય ફયુલ સ્ટેશન) થી ચે.કી.મી ૧૭/૦ (બંસીધર મેટલ્સ) જમણી બાજુ ટ્રાફીક બંધ કરી અન્ય રસ્તા અથવા સદર ચે.કી.મી.માં રસ્તાની ડાબી બાજુ ટુ-વે ટ્રાફિક ડાયવર્ટ કરાવવા અને ભારે વાહનોનો ટ્રાફીક સદર રસ્તા ચે.કી.મી.૧૪/૬૦ (કૌટિલ્ય ફયુલ રસ્ટેશન) થી ચે.કી.મી ૧૭/૦ (બંસીધર મેટલ્સ) ની વચ્ચે તા.૦૫/૦૨/૨૦૨૫ થી તા.૦૪/૦૫/૨૦૨૫ સુધી બંધ કરવા જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ હતું.

હાલમાં સદર રસ્તાના ચે.કી.મી.૧૧/૦ (કોલેજ સર્કલ) થી ૧૪/૬૦ (કૌટિલ્ય ફયુલ સ્ટેશન) ની વચ્ચે જમણી બાજુ ઈજારદારશ્રી દ્વારા કામગીરી શરૂ કરનાર હોય જે અન્વયે સદર રસ્તા ઉપર ચે.કી ૧૧/૦ (કોલેજ સર્કલ) થી ૧૭/૦ (બંસીધર મેટલ્સ) ની વચ્ચે જમણી બાજુ ટ્રાફીક બંધ કરી અન્ય રસ્તા અથવા સદર ચે.કી.મી.માં ૨૨સ્તાની ડાબી બાજુ ટુ-વે ટ્રાફીક ડાયવર્ટ કરવાનો થતા હોય, જેથી બધાજ પ્રકારના વાહનોનો ટ્રાફીક સદર રસ્તા પર ચે.કી.મી.૧૧/૦૦(કોલેજ સર્કલ) ૧૭/૦૦ (બંસીધર મેટલ્સ) ની વચ્ચે જમણી બાજુ તા.૦૪/૦૫/૨૦૨૫ તા.૩૦-૦૬-૨૦૨૫ સુધી બંધ કરી અગાઉ ડાયવર્ઝન પ્લાન મુજબ અન્ય રસ્તા પર ડાયવર્ટ કરવા જણાવેલ છે.

સદર બાબતે નાયબ પોલીસ અધિક્ષકશ્રી ચીખલી વિભાગ, ચીખલી નાઓ મારફતે તપાસ કરાવી અહેવાલ મંગાવતા જે કામે નીચે મુજબના ડાયવર્ઝન પ્લાન મુજબ વૈકલ્પિક રૂટ ઉપયોગ કરવા બાબતે પો.ઈન્સ.શ્રી ચીખલી પો.સ્ટે.નાઓએ નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, ચીખલી (મા X મ) નાઓની સાથે સંકલન કરી, સ્થળ વિઝીટ કરતા નીચે જણાવ્યા મુજબ ડાયવર્ઝન પ્લાનના ક્રમ નં.૧ અને ક્રમ નં.૨ ના નીચે જણાવેલ વૈકલ્પિક રૂટ ઉપર ડાયવર્ટ કરવા જાહેરનામુ પ્રસિધ્ધ કરવા અભિપ્રાય આપેલ છે.

ક્રમ	રૂટ	વાહનનો પ્રકાર	વૈકલ્પીક રૂટ
૧	નાશિક થી વાંસદા થી રાનકૂવા થી ચીખલી તરફ	ફક્ત ભારે વાહનો	(૧) રાનકુવા થી ખુડવેલ થી ગોલવાડ થઈ ચીખલી તરફ જશે. (૨) રાનકુવા થી ટાંકલ થી દેગામ થી આલીપોર થઈ ચીખલી તરફ જશે. (૩) રાનકુવા થી ટાંકલ થી ખારેલ થઇ ચીખલી તરફ જશે.
૨	બીલીમોરા ચીખલી વાંસદા વઘઈ રોડ ચે.કી.મી.૧૧/૦ (કોલેજ સર્કલ) થી ચે.કી.મી ૧૭/૦ બંસીધર મેટલ્સ) ડાબી તેમજ જમણી બાજુ નાના વાહનો (સ્થાનિક રહેવાસીઓ માટે) ચીખલી તેમજ વાંસદા તરફ જવા માટે.	નાના વાહનો વાહનો (સ્થાનિક રહેવાસીઓ માટે)	બીલીમોરા ચીખલી વાંસદા વઘઈ રોડ ચે.કી.મી ૧૧/૦ થી ૧૭/૦ ડાબી બાજુનો ટુ-લેન-ટુ-વે-ટ્રાફિક તરીકે ઉપયોગ કરવાનો રહેશે.

તેમજ પો.ઈન્સ.શ્રી ચીખલી પો.સ્ટે. નાઓએ ડાયવર્ઝન પ્લાનના ક્રમ નં. (૩) બીલીમોરા ચીખલી વાંસદા વઘઈ રોડ ચે.કી.મી ૧૧/૦(કોલેજ સર્કલ) થી ચે.કી.મી ૧૭/૦ (બંસીધર મેટલસ) ડાબી તેમજ જમણી બાજુ ક્વોરીના ભારે વાહનો ચીખલી તરફ તથા ક્રમ નં. (૪) બીલીમોરા ચીખલી વાંસદા વઘઈ રોડ ચે.કી.મી ૧૧/૦ (કોલેજ સર્કલ) થી ચે.કી.મી ૧૭/૦ (બંસીધર મેટલસ) ડાબી તેમજ જમણી બાજુ ક્વોરીના ભારે વાહનો વાંસદા તરફ જણાવેલ વૈકલ્પિક રૂટનો રસ્તો સાંકળો હોવાથી અને ૨૨સ્તાની બાજુમાં કેનાલ આવેલ હોય, જેથી ભારે વાહનો આ રૂટ ઉપર પસાર થઇ શકે તેમ ન હોય અને ભારે વાહનો પસાર થાય તો અકસ્માત થવાનો સંભવ હોવાથી ડાયવર્ઝન પ્લાનના ક્રમ નંબર ૩ તથા ૪ માં જણાવેલ ભારે વાહનોના વૈકલ્પીક રૂટનો જાહેરનામુ પ્રસિધ્ધ કરવા અભિપ્રાય આપેલ નથી.

આમ, ઉપરોક્ત જણાવેલ ડાયવર્ઝન પ્લાનના ક્રમ નંબર - ૧ તથા ૨ માં જણાવેલ મુજબ વૈકલ્પિક રૂટ ઉપર ડાયવર્ટ કરવા જાહેરનામુ પ્રસિધ્ધ કરવા અમારો અભિપ્રાય થાય છે. જ્યારે ડાયવર્ઝન પ્લાનના ક્રમ નંબર - ૩ તથા ૪ માં જણાવેલ વૈકલ્પિક રૂટનો રસ્તો સાંકળો હોવાથી અને રસ્તાની બાજુમાં કેનાલ આવેલ હોય જેથી ભારે વાહનો આ રૂટ ઉપર પસાર થઇ શકે તેમ ન હોય અને ભારે વાહનો પસાર થાય તો અકસ્માત થવાનો સંભવ હોવાથી ડાયવર્ઝન પ્લાનના ક્રમ નંબર ૩ તથા ૪ માં જણાવેલ ભારે વાહનોના વૈકલ્પીક રૂટનો જાહેરનામુ પ્રસિધ્ધ કરવા અમારો અભિપ્રાય થતો નથી. તેમ જણાવેલ છે.

સબબ, નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી ચીખલી (મા.મ.) પેટા વિભાગ ચીખલી દ્વારા કરેલ દરખાસ્ત સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ ચીખલીના આમુખ(૩)થી રજુ થયેલ હકારાત્મક અભિપ્રાય અન્વયે આમુખ(૪)ના પોલીસ અધિક્ષકશ્રી નવસારી દ્વારા ઉકત કોષ્ટકમાં દર્શાવેલ ક્રમ નં.૧ અને (૨) માટે જાહેરનામું બહાર પાડવા અંગેના હકારાત્મક અભિપ્રાય ધ્યાને લેતા, કોઈ વાહન અકસ્માત ન સર્જાય તેમજ ટ્રાફિક નિયમન જળવાય તે માટે જાહેર જનતાના હિતમાં સલામતીના પગલા લેવા ઉચિત જણાય છે.

વાસ્તે, હું યોગરાજસિંહ બી. ઝાલા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નવસારી ગુજરાત પોલીસ અધિનિયમ- ૧૯૫૧ની કલમ-૩૩ થી મને મળેલ સતાની રૂએ, બીલીમોરા-ચીખલી-વાંસદા-વઘઈ રોડ પર બધાજ પ્રકારના વાહનોનો ટ્રાફીક સદર રસ્તા પર ચે. કી.મી. ૧૧/૦ (કોલેજ સર્કલ) થી ૧૭/૦ (બંસીધર મેટલ્સ) ની વચ્ચે જમણી બાજુ તા-૧૧/૦૬/૨૦૨૫ થી ૩૦/૦૬/૨૦૨૫ સુધી બંધ કરી વાહનોની અવર જવર ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે તેમજ પ્રતિબંધના સમયગાળા દરમ્યાન નીચે જણાવેલ વૈકલ્પિક માર્ગ ઉપર વાહનોની અવર જવર ડાયવર્ટ કરવા હુકમ ફરમાવુ છું.

-: વૈકલ્પિક માર્ગની વિગત :-

ક્રમ	રૂટ	વાહનનો પ્રકાર	વૈકલ્પીક રૂટ
૧	નાશિક થી વાંસદા થી રાનકૂવા થી ચીખલી તરફ	ફક્ત ભારે વાહનો	(૧) રાનકુવા થી ખુડવેલ થી ગોલવાડ થઈ ચીખલી તરફ જશે. (૨) રાનકુવા થી ટાંકલ થી દેગામ થી આલીપોર થઈ ચીખલી તરફ જશે. (૩) રાનકુવા થી ટાંકલ થી ખારેલ થઇ ચીખલી તરફ જશે.

૨	બીલીમોરા ચીખલી વાંસદા વઘઈ રોડ ચે.કી.મી.૧૧/૦ (કોલેજ સર્કલ) થી ચે.કી.મી ૧૭/૦ બંસીધર મેટલ્સ) ડાબી તેમજ જમણી બાજુ નાના વાહનો (સ્થાનિક રહેવાસીઓ માટે) ચીખલી તેમજ વાંસદા તરફ જવા માટે.	નાના વાહનો વાહનો (સ્થાનિક રહેવાસીઓ માટે)	બીલીમોરા ચીખલી વાંસદા વઘઈ રોડ ચે.કી.મી ૧૧/૦ થી ૧૭/૦ ડાબી બાજુનો ટુ-લેન-ટુ-વે-ટ્રાફિક તરીકે ઉપયોગ કરવાનો રહેશે.

આ હુકમનો અનાદર કરનાર કે ભંગ કરનાર વ્યકિતને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ માં ઠરાવ્યા મુજબની શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૧/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા કરી છે.

યોગરાજસિંહ બી. ઝાલા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
નવસારી.

આમુખ :-

(૧)અત્રેના જાહેરનામા ક્રમાંક: એમએજી/જાહેરનામું/વશી/૨૫૫૧, તા.૧૬/૦૫/૨૦૨૫.

(૨)પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચનાં પત્ર ક્રમાંક: એલ.આઈ.બી./અભિપ્રાય/૧૬૮૧/૨૦૨૫, તા.૨૦/૦૫/૨૦૨૫

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયે.

પ્રસ્તાવના

File No.BHR/SMN/e-file/442/2025/1179/Extra Chitnish.–આમુખ-૧ થી અત્રેની ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયે જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ હતું. આમુખ-૨ તી પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચ દ્વારા સદરહું જાહેરનામામાં નીચે મુજબ સુધારો કરવા બાબતે અત્રે દરખાસ્ત કરેલ છે.

જાહેરનામામાં સુધારાની વિગત:-

ઝાડેશ્વર ચોકડીથી ટ્રાવેલ્સ એજન્સીનાં પાર્કિંગ ખાતેથી આશરે ૫૦ મીટર સુધીનાં રસ્તા ઉપર લકઝરી બસોને અવર-જવર માટે મુક્તિ આપવામાં આવે.

ઉક્ત વિગતે જાહેરહિતમાં આમુખ-૨ થી પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચનાં અભિપ્રાય મુજબ સુધારો કરવાપાત્ર થતો હોય નીચે મુજબ સુધારા હુકમ કરવામાં આવે છે.

સુધારા હુકમ:-

આથી આમુખ-૨ની દરખાસ્ત અન્વયે ઝાડેશ્વર ચોકડીથી ટ્રાવેલ્સ એજન્સીનાં પાર્કિંગ ખાતેથી આશરે ૫૦ મીટર સુધીનાં રસ્તા ઉપર લકઝરી બસોને અવર-જવર માટે મુક્તિ આપવા આથી સુધારા હુકમ કરવામાં આવે છે.

વધુમાં, આમુખ-૧નાં જાહેરનામાની અન્ય તમામ વિગતો યથાવત રહેશે.

આજ રોજ તા.૨૧/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે.

પ્રસ્તાવના

ક્રમાંક:એમએજી/બકરી ઈદ/જાહેરનામુ/વશી/૨૮૪૫/૨૦૨૫.–આગામી બકરી ઈદનાં તહેવારની ઉજવણી તા.૦૬/૦૬/૨૦૨૫ થી તા.૦૭/૦૬/૨૦૨૫ નાં રોજ થશે અને તહેવારનાં દિવસોમાં કતલખાનાની બહાર કોઈ પણ જાહેર કે ખાનગી સ્થળે જુદા જુદા પશુઓની કતલને કારણે તેમજ જાહેર શેરીઓમાં કે સ્થળ પર દેખાય તે રીતે અન્ય કોઈ પણ પશુની કતલને કારણે સુલેહ શાંતિનો ભંગ થવાનો સંભવ છે અને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબ પગલા લેવા માટે પુરતું કારણ છે તેમજ તાત્કાલિક ધોરણે સુલેહ શાંતિનો ભંગ થતો અટકાવવાનું ઈચ્છનીય છે.

હુકમ:-

સબબ, હું એન.આર.ધાધલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબ મળેલ સત્તાની રૂ એ આથી ફરમાવુ છું કે,

(૧) ભરૂચ જિલ્લાની હદની અંદર કોઈપણ વ્યક્તિએ તા.૦૬/૦૬/૨૦૨૫ થી તા.૦૭/૦૬/૨૦૨૫ સુધી (બંને દિવસ સહિત) કતલખાનાનાં મકાનની બહાર કોઈ પણ જાહેર સ્થળે જુદા જુદા પશુઓની કતલ કરવી નહીં તેમજ ભરૂચ જિલ્લાની હદમાં કોઈ પણ જાહેર સ્થળોમાં દેખાય તે રીતે અન્ય કોઈ પણ પશુની કતલ કરવી નહીં.

(૨) કોઈપણ વ્યક્તિએ કોઈપણ પ્રાણીને શણગારીને એકલા અગર સરઘસ આકારે જાહેરમાં લઈ જવા કે ફેરવવા નહીં.

૩) બકરી ઈદ તહેવાર નિમિત્તે કુરબાની પછી જાનવરનાં માંસ, હાંડકા અને અવશેપો જાહેરમાં ફેંકવા નહી.

ધી બોમ્બે એનિમલ પ્રિઝર્વેશન એકટ, ૧૯૫૪ તથા પ્રિવેન્શન ઓફ ક્રૂઅલ્ટી ટુ એનિમલ એકટ-૧૯૬૦ થી જે પશુઓની કતલ પર પ્રતિબંધ મુકેલ છે, તે પશુઓની કતલ ખાનગી કે જાહેર સ્થળોએ થઈ શકશે નહિ.

વિસ્તાર

ભરૂચ જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

સમયગાળો

આ જાહેરનામુ તા.૦૬/૦૬/૨૦૨૫ સમય ૦૦:૦૦ કલાક થી તા.૦૭/૦૬/૨૦૨૫ રાત્રીનાં ૧૨:૦૦ કલાક સુધી (બંને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે. આ જાહેરનામાનાં ભંગ બદલ ફરીયાદ માંડવા પોલીસ હેડ કોન્સ્ટેબલથી ઉતરતી કક્ષાનાં ન હોય તેવા પોલીસ ખાતાનાં કર્મચારીશ્રી/અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૫મી જૂન ૨૦૨૫ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

એન.આર.ધાધલ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
ભરૂચ

સુપ્રિન્ટેન્ડન્ટ લેન્ડ રેકર્ડઝ કમ એકત્રીકરણ અધિકારી દ્વારા

વંચાણે લીધા:-

(૧) ગુજરાત સરકારશ્રીના મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંક:- સિટીએસ/૧૨.૨૦૧૫/૧૯૬૪/હ તા.૦૮/૦૯/૨૦૧૫

(૨) ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : સિટીએસ-૧૩૨૦૨૧-૧૬૦૫-હ તા.૨૪/૦૧/૨૦૨૨

(૩) ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : સિટીએસ-૧૩૨૦૨૧-૧૬૦૫-હ તા.૧૦/૦૮/૨૦૨૨

(૪) સેટલમેન્ટ કમિશનર અને જમીન રેકર્ડ નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરના પત્ર ક્રમાંક:એસ.વી.૫/સ્વામિત્વ/ચુના માર્કિંગ/ગાઈડલાઈન/૨૦૨૨ તા.૨૮/૦૧/૨૦૨૨

(૫) જિલ્લા નિરીક્ષકશ્રી જમીન દફતર, છોટાઉદેપુરના પત્ર ક્રમાંક:-સ્વામિત્વ યોજના/૧૨૬/જાહેરનામું/ઉટકોઈ/બોડેલી/૨૦૨૫, તા-૧૩/૦૫/૨૦૨૫

જાહેરનામું:-

નં:સ્વા.યોજના/ઉટકોઈ/બોડેલી/૧૨૬/જાહેરનામું/૨૦૨૫.–ભારત સરકારના પંચાયતીરાજ વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં મિલકતધારકોને પ્રોપર્ટીકાર્ડ આપવાના આશયથી ડ્રોન ટેકનોલોજી દ્વારા મિલકતોનું સરવે કરવા સ્વામિત્વ - SVAMITVA (Survey of Villages And Mapping with Improvised Technology in Village Areas) યોજના જાહેર થયેલ છે. ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૨ તથા ૩ ના ઠરાવથી જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ ની કલમ ૯૫ અને ૧૩૧ થી મળેલ સત્તાની રૂએ જમીનના હક્કોની નોંધ કરવા અને જાળવણી કરવાના હેતુથી મહેસુલનું સરવે દાખલ કરવા મંજુરી મળેલ છે.

સેટલમેન્ટ કમિશનર અને જમીન રેકર્ડ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના વંચાણ-૪ થી સ્વામિત્વ યોજના હેઠળ ચુના માર્કીંગ અને ગ્રાઉન્ડ ટુથીંગની કામગીરી બાબતે માર્ગદર્શક સુચના આધારે મોજે: ઉટકોઈ, તા.બોડેલી, જિલ્લો: છોટાઉદેપુરમાં સિટી સરવે વિસ્તાર નક્કી કરવા અંગેની દરખાસ્ત ડી.ઈ.લે.રે.શ્રી, છોટાઉદેપુર દ્વારા તૈયાર કરી વંચાણ-૫ થી અત્રેને રજુ કરેલ છે. દરખાસ્ત અન્વયે સદરહું ગામની માપણી તથા

હક્કચોક્સી કરવાની થાય છે.

સબબ, મુંબઈ જમીન મહેસુલ અધિનિયમની કલમ-૧૨૬ અન્વયે ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૧ના ઠરાવથી મળેલ સત્તાની રૂએ હું, વિમલ બારોટ, સુપ્રિન્ટેન્ડેન્ટ લેન્ડ રેકર્ડઝ કમ એકત્રીકરણ અધિકારી, છોટાઉદેપુર તે મોજે: ઉટકોઈ, તાલુકો-બોડેલી, જિલ્લો-છોટાઉદેપુરના આ સાથેના પત્રક-ક માં જણાવ્યા : મુજબ(સ.નં.૧,૨,૩. અનુક્રમે ક્ષે.૧૬૮૩૨,૧૬૮૩૨,૬૦૨૨ ચો.મી)ના સર્વે નંબર/સરકારી પડતર/ગામતળને સિટી સર્વે વિસ્તારમાં સમાવેશ કરવા આથી જાહેર કરું છું.

છોટાઉદેપુર, તા.૧૩-૦૫-૨૦૨૫.

વિમલ બારોટ,
સુપ્રિન્ટેન્ડેન્ટ લેન્ડ રેકર્ડઝ કમ
એકત્રિકરણ અધિકારી,
છોટાઉદેપુર.

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.10.27 17:19:49 IST